
સંસ્થાપક
રવિશંકર રાવળ

# કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક
વર્ષ ૫૩મું અંક ૧૨મો · ડિસેમ્બર · ઓગણીસસો છોંતેર
સળંગ અંક ૬૩૬
તંત્રી - બચુભાઈ રાવત



ડિસેમ્બર ૧૯૭૬ · અંક ૬૩૬

**તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક**

**ચિત્રો**



**કાવ્યો**



**ચરિત્ર**



**વાર્તા**



**લેખો**



**વિભાગો**



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ યા ડા. ૫-૫૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

# વાચકો લખે છે...

## નૂતન વર્ષાભિનંદન

ખેલતી રહે કુલીન કાયા
કાલના અકુલ ખોળે
ઝૂલણઝીલણ પામતી કેવળ
હેતની તેજલ છોળે.

(કુલીન = કુંડલિની શક્તિમયી કાયા; અકુલ = પરમ શિવ)

(કપડવણજ) —રાજેન્દ્ર શાહ

ထ

ઘનઘોર અમાવાસ્યા દીપકે પર્વણી બને,
શ્રદ્ધાનો જ્યાં જલે દીપ, દિવાળી નિત્યને હરે.

(અમદાવાદ) —'સ્નેહરશ્મિ'

ထ

ઊગ્યો નવો સૂરજ રંગકલા નવીન,
મૂકી પછાત ઘનઘોર નિશા-પહોર,
ને તે ચડે પરમ તેજલ શૃંગશૃંગે,
તેવા ચડો જીવનમેરુ મહા ઝરૂખે,
ને આ વિશાળ નભ વિસ્તૃત ખેલ ખેલો.

(પોરબંદર) —સુધાંશુ

ထ

ન હો તમારા સર્વ યત્નો
કેવળ સંપત પામવાના......
છતાં, લક્ષ્મીના ઉપેક્ષિતોની
યાદીમાં ન હોય તમારું નામ,
યશ પ્રત્યેની બેપરવાઈ બદલ
મળો ન ઓછાં માન-અકરામ!
અનાદર ન થાઓ અમનો
તમારા થકી કદી.
ફૂલોનાં સ્મિત નિહાળવામાં,
પંખીનાં ગીત ને તારાઓની
વાતો સુણવામાં તથા
અસીમ સમીરને આલિંગવામાં
ક્યાંય આડી ન ફરો
વ્યસ્તતા-વંતરી...
ઈચ્છું વળી,
જિહ્વા ન અટવાઓ કદી
વૈખરીની ભૂલથાપમાં
ન પસાર થાઓ સત્કાર્યવિહીન
એકે ય દિન!
નૂતન વર્ષે આટલા નકાર
ન થાઓ કદી હકાર!

(રાજકોટ) —ભાનુપ્રસાદ પંડયા

સુગંધોના પર્વો પ્રતિ પદ હજો જીવન મહીં,
હજો રંગોળીમાં સકલ રસના રંગ શુભદા,
મણા શી બાકી કે અમર પથમાં આનંદ ચહું!
હવે શ્વાસે શ્વાસે પલ પલ મહીં શાશ્વત બનું.

(પોરબંદર) —હિમાંશુ ભટ્ટ

ထ

ઉદય છે આપણો સર્વના ઉદયમાં,
ઈશ-પરિવારનાં બાળ સૌ આપણે;
સૌ સગાં આપણે, પારકું કોઈ ના,
પ્રાર્થના આજ: કલ્યાણ સૌનું હજો.

(મુંબાઈ) —લક્ષ્મીનારાયણ પંડયા

## જાળીનો પૂર્વજ

'ઈસ્લામમાં મૂર્તિપૂજાનો નિષેધ હોઇ, પશુ-પ્રાણી કે દેવ–માનવની આકૃતિઓ શિલ્પશોભનોમાં લઈ શકાતી નહિ....(તેથી) કમળ, કળશ અને ફૂલવેલપત્તીઓનાં શોભનસ્વરૂપો રચાયાં. ને કલાનું વહેણ ભૂમિતિની આકૃતિઓ તરફ વળ્યું. અમદાવાદનાં સ્થાપત્યોમાં ભૂમિતિના એ આકારો એટલી અજબ લહરે ચડયા છે કે એક અંગ્રેજ વિવેચકે એ જોઈને લખ્યું છે કે "ભૂમિતિ અહીં મત્ત થઈને નૃત્ય કરે છે." '(જુઓ, કુમાર-કલાઅંક પૃ. ૧૧)

આમ તો ભૂમિતિનો પ્રત્યક્ષ કે પરોક્ષ વિનિયોગ શિલ્પીઓ પ્રાચીન કાળથી કરતા આવ્યા છે. જે કાળે (સાતમીથી તેરમી સદી) મંદિર પરની શિલ્પાકૃતિઓ તેની ઉત્કૃષ્ટતાએ હતી ત્યારે, ને તે પૂર્વે પણ, શિલ્પવિહીન દીવાલો પ્રચલિત હતી. શિલ્પવિહીન સ્તંભો શુદ્ધ ને નક્કર ભૂમિતિના ઉદાહરણરૂપ છે. (સરખાવો: There are, however, few representative edifices without sculpture in the period when temple-building was at its height (seventh to thirteenth centuries). Before that time walls without sculpture were prevalent. Such monuments were pure, solid geometry.—'*The Art of India*' (*p. 15*) *by Stella Kramrisch*) સાંચીનું છઠ્ઠી સદીનું શિલ્પવિહીન મંદિર નક્કર ભૂમિતિના પુરાવારૂપ છે. અલબત્ત જાળીની પ્રથા ઈસ્લામની દેણ છે. પરંતુ આ સાથે અમે રજૂ કરેલું ચિત્ર 'જાળીનો પૂર્વજ' લાગે છે.



વીરમદેવ વાઘેલા દ્વારા બંધાએલા મુનસર તળાવના ઉત્તર કાંઠે માતૃકાસ્થાનક ઓરડા (જે હાલ 'બાપ–દીકરાની હાટડી' નામે વિખ્યાત છે)ની દીવાલ પર આ પ્રકારના વિવિધ ૧૫૩ ચોરસ ભૌમિતિક આકારો કંડારેલા છે. આ ભૌમિતિક આકારો અમદાવાદની જાળીઓની કલાની પ્રારંભિક અવસ્થાને અભિવ્યક્ત કરે છે. એ દૃષ્ટિએ ભૂમિતિના વિનિયોગની પ્રથા સીદી સઈદની જાળીથી પ્રાચીન લેખી શકાય. હિંદુ સ્થાપત્ય પરથી મુસ્લિમકાળમાં ગુજરાતમાં તેની વિશેષરૂપે પુનઃકૃતિ થઈ છે. વિદ્વાનોએ આ ભૌમિતિક આકૃતિઓનું નિરીક્ષણ કરવું જોઈએ. —કુ. સુશીલાબેન પટેલ

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

ထ

'કુમાર' ૬૩૧માં શ્રી માધવ દત્તાત્રેય માહુલીકરનો 'નાગપંચમી' પરનો પચ્ચીસ વર્ષ પૂર્વે લખાએલો લેખ વાંચ્યો. આર્યોથી માંડી આજ પર્યન્ત નાગ પરત્વેનો પૂજ્યભાવ વર્તાય છે. જે ભારતીયો પ્રાચીન કાળમાં વિદેશ ગયા તેમણે ત્યાં પણ નાગનો પૂજ્યભાવ એક યા બીજી રીતે વ્યક્ત કર્યો છે. કોલંબસે જ્યારે અમેરિકાખંડ પર પ્રથમ પગ મૂક્યો ત્યારે તેને ભારત શોધ્યાનો આનંદ હતો. અલબત્ત આ હકીકત અસત્ય હતી તેમ છતાં એ કાળથી પણ પ્રાચીન સમયમાં ભારતીયો ત્યાં ગએલા હતા. પુરાતત્ત્વવિદોએ મિસિસિપી નદીની ખીણની આજુબાજુ ને ઓહાયો નદી પાસે એક વિશિષ્ટ પ્રકારના ભારતીય સમાજને શોધી કાઢ્યો છે. આ ભારતીયો Mound Builders તરીકે ઓળખાય છે. ભૌમિતિક આકાર ઉપરાંત પ્રાણીઓ તેમજ માનવ સ્વરૂપને અનુલક્ષીને તેઓ ટેકરીઓ–Mounds કંડારતા હતા. એ કાળે (આશરે પાંચમી સદી) પણ ભારતીયો નાગને એક પવિત્ર દેવતા લેખતા. ઓહાયોના દક્ષિણ

**શ્રી રવિશંકર રાવળ**

જણાવે છે કે શરીરની અસાધારણ અશક્તિને કારણે નૂતન વર્ષ નિમિત્તે મળેલાં અભિનંદનપત્રોના વ્યક્તિગત પ્રત્યુત્તરો આપવા અશક્ત છે. તેથી અવિનય લાગે તો ક્ષમ્ય ગણવા વિનંતી છે.

ભાગમાં આવેલો પ્રખ્યાત Serpent Mound એની સાક્ષી પૂરે છે. આજે પણ ઉત્તર અમેરિકામાં 'હોપી ઇન્ડિયન' લોકોમાં વરસાદ માટે સાપની સમક્ષ નૃત્ય કરવાની પ્રથા પ્રચલિત છે.
(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

## લોકસાહિત્ય

'કુમાર'માં નિયમિત આવતો 'મારી માન્યતા' વિભાગ પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. શ્રી ચંપકલાલ મહેતા દ્વારા ઘણાં અગત્યનાં માથાં ને મુદ્દાનો પરિચય થાય છે. પ્રાપ્ય ઉત્તરો ચર્ચાની ગુંજાઈશ પણ ધરાવતા હોય છે.

'કુમાર' સપ્ટે. '૭૬માં લોકસાહિત્યના સંશોધન પરત્વે શ્રી જાદવનો ઉત્તર તદ્દન વિરુદ્ધ—મતલબ કે સાવ સામા છેડાનો જણાયો છે. સાહિત્ય પરિષદના સાતમા જ્ઞાનસત્રમાં લોકસાહિત્યના સંશોધકને શ્રી ઉમાશંકર જોશીએ 'ટપાલી' કહ્યાનું યાદ છે. અનુભવ પણ એવો છે કે લોકસાહિત્યના સંપાદનમાં વિવેકબુદ્ધિ (!) રાખીને ઉત્તમ અંશોને તારવવા જતાં જે ખરેખર 'ઉત્તમ' હોય છે તે જ બાદ થઈ જાય છે! આપણી જાણકારી સીમિત હોય છે. એને વળગી રહીને અસીમ લોકસાહિત્યનો તાગ, એના સારાસારનો વિવેક કેમ કરવો?

સાચું તો શ્રી ઉમાશંકર કહે છે તે જ છે કે આપણે 'ટપાલી' બનીને, લોકસાહિત્ય જેવું પ્રાપ્ત થાય તેવું જ, કાનોમાતર વધઘટ કર્યા વિના રજૂ કરી દેવું. ન પકડાતા શબ્દોને બદલે અનુકૂળ શબ્દ મૂકી દુહાનો અર્થ 'યોગ્ય' કરવા જતાં મૂળની બધી જ મજા મારી નાખ્યાના દાખલા છે. મધ્યકાલીન ગુજરાતી કૃતિઓના સંપાદનમાં તો આવું છાશવારે બન્યું છે. લોકસાહિત્યમાં તો વિવેકબુદ્ધિથી 'ઉત્તમ' કરવા કરતાં, ન સમજાતા શબ્દોનું અજ્ઞાન જાહેર કરી આગળ ચાલવું વધારે હિતાવહ છે.
(પોરબંદર) —નરોત્તમ પલાણ

## કવિ શ્રી દુલા કાગની પ્રતિભા

સપ્ટેમ્બર અંકમાં 'મારી માન્યતા' વિભાગમાં શ્રી જોરાવરસિંહ જાદવના ઉત્તરોમાં એમણે પોતાનો લોકસાહિત્યનો શોખ સ્વ. શ્રી મેઘાણી અને કવિ શ્રી દુલા કાગની વાણી અને લોકસાહિત્યમાં એમની દેણગીને આભારી હોવાનું જે કથન કર્યું છે એ યથાર્થ છે.

સ્વ. મેઘાણીએ એક વાર મને રૂબરૂમાં કહ્યું હતું કે એમણે ઘણું લોકસાહિત્ય કવિ દુલાભાઈ પાસેથી સાંભળીને સંપાદિત કર્યું હતું. વળી, કહેતા કે દુલાભાઈમાં આજના યુગની કોઈ પણ પરિસ્થિતિ ચારણી રીતે પ્રકટ કરવાની શક્તિ છે. ગાંધીજી વિષે દુલાભાઇએ રચેલાં કાવ્યોમાં એમણે આગવી જ રીતે ગાંધીજીની લાક્ષણિકતાઓ ઉતારી છે એ તો સુવિદિત છે. આધુનિક વિચારને તત્ક્ષણ લોકવાણીમાં વ્યક્ત કરવાની એમની શક્તિનો એક પરચો મને યાદ છે. અમરેલીમાં સ્વ. પ્રતાપરાય મહેતા એમના પિતાના સ્મરણમાં એક કૉલેજ ખુલ્લી મૂકવાના હતા તે સાથે સૌરાષ્ટ્રના મોતીભરતના નમૂનાઓના એક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન ઘણે ભાગે દુલાભાઈ કરવાના હતા. એ વખતે વ્યાખ્યાન આપતાં દુલાભાઈએ એ કળાને બિરદાવતાં કલાવિષયક પ્રશિષ્ટ શબ્દપ્રયોગોના જે લોકગમ્ય પર્યાયો રજૂ કરેલા તેવા સરળ શબ્દો અગાઉ મેં કદી જાણ્યા નહોતા.

રંગો વિષે બોલતાં એમણે કહેલું કે કેટલાક રંગો ભાઈબંધ હોય છે તો કેટલાક શત્રુ હોય છે. એટલે કે એકબીજાના દુશ્મન રંગો પાસેપાસે મૂકીએ તો એમનો મેળ બાઝે જ નહિ, પણ મિત્ર-રંગો હોય તો રૂપ કાઢી બતાવે. કલાના શિક્ષકો જેને માટે સાનુકૂળ કે પ્રતિકૂળ યા 'કૉમ્પ્લીમેન્ટરી' કે 'કૉન્ટ્રાસ્ટી' જેવા શબ્દો વાપરે છે એવા રંગો માટે એમણે તદ્દન સરળ શબ્દો વાપરી બતાવ્યા. વળી, તેમણે મોતીભરતનું આ કામ કરનારી બાઈઓની, ચિત્રકામ કે એવા કોઈ કલાપાની તાલીમ વિના ય રંગની સમજ ને આકારની ચોકસાઈ જાળવવાની હૈયાઉકલતને પણ બહુ સચોટતાથી સરળ ભાષામાં બિરદાવી હતી. એમની આ ભાષાશક્તિ પર સૌ આફરીન હતા. પોતાનું વક્તવ્ય પૂરું કરીને તેઓ બેઠા પછી કલેક્ટરશ્રીએ કહ્યું હતું કે 'આજે તો કવિ સોનું વરસ્યા છે.' તુરત કવિએ મારા તરફ આંગળી કરી કહેલું: 'એ તો, ભાઈ, સામે કોણ બેઠું છે તેના પર આધાર રાખે છે!'

બીજે દિવસે રાજ્યપાલ શ્રી મેહદી નવાઝ જંગના પ્રમુખપણા નીચે અમરેલીમાં સ્વ. પ્રતાપરાયે સ્થાપેલા બાલ-સંગ્રહાલયના ઉદ્ઘાટનની જાહેર સભા યોજાએલી તેમાં વ્યાખ્યાન મંચ પર દુલાભાઈ પણ હતા. બે બોલ કહેવા તેઓ ઊભા થયા ત્યારે આરંભમાં જ કહ્યું: 'સામે કલેકટર ડોળા કાઢી હાથની પાંચ આંગળી ભેળી કરીને નિશાની આપે છે કે મારે પાંચ મિનિટ બોલવું. એટલો સમય તો મને પ્રસ્તાવના કરવામાં જ જોઈએ. પણ તેઓ તો કોઈને અગાશીમાંથી વિમાન ચડાવવાનું કહે એવું કરે છે.' સૌ હસી પડયા. કવિએ તદ્દન સરળ રીતે આધુનિક ઉપમા રજૂ કરી હતી. આમ, આધુનિક વસ્તુને પણ તદ્દન સરળ સચોટ લોકગમ્ય રીતે રજૂ કરવાની એમની શક્તિ આગવી જ હતી. એમનાં અનેક કાવ્યોમાં એમની આ સચોટ સરળતા અને લોકભાષાની અનોખી શક્તિનાં અનેક ઉદાહરણો મળે છે. લોકસાહિત્યના આવા બળુકા ભાષાપ્રયોગો સંઘરવા જેવા છે.
(અમદાવાદ) —રવિશંકર રાવળ

ઑગસ્ટ અંકમાં શ્રી મોટાનું સંક્ષિપ્ત જીવન વાંચ્યું. 'પૂજ્ય શ્રી મોટા' નામક એમની મૂળ આત્મકથનમાં પાન ૨૨ ઉપર 'હરિને ભજતાં ભજતાં' શિર્ષક હેઠળ તેમના આત્મહત્યાના નિષ્ફળ પ્રયત્નમાં આકસ્મિક યા ચમત્કારિક બચાવનું વર્ણન તથા 'હરિ: ૐ'ના મંત્રની દીક્ષાની વાત વર્ણવેલી છે. ગરુડેશ્વરની ટેકરી ઉપરથી તેમણે નર્મદા મૈયાને ખોળે ઝંપલાવેલું તથા મોખડી ઘાટની પાર આવેલા રણછોડજી મંદિરના એક સાધક મહાત્માનો ઉલ્લેખ છે. એ બે સ્થળના મેં લીધેલા ફોટોગ્રાફ પણ મજકૂર પુસ્તકમાં પાન ૨૨ અને ૨૪ની સામે છાપેલા છે. વળી આ બેઉ હકીકતો પૂજ્ય શ્રી મોટાના સ્મૃતિગ્રંથમાં પ્રા. ઈન્દુકુમાર દેસાઈના લેખ 'પારસ-લીલા'ના પાન ૧૨ ઉપર પણ આપેલી છે. હરિ: ૐ મંત્રની બીના પહેલી બની છે અને નર્મદાના કૂદકાની વાત પછી આવે છે. આ ક્રમ સાચો જણાય છે. શ્રી ધીરુભાઈના લેખમાં આ બે પ્રસંગનો ક્રમ ઉલટાવ્યો છે એટલું જ નહિ પણ રણછોડજી મંદિરની જગ્યા સૂરપાણેશ્વરના મોખડી ઘાટની પાર આવેલી છે તેને બદલે 'રસ્તામાં ચાણોદની સામે તીરે ઊંચી ટેકરી પર આવેલા રણછોડજીના મંદિરે ગયા' એવું લખેલું છે. કદાચ કલાત્મક દૃષ્ટિએ ક્રમમાં આ ફેરફાર હોઈ શકે પણ મંદિરનું સ્થાન અવશ્ય ભૂલભરેલું ગણાય.
(અમદાવાદ) —બલવંત ભટ્ટ

∞

'કુમાર'ના ઇતિહાસરસિક વાચકો સમક્ષ એક સવાલ રજૂ કરવા માગું છું: તા. ૧૦-૯-૭૬ ના 'ગુજરાત સમાચાર'માં સૌરાષ્ટ્ર-કચ્છના સમાચારવાળા પાના ઉપર 'વઢવાણમાં મળી આવેલી ઈમારત પુરાણી છે' એવા લેખમાં વિક્રમ સંવત ૧૩૯ના શિલાલેખનો ઉલ્લેખ છે. આ પરત્વે 'કુમાર'નો વાચકવર્ગ કાંઈક ઐતિહાસિક પ્રકાશ પાડે-ચર્ચા કરે તો ઠીક. જેમકે આ લેખ ખરેખર વિ. સં. ૧૩૯ છે? એ શિલાલેખની ભાષા સંસ્કૃત કહેવામાં આવી છે. તો એ સમયમાં સંસ્કૃતમાં શિલાલેખો લખાતા ખરા? 'શિલાલેખોમાં સંસ્કૃત ભાષાનો ઉપયોગ કયા વર્ષથી મળી આવે છે? કોઈ વિદ્વાન પ્રકાશ પાડશે તો આનંદ થશે.
—મોહનપુરી ગોસ્વામી

## રાવણ બ્રાહ્મણ હતો? વગેરે

'સમુદ્રપૂજન અર્થે રાવણને બોલાવવામાં આવ્યો ને રામે તેની પાસે આશીર્વાદ માગ્યા, એવી વાત શ્રી વિનોદ ભટ્ટ કઈ રામાયણમાંથી લાવ્યા? ...રાવણ બ્રાહ્મણ હોવાની માન્યતા પણ શું ખરી છે?'

અંક ૬૩૪માં શ્રી નરોત્તમ પલાણે ઉપર્યુક્ત

પૃચ્છા કરી છે. તેમાં ઊંડા ઊતરીએ તો એક પુસ્તક લખાય તેટલું સંશોધન માગી લે છે. છતાં નીચે આપેલી વિગત સંતોષપ્રદ બનશે એમ માનું છું:

રાવણ બ્રાહ્મણકુળનો હોવા વિષે 'અધ્યાત્મ રામાયણ'માં (ઉત્તરકાંડ સર્ગ ૧ના શ્લોક ૨૪થી ૫૮ સુધી) નીચે પ્રમાણે વિગત મળે છે:

'પૂર્વે સત્યયુગને વિષે બ્રહ્માના પુત્ર પુલસ્ત્ય મુનિ તપશ્ચર્યાર્થે મેરુ-તળેટીમાં ગયા. ત્યાં રાજર્ષિ તૃણબિંદુની કન્યાથી તેમને વિશ્રવા નામે પુત્ર થયો. આ વિશ્રવા ભરદ્વાજની કન્યા સાથે પરણતાં વૈશ્રવણ (કુબેર) જન્મ્યો. તે લંકામાં રહેવા ગયો ત્યારે માંસભક્ષી સુમાલી નામના રાક્ષસની પુત્રી કૈકસી સાથે પરણ્યો અને તેને રાવણ, કુંભકર્ણ, શૂર્પણખા અને વિભીષણ ઉત્પન્ન થયાં.'

હવે બીજી વાત: દક્ષિણ સમુદ્રને કિનારે ચડાઈ લઈ જતાં પહેલાં, રામે શિવપૂજન કરવાની અભિલાષા વ્યક્ત કરી તેનો ઉલ્લેખ વાલ્મીકિ રામાયણ, યુદ્ધકાંડ, સર્ગ ૪, શ્લોક ૨૪૩માં છે:

सेतुमारम्भमाणस्तु तत्र रामेश्वरं शिवम् ।
संस्थाप्य पूजयित्वा ह रामो लोकहिताय च ॥

આમ રામે રામેશ્વર લિંગની સ્થાપના કરી. તેમાં આચાર્ય તરીકે રાવણને બોલાવેલ જેનો શ્લોક બંગરામાયણ ૪૨/૨૩૫અન્વયે નીચે પ્રમાણે છે:

तटे समुद्रे शिवस्थापनाय
दशाननाचार्यकृतप्रतिष्ठा ।
रामेण पूजा विधिवत्प्रकुर्यात्
शुभायाशीर्वाद दशाननेन ॥

(વીરમગામ) —ચંદ્રકાંત મો. શુક્લ

અંક ૬૩૪માં 'રામનું સમુદ્રપૂજન' એ ચર્ચાપત્ર વાંચ્યું. સંભવતઃ હાસ્યકાર શ્રી વિનોદ ઇતિહાસના ઊંડા અભ્યાસી નહિ હોય! પરંતુ મારે ભાઈ શ્રી પલાણને કહેવું છે કે ધર્મ ને ઇતિહાસનાં વિપરીત અર્થઘટનો તો મૅક્સમૂલરથી માંડીને શ્રી ડૉ. સાંકળિયા સુધીના તજ્જ્ઞોએ

## એક અનોખી ભેટ યોજના

'કુમાર'નું સીધું લવાજમ મોકલનારા ગ્રાહકો માટે અને સાથે એક તદ્દન નવા ગ્રાહકનું લવાજમ મોકલનારા ગ્રાહકો માટેની ભેટયોજના આ અંકમાંના લવાજમ-કાર્ડમાં આપી છે, તે જોઈ જવા વિનતિ છે. ગ્રાહકોને બીજી વિનતિ કે લવાજમની રકમનો ચેક મોકલતી વખતે સાથે બૅંક કમિશનની પૂરતી રકમ મોકલવી. નહિતર તેટલી ઓછી રકમ સામે અધૂરા વર્ષનું લવાજમ જમા થશે. વળી પત્રવ્યવહાર વખતે અને લવાજમ મોકલતી વખતે આપનો ગ્રાહક નંબર કે બિલ નંબર અવશ્ય લખી જણાવશો. આ અંકના રૅપરમાં આપના સરનામાને મથાળે ગ્રાહક નંબર આપ્યો છે.

કરેલાં છે. શ્રી વિનોદ કથિત મુદ્દો તો આધુનિક કાળના અર્થોપાર્જની કથાકારોની દેણ છે. ભાષાની જેમ ધાર્મિક કથાઓ પણ પરિવર્તનશીલ હોય છે.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

### રામને અગ્નિદાહ?

હું નિયમિત 'કુમાર' વાંચું છું. તેનો દરેક વિભાગ ખાસ કરીને ચર્ચા વિભાગ મને ખૂબ જ ગમે છે. આ ઉપરાંત અનેક પ્રકારની માહિતી જે 'કુમાર'માં અવારનવાર આવે છે તે એક પ્રકારનો સંતોષ આપી જાય છે.

મને ઘણો સમય થયાં 'કૉન્ટૅક્ટ લેન્સ' વિષે જાણવાની જિજ્ઞાસા છે. 'કુમાર'માં એના વિષે માહિતી ન આપી શકાય? 'કુમાર'નો કોઈ વાચક એ વિષે લખશે તો ખૂબ જ આનંદ થશે.

રામના મૃત્યુ વિષે જાણવાની મને ખૂબ ઇચ્છા છે. તેમનું મૃત્યુ કેવી રીતે થયું? અગ્નિદાહ આપવામાં આવેલો કે સરયૂમાં જલસમાધિ લીધી? જો અગ્નિદાહ આપવામાં આવ્યો હોય તો તે કયા સ્થળે?

(કોડીનાર) —ઈલા જાની

### માર્ક ટ્વેઈન તખલ્લુસ

'કુમાર'ના ઑક્ટો. અંકમાં 'માર્ક ટ્વેઈન' તખલ્લુસ અંગે શ્રી ત્રિભુવન વીરજીભાઈ હેમાણીનું લખાણ વાંચ્યું, આ અંગે સવિનય જણાવવાનું કે અમેરિકાથી પ્રકટ થતાં અંગ્રેજી માસિક Reader's Digestમાં Mark Twain નામનો લાંબો લેખ આપવામાં આવેલો. Jerry Allen નામના લેખકની કૃતિમાંથી તે લેવામાં આવેલો. તે લેખકના જણાવ્યા મુજબ સૅમ્યુઅલ લૅંગ્હોર્ન ક્લિમેન્સે જે સંજોગોમાં પોતાનું ઉપનામ—તખલ્લુસ—માર્ક ટ્વેઈન પસંદ કર્યું તે ટૂંકમાં નીચે મુજબ છે:

સૅમ (લેખકનું ટૂંકુ નામ) મિસિસિપી નદીમાં ૧૭ મહિના શિખાઉ નાવિક તરીકે અને ત્રણેક વર્ષ વહાણ ચલાવનાર નાવિક તરીકે કામ કરતો રહ્યો. પરંતુ ૧૮૬૧માં તે ૨૫ વર્ષનો હતો ત્યારે અમેરિકામાંના આંતરવિગ્રહને કારણે તેણે નાવિકનો વ્યવસાય છોડયો.

નાવિક તરીકે તેને નદીના ઊંડાણ અંગે માર્ગદર્શન મળ્યા કરતું. નદીમાં એક ફૅધમ એટલે કે છ ફૂટની ઊંડાઈએ સ્ટીમબોટ તળિયે બેસતી, આથી સલામતી અંગે ચેતવણી આપનારા ત્રણ ફૅધમથી શરૂઆત કરીને બૂમો પાડતા, અને ઉત્તરોત્તર ઓછી ઊંડાઈના જોખમનો નિર્દેશ કરતા. તે અંગેનો પ્રસ્તુત ફકરો આ રહ્યો:

He listened as the calls rang out the safe marging of three fathoms, the still safe depth of two fathoms-12 feet and on down to danger: 'M-a-r-k three! Quater less three! Half twain! Quarter twain! M-a-r-k twain! Eight and a half! E-i-g-h-t feet! Seven

and a half! (એટલે કે ધ્યાન રાખો ત્રણ (ફૅધમ) પોણા ત્રણ! અઢી! સવા બે! ધ્યાન રાખો, બે! સાડા આઠ! આઠ ફૂટ! સાડા સાત!)

પાછળથી ધનિક બનવા તે સોનાની ખાણોના પ્રદેશ નેવાડામાં ગયો. ત્યાં તેણે ત્યાંનું મુશ્કેલીઓ, પરાક્રમો ને ગુનાઓ ભર્યું જીવન જોયું, અનુભવ્યું. કેટલાક ખૂનીઓ પકડાતા ને તેમના ઉપર કામ ચાલતું! પરંતુ કોઇને શિક્ષા થતી નહિ; કારણ બંદૂકધારીઓ પંચ તરીકે બેસતા! આ બધાંનું વર્ણન તેણે 'એન્ટરપ્રાઈઝ' નામે સામયિકના ખબરપત્રી તરીકે કર્યું. તે સંબંધમાં લેખક જેરી ઍલન લખે છે:

He wanted to put the sting of his own feelings into his stories and to sign them with a *nom de guerre*. As a salute to his days of piloting on the Mississippi he adopted the name 'Mark Twain' He was neer to discard it. (પોતાના લેખોમાં તે પોતાની ઊંડી લાગણીઓને વાચા આપવા, અને તેની નીચે તખલ્લુસના નામે સહી કરવા ઈચ્છતો હતો. મિસિસિપી નદી ઉપર તેણે નાવિક તરીકે જે કામ કરેલું તેને અંજલિ આપવાના હેતુથી તેણે 'માર્ક ટ્વેઈન' નામ અપનાવ્યું. તેણે કદી તે નામ ત્યજ્યું નહિ.) મજકૂર પૂર્તિ મારી પાસે છે. તેમાંથી જોઈને આ લખાણ આપને મોકલ્યું છે.

(વીરમગામ) —જયંતીલાલ મો. શાહ

### 'કુમાર' વિષે

કેટલાક વખતથી "'કુમાર' હવે યુવાનોનું નથી રહ્યું. હવે મોટેરાં વાંચે એવું લખાણ 'કુમાર'માં આવે છે. યુવાનો માટે પહેલાં જે સામગ્રી આવતી તેવી નથી આવતી..." વગેરે પત્રો આવે છે. તે વાંચી લખાવાનું મન થાય છે કે હું 'કુમાર'નો એના જન્મકાળથી ગ્રાહક અને વાચક રહ્યો છું. આજે પચાસ ઉપરાંત વરસોથી 'કુમાર' વાંચું છું ને એનાં લખાણોમાં ઊંડો ઊતરી તરબોળ રહું છું. 'કુમાર' બાળકોનું, કુમારોનું, યુવકોનું અને પ્રૌઢોનું દરેકનું રહ્યું છે, ને મને લાગે છે કે ગુજરાતીમાં નીકળતાં અનેક માસિકોમાં એનું આગવું અને મહત્ત્વનું સ્થાન છે. સમયના પ્રવાહ સાથે ચાલી આજના યુવાનોની કેટલીક નીચી ચાલમાં એ ફસાયું નથી એ માટે સંચાલકોને અભિનંદન આપું છું. આટલું સુંદર ને ઉત્તમ લખાણ આપવા છતાં 'કુમાર' તરફ ઉપેક્ષા ધરાવનારાઓ સાથે હું સંમત થતો નથી. 'કુમાર' સાર્વભૌમ માસિક છે.

'કુમાર' મોટેરાંઓ વધુ વાંચે છે ને યુવાનોની રુચિ ઓછી છે તેનું કારણ શું?

હું પુસ્તકાલયોમાં જોઉં છું તો યુવાનોની નજર ક્યાં છે તે તરત પરખાઇ જાય છે. એ ચાલુ યુગનો પ્રભાવ છે. તેમને વિચારવંત વાચન નથી જોઈતું. આજના યુવાનોની વાતોમાં જે છીછરાપણું છે તે પરથી તેઓ કેવું વાચન વાંચે છે તે સમજી શકાય એવું છે.

'આવતી કાલનાં નાગરિકોનું આજનું માસિક' એવી જાહેરાત જે 'કુમાર'ના પૂઠા પર આપવામાં આવે છે તેની જરૂરત મને દેખાતી નથી. તે આજનાં નાગરિકોનું પણ માસિક છે. 'કુમાર' અમર રહે ને શતાબ્દી ઊજવે એવી મહેચ્છા છે.

(સાબરમતી) —ઇન્દ્રવદન દેસાઈ

### નાગરી લિપિ અપનાવો

ગુજરાતના સાંસ્કૃતિક જીવનમાં 'કુમાર'નો ફાળો ઘણો જ કીમતી અને અવિસ્મરણીય છે. છેલ્લાં ૪૦ વર્ષથી 'કુમાર' હું જોઉં છું. તેની ચડતી બહુ જ સંગીન છે, છતાં જોઈએ તેટલો તેનો ફેલાવો વધતો જણાતો નથી. પહેલાં દરેક સંસ્કારી ઘરમાં 'કુમાર'નું સ્થાન હતું. આજે ૧૦માંથી ૩–૪ ઘરમાં તે જોવા મળે છે.

ગાંધીજીએ બધા જ મતના, ઉંમરના, પ્રદેશનાં રાષ્ટ્રવાદી હિંદીઓને એક છત્ર હેઠળ ભેગા કર્યા. સરદારે બધાં રજવાડાંઓને એક શાસન નીચે લાવી આપ્યાં. એના જેવો એક જૂનો પ્રયોગ ફરીથી અજમાવવા જેવો છે.

આજથી ૪૫ વર્ષ પર સરકારી વાચનમાળા

પાઠયપુસ્તક તરીકે ચાલતી હતી. તેમાં ગુજરાતી કવિતાઓ નાગરી લિપિમાં લખાતી. (તેને 'બાળબોધ' લિપિ કહેવામાં આવતી.) એવો પ્રયોગ આજે રાષ્ટ્રના સંગઠન માટે જરૂરી છે. રાષ્ટ્રવ્યાપી આંદોલનોમાં ગુજરાતનો ફાળો અગ્રણી રહ્યો છે. તે મુજબ 'કુમાર' અને 'અખંડઆનંદ' જેવાં ખ્યાતનામ સામયિકો પહેલ કરીને નાગરી લિપિને રાષ્ટ્રીય લિપિ બનાવવાની હિમાયત કરે તો હિંદુસ્તાનને ટુકડે-ટુકડે વહેંચી નાખવાની રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ અંકુશમાં આવે અને તેને 'નવું વહેણ મળે.

કેરળના એક શિક્ષક શ્રી ભાસ્કરન તરફથી એક રાષ્ટ્રીય ભાષા 'ભારતી'નો પ્રચાર થઈ રહ્યો છે. તેનું લેખન અંગ્રેજી ટાઈપરાઈટર ઉપર થઈ શકે એવું બનાવ્યું છે. આવા પ્રયોગોને સફળતા અપાવવામાં ગુજરાત અગ્રણી રહ્યું છે. તેથી આપના જાણીતા સામયિકના વાચકોને આ અંગે વિચાર કરીને તેને અમલમાં મૂકવા અનુરોધ કરવા માટે આ પત્ર લખું છું.

'શાયરી' મુશાયરો ગુજરાતમાં જાણીતાં છે. ઉર્દૂને ગુજરાતીમાં લખવામાં આવે તો? ગુજરાતી નાગરી ભાષામાં લખવામાં આવે તો?

(હૈદરાબાદ) —હંસ ભારતી

[● ગુજરાતી લિપિ માત્ર નવ અક્ષરોના અપવાદે અહલ શિરોરેખા વિનાની નાગરી જ છે, અને નાગરીની શિરોરેખા દૂર કરવાનો રાષ્ટ્રીય નિર્ણય થાય તો ગુજરાતી લિપિ રાષ્ટ્રલિપિ થવાની ક્ષમતા ધરાવે છે. ■ આજે પણ ઉર્દૂ નહિ વાંચી શકનાર મુસ્લિમ જનતા માટે ગુજરાતી લિપિમાં ઉર્દૂ પુસ્તકો છપાય છે.]

### ત્રિ-ગુણાત્મક વિશ્વની ઝાંખી

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ; સ્વર્ગ, પૃથ્વી, પાતાળ; દેવ, માનવ, દાનવ; ઘન, પ્રવાહી, વાયુ; સત્ત્વ, રજસ્, તમસ્; વર્તમાન, ભૂત, ભવિષ્ય; નર, નારી, નાન્યતર; ઉત્પત્તિ, સ્થિતિ, લય; જન્મ, જીવન, મૃત્યુ; જ્ઞાન, ભક્તિ, કર્મ; સત્યમ્, શિવમ્, સુંદરમ્; રાજહઠ, સ્ત્રીહઠ, બાળહઠ; લોકૈષણા, વિત્તૈષણા, પુત્રૈષણા; વાત, પિત્ત, કફ; લાલ, પીળો, વાદળી; સાધન, સાધના, સાધ્ય; શૂન્ય, એક, અનંત; હરડાં, બહેડાં, આમળાં; યમ, નિયમ, સંયમ; મંત્ર, તંત્ર, યંત્ર; સૂર્ય, ચંદ્ર, તારા; જર, જમીન, જોરુ; તન, મન, ધન; મન, બુદ્ધિ, અહંકાર; હું, તું, તે; પુરુષ, પ્રકૃતિ, સંસ્કૃતિ. (પોરબંદર) —હરજીવન થાનકી

### થોડી ભૂલો

મેનો અંક સામગ્રીની દૃષ્ટિએ સાચે જ સમૃદ્ધ લાગ્યો. 'આ માસ ઇતિહાસ'માં દર્શાવેલ નેપોલિયનની મૃત્યુ તા. ૫-૫-૧૬૫૯ ખોટી છે. ખરી તારીખ ૫-૫-૧૮૨૧ છે. તા. ૯-૫-૧૯૩૨ના દિવસે 'લંડનના પિ. સ.ને વીજળીના દીવાથી અજવાળવામાં આવ્યું' તેમાં પણ ભૂલ લાગે છે.

'ગંગા દશાહરા'ના ઉત્સવમાં વૈષ્ણવ મંદિરોમાં ચોકમાં પાણી ભરીને નાનકડી નૌકામાં ઠાકોરજીને 'નૌકા વિહાર' કરાવવામાં આવે છે તે વખતે ખૂબ જ સુંદર દૃશ્ય ખડું થાય છે એ ઉલ્લેખ હોવો જોઈતો હતો.

(ભાવનગર) —દિનકરરાય કા. ભટ્ટ

∞

અંક ૬૨૯માં 'મારી માન્યતા' વિભાગમાં મારાં પુસ્તકોનો ઉલ્લેખ છે એમાં સરતચૂકથી 'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરીતિ' લખ્યું છે એને બદલે 'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરિદ્ધિ' જોઇએ.

(અમદાવાદ) —રમણલાલ જોશી

### ત્રણ ભૂલો

જુલાઈ અંકમાં 'વીરમગામનું મંદિર'ના મારા લેખમાં ત્રણ જગ્યાએ ભૂલો છે, જે કદાચ મારી વૃદ્ધાવસ્થાને લીધે સરતચૂકથી થઈ હોય કે પછી મારા અક્ષરો બરોબર ન વંચાયા હોય તેથી હોય. તો તે સુધારી લેવા વિનંતી છે :

૧) 'મહારાજ્ઞ્યા સુમલાદેવ્યા' જોઇએ તેના બદલે 'મહારાજ્ઞ્યા સુમલાદેવી' છપાયું છે. સુમલાદેવી એ વીરમદેવનાં મહારાણી હતાં.

૨) 'વિક્રમ સંવત ૧૨૮૮ થી ૧૨૯૪ જોઈએ'—૧૨૪૯ છપાયું છે તે ભૂલ છે.

૩) બીજા પેરેગ્રાફમાં શરૂમાં 'ભીમદેવ' શબ્દ છે તેના બદલે વીરમદેવ જોઈએ.

(વીરમગામ) —નાથાલાલ માધવજી મંડલી


### સુભાષિતમાં ભૂલ

જૂન ૧૯૭૬ના અંકમાં છેલ્લે પાને ચોકઠામાં જે સુભાષિત છપાયું છે તેમાં છાપભૂલ છે. सम, सदृश એ શબ્દો સંસ્કૃતમાં તૃતીયા વિભક્તિ સાથે સામાન્ય રીતે વપરાય છે. કોઈ વાર દ્વિતીયા પણ લે છે. અહીં તૃતીયા कामेन, मोहेन વગેરે લેતાં અનુષ્ટુપ છંદનો ભંગ થાય છે. દ્વિતીયા લેતાં कामं, मोहं, क्रोधं લઈએ તો ચાલે, પણ શ્લોકના માધુર્યમાં ક્ષતિ પહોંચે છે. એટલે कामः समः તે સામાસિક શબ્દ લઈએ તો વધારે સારું પડે. શ્લોક આ પ્રમાણે છપાવો જોઈએ.

नास्ति कामसमो व्याधिः
नास्ति मोहसमो रिपुः।
नास्ति क्रोधसमो वह्निः
नास्ति ज्ञानात् परं सुखम् ॥

(મુંબાઇ) —મધુસૂદન વૈદ્ય

**ચરખડિયા** (તા. સાવરકુંડલા, જિ. ભાવનગર)ના **યુવક મંડળના સાંસ્કૃતિક એકમ તરફથી** વાર્તા, કાવ્ય, લઘુનવલકથા માટેની એક ઈનામી પ્રતિયોગિતા યોજવામાં આવી છે. શ્રેષ્ઠને માટેના પુરસ્કાર અનુક્રમે રૂ. ૨૦૧, ૫૧ તથા ૨૦૧ છે. કૃતિ મોકલવાની છેલ્લી તારીખ ૩૦-૧૨-૭૬ છે. વિગતો માટે શ્રી જિતેન્દ્ર એસ. તલાવિયાને ઉપરને સરનામે લખવું.



**બંસીધર**

(કલાકાર: હરમાન કલૉફલેર)

આ ચિત્રમાં ભલે સ્પષ્ટ રેખાંકન નથી, પણ ચિત્રવિષયની રજૂઆત ક્લિષ્ટ પણ નથી. આધુનિક છતાં સરળતાથી સમજાય એવી શૈલીમાં એ ચીતરાયું છે. માત્ર વાચન વગેરેથી જ ભારતીય ભાવના અને ચિત્રાત્મક કથાવિષયોનું જ્ઞાન મેળવનાર આ વિદેશી કલાકારે પોતાના મન પર પડેલી છાપને કેવળ રંગલપકાથી રચાતા આકાર-આકૃતિવાળી આધુનિક છતાં સરળ રીતે એમાં પ્રકટ કરી છે. પૂર્વના દેશોની પ્રણાલિ અનુસાર એમણે ચિત્રમાં તેજ રંગો—અને ખાસ તો ત્રણ મૂળ રંગોનો જ પ્રયોગ કર્યો છે. પ્રકૃતિની ગોદમાં સાદગીભર્યા સરળ જીવનને આનંદમય રાખવાની આપણી ભાવનાને એમણે અહીં રંગભભકથી જાણે વધાવી છે. શ્યામ દેહવર્ણ, પીત વસ્ત્ર અને બંસીને કારણે એમણે આલેખેલું ભંગિયુક્ત પાત્ર સ્વાભાવિક રીતે કૃષ્ણ જ લાગે. એની બંસીના સૂરની મીઠાશ એમણે રંગમાં વહેતી કરીને પોતાને ગમેલા ભારતીય તત્ત્વને બિરદાવ્યું છે.

(મૂળ ચિત્ર શ્રી પ્રભુદાસ પટવારીના સંગ્રહમાંથી એમના સૌજન્યથી)



ફોટો : નાનુભાઈ હ. પટેલ

**માલાધારિણી દેવાંગના**
શિલ્પી : હરિભાઈ

આ કોઈ પ્રાચીન શિલ્પ નહિ, પણ ગુજરાતનું કલાકૌશલ આજે યે શિલ્પસર્જનમાં જે પરંપરિત સૌંદર્યવિધાનને જાળવી રહ્યું છે તેની દ્યોતક એક આધુનિક કૃતિ છે. હજી પાંચેક વર્ષ પહેલાં જ અમદાવાદમાં ઉસમાનપુરા વિસ્તારમાં કૉન્ટ્રૅક્ટર ભગવાનદાસ ઍન્ડ સન્સે બાંધેલા 'શ્રી સંભવનાથ જિન પ્રાસાદ'ના દ્વાર પરની આ શોભનપ્રતિમા ગુજરાતના એક શિલ્પી હરિભાઈનું સર્જન છે.

## પ્લેટોને ઠપકો* / કનૈયાલાલ મ. પંડ્યા

• શિખરિણી-સૉનેટ •

જશું છોડી જ્યારે નગર, કઠશે રે શબ્દનો
અકારો ખાલીપો, લય વિરમશે અક્ષર થકી.
નિશાળી કક્કાનો કલરવ હશે માત્ર રટણા,
હશે ઠાલા ઠાલા પ્રથમવય પત્રો તરુણના.

નવોઢા કો જ્યારે, ઝમક પગલે, હાથ હળવે
કરી દીવો ખાલી ઘર ઝગવશે, વા સજવશે
અગાશી મુગ્ધા કો રૂપ લઈ અનાઘ્રાત ફૂલનું;
ઘરે પ્હેલુંવ્હેલું શિશુ પગલું ટપાક પડશે,
ઊગે ક્યાંથી ક્યાંથી... ખસવી શકશો કેમ કવિતા?

પછી જો શેરીનો કલરવ ટળે, કે નગરના
ખૂણે ચીખે કોઈ રગતપિતીયું, કે સુખ બધાં
વળી જાયે પાછાં ઘર લગ પહોંચી, વળી કદી
થઈ કાંધે છૂટે સ્વજન નિજથી, સ્હેજ સ્મરજો.

વનોમાં હોશું ને અમથી વસશે નંદન વનો,
તમારાં સ્હેરે તો પદ પદ હશે ઉજ્જડ રણો.

## બંધ ઘર / કિસન સોસા

• ગઝલ •

શ્રાવણી નેવે ઝમી ટીપાં ટપકતાં, બંધ ઘર!
આંગણેથી ગ્હેકતા અવસર નીસરતા, બંધ ઘર!

તુલસી વનમાં ગયાં, ક્યારી પડી કરમાયલી;
બારમાસીનાં ખર્યાં ફૂલો કણસતાં, બંધ ઘર!

ઓસરી પર એકલો ગમગીન ઊભો ઢોલિયો,
ઓકળીમાં કંકણોના રવ ફરકતા, બંધ ઘર!

આવતો અસવાર, ખૂંટે બાંધતો તોખારને,
બે બલોયાં ટાચકા ફોડી મલકતાં, બંધ ઘર!

દેતવા લૈ ચીપિયે દાદાજી હુક્કામાં ભરે,
આગિયા અંધારમાં તડતડ તણખતા, બંધ ઘર!

બંધ ઘરમાં રાત દી' એક દીવડો સળગ્યા કરે,
ઓરડામાં આમતેમ ઓળા રઝળતા, બંધ ઘર!

સાંજ ઢળતાં એક પડછાયો રે પડછાશે અહીં,
રાતભર જળનાં નયન રહેશે નીરખતાં બંધ ઘર.

## કલાકાર-કથા

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

• મનહર •

શિલ્પી કો'ક
મહા કલાકાર.
કંડાર્યું 'તું શિલ્પ એણે
સુન્દરી કો' અપરૂપા.
પડ્યો એના પ્રેમે—
સુન્દરી તો થઈ ગઈ સજીવન!

શિલ્પી એક
એ ય મહા કલાકાર.
દીઠી એક સુન્દરીને,
સ્વપ્ન એનું જાણે અહીં
પૃથ્વીપટે ફરે!
ઘડી દીધું શિલ્પ—
સુન્દરી તો બેઠી છે
જડાઈને પથ્થરે!

## મૌન / 'સલિલ'

• ગાન •

પંખાળા ઘોડાના ઊના ઉચ્છ્વાસ : ભીની આંખોમાં આંસુનું ખૂટવું!

વંકાતી કેડીમાં પગલાંનું ગાન
અને હું યે વેરાઈ જઉં તાનમાં,
ભીની લીલાશ થકી છલકે છે સીમ—
તો યે વલખું છું રોમરોમ રાનમાં!
ચીસે છે તડપીને ઉરનો અવકાશ તો યે એકે નહિ તરણાનું ફૂટવું!

હોઠના સંપુટ પરે થીજેલા કાળને
તરતા અવકાશ મહીં ઘોળું,
સૂના એકાંતે કદી સામા મળો ને
ના પડતી કૈં સૂઝ: કેમ બોલું?

આપણી વચાળ ઊગી મૌન તણી મેંદીનું યુગોથી આજ લગી ઘૂંટવું!
પંખાળા ઘોડાના ઊના ઉચ્છ્વાસ: ભીની આંખોમાં આંસુનું ખૂટવું!

## છિન્નભિન્ન / જિતેન્દ્ર કા. વ્યાસ

• મિશ્ર • સૉનેટ •

ત્યારે હતી ઝલઝલ્યા પ્રફુલ્લતી
હૈયે. હતી શી સ્થિતિ ધન્ય ધન્ય!
આંખો બધું ન્યાળતી રમ્ય રમ્ય!
સૃષ્ટિ બધી દૃષ્ટિ સમક્ષ ઝૂલતી
ને જાતને યે નિજ ધન્ય માનતી
હતી, રહસ્યો નિજનાં અગમ્ય
ખોલી દઈ. પંચભૂતે સુરમ્ય
પ્રત્યક્ષ આભા ઈશની થતી હતી!

ત્યારે કવિ ને ઋષિ હું-મહીં હતા!
આજે હવે શબ્દ ય પંગુ, ખિન્ન
ઘૂંટાય છે ઘેઘૂર મૌન; લાપતા
થયો હું-માંથી ઋષિ થૈ વિલિન્ન.
હવે બધે પેખું અગમ્ય શૂન્યતા!
આજે કવિ તે ય હું છિન્નભિન્ન.

## એટલે / યોગેશ જોષી

તે છતાં ઊગી ગયાં છે જંગલો,
મેં હથેળીને કદી સીંચી નથી.

એટલે મૃત્યુ પછી ખુલ્લી રહી—
આંખ આખી જિંદગી મીચી નથી.

* પ્લેટોએ પોતાના રીપબ્લિકમાંથી કવિઓને દેશવટો દીધાના ઉપલક્ષ્યમાં.

# અલ્પતા—મહાનતા

ફાધર વાલેસ

આધુનિક માનવીને પોતાની શક્તિનું ભાન છે. ઇતિહાસમાં કદી નહોતી એવી શક્તિ—જનશક્તિ, વિજ્ઞાનશક્તિ, અણુશક્તિ—હાલ માનવીની પાસે છે, અને એનું એને ભાન છે. પણ આધુનિક માનવીને પોતાની મર્યાદાનું પણ ભાન છે. ઇતિહાસમાં કદી નહોતી એવી નિરાશા, હતાશા, નિષ્ફળતા આજે માનવીના દિલમાં છે. પોતાની મર્યાદાનું એને હવે સતત ને તીવ્ર ભાન રહે છે, અને એ ભાન બહુ કીમતી છે.

માનવીએ અણુશક્તિની શોધ કરી. પહેલો અણુધડાકો થયો ત્યારે એ નિહાળનાર વૈજ્ઞાનિકોને કેટલો ઉત્સાહ, ગર્વ, આશાવાદ લાગ્યા હશે! પરંતુ એ જ બૉંબ લઈને હવે કોઈ પાગલ વૈજ્ઞાનિક અથવા તો કોઈ સ્વચ્છંદી સરમુખત્યાર એક આખા દેશનો અને આખી દુનિયાનો નાશ કરી શકે એ જોઈને એમનો ઉત્સાહ ઓછો થયો અને ચિંતામાં પલટાઈ ગયો.

આપણા જ જમાનામાં દુનિયાના અનેક દેશો સ્વતંત્ર થયા છે. નવી સરહદો બંધાઈ અને નવા ધ્વજો ફરકાવાયા. ઇતિહાસની એ એક મહાન સિદ્ધિ હતી, ગૌરવવંત પ્રકરણ હતું. પણ એ નવા દેશોમાં ઝગડા થયા, ભાગલાના ભાગલા પડ્યા, અને ઇતિહાસમાં કદી થયાં ન હતાં એવાં લાંબાં, સતત, કરુણ, નિર્દય યુદ્ધો થયાં. સ્વતંત્રતાની સિદ્ધિ આવી એમાં શાંતિ ન લાવી શકવાની મર્યાદા આવી.

ઉતારુ વિમાનના વિકાસથી આજે દેશપરદેશની મુસાફરી સરળ અને ઝડપી બની ગઈ છે. જંગી વિમાનમાં આરામથી બેસીને દુનિયાના કોઈ પણ ખૂણે થોડાક સમયમાં પહોંચી શકાય. હા, પણ જો એ વિમાનમાં કોઈ બહારવટિયો—ચાંચિયો બેઠો હોય અને એના હાથમાં નાનકડી પિસ્તોલ હોય તો લક્ષ્યસ્થળે પહોંચવાને બદલે બીજે ક્યાંક પરાણે પહોંચાય અને જાન પણ જોખમમાં આવે. ઝડપી મુસાફરીની સગવડ સાથે સલામતી ખોઈ બેસવાની મર્યાદા પણ આવી. લાંબી મહેનત પછી ઉચ્ચતમ શિખરે પહોંચતાં માનવી લપસી ગયો અને પોતે અપંગ છે એનો ખયાલ થયો.

આજે માનવીને વિશ્વાસ નથી કે પોતે દુનિયાને ચલાવી શકશે. વિશ્વાસ નથી કે એ વિનાશક યુદ્ધો રોકી શકશે, જીવલેણ પ્રદૂષણ રોકી શકશે, વસ્તીવધારો રોકી શકશે, અણુપ્રલય રોકી શકશે. પ્રશ્નો એવા સંકુલ થઈ ગયા છે કે એનો ઉકેલ વિચારમાં પણ ન આવે, પછી એ અમલમાં શી રીતે આવે? વિશ્વક્ષુધા, આર્થિક સમતોલન, મૂડીવાદ-સામ્યવાદ, ગરીબી, હિંસા, ત્રાસવાદ—કોઇ નેતાની પાસે એનો ઉકેલ નથી, કોઈ વિશ્વસંસ્થાની પાસે એનો ઉપાય નથી. રાક્ષસ વીફર્યો છે. આભ તૂટી પડ્યું છે. હવે થીગડું મારવાથી કામ નહિ થાય. અને થીગડું માર્યા સિવાય બીજું શું કરવું એ કોઈને સૂઝતું નથી. વિશ્વચિંતકો અકળાય છે, માનવધર્મીઓ મૂંઝાય છે. સમસ્ત માનવજાત એકીસાથે જોખમમાં આવી છે;—અને આવું કદી ઇતિહાસમાં બન્યું નહોતું.

એ કસોટીમાંથી એક સારું પરિણામ તો આવ્યું છે: માણસને પોતાની મર્યાદાનો ખયાલ આવ્યો છે. પરિસ્થિતિ એના હાથમાં નથી, કાબૂમાં નથી. એનું અભિમાન ગળી ગયું છે. એનો અહંકાર ઓગળી ગયો છે. માણસ જ્યાં સુધી એમ માને કે ઉપાય એના હાથમાં છે ત્યાં સુધી બેદરકાર રહે. આજે ઉપાય ન કરે તો કાલે કરશે એમ વિચારે, કારણ કે કરવું-ન કરવું એના હાથમાં છે. પોતે ધારશે ત્યારે કરશે એ સમાધાન છે, માટે એ બેફિકર રહે છે. પણ હવે એને વિશ્વાસ નથી કે એ ધારશે ત્યારે કરી શકશે; એટલે ચિંતા રહે છે. અને એ ચિંતાને જોરે જાગૃતિ આવી જાય છે.

માણસને પોતાની મર્યાદાનું ભાન થાય એ જાગૃતિનું પહેલું પગલું છે. ગાંધીજીએ લખ્યું: 'પોતાની અલ્પતાનું દર્શન કરવું એ મહાન થવાનો આરંભ છે.' પ્રગતિનું મોટું વિઘ્ન અભિમાન હોય છે, અને એ દૂર થતાં પ્રગતિને માટે માર્ગ ખુલ્લો થઈ જાય છે. માણસ શીખે છે કે એને નમ્રતાની જરૂર છે, બીજાઓની જરૂર છે, ભગવાનની જરૂર છે; એ જુએ છે કે પોતે વિશ્વનું કેન્દ્ર નથી, સૃષ્ટિનો આધાર નથી. માણસને અનુભવથી સમજાઈ ગયું છે કે એને બીજા ઉપર આધાર રાખવાનો છે, વિશ્વાસ રાખવાનો છે, શ્રદ્ધા રાખવાની છે. અને જેમ શ્રદ્ધા ખીલે તેમ શક્તિ આવે અને મન વિકસે. બાળક થયા વગર માણસ ન થવાય. શિષ્ય થયા વગર ગુરુ ન થવાય. નમ્ર થયા વગર મહાન ન થવાય. અને અત્યારે તો માનવીને માટે નમ્ર થવાનો સમય આવી ગયો છે.

વિદ્યાર્થીને દાખલાઓ આવડે ત્યાં સુધી એને શિક્ષકની જરૂર પડતી નથી—એમ પોતે માને છે. એ હોશિયાર છે. મહેનતુ છે. પોતાનું ઘરકામ પોતે કરે, પછી શિક્ષકની મદદ લેવાની શી જરૂર? પણ એટલા માટે શિક્ષક કોઈ કોઈ વાર વચ્ચે એવો દાખલો નાખી દે છે કે ભલભલા હોશિયારને પણ ન આવડે. એટલે પોતાની મર્યાદાનું ભાન થાય, આગળ હજી ઘણું શીખવાનું છે એ યાદ રહે, મદદ લેવી પડે, શિક્ષકનો સંપર્ક સાધવો પડે. અને શિક્ષકના સીધા સંપર્કથી વિદ્યા આવે અને કેળવણી આવે અને સંસ્કારો આવે.

જગતશિક્ષકે હમણાં માનવશિષ્યોની આગળ એક અઘરો દાખલો મૂક્યો છે. કોઈને આવડતો નથી. કોઈની પાસે એનો ઉકેલ નથી. શિષ્યોમાં હાલ તો નિરાશા છે, મૂંઝવણ છે, ઉદ્વેગ છે. દાખલો ન બેસે તે ન બેસે એની ખાતરી થઈ ચૂકી છે. એટલે શિક્ષકનો સંપર્ક સાધવાનો સમય પાકી ગયો છે. એમની પાસેથી માર્ગદર્શન, પ્રોત્સાહન, શક્તિ મળશે. અલ્પતાના દર્શનથી મહાનતાનું વરદાન મળશે. ◻



### કાર્યમાં રસ

ઉત્સાહ અને ઉત્સુકતાથી કોઇ પણ કાર્ય રોમાંચક બની શકે છે. તમને એ ન ગમતું હોય તો એના પ્રત્યે રસ કેળવો. એનો અભ્યાસ કરો, એનું પૃથક્કરણ કરો, એની શક્યતા વિચારો ને એમાં શ્રદ્ધા રાખો. 'મારું કાર્ય રસમય છે અને આજે એ પતાવતાં મને આનંદ થશે' એવો વિચાર રોજ સવારે ઊઠતાં કરો. ધીરેધીરે તમારું મન આ વલણને સ્વીકારતું થઈ એમાં દૃઢ થઈ જાય ત્યાં સુધી રોજબરોજ આ વિચારને વળગી રહો. આનાથી એક નવો જ ઉત્સાહ, નવી જ ક્રિયાશીલતા તમારામાં પ્રકટ થશે. જીવન પ્રત્યેના તમારા પ્રતિભાવ આનાથી બદલાઈ જશે. તમારા જીવનની નવરચના તમે અનુભવશો, કેમ કે મૂળ તો તમારું કાર્ય એ જ તમારું જીવન છે. —નૉર્મન વિન્સેન્ટ પીલ

# પંડિતા રમાબાઈ

—'સરસ્વતી'

**સમાજ જ્યારે સ્ત્રીઓને વેદાભ્યાસનો અધિકાર નહોતો આપતો એ કાળમાં જેમણે પિતાની દિગ્વિજયી વિદ્વત્તાનો વારસો દીપાવ્યો, કારમી ગરીબી ને સનાતનીઓની અસહિષ્ણુતાના કડવા અનુભવો વચ્ચે રહીને જેમણે એકલે પંડે અલૌકિક હિંમતથી સ્ત્રી-ઉન્નતિનું ઉજ્જ્વળ કાર્ય કરી બતાવી છેક અમેરિકા સુધી કીર્તિ પ્રાપ્ત કરી, રાષ્ટ્રીય જાગૃતિની દિશામાં જેમણે અનેક નવી પહેલ કરી બતાવી, એ, એક અગ્રગામી સમાજ સુધારક, દેશભક્ત અને સચ્છીલ સહૃદયી વિદુષી નારી**

—લેખક · પ્રો. વસંત જોષી



'સ્ત્રી-ઉન્નતિ માટે આજન્મ કાર્યરત રહેવાનો મારો નિશ્ચય છે.'

रमाबाई.
Ramabai.

ઈ. ૧૮૭૮ના જુલાઈ મહિનામાં એક દિવસ મુંબાઈના એક દૈનિક અખબારમાં એક સમાચાર છપાયા : 'હાલ કલકત્તામાં રમાબાઈ કરીને એક મરાઠી બહેન પધાર્યા છે. કલકત્તાના વિદ્વાનો એની વિદ્વત્તા જોઈ આશ્ચર્યચકિત થઈ ગયા છે. બહેન સંસ્કૃત ભાષા બોલે છે, સંસ્કૃતમાં શીઘ્ર કાવ્યરચનાની શક્તિ ધરાવે છે. એમની ઉંમર બાવીસ વર્ષની છે. બહેન અપરિણીત છે. મહારાષ્ટ્રીય હોવા છતાં એ કર્ણાટકમાંથી આવ્યાં છે.'

મહારાષ્ટ્રના લોકોને નવાઈ લાગી : બાવીસ વર્ષની અવિવાહિત સ્ત્રી! સંસ્કૃતમાં વાતચીત કરી શકે છે એટલું જ નહિ પણ કહો ત્યારે સંસ્કૃતમાં કાવ્યરચના પણ કરી શકે છે! ને કર્ણાટકમાંથી આવેલી! કોણ હશે એ? કુતૂહલ જાગ્યું. વિદ્વાનોએ તપાસ શરૂ કરી. અને માહિતી મળતી ગઈ.

દક્ષિણ કર્ણાટકમાં મંગળૂર જિલ્લાના માળહેરંજી ગામડામાં એક સધન ચિત્પાવન બ્રાહ્મણ કુટુંબ વસતું હતું. કુટુંબ-પ્રમુખ હતા અનંત-પદ્મનાભ પરમેશ્વર ડોંગરે. બાર વર્ષના હતા ત્યારે એમને પરણાવી દેવામાં આવ્યા. ઘરમાં કોઈને કહ્યા વિના અનંત ઘરમાંથી ભાગી ગયો. શૃંગેરી મઠના શંકરાચાર્ય પાસે જઈ અધ્યયન શરૂ કર્યું. ત્યાં છ વર્ષ અભ્યાસ કરી એણે પૂનાનો રસ્તો પકડયો. શ્રીમંત બીજા બાજીરાવ પેશવાના ગુરુ રામચંદ્રશાસ્ત્રી સાઠેએ એને આશ્રય આપ્યો. રામચંદ્રશાસ્ત્રીને ત્યાં એણે ચાર વર્ષ અધ્યયન કર્યું. આ દરમિયાન એને પેશવાને ઘેર જવાની તક વારંવાર મળતી. રામચંદ્રશાસ્ત્રી પેશવાની પત્નીને સંસ્કૃત શીખવવા જતા ત્યારે કોઈ વાર અનંત એમની સાથે જતો. સંસ્કૃત ભાષા એક તો મધુર અને એમાં વળી રઘુવંશનું અધ્યયન કરતાં બાઈસાહેબ પોતાના મધુર સ્વરમાં સ્પષ્ટ અને શુદ્ધ ઉચ્ચાર કરી કાલિદાસની એ કૃતિ વાંચતાં એ સાંભળી અનંતને આનંદ થતો. એ જ સમયે એણે પ્રતિજ્ઞા કરી કે વતન પાછો જઈશ ત્યારે ઘરની સ્ત્રીઓને સંસ્કૃત શીખવાડીશ!

ઈ. ૧૮૧૮માં અંગ્રેજોએ પેશવાને હરાવ્યા અને પૂનામાં અંગ્રેજી ધ્વજ ફરકયો. બાજીરાવને બ્રહ્માવર્ત મોકલી દેવામાં આવ્યા. એમની પાછળ રામચંદ્રશાસ્ત્રી ત્યાં ગયા. જતાં પહેલાં એમણે પોતાના પ્રિય શિષ્યને 'શાસ્ત્રી'ના બિરુદથી નવાજી એને ઘેર જવાની અનુજ્ઞા આપી.

અનંતશાસ્ત્રીએ ઘેર આવીને જોયું કે પિતાએ દેવાના ડુંગર ઊભા કર્યા હતા! પિતૃઋણમાંથી મુક્ત થવાનો એક જ રસ્તો હતો—ધનાર્જન. એટલે ઊપડયા મહિસુરના રાજા કૃષ્ણરાજ વડેર પાસે. મહારાજા મહાન દાતા તરીકે જાણીતા હતા. અનંતશાસ્ત્રીની વિદ્વત્તા જોઈ એમણે એમને પચીસ હજાર રૂપિયા આપ્યા. દશ વર્ષ અનંતશાસ્ત્રીએ ત્યાં ગાળ્યાં. દેવું ચૂકવી દીધું, પુત્ર-પુત્રીને પરણાવ્યાં, અને માત-પિતાને સાથે લઈ કાશીયાત્રા કરવા નીકળ્યા. રસ્તામાં એમનાં પત્નીનું અવસાન થયું. યાત્રા પૂરી કરી અનંતશાસ્ત્રીએ કુટુંબીઓને માળહેરંજી મોકલ્યા અને પોતે કાશીમાં અધ્યયન કરવા રોકાયા. સતત ચાર વર્ષ દર્શનશાસ્ત્રનું અધ્યયન કરી એ નેપાળ ગયા. ત્યાંના રાજાએ એમનું બહુમાન કર્યું.

નેપાળથી પાછા આવ્યા પછી અનંતશાસ્ત્રીએ ગુજરાતમાં પર્યટન કરવાનું નક્કી કર્યું. મુસાફરી પગપાળા કરવાની હતી. માર્ગમાં પૈઠણ ગામ આવતું હતું. ત્યાં સ્નાન કરવા નદીએ ગયા હતા. ત્યાં એક યાત્રિકની નજર એમના પર પડી. એ યાત્રિક સાતારા જિલ્લાના વાઈ ગામના હતા. એમનું નામ હતું માધવરાવ અભ્યંકર. સાથે સગર્ભા પત્ની, અને એક નવ વર્ષની ને એક સાત વર્ષની એમ બે બાળિકાઓને લઈ કાશીયાત્રા કરવા એ નીકળ્યા હતા. પણ એ યાત્રા બહુ આકરી રીતે કરવાના હતા. વાઈથી સાષ્ટાંગ નમસ્કાર કરતા એ નીકળ્યા હતા અને કાશી પહોંચતાં સુધી એ નમસ્કાર ચાલુ રહેવાના હતા! નમસ્કારના શ્રમથી થાકી ગયા હતા, શરીર પર સોજો ચડયો હતો એટલે જરા આરામ કરવા પૈઠણમાં



△ માતા લક્ષ્મીબાઈ, રમા, પિતા અનંતશાસ્ત્રી, એમના ખોળામાં ભાઈ શ્રીનિવાસ અને બહેન કૃષ્ણા.



પુરાણ ગ્રંથોના અઢાર હજાર શ્લોકોના મુખપાઠ તથા સંસ્કૃત ભાષાના વ્યાકરણ-નૈપુણ્યથી અલંકૃત પંડિતા રમાબાઈ અંગ્રેજી ભાષા તથા તત્કાલીન સમાજના પ્રશ્નોનું જ્ઞાન લેવા ઇંગ્લૅન્ડ જઈ વસ્યાં ત્યારે ▽

રોકાયા હતા. પાસે માત્ર ચૌદ રૂપિયા હતા. એટલું ધન લઈ કુટુંબ સાથે કેટલે જઈ શકાય? ચિંતામાં પડયા હતા. ત્યાં એમને એક તેજસ્વી પુરુષ સ્નાન માટે નદીમાં ઊતરતો નજરે પડયો. મનમાં એક વિલક્ષણ વિચાર જાગ્યો. એ પુરુષ સાથે એનાં આશ્રિતો હતાં. એમની પાસે જઈ પૂછપરછ કરતાં એ પુરુષ વિધુર છે એવું જાણવા મળ્યું. માધવરાવ અનંતશાસ્ત્રીને મળ્યા. ખબર પડી કે અનંતશાસ્ત્રીની ઉંમર ચુમ્માળીસ વર્ષની હતી. પણ એમના ચહેરાનું તેજ, એમનું શરીર, વિદ્વત્તા, રૂપ અને સંપત્તિ એમણે પારખી લીધાં અને પોતાની કન્યાનો અનંતશાસ્ત્રી સ્વીકાર કરે એવી એમણે વિનંતિ કરી.

અનંતશાસ્ત્રીને મનમાં ઇચ્છા હતી કે ઘરની સ્ત્રીઓને સંસ્કૃત શીખવવું. એમની પહેલી પત્નીએ ભણવાની અનિચ્છા દર્શાવી એમને નિરાશ કર્યા હતા. આ બાલિકાને જોઈ ફરી વિચાર જાગ્યો: આને સંસ્કૃત શીખવી એને પંડિતા બનાવી શકીશ. એમણે પરણવાની તૈયારી બતાવી. બીજે જ દિવસે મુહૂર્ત સારું હતું. અનંતશાસ્ત્રી પરણ્યા અને પત્ની અને સાળાને લઈ મંગળૂરને રસ્તે ઊપડયા! માધવરાવની કાશીયાત્રામાંનું એક મોટું વિઘ્ન દૂર થયું. ચુમ્માળીસ વર્ષના પતિ અને નવ વર્ષની પત્નીનું દામ્પત્યજીવન શરૂ થયું, અને ગુજરાતનું પર્યટન ગુજરાતમાં પ્રવેશ કરતાં પહેલાં જ પૂરું થયું!

**અ**નંતશાસ્ત્રી પાછા ઘેર આવ્યા. એમને પોતાનું સ્વપ્ન સાકાર કરવું હતું. એમણે પત્નીને સંસ્કૃત શીખવવાનો આરંભ કર્યો. ગામમાં ખળભળાટ મચ્યો. સ્ત્રીઓને વેદાધિકાર હોતો નથી, અને આ શાસ્ત્રી બૈરીને સંસ્કૃત શીખવે છે! વૈષ્ણવ ધર્મગુરુ સુધી વાત લઈ જવામાં આવી. ધર્મગુરુએ અનંતશાસ્ત્રી પાસે ખુલાસો માગ્યો. જવાબ મળ્યો: 'સ્ત્રીઓ અને શૂદ્રોને વેદાધિકાર નથી એ હું જાણું છું. પણ મારી પત્નીને હું સંસ્કૃત ભાષા શીખવું છું. એમાં કશું પાપ કરું છું એમ હું માનતો નથી.' ધર્મગુરુ માન્યા અને પોતાના અભિપ્રાયની સાબિતી આપવા એમણે અનંતશાસ્ત્રીને આજ્ઞા કરી. એક મોટી સભા બોલાવવામાં આવી. કર્ણાટકમાંથી ચારસો જેટલા વિદ્વાનો, શાસ્ત્રીઓ, આચાર્યો ને પુરાણિકો અનંતશાસ્ત્રીને પડકારવા એકઠા થયા. બે મહિના વાદ ચાલ્યો. અનંતશાસ્ત્રી જીત્યા. વાદ મોઢે નહિ પણ લેખિત ચાલ્યો હતો. અંતે બે અગ્રણી પંડિતોએ હસ્તલિખિત ગ્રંથ પર સહીઓ કરી પોતાની હાર કબૂલ કરી!

વિદ્વાનોએ તો હાર કબૂલ કરી, પણ સામાન્ય લોકોના આચરણ પર એની ઓછી જ અસર થવાની હતી? અનંતશાસ્ત્રીને તેઓ નાતબહાર મૂકી શકતા ન હતા, પણ એમને હેરાન કરવાની ઘણી તરકીબો તેઓ જાણતા હતા. દિવસો જતાં અનંતશાસ્ત્રી વધારે અંતર્મુખ ને સમાજથી અતડા એવા બનતા ગયા. આજુબાજુના લોકોથી એ ત્રાસી ગયા અને ઘરનો ત્યાગ કરી અરણ્યમાં જઈ વસવાનો એમણે નિશ્ચય કર્યો. મહિસુરના મહારાજાએ એમને બે-ત્રણ માઈલ જેટલો વિશાળ એવો જમીનનો ટુકડો દાન કર્યો હતો. બધો ભાગ નિર્જન અને જંગલનો જ હતો. એમાં એક માતાનું સ્થળ હતું. ત્યાં તુંગા, ભદ્રા અને નેત્રાવતી નદીનાં ઉગમસ્થાનો હતાં. પહેલી બે નદીઓનાં ઉગમસ્થાન પાસે રહેવાનું એમણે નક્કી કર્યું. એક સાંજે પોતાની આજ્ઞાંકિત પત્ની સાથે એમણે જગ્યા પસંદ કરી ત્યાં ધામા નાખ્યા. ઝાડ નીચે આશરો લીધો હતો. વનનાં શ્વાપદો છૂટથી આજુબાજુ ફરતાં હતાં. રાત પડી. લક્ષ્મીબાઈ આરામ કરવા પડયાં. અનંતશાસ્ત્રીએ લાકડાં ભેગાં કરી જાનવરોને દૂર રાખવા અગ્નિ પ્રકટાવ્યો. ત્યાં એક વાઘ ફરતોફરતો નજીક આવ્યો. માથે ગોદડી ઓઢી, આંખો મીચી લક્ષ્મીબાઈ નિઃસ્તબ્ધ રહ્યાં. વાઘ ચાલ્યો ગયો. અનંતશાસ્ત્રી આખી રાત જાગતા રહ્યા. આમ વનવાસ શરૂ થયો.

ધીમે ધીમે શિષ્યો આવવા માંડયા. પ્રાચીન કાળના ઋષિઓના આશ્રમ જેવો આશ્રમ સ્થપાયો. વિદ્યાદાન નિયમિત શરૂ થયું, પણ કુટુંબમાં શાંતિ રહી શકી નહિ. અનંતશાસ્ત્રીની પહેલી પત્નીનાં સંતાન હતાં. બીજી પત્ની ને છ બાળકો થયાં. સંતાન મોટાં થયાં ત્યાં તેઓ પૈસા માટે પિતા સાથે ઝઘડો કરતાં થઈ ગયાં. રોજ મહેમાનો હોય જ. ખર્ચનું પ્રમાણ વધી ગયું. અનંતશાસ્ત્રી કજિયાથી કંટાળી ગયા અને એમણે આશ્રમ છોડી જવાનો નિશ્ચય કર્યો. ઈ. ૧૮૫૮ના ઑક્ટોબર મહિનામાં આ નિશ્ચય અમલમાં મુકાયો. સાથે કુટુંબીજનો હતાં. સાથે એક નોકર માથે ટોપલી મૂકીને ચાલતો હતો. અને એ ટોપલીમાં હતી રમા: ૨૩મી એપ્રિલ ૧૮૫૮ને દિવસે જન્મેલું અનંતશાસ્ત્રીનું છઠ્ઠું ને છેલ્લું બાળક.

પંડિતા રમાબાઈનાં સાહસો આમ વિલક્ષણરીતે શરૂ થયાં.

**પં**દરેક વર્ષ આ તીર્થયાત્રા ચાલી. પતિ-પત્ની અને સાથે ત્રણ બાળકો: પુત્ર શ્રીનિવાસ અને દીકરીઓ કૃષ્ણા તથા રમા. જુદાં જુદાં ગામોમાં ફર્યાં. ત્યાં વિદ્વાનો સાથે વાદવિવાદ ચર્ચાઓ થાય, અને પછી અનંતશાસ્ત્રી એક ગામથી બીજે ગામ જાય. એમની સાંપત્તિક સ્થિતિ સારી



◁ પતિ–વકીલ બિપિનબિહારી દાસ. ભાઈ શ્રીનિવાસના મૃત્યુ પછી તરત એકલાં પડેલાં રમાબાઈએ ૧૮૮૦માં એમની સાથે સિવિલ મૅરેજ કર્યાં.



પોતાની એકમાત્ર પુત્રી મનોરમા સાથે રમાબાઈ
મનોરમાનો જન્મ ૧૮૮૧માં અને અવસાન ૧૯૨૧માં ▷

હતા તેથી એ પંદર વર્ષ અયાચિત વૃત્તિથી—એટલે કોઈની પાસે ભિક્ષા માગ્યા વગર રહી શકયા. પોતાના ઘણા પૈસા એમણે મુંબાઈમાં શરૂ થએલી નવી કંપનીઓના શેરોમાં રોકયા હતા અને તેમાંથી એમને સારી એવી આવક થતી હતી. વિદ્વાનો સાથે એમની ચર્ચાઓ થતી ત્યારે નાની રમા ધ્યાન દઈને બધું સાંભળતી. એના ભાઈને જનોઈ આપ્યા પછી અનંતશાસ્ત્રી એને સંધ્યા શીખવતા. રમા એ વખતે પૂરાં ચાર વર્ષની પણ ન હતી. દીકરો સંધ્યા બરાબર શીખે છે એની ખાતરી કરવા અનંતશાસ્ત્રી એની પાસે મંત્રો મોટેથી બોલાવે, અને નાની રમા અ-ઘમર્ષણના મંત્રો તથા ગાયત્રી એની સાથે મોટેથી બોલતી જાય! ચારસો પંડિતોને હરાવનાર વિદ્વાન તરીકે તેઓ દેશમાં જાણીતા થયા હતા. એ જ્યાં જાય ત્યાં લોકો એમને જોવા ભેગા થતા. કેટલાક વિદ્વાનો જિજ્ઞાસાથી એમની સાથે ચર્ચા-વિવાદ કરવા આવતા, જ્યારે બહુસંખ્ય લોકો એમની મશ્કરી કરવા આવતા. પરિણામ એવું આવ્યું કે આવા લોકોની દલીલો રમાને મોઢે થઈ ગઈ અને લોકોની વિચારશૂન્યતા તેમજ હૃદયહીનતાનાં દર્શન એને બાળપણથી થવા માંડયાં.

શરૂઆતમાં પિતા શૈવમતમાં માનતા અને અદ્વૈતવાદી હતા. ન્યાયદર્શનના અભ્યાસ પછી એમને લાગવા માંડયું હતું કે ઇશ્વર અને પ્રાણીઓ વચ્ચે સેવ્યસેવકભાવ હોવો જોઇએ. તેથી અદ્વૈતવાદનો ત્યાગ કરી એમણે વૈષ્ણવી દીક્ષા લીધી હતી. તદુપરાંત મહારાષ્ટ્રની ધાર્મિક રૂઢિઓમાં માનતા નહિ. ઘરમાં હરિતાલિકા, ગણેશચતુર્થી, ચંપાષ્ટમી જેવાં વ્રતો તે કોઈને કરવા ન દેતા. આથી લોકોમાં અપ્રિય થયા હોય તો નવાઈ નહિ. રમાને નાનપણથી જ લોકોનું પોતાના પિતા પ્રત્યે અસહિષ્ણુતાભર્યું વર્તન જોવા મળ્યું અને શ્રેષ્ઠ હિંદુધર્મના અનુયાયીઓમાં એણે અંધશ્રદ્ધ ઝનૂન જોયું. રમા નિષ્ઠાથી ધર્મપાલન કરતી. એ આઠ વર્ષની થઈ ત્યાં સુધીમાં એણે ઘણું ગોખ્યું હતું. ૧૮૭૭માં પાયોનિયર અખબારના એક અંકમાં એવા સમાચાર આવ્યા કે 'દક્ષિણનો એક મહાપંડિત અયોધ્યા આવ્યો છે. એની સાથે એનાં પત્ની, અઢાર વર્ષની અને આઠ વર્ષની એવી બે કન્યાઓ અને સોળ વર્ષનો પુત્ર છે. એ બધાંને ઘણા ગ્રંથ મોઢે છે. એક સભામાં એ પંડિત હજારો શ્લોક બોલી ગયા. નાની કન્યાએ પણ શ્લોકો સ્પષ્ટ ને શુદ્ધ ઉચ્ચારોમાં ગાયા.'

**અ**નંતશાસ્ત્રીની સાંપત્તિક સ્થિતિ સારી હતી; પણ વ્યવહારમાં મંદી આવી અને શેરોના ભાવ ગબડવા માંડયા. હાથમાં પૈસા રહ્યા નહિ. એમાં ૧૮૭૬-'૭૭માં મદ્રાસમાં પહેલાં કોઈ દિવસ પડયો ન હતો એવો દુકાળ પડયો. પાસે જે કૈં હતું તેનું લોકોને દાન કરતા અનંતશાસ્ત્રી મદ્રાસ પ્રાંતમાં ફરતા હતા. વ્યંકટગિરિ પર્વત પરના તિરુપતિ નામના જાણીતા સ્થળે એ હતા. ત્યાં આખરે ભીખ માગવાનો વખત આવ્યો. ઘરેણાં હતાં એ વેચી માર્યાં હતાં, પણ તેમાંથી મળેલા પૈસા દાનમાં જ વપરાયા હતા! ભીખ તો નથી જ માગવી એવો સંકલ્પ કરી, ખોરાકપાણી વિના જંગલમાં મરવું બહેતર એવું એમણે ઠરાવ્યું. રાતના તિરુપતિથી નીકળી જંગલમાં ગયા. ઝાડનાં પાંદડાં અને એવું ખાઈ ત્યાં અગિયાર દિવસ અને અગિયાર રાત રહ્યા. અનંતશાસ્ત્રી ક્ષીણ થયા હતા, પગ ઊપડતો ન હતો, એવી પરિસ્થિતિમાં એમણે સંન્યાસ લીધો. નજીક જ એક પવિત્ર તીર્થ હતું. બધાંએ નક્કી કર્યું કે ત્યાં જળસમાધિ લેવી.

'પિતાએ દરેકની વિદાય લીધી. હું સૌથી નાની એટલે મારો વારો છેલ્લે આવ્યો. પિતાજીએ મને બાથમાં લીધી. પ્રેમથી મને પસવારી અને ઊંડે ગએલા ક્ષીણ અવાજમાં મને કહ્યું: "દીકરી હું તો હવે જાઉં છું. તારે માટે મારા દિલમાં કેટલો પ્રેમ છે તે તું જાણે છે. તે પ્રેમનું નિત્ય સ્મરણ કરજે. જે સત્ય, નિત્ય અને ધર્મ્ય છે એટલું આચરજે. ઇશ્વરકૃપાથી તું જીવે અને મોટી થાય તો પ્રભુને માર્ગે ચાલજે. નિત્ય પ્રભુસેવા કરવી એ તારા જીવનનું મુખ્ય કર્મ હશે. તું મારું છેલ્લું બાળક છે અને મને સૌથી તું પ્રિય છે." આટલું કહી એ જલપ્રવેશ કરવા જતા હતા. પુત્ર શ્રીનિવાસ એ જોઈ શકયો નહિ. એ કરગર્યો. વિનતિ કરી પિતાને

પાછા વાળ્યા. કોઈ જાતની શરમ રાખ્યા વિના મળે તે કામ કરી હું આજીવિકા મેળવીશ એવું એણે પિતાને વચન આપ્યું. મહામહેનતે પિતા માન્યા. રખડતા રખડતા એક ગામડામાં દાખલ થયા. ત્યાં એક મંદિરમાં આશરો લેવા જતાં ત્યાંના પૂજારીએ એમને હાંકી કાઢ્યા. એ લોકો બ્રાહ્મણ હોઈ શકે એમ પેલાને લાગતું ન હતું! આખરે તેઓ એક ભગ્ન મંદિરમાં ગયા. ત્યાં જ અનંતશાસ્ત્રીનો તાવ વધવા માંડ્યો, ને એમાં જ એમનું અવસાન થયું. અંત્યક્રિયા કરવા કોઈ મદદ મળતી ન હતી. એમની ન્યાત કોઈ જાણતું-માનતું ન હતું. આખરે એક બ્રાહ્મણને દયા આવી. ગામથી બે માઈલ દૂર એક ઠેકાણે એણે મજૂર પાસે ખાડો ખોદાવી આપ્યો. (અનંતશાસ્ત્રીએ સંન્યાસ લીધો હતો તેથી એમને અગ્નિદાહ દેવાનો ન હતો.) એને જાતે મદદ કરવાનું મન ઘણું હતું પણ લોકોથી એ ડરતો હતો. શ્રીનિવાસે બાપનું શબ એક ધોતિયામાં બાંધી લીધું અને એને પોતાના વાંસા પર લઈ બે માઈલ દૂર લઈ ગયો અને ત્યાં એને દાટ્યું. પેલો દયાળુ બ્રાહ્મણ દૂર દૂર રહીને પાછળ આવતો હતો.

પિતાનું મૃત્યુ થયું તે જ દિવસે માતા લક્ષ્મીબાઈનો તાવ વધવા માંડ્યો. એમનું શરીર ઉપવાસ ને વ્રતોથી ક્ષીણ થઈ ગયું હતું. ખાવાનું કંઈ મળતું ન હતું. મહા આયાસ પછી કુટુંબ રાયચુર પહોંચ્યું; માને ભૂખ લાગી હતી. એને બાજરાનો રોટલો ખાવા જોઈતો હતો. પણ લાવવો ક્યાંથી? 'પડોશમાંથી માગી લાવજે, એમ માએ કહ્યું અનિચ્છા છતાં હું ત્યાં ગઈ. પણ મારી ભૂખી મા માટે રોટલાનો કકડો એમ બોલવાની મારી હિંમત ચાલી નહિ. મારા મનોવિકાર અંદર જ દાબી દેવાની મેં ઘણી કોશિશ કરી અને આંખમાં પાણી ન આવે એ માટે પ્રયત્ન કરતી રહી. પણ આખરે મારા નાકમાંથી પાણી વહેવા માંડ્યુ. પેલી સ્ત્રી સમજી ગઈ, એણે પૂછ્યું 'તારે કંઈ જોઇએ છે?' મેં એમને બધી વાત કરી. બાઈનો આભાર કેવી રીતે માનવો તે હું સમજતી ન હતી. દોડતી મા પાસે ગઈ, અને માને રોટલાનો કકડો આપ્યો. પણ અશક્તિને લીધે મા એ ખાઈ ન શકી અને એ જ અવસ્થામાં એ મૃત્યુ પામી.'

પાછો સવાલ ઊભો થયો ઉત્તરક્રિયાનો. મહામહેનતે શ્રીનિવાસે બે સહાયકો મેળવ્યા. ત્રીજો એ પોતે અને ચોથાં રમાબાઈ! રમાબાઈ બહુ ઊંચાં ન હતાં એટલે નનામીનો છેડો એમને પોતાના માથા પર મૂકવો પડ્યો, અને તેથી એમના પર કદાચ સૌથી વધારે બોજો પડ્યો હશે.

ચાર છ મહિના બાદ કૃષ્ણા પણ ભૂખમરાથી મૃત્યુ પામી. આ રીતે ૧૮૭૪ના જુલાઈમાં અનંતશાસ્ત્રી, ઑગસ્ટમાં લક્ષ્મીબાઈ ને ડિસેમ્બર કે '૭૫ના જાન્યુઆરીમાં કૃષ્ણા, એમ ત્રણ માણસોનાં અવસાન થયાં.

હવે પાંચમાંથી બે રહ્યાં. મા-બાપનું તીર્થયાત્રાનું વ્રત ચાલુ રાખવાનો નિશ્ચય કરી તેમણે ચાલવાની શરૂઆત કરી. ઉત્તર દિશામાં એમણે પ્રયાણ આદર્યું. પગપાળા મુસાફરી કરતાં તેઓ કાશ્મીર સુધી ગયાં. ચાર હજાર માઈલનો રસ્તો એમણે પગે ખૂંદ્યો. રમાબાઈ કહે છે: 'મારો ભાઈ અને હું યાત્રા કરતાં કરતાં ભારતની ઉત્તર સીમા લગી જઈ, ત્યાંથી ઠેઠ પૂર્વ તરફ વળી કલકત્તા સુધી આવ્યાં. કદિક—કોક વાર ભાઇને કામ મળતું, પણ ઘણો સમય અમે રખડુની જેમ ગાળતાં. ઘણી વાર અમારે ભૂખ્યાં રહેવું પડતું. કામ મળતું ત્યારે વેતન ખૂબ જ ઓછું—માસિક ચાર રૂપિયા જેટલું મળતું! એટલે મૂઠીભર સીંગદાણા પાણીમાં પલાળી થોડા મીઠા સાથે એ ફાકવા પડતા. ઓઢવા માટે અમારી પાસે કંઈ હતું નહિ, પગમાં પણ કંઈ હતું નહિ, અમે એમ જ ખુલ્લે પગે ચાલતાં. રાતના કોઈ રસ્તાની બાજુમાં એકાદ ઝાડ નીચે અથવા કોઈ પુલની કમાન નીચે આશરો લેતાં. એ ન મળતું ત્યારે ખુલ્લી હવામાં ભૂમિની શય્યા કરી તે ઉપર અમારાં શરીર અમે ટેકવતાં. પંજાબમાં જેલમ નદીને તીરે રાત કાઢવાનો પ્રસંગ આવ્યો ત્યારે ભયંકર ઠંડીથી બચવા માટે રેતીમાં ખાડા ખોદી અમે તેમાં ગળાડૂબ બેસી રહ્યાં. પવન એવો ઠંડો હતો કે તે રાતથી રમાબાઈના કાન બહેરા થઈ ગયા!

આમ ફરતાં ફરતાં શ્રીનિવાસ અને રમા ૧૮૭૮માં કલકત્તા આવ્યાં. કલકત્તામાં ક્યાંય રહેવાની સગવડ ન હતી એટલે મંદિરોમાં આશરો શોધી લેતાં. એ સમયે કલકત્તામાં ઘણી ધર્મજાગૃતિ આવી રહી હતી. જૂની સ્મૃતિઓને વળગી રહેવાથી હિંદુધર્મનો ઉદ્ધાર થવાનો નથી એવું માનનારા ઘણા વિદ્વાનો ત્યાં હતા. નવા જમાનામાં સારાં એવાં તત્ત્વો ટકાવી રાખી જૂનાં ખરાબ તત્ત્વોનો ત્યાગ કરવો જોઇએ એવું તેઓ માનતા. એવા વિચારોના આદ્ય પ્રવર્તક હતા રાજા રામમોહન રાય. ને પછી આવ્યા એમના અનુયાયીઓ: કેશવચંદ્ર સેન, કાલિચરણ બૅનરજી, પંડિત મહેશચંદ્ર ન્યાયરત્ન પ્રભૃતિ લોકો બ્રાહ્મોસમાજ ચલાવી હિંદુ ધર્મનું નૂતનીકરણ કરી રહ્યા હતા.

આજ સુધીનું શ્રીનિવાસ-રમાનું જીવન તીર્થક્ષેત્રોમાં લુટારા, ભિક્ષુક, સંન્યાસી, જોગી બાવા જેવા લોકોની સોબતમાં વ્યતીત થયું હતું. હવે કલકત્તામાં એમને પહેલી વાર માણસાઈનાં દર્શન થવા માંડ્યાં. માત્ર શરીર પરના વસ્ત્રો સાથે આવેલી આ વીસ વર્ષની ચમકદાર તરુણીએ એક મંદિરમાં પોતાના સંસ્કૃત ભાષાના જ્ઞાનની લોકોને ઝાંખી કરાવી ત્યારે વીજળીના વેગથી કલકત્તામાં સમાચાર ફેલાયા. ભૂખમરાથી ભાઈ-બહેનના દેહ કૃશ થયા હતા, પણ જ્ઞાન, સંસ્કારિતા અને અવિચલ નીતિમત્તાનું તેજ એમનાં મુખ પર દેખાતું હતું. પુરાણગ્રંથોમાંના અઢાર હજાર શ્લોક બાઈ બોલી ગયાં ત્યારે શાસ્ત્રીઓ આશ્ચર્યચકિત થયા. એમનું વ્યાકરણ નૈપુણ્ય જોઈ વૈયાકરણીઓ દિઙ્મૂઢ બન્યા. મૂર્તિમતી સરસ્વતીનો અવતાર થયો છે એમ ગામમાં વાતો શરૂ થઇ, અને લેખના આરંભમાં ઉલ્લેખાયા છે એ સમાચાર 'ટાઇમ્સ'માં આવ્યા. ઠેકઠેકાણે સભાઓમાં બોલવા માટે બાઇને નિમંત્રણો મળ્યાં. કલકત્તાના સેનેટ હાઉસમાં સનાતની તેમ જ નવમતવાદી શાસ્ત્રીઓ, પંડિતો તથા નેતાઓ અને સંસ્કૃતના પ્રાધ્યાપકોની મોટી જાહેર સભા મળી. એમાં બાઇનું બહુમાન કરવામાં આવ્યું. એક અંગ્રેજ પ્રાધ્યાપકે સંસ્કૃતમાં બાઈનું સ્વાગત કર્યું:

> यया भवत्या चकिताः पण्डिता ईदृशा वयम् ।
> ततो मन्यामहे साक्षात् वर्ततेऽत्र सरस्वती ॥

બાઇએ ત્યાં ને ત્યાં તરત જ જવાબ આપ્યો:

> भवद्भिर्यानि पुष्पाणि प्रक्षिप्तानि ममोपरि ।
> अहं न तत्पात्रभूता, न तथैवास्मि पण्डिता ॥
> पर्वताकारसदृशा भवद्भिर्मे गुणाः स्मृताः ।
> परमाणुसमास्ते स्युः किंत्वेतद्गुणगौरवम् ॥
> नाहं सरस्वती साक्षात् मन्यध्वे मां न शारदाम् ।
> किंतु तस्याः सभामध्ये एकाहं परिचारिका ॥

ત્યાં કોઈનું સૂચન આવ્યું કે બાઈ આપેલા વિષય પર સંસ્કૃતમાં કાવ્યરચના કરી બતાવે. તે મુજબ રમાબાઈએ આપેલા વિષયો પર કાવ્યો પણ કરી બતાવ્યાં. પંડિતો ચકિત થયા. આ જ સભામાં બાઈને 'સરસ્વતી'નું બિરુદ આપવામાં આવ્યું. તે દિવસથી એ ભારતમાં પંડિતા રમાબાઈ 'સરસ્વતી' તરીકે ઓળખાયાં. બાઈના અંગ્રેજી ચરિત્રના લેખક મૅકનિકલ લખે છે કે બાઈને આ બિરુદ ગમતું ન હતું, છતાં એમની વિદ્વત્તાના પુરાવા તરીકે એ આખર સુધી એમની સાથે રહ્યું.

કેશવચંદ્ર સેન જેવા નેતાઓ રમાબાઈને વારાફરતી પોતાને ઘેર બોલાવી ત્યાં સ્ત્રીઓ આગળ એમનાં પ્રવચન કરાવતા. બંગાળમાં તત્કાલીન સ્ત્રીઓની હાલત બહુ કફોડી હતી. તે જોઈ રમાબાઈનું હૃદય દ્રવ્યું અને એમણે એક સભામાં સ્ત્રીઓના ઉદ્ધાર માટે પહેલી હાકલ પાડી.

રમાબાઈની એક સત્કારસભામાં યુવાન વકીલ બિપિનબિહારીદાસ

હાજર હતા. એમણે બાઈના પૂર્વજીવનનો ઇતિહાસ પ્રભાવી ભાષામાં રજૂ કર્યો, બાઈના ભાઈ શ્રીનિવાસશાસ્ત્રીના પરિચયમાં પણ બિપિનબિહારી આવ્યા અને પરિચયનું રૂપાન્તર ગાઢ સ્નેહમાં થયું. રમાબાઈની કીર્તિ હવે ભારતમાં પ્રસરતી હતી. હિંદુસ્તાનના દૂરદૂરના ભાગોમાં વસતા વિદ્વાન મહારાષ્ટ્રીય અમલદારોએ એમને કાગળો લખી એમની સાથે વિવાહબદ્ધ થવાની ઇચ્છા દર્શાવી; એવા પત્રલેખકોમાં મુંબાઈ પ્રાંતના પહેલા આઈ. સી. એસ. અધિકારી શ્રીપાદ બાબાજી ઠાકુર હતા. મૅટ્રિકમાં એમની બીજી ભાષા સંસ્કૃત હતી. ગ્રીક ભાષા લઈ તેઓ બી. એ. થયા. તે ઉપરાંત એમને લૅટિન, હિબ્રૂ, ફારસી, ફ્રેંચ, જર્મન, ઈટાલિયન, સ્પૅનિશ, અરબી, કાનડી, ગુજરાતી એવી પંદર ભાષાઓ આવડતી હતી! રમાબાઈએ એમના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો નહિ. 'જ્યાં સુધી ભાઈ મારી સાથે છે ત્યાં સુધી મારે પરણવું નથી. ભારતીય અબલાઓનો શિક્ષણોદ્ધાર કરવો અને એમનું જીવન સુખી અને સ્વાવલંબી કરવામાં મારું જીવન વીતાવવું એવો મારો વિચાર છે.'

પણ કમનસીબે શ્રીનિવાસનું એકાએક અવસાન થયું. બાઈ એકલાં પડયાં. હવે બિપિનબિહારીએ લગ્નની માગણી કરી. અંતે ઘણા જવાબદાર ને વિદ્વાન ગૃહસ્થોની ભલામણ માન્ય રાખી તેમણે બિપિનબિહારીને સ્વીકારવાનું નક્કી કર્યું અને ઑક્ટોબર ૧૮૮૦માં એ પરણ્યાં. બન્ને કોઈ ધર્મમાં માનતાં ન હતાં તેથી સિવિલ મૅરેજ કાયદા પ્રમાણે લગ્ન કર્યું.

બાળપણથી હિંદુધર્મ અને એનું અધ્યયન કરતી આવેલી આ સ્ત્રી હવે હિંદુ ધર્મ વિષે સાશંક બનતી જતી હતી. ધર્માજ્ઞાનુસાર આચાર–આહારના નિયમો પાળ્યા, પણ મનને શાંતિ મળી ન હતી, ક્યાંય માણસાઈ દેખાઈ ન હતી. હિંદુ સમાજમાં સ્ત્રીઓનો દરજ્જો અને માનસિક અવનતિ શૂદ્રાતિશૂદ્ર હરિજનો જેવી જ હતી. વેદ–સ્મૃતિ–પુરાણ પ્રમાણિત હિંદુ ધર્મવ્યવસ્થામાં નારીના ઉદ્ધારને જરાય અવકાશ ન હતો. બાઈ ધાર્મિક વૃત્તિવાળાં હતાં અને આમરણ તેવાં રહ્યાં. પણ પ્રચલિત અને રૂઢિચુસ્ત હિંદુધર્મમાં અને એના અનુયાયીઓમાં એમને આશાસ્પદ એવું કંઈ દેખાતું ન હતું. એમના શબ્દોમાં જોઈએ તો, 'કોઈ પણ એક ધર્મની આવશ્યકતા મને લાગવા માંડી. હિંદુ ધર્મમાં મારા જીવને કાંઈ આશા દેખાઈ નહિ. બ્રહ્મો પંથમાં તો એવું કંઈ જ દેખાતું ન હતું. બધું જ મોઘમ અને બધા ધર્મોમાંથી સારું એવું બધું લઈને બનાવેલી ખીચડી જ જાણે! મારા મનને સંતોષ થતો ન હતો.'

અધૂરામાં પૂરું મહારાષ્ટ્રમાં રમાબાઈની ઠેરઠેર જાહેર નિંદા થતી હતી, કારણ કે એમણે મોટું પાપ કર્યું હતું: એ જેને પરણ્યાં હતાં એ યુવાન હતો હરિજન! દુર્ભાગ્યે રમાબાઈનું વૈવાહિક જીવન લાંબો સમય ચાલ્યું નહિ. માત્ર ઓગણીસ મહિનામાં એ નષ્ટ થયું. સોળમી એપ્રિલ ૧૮૮૧ને દિવસે એમની કન્યા મનોરમાનો જન્મ થયો, અને એકાદ મહિનાની અંદર જ મેધાવી બાબુ બિપિનબિહારી કોગળિયાના ભોગ બની મૃત્યુ પામ્યા! 'બ્રાહ્મણની દીકરીએ શૂદ્ર સાથે લગ્ન કર્યાં તેથી ભગવાને એને સરસ પ્રાયશ્ચિત્ત કરાવ્યું'—જેવા નિષ્ઠુર શબ્દો બોલી સનાતનીઓએ આ બનાવને આવકાર્યો!

હવે રમાબાઈ ફરીથી પરદેશમાં એકલાં પડયાં હતાં. એમનું આપ્ત સ્વજન ત્યાં કોઈ હતું નહિ. વૈવાહિક જીવનનો નાશ થયો હતો. બાલિકા મનોરમા જ તેમનું એક પ્રીતિભાજન રહી હતી. શું કરવું, ક્યાં રહેવું એ વિષે વિચારો ચાલતા હતા ત્યાં મહારાષ્ટ્રમાંથી એમને તેડું આવ્યું. લોકહિતવાદી ગોપાળરાવ દેશમુખ, માધવ ગોવિંદ રાનડે, દાદોબા પાંડુરંગ, ડૉ. ભાંડારકર, તેલંગ, ચંદાવરકર જેવા મહારાષ્ટ્રના જ્યોતિર્ધરોએ પત્રો લખી, મહારાષ્ટ્રમાં આવા કાર્ય કરવાનો એમને આગ્રહ કર્યો. તદનુસાર ૧૮૮૨માં પંડિતા રમાબાઈ પુણે આવ્યાં. પુણે શહેર એટલે સનાતની ભદ્રંભદ્રોનું ગામ! પુરોગામી કે પ્રગતિશીલ વિચારવાદીઓની સંખ્યા ત્યાં અલ્પ હતી. બહુસંખ્યાંક લોકોના વિરોધનો સામનો કરી ત્યાં કાર્ય કરવાનું હતું. પણ બાઈની હિંમત અલૌકિક હતી. એમણે બધે સભાઓમાં બોલી સ્ત્રીઓમાં જાગૃતિ લાવવાનું કાર્ય ઉપાડયું. રાનડે જેવા મહાપુરુષોની એમને ઘણી સક્રિય સહાયતા મળી. ભાંડારકર, રાનડે, કેળકર, મોડક જેવા પ્રાર્થનાસમાજવાળાઓએ રમાબાઈને ઉત્તેજન આપ્યું ને રમાબાઈએ 'આર્યમહિલા સમાજ' નામની સંસ્થા ઊભી કરી. એ સંસ્થાના આશ્રય હેઠળ રમાબાઈનાં ભાષણ–પ્રવચનો થવા લાગ્યાં. સંસ્થાના હેતુ હતા: ૧) બાલવિવાહ જેવી અનિષ્ટ પ્રથાઓમાંથી સ્ત્રીઓને મુક્ત કરવી; અને ૨) પરંપરાગત ધર્મ અને નીતિની કલ્પનાઓમાં સમયોચિત ફેરફાર કરવો. થોડા જ દિવસોમાં સમાજની શાખા મુંબાઈમાં સ્થપાઈ. બાઈનું કાર્યક્ષેત્ર વધ્યું.

ઈ. સ. ૧૮૮૩માં લૉર્ડ રિપન વાઈસરૉયપદે હતા ત્યારે શિક્ષણક્ષેત્રમાં ભારતે સાધેલી પ્રગતિ જોવા હંટર કમિશન આવ્યું. એ કમિશન પૂના આવ્યું ત્યારે રમાબાઈએ એમની સામે સાક્ષી આપી. 'કમિશન આગળ આવવાનો તમારો અધિકાર શો?' એમ હંટરસાહેબે સવાલ કર્યો. બાઈએ જવાબ આપ્યો: 'સ્ત્રીશિક્ષણનો પુરસ્કાર કરવા માટે હિંદુ સમાજે જેમને ખૂબ હેરાન કર્યા, લોકોએ જેમના માર્ગમાં અસંખ્ય વિઘ્નો ઊભાં કર્યાં, અને આખરે જેમને બહિષ્કૃત કર્યા, એવા એક દશગ્રંથી બ્રાહ્મણ પંડિતની હું દીકરી છું. સ્ત્રીઓની ઉન્નતિ માટે આજન્મ અખંડ કાર્ય કરતાં રહેવું એવો મારો નિશ્ચય છે.' પણ બાઈને અંગ્રેજી ખાસ આવડતું ન હતું. એટલે એમણે મરાઠીમાં જ પોતાનું વક્તવ્ય રજૂ કર્યું. એનાથી હંટરસાહેબ તો એટલા પ્રભાવિત થયા કે ઇંગ્લૅંડ પાછા ગયા બાદ એમણે આ વક્તવ્યનું અંગ્રેજીમાં ભાષાંતર કરાવી લીધું અને તે છપાવ્યું. અને એટલાથી સંતોષ ન પામતાં એમણે એ જુબાનીના કેટલાક મુદ્દાઓને સ્પર્શતું અસરકારક ભાષણ એડિનબરોમાં એક જાહેર સભામાં કર્યું. એ અંગ્રેજી અનુવાદ મહારાણી વિક્ટોરિયાએ વાંચ્યો, અને એનાથી પ્રભાવિત થઈ એમણે લેડી ડફરિન ફંડ, મહિલા ડૉક્ટરો અને ભારતીય મહિલાઓ માટે ખાસ દવાખાનાંઓની વ્યવસ્થા કરવાનો પ્રતિબંધ કર્યો.

કિંતુ એ કાર્યોથી સંતોષ પામે એવાં રમાબાઈ ન હતાં. સંસ્કૃતમાં ઉપલબ્ધ એવું બધું જ્ઞાન એમણે મેળવ્યું હતું. પ્રાચીન સમયને ખાસ ઉપયુક્ત એવા એ જ્ઞાનનો સાંપ્રત સંદર્ભમાં બહુ ઉપયોગ ન હતો. વર્તમાન સમસ્યાઓ સમજવા માટે પશ્ચિમના ગ્રંથસાગરમાં અવગાહન કરવાની જરૂર હતી. સંસ્કૃતનો તરાપો એ માટે બહુ અનુકૂળ નીવડવાનો ન હતો. એને માટે અંગ્રેજી ભાષામાં નૈપુણ્ય મેળવવાની જરૂર હતી. એ ભાષામાં પારંગત થવાનો એક જ માર્ગ દેખાતો હતો. અંગ્રેજોની ભાષા શીખવી હોય તો એમને દેશ જઈ એમની પાસેથી એ શીખી લેવી જોઈએ. દ્રવ્યની અનુકૂળતા ન હતી. પૂનાના ભદ્રંભદ્રો બાઈની હિંદુ ધર્મ પ્રત્યેની ઉદાસીનતાથી વાકેફ હતા. આ ધર્મપરાઙ્-મુખ સ્ત્રી પરધર્મીઓના મુલકમાં જશે તો એ પોતાના ધર્મને તરછોડશે એની એમના મનમાં જરા સાધાર એવી આશંકા હતી. એમના તરફથી રમાબાઈને સહાય કે ઉત્તેજન મળવાનું હતું જ નહિ. પૂનાના મિશનરીઓ બાઈનું કાર્ય સહાનુભૂતિથી જોઈ રહ્યા હતા. એમના પંચહૌદ મિશને બાઇને દ્રવ્યસાહ્ય કરવાનું માથે લીધું. ત્યાંના એક ચિત્પાવન ક્રિશ્ચિયન મિશનરી નીલકંઠ ગોરેએ બાઇને ઈશુની જીવનફિલ્સૂફીથી પરિચિત કરી દીધાં હતાં. બાઈ ખ્રિસ્તી ધર્મ તરફ દોરાશે એવો એ લોકોને વિશ્વાસ હતો. બાઈને ઇંગ્લૅન્ડ જવામાં મદદ કરવાથી ધર્મપ્રચારનું કામ સરળ બનવાનું. પણ બાઇનો મિજાજ જેવોતેવો ન હતો. ભવિષ્યકાળના સ્વાર્થ પર નજર રાખી મદદ કરવા તૈયાર થએલા લોકોની આર્થિક સાહ્યનો સ્વીકાર કરવો એમને અપમાનાસ્પદ લાગ્યું. કોઈ પણ રીતે એમને પરાવલંબી

થવું ન હતું. પૈસા કમાઈને પોતાને જ પૈસે ઇંગ્લૅન્ડ જવાનો એમણે નિરધાર કર્યો. એમણે મરાઠીમાં 'સ્ત્રી-ધર્મ નીતિ' નામનું પુસ્તક લખ્યુ. સ્ટીમરમાં ડેક પર મુસાફરી કરવા જેટલી પ્રાપ્તિ એમાંથી થઈ અને પોતાની દીકરીને લઈ બાઈ ઇંગ્લૅન્ડની મુસાફરીએ નીકળ્યાં. મિશને એમને થોડા પૈસા આપ્યા. ભારત આવ્યા પછી બાઈએ એ પાછા આપી દીધા.

ઇંગ્લૅન્ડમાં વૅન્ટેજ નામક મઠમાં બાઈ રહેવા ગયાં. ત્યાંની સિસ્ટરોએ એમનું હાર્દિક સ્વાગત કર્યું. બાઈ ચુસ્ત બ્રાહ્મણ, એટલે અભક્ષ્ય ભક્ષણ કરે નહિ. એમને ઈંડુ પણ ન ચાલે. એટલે હિંદુ ધર્મના આચાર પ્રમાણે રહેવાની તથા આહાર કરવાની સગવડ ત્યાં જ કરવામાં આવી. ત્યાં બાઈને અદ્ભુત સેવાધર્મનો સાક્ષાત્કાર થયો. ત્યાંની ધર્મસેવિકાઓ પોતાનાં સુખદુઃખનો વિચાર કર્યા વગર લૂલાં-પાંગળાં, રોગી, રક્તપિત્તિયાં એવા લોકોની અહર્નિશ સેવા કરતી હતી. ભારતમાં બાઈને આવી માણસાઈ, આવી સેવા, આવો ત્યાગ ક્યાંય દેખાયાં ન હતાં. આટલો સનાતન મારો ધર્મ, પણ એમાં આવી માનવસેવા કરનાર કેટલા? પતિતોની સેવા કરવાની તજવીજ કરવાને બદલે મારો હિંદુ સમાજ આવાં પતિતોને ધુત્કારે, એ કેવું ખરાબ કહેવાય! રમાબાઈના મનમાં વિચારોના ઝંઝાવાત જાગ્યા, અને અંતે ૨૯મી સપ્ટેમ્બર ૧૮૮૩ ને રોજ એમણે પોતાની દીકરી સાથે ક્રિશ્ચિયન ધર્મ અંગીકાર કર્યો.

અંગ્રેજીનો સઘન અભ્યાસ કરવા તેઓ ૧૮૮૪માં ચેલ્ટનહૅમ કૉલેજમાં દાખલ થવા માગતાં હતાં. ફીનો સવાલ પાછો ઊભો થયો. સ્વાવલંબનમાં માનતાં રમાબાઈને કોઈની આર્થિક મદદ જોઇતી ન હતી. કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપકની જરૂર હતી. ત્યાં એમની નિમણુક થઈ. ફી પગારમાંથી ભરી શકાતી. બે વર્ષ ત્યાં રહી રમાબાઈએ ગણિત, ઇતિહાસ, ભૂગોળ, પદાર્થવિજ્ઞાન વગેરે વિષયોનો સારો અભ્યાસ કર્યો. એમનું અંગ્રેજી ભાષાપ્રભુત્વ જોઈ કૉલેજના લોકોએ એમની પ્રશંસા કરી.

બાઈના વિચારોનો પડઘો ત્યાંનાં છાપાંઓમાં પડતો જ હતો. એ પરથી અમેરિકામાં પણ બાઈ વિષે કુતૂહલ જાગ્યું હતું. આનંદીબાઈ જોશી નામની એક યુવતી અમેરિકા ભણવા ગઈ હતી. વૈદકશાસ્ત્રનો અભ્યાસ ત્યાં એણે પૂરો કર્યો હતો ને એમ. ડી.ની ઉપાધિ એનાયત થવાની હતી. એ સમારંભમાં હાજર રહેવાનું રમાબાઇને નિમંત્રણ ગયું. બાઇને અમેરિકા જવાની ઉત્સુકતા ન હતી પણ ત્યાંની યુનિવર્સિટીએ આનંદીબાઇને હાથે ખાસ પત્ર લખાવ્યો, ને ૧૮૮૬ની ૧૭મી ફેબ્રુઆરીએ રમાબાઈ અમેરિકા જવા આગબોટમાં બેઠાં. કન્યા મનોરમા આ સમયે સાડા ચાર વર્ષની હતી. અમેરિકાની હવા એને અનુકૂળ આવી નહિ તેથી રમાબાઈએ એને પાછી વૅન્ટેજ મોકલી દીધી.

અમેરિકામાં રમાબાઈનું બધે ઠેકાણે સન્માન થયું. એમણે ઘણાં ભાષણો આપ્યાં. ખર્ચનો સવાલ હતો જ. એમણે અંગ્રેજીમાં 'ઉચ્ચવર્ણીય હિંદુ મહિલા' (High-Caste Hindu Woman) નામનું પુસ્તક લખ્યું ને એમાંથી મળેલા પૈસામાંથી અમેરિકામાં ખર્ચ ચલાવ્યું. અમેરિકામાં ભારતીય મહિલા વિષે ચર્ચાઓ થવા માંડી. લોકમત જાગ્રત થયો. અમેરિકન સ્ત્રીઓ અને પુરુષોની સભાઓ મળી ને ભારતમાંની ઉચ્ચ વર્ણીય હિંદુ બાલવિધવાઓને મદદરૂપ થવા ૧૩મી ડિસેમ્બર ૧૮૮૭ને રોજ બૉસ્ટનમાં 'રમાબાઈ એસોસીએશન'ની સ્થાપના થઈ. સૅંકડો ડૉલરોનાં દાન લોકોએ આપ્યાં અને પુનરુત્સાહિત બની રમાબાઈ સ્વદેશ આવવા નીકળ્યાં.

ભારત પાછાં આવ્યા પછી એમણે મુંબાઈ શહેરને પોતાના કાર્યક્ષેત્ર તરીકે પસંદ કર્યું. એક મકાન ભાડે રાખી એમાં વિધવાઓના વાસની ગોઠવણ કરી. સંસ્થાનું નામ રાખ્યું 'શારદાસદન'. પહેલી હિંદુ યુવતી ત્યાં આશ્રય માટે આવી એનું નામ પણ શારદા જ હતું! થોડા જ દિવસોમાં સંખ્યા પચ્ચીસ ઉપર ગઈ. રમાબાઈએ પોતાનો ધર્મ કોઈ દિવસ છુપાવ્યો ન હતો. એ પ્રાર્થના કરવા બેસતાં ત્યારે વિદ્યાર્થિનીઓને ત્યાં બેસવાની છૂટ રહેતી. શરૂઆતમાં છોકરીઓ રમાબાઈથી દૂર બેસતી. પરિચય વધતા ગયા તેમ નજીક આવતી ગઈ અને કેટલીક તો ક્રિશ્ચિયન ધર્મમાં રસ પણ લેતી થઈ. છાપાંઓમાં તીવ્ર વિરોધ જાગ્યો. રમાબાઈ છોકરીઓને વટલાવવા માગે છે એવી બૂમો પડવા માંડી. પરિણામે ઘણાઓએ પોતાની દીકરીઓને સંસ્થામાંથી ઉઠાડી લીધી. વિશ્વસ્ત (ટ્રસ્ટી) મંડળ પરના હિંદુ સભ્યોએ રાજીનામાં આપ્યાં. પણ રમાબાઈનો આત્મવિશ્વાસ દુર્દમ્ય હતો. વિદ્યાર્થિનીઓ આવશે જ એવી એમને ખાતરી હતી. એમનો એ આત્મવિશ્વાસ અસ્થાને ન હતો. ફરી વિદ્યાર્થિનીઓની સંખ્યા વધતી જ ચાલી. દાખલ થએલી વિદ્યાર્થિનીઓમાં એક સકેશા વિધવા હતી. રમાબાઈએ એ વિધવાને એક સચ્છીલ બ્રાહ્મણ વિધુર સાથે પરણાવી દીધી, અને એ દંપતીએ આજીવન મહિલોદ્ધારનું કામ કર્યું. દુનિયા એ લોકોનાં નામથી પરિચિત છે. એ દંપતી હતું—આગળ જતાં મહર્ષિ તરીકે ઓળખાયા તે ધોંડો કેશવ કર્વે અને એમનાં પત્ની આનંદીબાઈ.

શારદાસદનનો ઉત્કર્ષ થતો ગયો તેમ રમાબાઈને ખયાલ આવ્યો કે શાળા કે આશ્રમ માટે મોટી જગ્યા લેવી જોઈશે. અમેરિકાથી પૈસાની મદદ તો આવતી જ હતી. એટલે એમણે પૂનાથી પાંત્રીસેક માઈલ દૂર આવેલા કેડગાંવ ગામમાં સો એકર જમીન ખરીદી. ત્યાં ખેતીવાડીના પ્રયોગો કરી એમણે આવકનું મોટું સાધન ઊભું કર્યું. ઈ. ૧૮૯૫માં પૂનામાં પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે રમાબાઈએ છોકરીઓને કેડગાંવ મોકલી. ત્યાં મધ્યપ્રાંત અને મધ્યભારતમાં ૧૮૯૬માં ભયંકર દુકાળ પડયા. એ દુષ્કાળપીડિતોની મદદ માટે રમાબાઈ ત્યાં દોડયાં અને ઘણી વિધવાઓને મુશ્કેલીમાંથી છોડાવી એમને પોતાના આશ્રમમાં આશ્રય આપ્યો. આશ્રમનું કામ વધતું ગયું. લોકો પાસેથી મદદ તો આવતી હતી પણ તે પૂરતી ન હતી. ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા, અમેરિકા જેવા દૂરના મુલકોમાંથી આવીને વીસ જેટલી સેવિકાઓ આશ્રમમાં કાર્ય કરતી હતી. એટલે ખર્ચને પહોંચી વળવા ઈ. ૧૮૯૮માં દ્રવ્યસાહ્ય મેળવવા બીજી વાર રમાબાઈ અમેરિકા ગયાં, અને ત્યાંથી પૂરતો પૈસો આવે એવી ગોઠવણ કરી સાત મહિનામાં પાછાં આવ્યાં.

ઈ. ૧૯૦૦માં ગુજરાતમાં દુકાળ પડયો. રમાબાઈ મદદ કરવા તૈયાર હતાં જ. એમનો દાખલો લઈ ગુજરાતની ૪૦ થી ૫૦ યુવતીઓ સ્વયંસેવિકાઓ તરીકે આવી. કેટલીક ગુજરાતી બહેનો રમાબાઈ સાથે કેડગાંવ પણ ગઈ. એમાંની એક ૧૯૧૮ સુધી આશ્રમમાં હતી. 'માતુશ્રી રમાબાઈએ અમારાં દુષ્કાળ પીડિતો માટે ઘણું કર્યુ અને અમને નીતિ અને જ્ઞાનના સંસ્કારો આપી માણસાઈનો અને સેવાનો માર્ગ બતાવ્યો.' આ ગુજરાતની બહેનોએ એટલું સરસ સેવાકાર્ય કર્યુ કે મુંબાઈના ગવર્નર એક દિવસ વગર નિમંત્રણે કેડગાંવ ગયા અને રમાબાઈને મળી એમણે અમને ધન્યવાદ આપ્યા.

ઈ. ૧૯૦૫માં રમાબાઈએ કેડગાંવમાં મરાઠી, અંગ્રેજી, ગ્રીક અને હિબ્રુ ટાઈપો ખરીદી એક છાપખાનું સ્થાપ્યું. ત્યાંનું બધું કામ એમણે આશ્રિત સ્ત્રીઓને શીખવાડયું. આજે ય કેડગાંવમાં રમાબાઇએ સ્થાપેલી એ સંસ્થા 'મુક્તિસદન' નામથી ચાલે છે. ત્યાંની સ્ત્રીઓને બધી જાતના ઉદ્યોગો શીખવવામાં આવે છે અને તેઓ આર્થિક રીતે સ્વતંત્ર બને એવું શિક્ષણ આપવામાં આવે છે.

રમાબાઈના છેલ્લા દિવસોનું વર્ણન કરતાં પહેલાં એમનાં બહુવિધ કાર્યનો ટૂંક સાર આપી દઉં. વિસ્તૃત વિવેચન માટે અહીં અવકાશ નથી. તો આ રહ્યાં રમાબાઈનાં એ વિવિધ કાર્યોનાં પાસાં:

(અનુસંધાન પૃષ્ઠ ૪૭૦)

સત્યજિત રાય સર્જિત ડિટેક્ટિવ ફેલુદાની
એક નવી રહસ્ય-કથા

# સમાદ્દારની ચાવી

૧ — અનુવાદક · સુકન્યા ઝવેરી

ફેલુદા બોલ્યો : 'આ જે ઝાડપાન જોઇને આંખો તૃપ્ત થાય છે એનું વૈજ્ઞાનિક કારણ શું છે ખબર છે? એનું કારણ, હજારો વર્ષોથી ઝાડપાલા વચ્ચે વસીને હરિયાળી સાથે માનવીની આંખને એક સ્વાભાવિક,સ્વાસ્થ્યકર સંબંધ બંધાઈ ગયો છે. આજકાલ ઝાડ જેવી ચીજ ધીમે-ધીમે શહેરમાંથી અદશ્ય થઈ જવા માંડી હોવાથી શહેરની બહાર નીકળો કે આંખને આરામ મળે અને પરિણામે મન પણ હલકું ફૂલ થઈ જાય. જેટલી આંખોની બીમારી જોઈએ એ બધી જ શહેરમાં; ગામડા-ગામમાં જા કે પહાડ પર જા, જોજે, ચશ્માં જોવા જ નહિ મળે.'

હું જાણું છું કે ફેલુદાની આંખો ખૂબ સારી છે. તેને ચશ્માં નથી. એ ઘડિયાળમાં જોઇને ત્રણ મિનિટ પંદર સેકંડ સુધી આંખનું મટકું યે માર્યા વિના રહી શકે છે. જોકે એ ગામ-ગામડે કદી ય રહ્યો નથી. હું એને એમ કહી શકત, પણ વળી મિજાજ બગડી જાય એ બીકે બોલ્યો નહિ. અમારી સાથે મણિબાબુ હતા—મણિમોહન સમાદ્દાર. તેમની આંખે જાડા માઈનસ પાવરનાં ચશ્માં છે. તેઓ ય શહેરી માણસ છે. ઉંમર હશે પચાસેક. ખાસ્સો ગોરો વાન. નાક અણિયાળું કહેવાય એવું. કાન પાસેના વાળ પાકવા માંડયા હતા. મણિમોહનબાબુની ફિયાટ ગાડીમાં જ અમે જશોર રોડ થઇને બામુનગાછિ જતા હતા. શા માટે જતા હતા તે હમણાં જ કહી દેવું જરૂરી છે.

ગઈ કાલે રવિવાર હતો. પૂજાની રજા હજુ શરૂ જ થઈ છે. અમે બંને જણા બેઠકખંડમાં બેઠા હતા. હું છાપું ખોલી સિનેમાના પાના પર જાહેરખબર જોતો હતો અને ફેલુદા એક આંકડાશાસ્ત્ર વિષેનું પુસ્તક ખૂબ જ મગ્ન થઈ વાંચતો હતો. મેં જોયું કે એ ક્યારેક એકલો એકલો મરકતો હતો, તો ક્યારેક ભવાં ચડાવી પ્રશંસાનો ને આશ્ચર્ય પામવાનો ભાવ દેખાડતો હતો. પુસ્તક ડૉક્ટર મેટ્રિક્સનું હતું. ફેલુદાએ મને કહ્યું હતું કે આ ડૉક્ટર મેટ્રિક્સના મત પ્રમાણે માણસના જીવનમાં સંખ્યા કે નંબર વસ્તુ એક આશ્ચર્યભર્યો પ્રભાવ ભોગવે છે. અનેક સાધારણ અને અસાધારણ ઘટના પાછળ જો ઊંડા ઊતરી જુઓ તો જાતજાતના નંબરની રમત શોધી શકાય. મને એણે ઉદાહરણ આપી સમજાવ્યું ન હોત તો વખતે હું સમજી પણ ન શક્યો હોત. એ કહે : 'ડૉક્ટર મેટ્રિક્સની એક આશ્ચર્યકારક શોધની વાત સાંભળ. અમેરિકાના બે પ્રખ્યાત પ્રેસિડેન્ટનાં ખૂન થયાં હતાં એ તો તને ખબર છે?' 'લિંકન અને કેનેડી?'

'હા. અચ્છા, તો એ બેનાં નામના અક્ષર કેટલા?'

'LINCOLN—સાત; KENNEDY—સાત.'

'બરાબર. હવે સાંભળ : લિંકન પ્રેસિડેન્ટ થયા ૧૮૬૦ની સાલમાં, અને કેનેડી થયા ૧૯૬૦માં—બરાબર સો વર્ષ પછી! બંનેનાં ખૂન થયાં શુક્રવારે. ખૂન થયાં ત્યારે બંનેની પત્નીઓ તેમની સાથે જ હતી. લિંકનનું ખૂન થયું થીએટરમાં. એ થીએટરનું નામ હતું ફોર્ડ. કેનેડીનું ખૂન થયું મોટરમાં. એ ગાડી ફોર્ડ કંપનીમાં બનેલી. ગાડીનું નામ હતું લિંકન. લિંકન પછી જે પ્રેસિડેન્ટ થયા તેનું નામ હતું જૉન્સન—ઍન્ડ્રુ જૉન્સન. કેનેડી પછી પ્રેસિડેન્ટ થયા લિંડન જૉન્સન. પહેલાનો જન્મ ૧૮૦૮,બીજાનો જન્મ ૧૯૦૮—બરાબર એક સો વર્ષ પછી. લિંકનના ખૂનીનું નામ ખબર છે?'

'ખબર હતી, પણ યાદ નથી.'

'જૉન વિલ્કિસ બૂથ. તેનો જન્મ ૧૮૩૯ની સાલમાં. અને કેનેડીનો ખૂની લી હાર્વે ઓસ્વાલ્ડ. તેનો જન્મ બરાબર એક સો વર્ષ પછી! હવે બંનેનાં નામ જો. John Wilkes Booth—Lee Harvey Oswald. કેટલા અક્ષર છે બંનનાં નામમાં?' હું તો અક્ષર ગણીને આશ્ચર્યચકિત! થૂંક ગળીને બોલ્યો : 'બંનેમાં પંદર પંદર.'

ફેલુદા કદાચ ડૉક્ટર મેટ્રિક્સની તાજ્જુબ્બીભરી શોધખોળ માટે હજુ પણ વધુ કહેત, પણ એવામાં વિના ઍપૉઈન્ટમેન્ટ આવીને હાજર થયા મણિમોહન સમાદ્દાર. શ્રીમાને પોતાનો પરિચય આપી સોફા પર બેસતાં કહ્યું : 'હું તમારા જ લત્તામાં રહું છું—લેઈક પ્લેઈસમાં.'

ફેલુદા 'ઓહ' કહીને ચૂપ થઈ ગયો. હું એ સજ્જન ભણી ત્રાંસી આંખે જોતો હતો. એમણે ખુલ્લા રંગનું બુશશર્ટ ને ગ્રાઉન પૅન્ટ પહેર્યાં હતાં. અને પગમાં બાટાનાં સૅંડલ. જરાક આડીઅવળી વાત કરી ગળું ખંખેરી સજ્જન બોલ્યા : 'વખતે તમે મારા કાકાનું નામ તો સાંભળ્યું હશે—રાધારમણ સમાદ્દાર.'

'આ પેલે દિવસે ગુજરી ગયા એ જ ને?' ફેલુદાએ પૂછ્યું : 'જેને ગાયન-વાદનનો ખૂબ શોખ હતો!' 'જી હા.'

'ઉંમરે ખાસ્સી હતી, નહિ?' 'બ્યાસી.'

'હા-હા; છાપામાં વાંચ્યું હતું. જોકે મરણના સમાચાર વાંચ્યા તે પહેલાં એમને જાણતો હતો એમ કહેવું સત્યથી વેગળું કહેવાય.'

'એમાં કંઈ આશ્ચર્ય નથી. એમણે ગાવા-બજાવવાનું છોડયું ત્યારે કદાચ તમે સાવ બાળક હશો. લગભગ વીસેક વર્ષ તો રિટાયર્ડ થયાને થયાં. ત્યારથી બામુનગાછિમાં ઘર બાંધી શાંત જીવન ગાળતા હતા. અઢારમી સપ્ટેંબરે સવારે હાર્ટઍટૅક આવ્યો, ને તે દિવસે રાત્રે જ ગુજરી ગયા.'

'આઈ સી.'

શ્રીમાન થોડી સેકંડ ચૂપ રહ્યા. ફેલુદા એનો ડાબો પગ જમણા પગ પર રાખી બેઠો હતો. આ ચૂપકીદી દરમિયાન એણે જમણો પગ ડાબા પગ પર મૂક્યો. મિસ્ટર સમાદ્દાર જરાક ખમચાઈને બોલ્યા : 'તમને થશે કે આ માણસ શું કહેવા આવ્યો છે. પણ જુઓ તમને જરા બૅકગ્રાઉન્ડ ન સમજાવું તો...' 'ચોક્કસ, ચોક્કસ.' ફેલુદા બોલી ઊઠયો : 'તમે ઉતાવળ ના કરશો. ટેઈક યૉર ટાઈમ.'

મણિમોહનબાબુએ બોલવા માંડયું : 'મારા એ કાકા સાધારણ માણસ નહોતા. એમનો વ્યવસાય હતો વકીલાત. અને તેમાં ખૂબ કમાયા પણ હતા. પચાસ વર્ષની ઉંમરે એ છોડી દઈ એકદમ ગાવા-બજાવવામાં જ લાગી ગયા હતા. કેવળ ગાન જ નહિ. ખાસ્સાં સાત-આઠ જાતનાં દેશી-વિલાયતી વાદ્યો વગાડી શકતા. સિતાર, વાયોલિન, પિયાનો, વાંસળી, તબલાં, હારમોનિયમ અને એ ઉપરાંત પણ બીજાં કેટલાંક. તેમાં પાછો સંગ્રહ કરવાનો પણ ઘેલો નાદ હતો. એમના ઘરમાં વાદ્યયંત્રોનું સારું એવું મ્યૂઝીઅમ ખડું કર્યું છે.'

'ક્યા ઘરમાં?' ફેલુદાએ પૂછ્યું.

'આમહર્સ્ટ સ્ટ્રીટમાં રહેતા હતા ત્યારથી જ શરૂઆત. એ પછી એ બધાં બામુનગાછિના મકાનમાં લઈ ગયા હતા. વાજિંત્રોની શોધમાં દેશ આખામાં કેટલી બધી જગ્યાએ ફર્યા હશે! મુંબાઈમાં એક વાર એક ઈટાલિયન જહાજી પાસેથી એક વાયોલિન ખરીદ્યું હતું. એમણે કલકત્તામાં આવી થોડા જ દિવસમાં એ ત્રીસ હજારે વેચ્યું હતું!'

ફેલુદાએ મને કહ્યું હતું કે ઈટાલીમાં લગભગ ત્રણસો વર્ષ પૂર્વે બેત્રણ જણ એવા કારીગર હતા ને એમનાં બનાવેલાં વાયોલિન એટલાં સરસ કે એના અત્યારે લગભગ લાખેક રૂપિયા આવે!

સમાદ્દાર મહાશય કહી રહ્યા હતા : 'આ બધા ગુણમાં એક અવગુણ હતો. એ હતી કાકાની કંજૂસાઈ. તેથી આ પાછલી ઉંમરમાં સગાંવહાલાંથી દૂર જ રહેતા. એના મૂળમાં હતી એ જ એમની કંજૂસાઈ.'

'સગાંવહાલાંમાં તમારા સિવાય બીજું કોણકોણ છે?'

'અત્યારે તો ખાસ કોઈ નથી. દૂરનાં સગાં છે અહીંતહીં. મારા કાકા ને એ લોકો ચાર ભાઈ, બે બહેન. બંને બહેનો ગુજરી ગયાં છે. ભાઇઓમાં કાકા સમેત ત્રણ ગુજરી ગયા છે, અને એક જણ જીવતા છે કે નહિ એ ખબર નથી. એ લગભગ ત્રીસ વર્ષ પહેલાં ઘરબાર સંસાર છોડી ચાલ્યા ગયા હતા. રાધારમણ પોતે વિધુર હતા. એક દીકરો હતો, મુરલીધર, તે ય લગભગ પચીસ વર્ષ પૂર્વે ગુજરી ગયો. તેનો દીકરો ધરણીધર. એ કાકાનો એકનો એક પૌત્ર. નાનપણમાં કાકાને એ ખૂબ જ વહાલો હતો. પણ પછી ભણવાગણવાને તિલાંજલિ દઇને નામ બદલી નાટક કંપનીમાં જોડાયો, ત્યારથી કાકા એનું મોં યે નહોતા જોતા. એ જ એમનો આત્મીય, સગો, વહાલો, જે કહો તે.'

'ધરણીધર જીવતા છે?'

'હા, એ આજકાલ થીએટર છોડીને જાત્રા (બંગાળનું ભવાઈ જેવું નાટકનું એક રૂપ)ની મંડળીમાં જોડાયો છે. કાકાના મૃત્યુ પછી મેં એની તપાસ કરી હતી, પણ એ કલકત્તામાં નથી. મંડળી સાથે ક્યાંક ગામડાગામની ટૂરમાં ગયો છે. એમાં નામ પણ સારું કમાયો છે. ગાવા-બજાવવામાં ય ઉસ્તાદ, તેથી કાકાનો એના પર ખૂબ પ્રેમ.'

મણિમોહનબાબુ અચાનક જાણે વાતનો દોર ખોઈ બેઠા હોય એમ ચૂપ થઈ ગયા. પછી ફરી શરૂ કર્યું : 'મારે પણ એમની સાથે કંઈ ખૂબ આવજાનો સંબંધ કે એવું કંઈ નહોતું. બેચાર મહિને એકાદ વાર મળતો. છેલ્લે છેલ્લે તો એ ય ઓછું થઈ ગયું હતું, અને ખરું પૂછો તો મારે એક છાપખાનું છે—ભવાનીપુરમાં : યુરેકા પ્રેસ. તેમાં આ ગયા કેટલાક મહિનામાં લોડ શેડિંગને લીધે ખૂબ સહેવું પડ્યું છે. કાકાને હાર્ટ-ઍટેક આવ્યો એની એમના પાડોશી અવનીબાબુએ મને ખબર આપી. હું તરત જ ડૉ. ચિંતામણિ બોઝને લઈને ઊપડ્યો. જ્યારે પહોંચ્યા ત્યારે ભાનમાં નહોતા. મરતાં પહેલાં થોડી વાર ભાનમાં આવ્યા હતા. મને જોઇને લાગ્યું કે મને ઓળખી શક્યા છે. એકાદ બે ભાંગ્યાં-તૂટયાં વાક્યો બોલ્યા. બસ—એ પછી ખલાસ.'

'શું બોલ્યા?' ફેલુદાએ પૂછ્યું. એણે હવે પગ પર પગ ચડાવ્યા નહોતા. ટટ્ટાર થઈ ખુરશી પર આગળ ઝૂકીને બેઠો હતો.

"પહેલાં કહે : 'મારા...નામે...' એ પછી થોડી વાર હોઠ ફફડાવ્યા. બોલ્યા નહિ. અંતે ખૂબ કષ્ટે બે શબ્દ નીકળ્યા. 'ચાવી...ચાવી...'બસ".

ફેલુદા ભવાં સંકોચી મણિમોહનબાબુ સામે તાકી રહ્યો. બોલ્યો : 'શું કહેવા માગતા હતા તે કંઈ સમજાયું?'

'પહેલાં તો સાંભળીને લાગ્યું કે બધા એમને કંજૂસ કહેતા હતા એ વિષે કંઈક કહેવા માગતા હતા. મને લાગે છે એમના મનમાં કંઈ પસ્તાવો થયો હશે. પણ મુખ્ય વાત તો છે આ ચાવી. શાની ચાવીની વાત કરતા હતા એ કંઈ ન સમજાયું. ઘરમાં એક કબાટ અને એક તિજોરી છે, એની ચાવી તો પલંગ પાસેના ટેબલના ખાનામાં જ રહેતી. મકાનને કેવળ ત્રણ જ ઓરડા, અને એક બાથરૂમ. તે ય સૂવાના ઓરડાની લગોલગ. અને સરસામાનમાં ય ખાસ કંઈ નથી. અને ખાસ કરીને ચાવીની જરૂર પડે એવી કોઈ વસ્તુ નથી એમ કહીએ તો ય ચાલે. બારણે જે તાળું મારતા એ જર્મન તાળું. એને ચાવીની જરૂર નહિ. નંબરના કૉમ્બિનેશનથી ખૂલે છે.' 'કબાટ અને તિજોરીમાં શું હતું?'

'કબાટમાં એમનાં કપડાંલત્તાં, અને ખાનામાં કાગળિયાં. ખાસ જરૂરી એવું કંઈ નહિ. અને તિજોરી હતી બિલકુલ ખાલીખમ!'

'રૂપિયા-પૈસા?'

'નથિંગ! નૉટ અ પાઈસ. ટેબલના ખાનામાં થોડું પરચૂરણ હતું. અને ઓશિકા નીચે એક બટવામાં થોડી બે રૂપિયા—પાંચ રૂપિયાની નોટો બસ. બટવામાંથી ઘર ચલાવવાના પૈસા કાઢીકાઢીને દેતા. એમના નોકર અનુકૂલે એમ કહ્યું હતું.'

'પણ એ તો સામાન્ય મામૂલી ખર્ચ પૂરતા : એ ખલાસ થાય ત્યારે તો ક્યાંકથી કાઢતા હશે જ ને?' 'હશે જ તો.'

'તમે શું એમ કહેવા માગો છો કે બૅંકમાં મુદ્દલે કંઈ રાખતા નહિ?'

મણિમોહનબાબુ હસીને બોલ્યા : 'જો બૅંકમાં રાખત તો તો પછી એમનામાં અને સાધારણ બીજા માણસમાં ફેર ક્યાં રહ્યો? એક જમાનામાં રાખતા. પણ પચીસેક વર્ષ પહેલાં એક બૅંક ફેઈલ થઈ ગઈ ત્યારે એમને ભારે ફટકો લાગ્યો હતો. એ પછી એમનો બૅંક સાથેનો સંબંધ ખતમ! અને છતાં–' મણિબાબુએ અવાજ ધીમો કરી કહ્યું : 'મને ખબર છે, એમની પાસે પુષ્કળ પૈસો હતો. અને એ પણ આ મકાન બાંધ્યા પછી પણ હતો, એ તમે એમનાં મોંઘામૂલાં દુષ્પ્રાપ્ય વાજિંત્રનું કલેક્શન જોશો એટલે ખબર પડશે. તે સિવાય પોતાની પાછળ પણ પોતે સારો એવો ખર્ચ કરતા. સારું ખાતા-પીતા. મજાનો બાગ બનાવ્યો છે. અને એક સેકંડહેન્ડ ઑસ્ટીને ખરીદી હતી. ક્યારેક ક્યારેક બહાર નીકળતા. શહેરમાં આવતા. તેથી—'

ફેલુદાએ ખિસ્સામાંથી 'ચારમિનાર' બહાર કાઢી. મણિમોહનબાબુને ઑફર કરી સળગાવી. શ્રીમાને એક જોરદાર કસ લગાવી ધુમાડો બહાર કાઢી કહ્યું : 'આટલી વારે તો તમને અંદાજ આવી જ ગયો હશે કે હું શા માટે તમારી પાસે આવ્યો છું. આટલા બધા રૂપિયા—બધા ગયા ક્યાં? કાકા કઈ ચાવીની વાત કરતા હતા? એ ચાવી વડે કઈ ચીજ ખોલવાથી શું મળશે? એ શું રૂપિયા હતા કે બીજું કંઈ? વખતે વીલ કર્યું હોય, તો એ પણ મેળવવું જરૂરી છે. વીલ નહિ હોય તો તો બધા જ પૈસા એમના પૌત્રને જ મળશે. પણ એ પહેલાં રૂપિયા શોધવા જરૂરી છે. તમારી બુદ્ધિની ખૂબ જ પ્રશંસા સાંભળી છે. જો તમે આ વાતમાં કંઈક હેલ્પ કરી શકો...'

મણિમોહનબાબુની જોડે વાતચીત થયા પછી નક્કી થયું કે એને બીજે દિવસે જ સવારે અમે બારુનગાછિ જઈશું. એમની ગાડી છે. તેઓ પોતે જ સવારે સાત વાગ્યે આવી અમને લઈ જશે. મને લાગ્યું જ કે આ ફેલુદા માટે નવી તરેહનું રહસ્ય હતું. રહસ્ય ન કહો ને કોયડો કહો તો ય ચાલે.

જો કે શરૂઆતમાં તો એવું જ લાગતું હતું. પણ અંતે ખબર પડી કે કોયડા કરતાં ય વધુ ગોટાળાભર્યું અને કંઈક વધુ પેચદાર.

## ૨

બારાસત વટાવી એક રસ્તો જશોર રોડ થઈ જમણી બાજુ વળી બારુનગાછિ ભણી જાય છે. એ રસ્તાના નાકા પર એક ફરસાણ-ચાની દુકાનમાંથી મણિમોહનબાબુએ અમને ચા અને જલેબી ખવડાવ્યાં. તેમાં પંદર મિનિટ ગઈ. નહિ તો અમે આઠ વાગ્યા પહેલાં જ બારુનગાછિ પહોંચી જાત. ગુલાબી રંગની વંડીવાળી અને યુકૅલિપ્ટસનાં વૃક્ષોથી ઘેરાએલી સાત વીઘાં જમીન પર રાધારમણનું બેઠા ઘાટનું મકાન હતું. જે માણસે આવીને ઝાંપો ખોલ્યો તે માળી હશે એમ લાગ્યું, કારણ એના હાથમાં એક ટોપલી હતી. ગાડી અંદર દાખલ થઈ, બાગ પાસે થઈ, કાંકરિયાળા રસ્તા પર થઈ બરાબર બંગલાના મુખ્ય બારણા પાસે આવીને ઊભી રહી. જમણી બાજુ થોડે દૂર ગૅરેજમાં એક જૂની ગાડી પડી હતી. લાગ્યું કે એ જ રાધારમણ સમાદ્દારની ઑસ્ટીન હતી.

ગાડીમાંથી ઊતરતાં જ એક 'ઠાંઈ' અવાજ સંભળાતાં જ બાગ તરફ ફરી જોયું કે એક બ્લુ હાફ-પૅન્ટ પહેરેલો આઠ દસ વર્ષનો છોકરો. હાથમાં એક એર ગન! ઊભો ઊભો અમારી સામે જોઈ રહ્યો હતો.

મણિમોહનબાબુએ એને કહ્યું: 'તારા પપ્પા ઘરમાં છે? તેને જઇને કહે કે મણિબાબુ કલકત્તાથી આવ્યા છે. જરાક બોલાવે છે, આવી જાઓને!'

છોકરો બંદૂકમાં છરા ભરતો ભરતો ચાલ્યો ગયો. ફેલુદા બોલ્યો: 'પાડોશીનો છોકરો લાગે છે.'

'જી હા. એના બાપા અવની સેનની ફૂલની દુકાન છે ન્યૂ માર્કેટમાં. અહીં જોડાજોડ જ છે એમનું ઘર. અને સાથે જ એમની નર્સરી. વચ્ચે વચ્ચે પત્ની અને પુત્રને લઇને અહીં આવી રહે છે.'

એટલામાં એક બુઢ્ઢો નોકર અમારી તરફ આવતો દેખાયો. મણિબાબુએ એને જોઈને કહ્યું: 'આ ઘરની કંઈક વ્યવસ્થા થાય નહિ ત્યાં સુધી અનુકૂળ અહીં જ રહેશે. લગભગ ત્રીસ વર્ષનો જૂનો નોકર છે. અરે અનુકૂળ! આમને માટે જરાક શરબત બનાવી લાવ તો.'

નોકર માથું નમાવી હા કહી ચાલ્યો ગયો. અમે ત્રણ જણ ઘરની અંદર દાખલ થયા. બારણામાં પેસતાં જ થોડીક મોકળી જગ્યા. એને ઓરડો ન કહી શકાય, કારણ વચ્ચે એક ગોળ ટેબલ અને ભીંત પર એક કૅલેન્ડર સિવાય બીજું કશું જ નહોતું. બત્તી પણ નહિ! કેમ કે આ તરફ ઇલેક્ટ્રિસિટી આવી જ નથી. અમારી સામે જ એક બારણું હતું. તે તરફ આગળ વધી મણિબાબુ બોલ્યા: 'જુઓ, આ પેલું જર્મન તાળું. બીજા વિશ્વયુદ્ધ પહેલાં કલકત્તા શહેરમાં જ આ મળતાં. આનું નામ એઈટ-ટુ-નાઈન-વન.'

ગોળ તાળું. એમાં ચાવી માટે કાણું-બાણું નહિ. તેને બદલે ચાર ઊંડાણવાળા ખાંચા. દરેક ખાંચાની પાસે એકથી નવ સુધીના નંબર લખ્યા હતા. અને પ્રત્યેક ખાંચામાં થઇને એક નાનકડા હૂક જેવું બહાર આવતું હતું. એ હૂકને દરેક ખાંચાની અંદર એક છેડેથી બીજા છેડા સુધી સરકાવી શકાય, અને જરૂરી કોઈ પણ એક નંબર પાસે અટકાવી શકાય. કયા નંબરમાં બેસાડવાનું એની જો ખબર ન હોય તો તાળું ખોલવું અસંભવિત.

મણિબાબુએ ડાબી બાજુના ખાંચામાંથી શરૂ કરી હૂકને એક પછી એક આઠ, બે, નવ અને એક નંબર પર ખસેડીને મૂક્યા કે તરત જ 'ખટ' અવાજ કરી તાળું જાદુની જેમ ખૂલી ગયું! મણિબાબુ બોલ્યા: 'બંધ કરવાનું તો એનાથી યે સહેલું, તાળું મારી ગમે તે એક હૂક સરકાવી દો કે બસ—બંધ!'

અમે ત્રણે રાધારમણ સમાદારના ઓરડામાં દાખલ થયા. ઓરડો ખાસ્સો મોટો હતો. એમાં મણિબાબુના કહેવા મુજબ બધું જ હતું. પણ વાજિંત્રો આટલી બધી જાતનાં હોઈ શકે એ તો કલ્પી જ ન શકાય. તેમાંનાં કેટલાંક દક્ષિણ તરફની ભીંત પર એક લાંબી શેલ્ફનાં ત્રણ ખાનાં પર, કેટલાંક પૂર્વ તરફની દીવાલને અડીને પડેલા લાંબા બાંકડા પર, થોડાંક દીવાલ પરની ખીતીઓ પર લટકતાં હતાં. બાકીનાં કેટલાંક નાનાંનાનાં ટેબલ પર પડ્યાં હતાં. એ સિવાય ઘરમાં જે હતું તેમાં એક પલંગ, પાસે નાનું ટેબલ, ઉત્તર તરફની ભીંતને અડીને કબાટ, અને એક ખૂણામાં એક નાનકડી તિજોરી. પલંગ નીચે એક નાની ટ્રંક પણ દેખાઈ.

ફેલુદાએ પહેલાં તો રૂમની વચ્ચોવચ ઊભા રહી ચારે કોર નજર ફેરવી લીધી. પછી કબાટ અને તિજોરી ખોલી સારી પેઠે કાળજીથી એમાં ખૂણે ખૂણે હાથ ફેરવી ફંફોળી ચોકસી કરી લીધી. એ પછી બધાં ખાનાં સાથે ટેબલની પરીક્ષા કરી લીધી. પલંગનાં ગાદી-તકિયા નીચે જોયું, પલંગ નીચે જોયું, ટ્રંકની અંદર જોયું. (તેમાં એક જોડી જૂના જોડા અને એક ફાટેલા ચીંથરા સિવાય કશું જ નહોતું.) એ પછી દરેક વાજિંત્રને અલગ અલગ હાથમાં ઊંચકી વજનની પરીક્ષા કરી અને તેને આમતેમ હલાવી-ફેરવી, એમાં જ્યાં પણ પોકળ અંશ કે જગ્યા દેખાઈ એમાં પણ ચાવી માટે ક્યાંય કાણું હતું કે નહિ તે જોઈ લીધું. અને પછી જેમ હતાં તેમ ગોઠવીને મૂકી દીધાં. પછી ઘરની જમીન પર અને પ્રત્યેક દીવાલને આંગળીના સાંધાના ટકોરાથી ઠોકીઠોકીને ચોકસ કરી લીધું. આ બધું કરતાં તેને પંદરેક મિનિટ લાગી. એ પછી બીજી સાત મિનિટ લાગી બીજા બે ઓરડા અને બાથરૂમ જોતાં. અંતે ફરી રાધારમણબાબુના ઓરડામાં આવી ફેલુદા બોલ્યો: 'મણિમોહનબાબુ, તમારા માળીને બોલાવો તો એક વાર.'

માળી આવતાં જ ફેલુદાએ ઓરડાની બારીમાં રાખેલાં બે ફૂલનાં કૂંડાંમાંથી માટી બહાર કઢાવી, તેમાં કંઈ નથી એમ ચોકસાઈ કરી ફરી માટી ભરાવી છોડ સહિત કૂંડાં બારીમાં રખાવ્યાં.

એટલી વારમાં અનુકૂળ બેસવાના ઓરડામાંથી ચાર ખુરશી લાવી અને તેની વચ્ચે ગોળ ટેબલ મૂકી, તેના પર લીંબુ-શરબત મૂકી ગયો. શરબતનો ઘૂંટડો લેતાં મણિબાબુએ પૂછ્યું: 'કંઈ સમજાયું?'

ફેલુદાએ માથું હલાવી જવાબ આપ્યો: 'આટલાં બધાં વાજિંત્રો એકીસાથે આ ઘરમાં ન હોત તો અહીં કોઈ પૈસાદાર માણસ વસતો હતો એ માનવું પણ મુશ્કેલ.'

'એ જ તો કહું છું.' મણિબાબુ બોલ્યા: 'અમસ્તા તમને બોલાવ્યા હશે? હું તો એકદમ બુદ્ધુ જ બની ગયો છું, મોશાય.'

હું વાજિંત્રો તરફ જોતો હતો. તેમાંનાં સિતાર, સરોદ, તાનપૂરો, દિલરૂબા, તબલાં, વાંસળી–એ બધાંને તો હું ઓળખું, પણ બીજાં ક્યારેક આંખે ય દીઠાં નહોતાં. ફેલુદાએ પણ જોયાં હશે કે નહિ એ સંદેહ હતો. એણે મણિબાબુને પૂછ્યું: 'તમને આ બધાંનાં નામ ખબર છે? આ જે સામે દીવાલ પર તાર-વાદ્ય લટકે છે એનું નામ શું?'

મણિબાબુ હસીને બોલ્યા: 'હું તો ભાઈ સાવ જ બેસૂરો છું. મને પૂછશો તો હું મૂંઝાઈ જઈશ.'

પગરવ સંભળાતાં પાછા વળી જોયું તો પેલા બંદુકવાળા છોકરા સાથે ચાળીસેક વર્ષના એક ગોરા સજ્જન અમારા રૂમમાં દાખલ થતા હતા. મણિબાબુએ અમારી ઓળખાણ કરાવીને કહ્યું કે આ જ છે ફૂલની દુકાનના માલિક અવની સેન. છોકરાનું નામ હતું સાધન. અવનીબાબુએ પ્રદોષ મિત્તિરનું નામ સાંભળ્યું હતું જાણી ફેલુદાએ જરાક એક તરફ હોઠ મરડી મોં મલકાવ્યું અને ગળું ખંખેર્યું, અવનીબાબુ ખાલી ખુરશી પર બેઠા અને મણિબાબુ તરફ જોઈ બોલ્યા: 'અચ્છા, તમારા કાકાએ શું કોઈને તેમનું વાજિંત્ર વેચવાની વાત કરી હતી?'

'ના ભઈ!'—મણિબાબુ તો અવાક્!

'કાલ એક સજ્જન આવ્યા હતા. અહીં કોઈ નહોતું એટલે મારે ઘેર આવ્યા હતા. મેં એમને આજ આવવાનું કહ્યું છે. મને એમ અંદાજ હતો કે વખતે તમે આજે આવશો. એ સજ્જનનું નામ સુરજિત દાસગુપ્ત. તમારા કાકાની જેમ એમને યે વાજિંત્રો ભેગાં કરવાનો ગાંડો શોખ છે. રાધારમણબાબુનો લખેલો પત્ર પણ બતાવ્યો હતો. મૃત્યુ થયું એની થોડા દિવસ પહેલાં જ લખ્યો હતો. એ પત્ર મળ્યા પછી એક વાર એ સજ્જન પહેલાં એમને મળી પણ ગયા હતા. તમારા નોકરે પણ કહ્યું કે એમને જોયા હતા.'

'મેં ય જોયા હતા.'—એ વાક્ય બોલ્યો સાધન. એ એક ટેબલ પર મૂકેલા નાનકડા હારમોનિયમ જેવા વાજા સામે ઊભો રહી તેના પર્દા પર આસ્તે આસ્તે આંગળી મૂકી ટૂ...ટાં...સૂર વગાડતો હતો.

અવનીબાબુ દીકરાની વાત સાંભળી હસીને બોલ્યા: 'સાધન લગભગ આખો દિવસ આ બંગલાની આસપાસ ફરતો હોય છે. દાદા સાથે એને ખૂબ બનતું.' 'દાદા તને ગમતા?' ફેલુદાએ પુછ્યું.

'ક્યારેક ક્યારેક ન ગમતા.' સાધન અમારી તરફ પીઠ વાળી ઊભો હતો. એણે એમ જ ઊભા ઊભા જવાબ દીધો.

'કેમ ન ગમતા?' ફેલુદાએ પુછ્યું.

'અમસ્તા અમસ્તા સારેગમ ગાવાનું કહેતા.'

'તું ગાતો કે નહિ?' 'ના...પણ હું ગાઈ શકું છું ખરો.'

'બધાં જ હિંદી ફિલ્મનાં ગીતો!' હસીને અવનીબાબુ બોલ્યા.

'દાદાને ખબર હતી કે તું ગાઈ શકે છે?' 'હા.'

'એનો અર્થ કે એણે તને ગાતાં સાંભળ્યો હતો!' 'ના.'

'તો પછી શી રીતે ખબર પડી?'

'દાદા કહેતા હતા કે જેના નામમાં સુર હોય તેના ગળામાં પણ સુર હોય જ.' વાત તો કંઈ સાફ સમજાઈ નહિ. અમે એના મોં ભણી તાકી રહ્યા. ફેલુદા બોલ્યો: 'એટલે?' 'ખબર નહિ.'

'તારા દાદાને ગાતાં સાંભળ્યા હતા?'

'ના. વગાડતાં સાંભળ્યા'તા.'

આ સાંભળી મણિમોહનબાબુ તો ખાસ્સા ચમકી જ ઊઠ્યા! 'એ શું સાધનબાબુ? તમે શું સાચું બોલો છો? મેં તો સાંભળ્યું હતું કે એમણે વાદ્યો વગાડવાનું સાવ છોડી દીધું હતું. તમારી સામે ક્યારેય વગાડ્યું હતું ખરું?'

'સામે નહિ, હું બહાર હતો—બાગમાં. બંદૂક વડે નારિયેળ પર નિશાન તાકતો હતો. ત્યારે તેઓ વગાડતા હતા.'

'બીજું કોઇ તો નહોતું વગાડતું ને?' મણિબાબુએ પૂછ્યું.

'બીજું કોઇ ત્યારે હતું જ નહિ.'

ફેલુદા બોલ્યો: 'બહુ વાર સુધી વગાડ્યું હતું?'

'ના, ઝાઝીવાર નહોતું વગાડ્યું.' ફેલુદાએ પછી મણિમોહનબાબુને સંબોધી કહ્યું: 'જરા તમારા અનુકૂલને બોલાવો તો?'

અનુકૂલ આવી હાથ જોડી બારણા પાસે ઊભો રહ્યો. ફેલુદાએ પૂછ્યું: 'તમારા શેઠને હમણાં હમણાં ક્યારેય વાજું વગાડતાં સાંભળ્યા હતા?'

અનુકૂલ ખૂબ જ ગભરાઈને કહેવા લાગ્યો: 'જી. શેઠ તો આખો વખત પોતાના ઓરડામાં જ રહેતા. તે ક્યારે શું કરતા ને શું નહિ...'

'તમારી સામે તો ક્યારે ય કંઈ નહોતા વગાડતાને?' 'જી ના.'

'તો પછી કોઈ વાજિંત્રનો અવાજ સાંભળ્યો હતો?'

'હા; એવું લાગે છે, ક્યારેક ક્યારેક સંભળાતું હતું, પણ હું કાને બરાબર સાંભળતો નથી ને...'

'મરતાં પહેલાં એક અજાણી વ્યક્તિ એમને મળવા આવી હતી? જે કાલે સવારે પણ આવ્યા હતા?'

'હા, એ તો આવ્યા હતા. આ ઓરડામાં જ બેસીને વાતો કરી હતી.'

'પહેલી વાર ક્યારે આવ્યા હતા એ યાદ છે?'

'જી હા, જે દિવસે શેઠ ચાલ્યા ગયા તે જ દિવસે સવારે.'

'જે દિવસે કાકા ગુજરી ગયા?' મણિબાબુએ આંખો ફાડી પૂછ્યું.

'જી હા.' એટલું બોલતાં અનુકૂલની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. એણે અંગૂછા વડે આંખો લૂછતાં ભરાએલા સ્વરે ઉમેર્યું: 'એ સાહેબ ગયા પછી થોડી જ વાર બાદ હું તેમને માટે નાહવાનું ગરમ પાણી કરી બોલાવવા ગયો ત્યારે જોયું કે તેઓ ભાનમાં નહોતા. કેટલીક વાર 'શેઠ, શેઠ' કરી બોલાવ્યા, પણ જવાબ ન દીધો એટલે આમને ઘેર ગયો ખબર દેવા.' અનુકૂલે અવનીબાબુ તરફ આંગળી ચીંધી. અવનીબાબુ બોલ્યા: 'મેં તો એમની એ હાલત જોતાં જ મણિબાબુને ફોન કરી ડૉક્ટરને લઈ આવવા કહ્યું. જો કે બીજું તો ખાસ કંઈ કરવાનું હતું જ નહિ.'

એવામાં ગાડીનો અવાજ સંભળાયો. અનુકૂળ બહાર ચાલ્યો ગયો. એકાદ મિનિટમાં જ ઘરમાં પ્રવેશ્યા લાંબા વાંકડિયા વાળ, લાંબી દાઢી અને જાડી ફ્રેમનાં ચશ્માં પહેરેલા એક સજ્જન. સમજાયું કે આ જ હતા સુરજિત દાસગુપ્ત. અવનીબાબુ મણિમોહનબાબુને દેખાડી બોલ્યા: 'તમે આમની સાથે વાત કરી લો. આ રાધારમણબાબુના ભત્રીજા છે.'

'ઓ! આઈ સી! તમારા કાકા જોડે મારે પત્ર દ્વારા જ ઓળખાણ થઈ હતી. એમણે મને મળવા બોલાવ્યો હતો....'

સજ્જને કોટના અંદરના ખિસ્સામાંથી પોસ્ટકાર્ડ કાઢી મણિબાબુના હાથમાં મૂક્યું. મણિબાબુએ વાંચીને ફેલુદાને આપ્યું. મેં વાંકા વળી જોયું કે રાધારમણબાબુએ એમને રવિવારે ૧૮મી સપ્ટેમ્બરે સવારે નવથી દસની વચ્ચે મળવા બોલાવ્યા હતા. કારણ પણ જણાવ્યું હતું: 'જેટલાં વાજિંત્રો છે બધાં મારી પાસે જ છે. તમે આવશો એટલે જોવા મળશે.' પાછલી તરફ એ સજ્જનનું સરનામું પણ ફેલુદાએ જોઈ લીધું: 'મિનર્વા હોટેલ, સેન્ટ્રલ ઍવેન્યુ, કલકત્તા ૧૩.'

ફેલુદાએ પત્ર વાંચી પલંગ પાસે પડેલા ટેબલ પર રાખેલી સુલેખા બ્લુબ્લૅક શાહીના ખડિયા તરફ એક નજર નાખી લીધી. લાગ્યું કે પત્ર આ જ શાહીથી લખાયો હતો.

સુરજિતબાબુ આટલી વાર ઊભા હતા. એ જરાક અસહિષ્ણુતાથી જઈને પલંગના એક છેડે બેઠા. બીજો પ્રશ્ન પણ મહિમોહનબાબુએ જ પૂછ્યો: 'અઢારમીએ તમારી સાથે શી વાત થઈ હતી?' સુરજિતબાબુ બોલ્યા: 'થોડા દિવસ પહેલાં એક જૂના 'ગીતભારતી' સામયિકમાં વાજિંત્રો વિષે રાધારમણબાબુનો એક લેખ વાંચી એમની મને જાણ થઈ. અહીં આવી મેં એમનું કલેક્શન જોયું ને એમાંથી બે વાજિંત્ર ખરીદવાની ઈચ્છા બતાવી. પૈસા માટે વાતચીત થઈ. મેં બંનેના બે હજાર રૂપિયા ઑફર કર્યા. તેઓ ખુશ થયા. તરત જ મેં ચેક લખીને આપવા માંડ્યો. એમણે કહ્યું કે બે દિવસ પછી કૅશ લઈને જ આવજો. તેથી બુધવારની ફરી ઍપૉઇન્ટમેન્ટ નક્કી થઈ. મંગળવારે છાપામાં જોયું કે તેમનું મરણ થયું છે. તેથી હું દેહરાદૂન ચાલ્યો ગયો. પરમ દિવસે પાછો આવ્યો.'

મણિબાબુ બોલ્યા: 'તમે મળવા આવ્યા ત્યારે એમની તબિયત કેવી હતી?'

'સારી વળી. પણ એમના મનમાં એક માન્યતા બંધાએલી હતી કે હવે તેઓ વધુ દિવસ નહિ જીવે. એવું એમની વાત પરથી લાગ્યું.'

'તમારી સાથે કશી રકઝક તો નહોતી થઈ ને?' પ્રશ્ન સાંભળી સુરજિતબાબુનું મોં થોડી પળ માટે ખાસ્સું ઝંખવાઈ ગયું. એ પછી ધીમેથી પૂછ્યું: 'શું એમના હાર્ટઍટૅક માટે મને દોષિત લેખો છો?' મણિબાબુ પણ શક્ય એટલી શાંતિથી બોલ્યા: 'તમે કંઈ જાણીજોઈને કર્યું એવું નથી કહેતો. પણ તમારા ગયા પછી જ તેઓ બીમાર થઈ ગયા. તેથી...'

'એ હશે; પણ હું હતો ત્યાં સુધી તો તેઓ સંપૂર્ણ સ્વસ્થ અને સાજા હત. ઍની વે; હવે તમે મારી બાબતમાં ચોક્કસ એક નિર્ણય લઈ શકો છો. હું કૅશ રૂપિયા લઈ આવ્યો છું—બે હજાર.' કહી શ્રીમાને મનીપર્સ બહાર કાઢી: 'વાજિંત્રો આજ મળે તો સારું. હું કાલે દેહરાદૂન પાછો જાઉં છું. હું ત્યાં જ રહું છું. ત્યાં હું મ્યૂઝિક સંબંધે રીસર્ચ કરું છું.'

'ક્યાં બે વાજિંત્રોની તમે વાત કરો છો?'

સુરજિતબાબુએ પલંગ પરથી ઊઠી દીવાલ પાસે ખીંતી પર ટીંગાડેલું એક વાજિંત્ર દેખાડી કહ્યું: 'એક તો આ. આનું નામ ખામાંચે. ઈરાનનું છે. એનું નામ મેં સાંભળ્યું હતું. ક્યારે ય જોયું નહોતું. ખૂબ જૂનું વાજિંત્ર છે. અને બીજું આ—' કહેતાં સુરજિતબાબુ ઓરડાની સામી તરફ એક નીચા ટેબલ પર રાખેલા, નાનકડા હારમોનિયમ જેવા વાજિંત્ર પાસે જઈ ઊભા રહ્યા. એ જ થોડીવાર પહેલાં સાધન વગાડતો હતો. સજ્જને એના તરફ આંગળી ચીંધી કહ્યું: 'આનું નામ મેલોકોર્ડ. આ વિલાયતી વાજિંત્ર છે. પહેલાં ક્યારે ય જોયું નહોતું. મને લાગે છે આ અલ્પ સમય માટે જ મૅન્યુફૅક્ચર થયું હશે. પછી બંધ થઈ ગયું બનવાનું. ખૂબ સિમ્પલ વાજું છે, પણ હવે મળતું નથી એટલે એક હજારની ઑફર કરી હતી. ત્યારે તેઓએ હા પણ પાડી હતી—'

'એ બંને હમણાં નહિ આપી શકાય, મિસ્ટર દાસગુપ્ત.' સુરજિતબાબુ સ્થંભી ગયા. વાક્ય બોલ્યો હતો ફેલુદા, અને ખાસ્સો ઘાંટો પાડીને. 'તીક્ષ્ણ દષ્ટિબાણ મારવા'ની વાત કોઈ પુસ્તકમાં વાંચી હતી.

સુરજિતબાબુ મણિબાબુ તરફથી ફટ લઈને ફરી જઈ ફેલુદા તરફ એવું જ એક તીક્ષ્ણ દૃષ્ટિબાણ મારી, સુક્કા ભારે અવાજે બોલ્યા: 'તમે કોણ છો?'

ઉત્તર દીધો મણિબાબુએ: 'એ મારા મિત્ર છે. એ જે કહે છે તે બરાબર છે. હમણાં એ તમને નહિ આપી શકાય. તેનું મુખ્ય કારણ તમારે સમજવું જરૂરી છે. કાકા તમને વેચવા રાજી હતા એની સાબિતી શી?' દાસગુપ્ત થોડીક પળ પથ્થર જેમ ખોડાઈ જ ગયા. એ પછી કંઈ ન બોલતાં સટાસટ ઉતાવળે પગલે ઓરડામાંથી બહાર નીકળી ગયા.

ફેલુદા પણ ખુરશી પરથી ઊભો થઈ ગયો. સુરજિતબાબુની ઘટના જાણે બની જ નથી એવા ભાવ સાથે એ દીવાલ પાસે ગયો અને પહેલાં ખામાંચે વાજિંત્ર ધ્યાનપૂર્વક નિહાળી રહ્યો. રસ્તા પર જે રમકડાના વાયોલીન જેવો રાવણહથ્થો-કે એકતારો મળે છે એના જેવું જ લગભગ—જો કે એના કરતાં ઘણું મોટું. અને એના ગોળ તુંબડા જેવા ભાગ પર ખૂબ સુંદર કોતરણી કરી હતી.

પછી ખામાંચે પાસેથી ફેલુદા ગયો મેલોકોર્ડ વાદ્ય પાસે. સફેદ-કાળા પર્દા. પટ્ટી દબાવો કે અવાજ નીકળે. એ અવાજ પીઆનો ને સિતારના અવાજના મિશ્રણથી ઉદ્ભવતો 'ટૂં, ટાંગ' અવાજ. 'તેં આ જ વાજાનો અવાજ સાંભળ્યો હતો?' ફેલુદાએ સાધનને સવાલ પૂછ્યો.

'હોઈ શકે.' સાધન જેવડો નાની વયનો છોકરો આટલો ગંભીર મેં ખાસ જોયો નથી. પછી ફેલુદાએ કબાટના ખાનામાંથી એક થોકડી જૂના કાગળો બહાર કાઢી મણિબાબુને કહ્યું: 'આ હું ઘેર લઈ જાઉં?'

મણિબાબુ બોલ્યા: 'ચોક્કસ. બીજું પણ કંઈ—'

'ના બીજા કશાની જરૂર નથી.'

અમે જ્યારે ઓરડામાંથી બહાર નીકળ્યા ત્યારે સાધન બારીમાંથી આકાશ ભણી તાકીને એક અદ્ભુત સૂર ગણગણતો હતો. પણ એ કોઈ ફિલ્મી ગીતનો સૂર નહોતો.

## ૩

ફેલુદાએ મણિમોહનબાબુ પાસેથી બે દિવસનો સમય માગી લીધો હતો. માગવો જ પડે ને? કેમકે રાધારમણબાબુના ઘરનો ખૂણેખૂણો ખોળી માર્યો છતાં પણ કોઈ ચાવી કે ચાવીથી ખોલી શકાય એવી કોઈ બૉક્સ કે એ જાતનું કંઈ પણ મળ્યું નહોતું. તેથી ફેલુદા કહે: 'નંબર એક–આપણે ચુપચાપ શાંતિથી બેસી વિચાર કરવો પડશે; નંબર બે—રાધારમણબાબુનાં કાગળિયાં ફીંખીપીંખીને એ માણસ વિષે કંઈક જાણી શકાય તો એ કરવું પડશે; અને નંબર ત્રણ—ગાવા-બજાવવા વિષે જરાક વધુ માહિતી મેળવી સંગીત વિષે વાકેફગાર થવું પડશે.'

બામુનગાછિથી પાછા ફરતાં મણિબાબુ કહે: 'મિસ્ટર મિત્તિર, તમને શું લાગે છે?'

ફેલુદા એની ગંભીરતા અને અન્યમનસ્કતા ખંખેરી બોલ્યો: 'તમારે કેટલીક સન--તારીખ વિષે મને હેલ્પ કરવી પડશે.' 'કહો.'

'તમારા કાકાના દીકરા ભાઈ--પિત્રાઈ—એટલે કે રાધારમણબાબુના દીકરા મુરલીધર ક્યારે ગુજરી ગયા?'

'ફૉર્ટી ફાઈવમાં. અઠ્ઠાવીસ વર્ષ પહેલાં.'

'ત્યારે એમના દીકરાની ઉંમર કેટલી હતી?'

'ધરણીની? ધરણી ત્યારે સાત આઠ વર્ષનો હશે.'

'તેઓ કલકત્તામાં જ રહેતા હતા?'

'ના, મોટા ભાઈ ભાગલપુરમાં દાક્તરી કરતા. એમના મૃત્યુ પછી ભાભી દીકરાને લઈ કલકત્તા આવી સસરા સાથે રહેવા લાગ્યાં. ત્યારે તેઓ આમહર્સ્ટ સ્ટ્રીટમાં રહેતાં. આમહર્સ્ટ સ્ટ્રીટમાં ભાભી ગુજરી ગયાં ત્યારે ધરણી સિટી કૉલેજમાં ભણતો હતો. માના મરણ પછી એ ખૂબ બદલાઈ ગયો. ભણવા-ગણવાનું છોડી નાટક કંપનીમાં જોડાયો. અને એ પછી વરસદિવસમાં કાકા પણ ચાલ્યા ગયા બામુનગાછિ. તે જ વખતે આ એમનો બંગલો તૈયાર થઈ ગયો હતો—'

'ફિફ્ટી નાઈનમાં. ગેઈટ પર ડેઈટ લખેલી છે.' ફેલુદા બોલ્યો.

રાધારમણબાબુના કાગળપત્રોમાં કેટલાક જૂના પત્રો હતા, કેટલાક કૅશમૅમો, બે દવાનાં પ્રિસ્ક્રિપ્શન, સ્પીગલર નામની એક જર્મન કંપનીનું જૂનું કૅટલૉગ, તેમાં જાતજાતનાં વાદ્યોનાં ચિત્રો અને કિંમત, નોટબુકનાં પાનાં પર લખેલી કેટલીક બંગાળી ગીતોની સ્વરલિપિ, છાપાંમાંથી કાપેલી જુદાજુદા સમયની પાંચ નાટકોની સમાલોચના...એ બધીમાં સંજય લાહિરી નામના એક અભિનેતાની પ્રશંસા નીચે બ્લુ પેન્સિલથી અંડરલાઈન કરેલી હતી.

એમાંની ત્રણ વસ્તુ વિષે ફેલુદાએ મંતવ્ય કર્યું. સ્વરલિપિઓ જોઈ બોલ્યો: 'સુરજિતબાબુએ જે પોસ્ટકાર્ડ બતાવ્યું હતું તેના અને આ અક્ષરો એકસરખા છે.' કૅટલૉગ જોઈ કહે: 'મેલોકોર્ડ નામનું કોઈ પણ વાદ્ય આમાં નથી.' ને થીએટરની સમાલોચના જોઈ કહે: 'મને લાગે છે, બનતાં સુધી આ સંજય લાહિરી અને ધરણીધર સમાદ્દાર એક જ વ્યક્તિ છે. ને જો એમ જ હોય તો એનો અર્થ એટલો જ કે ભલે પોતાના પૌત્રનું મોં ન જોતા હોય પણ એની ભાળ રાખતા ખરા રાધારમણબાબુ.'

કાગળિયાંઓને સાચવીને એક પ્લાસ્ટિકની બૅગમાં મૂકી ફેલુદાએ થીએટરના સામયિક 'મંચલોક'ની ઑફિસમાં ફોન કરી સંજય લાહિરી કયા જાત્રાદળમાં છે તે પૂછ્યું. જવાબ મળ્યો: એની કંપનીનું નામ 'મૉડર્ન ઓપેરા.' એમાં સંજય લાહિરી હીરોનું પાત્ર ભજવતો. એ પછી મૉડર્ન ઓપેરાની ઑફિસમાં ફોન કરતાં ખબર પડી કે એમનું ગ્રૂપ ત્રણ અઠવાડિયાંથી જલપાઈગુરીની ટૂર પર ગયું છે. પાછા ફરતાં હજી સાતેક દિવસ લાગશે. આ ખબર તો જો કે મણિબાબુએ પહેલાં જ દીધા હતા.

બપોરે જમી પરવારીને અમે બહાર નીકળ્યા. એક દિવસમાં એક સાથે આટલી જાતજાતની જગ્યાએ હું ઘણા વખતથી ગયો નહોતો. પહેલાં મ્યૂઝિયમ. શા માટે જતા હતા તે પહેલેથી મને ખબર નહોતી. કારણ હવે ફેલુદાનું મૌન વ્રત. એમાં પાછા વારેવારે આંગળાંના ટાચકા ફોડતો હતો. તેથી હું સમજી ગયો કે તે ખૂબ જ વિચારમાં ડૂબી ગયો હતો. તેથી ડિસ્ટર્બ કર્યે ન ચાલે. મ્યૂઝિયમમાં આટલી જાતનાં વાદ્યોનો સંગ્રહ છે એ તો મને ખબર જ નહોતી.

એ પછી વિલાયતી વાદ્યોની દુકાને. ફ્રી સ્કૂલ સ્ટ્રીટમાં સાલધાના કંપનીવાળો કહે કે મેલોકોર્ડ જેવું નામ પણ ક્યારે ય સાંભળ્યું નથી. ત્યાંથી ગયા લાલબજાર. લાલબજારની મંડલ કંપનીનો એક કૅશમૅમો રાધારમણબાબુનાં કાગળિયાંમાં હતો, તેથી જ લાગે છે ફેલુદા ત્યાં ગયો. દુકાનના માલિક એકદમ જહર રાય જેવા જ દેખાતા હતા. કહે: 'સમાદ્દાર ગોશાય તો ઘણા જૂના ઘરાક. છેક મારા ફાધરના ટાઈમથી.'

'મેલોકોર્ડ જેવા કોઈ વાદ્યનું નામ સાંભળ્યું છે?' ફેલુદાએ પૂછ્યું.

'મેલોકોર્ડ? ના, ભઈ. ક્લેરિયોનેટ ટાઈપનું છે? ફૂંકથી વાગે એવું વાદ્ય? વિન્ડ ઈન્સ્ટ્રુમેન્ટ?'

ફેલુદા બોલ્યો: 'ના. કહી શકો હારમોનિયમ ટાઈપનું, પણ સાઈઝમાં ઘણું નાનું. અવાજ પીઆનો અને સિતારની વચ્ચેનો.'

'નાનકડી સાઈઝનું વાજું? તેમાં કેટલા ઑક્ટેવ છે?'

હું એટલું તો સમજતો હતો કે સા-રે-ગ-મ-પ-ધ-ની-સા આ આઠ સૂર મળીને એક ઑક્ટેવ થાય. મંડલની દુકાનમાં એક હારમોનિયમ જોયું. એમાં ત્રણ ઑક્ટેવથી પણ વધુ પર્દા હતા. મેલોકોર્ડમાં કેવળ એક જ ઓક્ટેવ હતો. સાંભળીને મંડલે માથું ધુણાવ્યું: 'ના મોશાય, આ સાંભળીને તો લાગે છે કંઈક રમકડા-બમકડા જેવું હશે. તેથી તમે ન્યૂ માર્કેટમાં જ જઈને જુઓ.'

પછી ફેલુદાએ કૉલેજ સ્ટ્રીટમાંથી દાસગુપ્તની દુકાનમાં ઓગણીસ રૂપિયા ખર્ચી સંગીતનાં ત્રણ પુસ્તકો ખરીદ્યાં. ત્યાંથી નીકળી વિધાન-સરણીમાં મંચલોકની ઑફિસમાં જઈ ખૂબ શોધીને સંજય લાહિરીનો એક ચોળાઈ ગએલો ફોટો માગી લીધો. એના કેટલા પૈસા એમ પૂછતાં સંપાદક મતુલ હાજરાએ જીભ કચડી કહ્યું: 'પૈસાની વાત શું કરો છો? તમે ફેલુ મિત્તર પોતે જ ને?'

રસ્તાના નાકા પર એક દુકાનમાં ઠંડી લસ્સી પી ટૅક્સી કરી ઘેર આવ્યા ત્યારે સાડા સાત વાગ્યા હતા. આવીને જોયું તો અમારા રસ્તામાં ઘોર અંધારું! લોડ શેડિંગ ચાલતું હતું. ફેલુદાએ તેથી મીણબત્તી પેટાવી અને સંગીતનાં પુસ્તકો ઉથલાવવા માંડયાં. નવ વાગ્યે ઇલેક્ટ્રિસિટી આવતાં બોલ્યો: 'તોપસે—તું શ્રીનાથને લઇને જલદી એક વાર પલટુને ઘેર જા અને જઇને કહે કે ફેલુદાને એક દિવસ માટે હારમોનિયમ જોઈએ છે.'

હું ઊંઘી ગયો ત્યાં સુધી ફેલુદા હારમોનિયમ પર પેં પેં કરતો હતો એનો અવાજ સંભળાતો હતો.

રાતના સ્વપ્નામાં જોયું કે એક વિશાળ ઓરડામાં જબરદસ્ત લોખંડનું બારણું, ને તેમાં એક જબરદસ્ત મોટું કાણું. એટલું મોટું કાણું કે એમાંથી વિના પ્રયાસે સહેલાઈથી અંદર પેસી શકાય. પણ એમ ન કરતાં હું, ફેલુદા અને મણિમોહનબાબુ ત્રણ જણ એક સાથે જબરદસ્ત મોટી ચાવીને વળગીને એ કાણામાં નાખવાનો પ્રયાસ કરતા હતા અને સુરજિત દાસગુપ્ત એક જભ્ભો પહેરી તડાક તડાક ફૂદકા મારતો હતો અને ગાતો હોય એમ બોલતો હતો: એઈટ-ટુ-નાઈન-વન...એઈટ-ટુ-નાઈન-વન...એઈટ-ટુ-નાઈન-વન...'

## ૪

બીજે દિવસે મંગળવારે મણિમોહનબાબુએ કહ્યું હતું કે બુધવારે તેઓ ફરી તપાસ કરશે, પણ સવારના પહોરમાં જ એમનો ટેલિફોન આવ્યો. ફોન મેં જ લીધો હતો. ફેલુદાને બોલાવું છું, એમ મેં કહ્યું એના જવાબમાં કહે: 'જરૂર નથી, તમે એમને કહેજો, હું હમણાં જ આવું છું. જરૂરી કામ છે.' પંદર મિનિટમાં જ શ્રીમાન આવી પહોંચ્યા. કહે: 'અવનીબાબુનો હમણાં થોડી વાર પહેલાં જ ફોન હતો બામુનગાછિથી. કાકાના સૂવાના ઓરડામાં મધરાતે કોઈક માણસ દાખલ થયો હતો.'

'એ જર્મન તાળાનો સંકેત બીજું કોણ જાણે છે?' ફેલુદાએ પૂછ્યું.

'મારો ભત્રીજો જાણતો. અવનીબાબુ જાણે છે કે નહિ એની તો ખબર નથી. લાગે છે કે નથી જાણતા. પણ પેલો માણસ કંઈ સામેના બારણેથી નહોતો અંદર ઘૂસ્યો.' 'તો પછી?'

'બાથરૂમના જમાદારના દાખલ થવાના બારણેથી.'

'પણ કાલે હું બાથરૂમમાં ગયો ત્યારે તો એ બારણું બંધ હતું. મેં મારી સગી આંખે જોયું હતું.'

'વખતે પછીથી કોઈએ ખોલ્યું હશે. જે હોય તે. કંઈ લઈ નથી શક્યો. દાખલ થતાંની સાથે જ અનુકૂલને જાણ થઈ ગઈ હતી...તમે હમણાં ફ્રી છો? એક વાર આવી શકશો?'

'ચોક્કસ. પણ એ પહેલાં એક સવાલ પૂછી લઉં. રાધારમણના પૌત્રને એટલે કે તમારા ભત્રીજા ધરણીધરને તમે હમણાં જુઓ તો ઓળખો ખરા?' મણિબાબુએ ભવાં સંકોચી કહ્યું: 'લાંબા સમયથી જોયો નથી એ વાત સાચી. પણ ગમે તેમ તોય ભત્રીજોને?'

ફેલુદાએ પોતાના ઓરડામાંથી એક ફોટો લાવી મણિમોહનબાબુને આપ્યો. 'મંચલોક'ની ઑફિસમાંથી આણેલો સંજય લાહિરીનો ફોટો. તેના પર ફેલુદાએ શાહીથી મૂછ અને જાડી ફ્રેમનાં ચશ્માં ચીતર્યાં હતાં. મણિબાબુ તો ઊછળી ઊઠયા: 'અરે આ તો જાણે—'

'સુરજિત દાસગુપ્ત જેવો જ લાગે છે, નહિ?'

'હા હા; પણ કેવળ નાક પાસે જરાક—'

'જે હોય તે, પણ મળે છે ખરો ને ચહેરો? એ અસલમાં તમારા ભત્રીજાનો જ ફોટો છે. મેં કેવળ જરાક ડ્રૉઇંગ કર્યું છે એના પર.'

'આશ્ચર્ય! મને પણ વિચાર નહોતો આવ્યો એમ નહિ. ઈન ફૅક્ટ, કાલે રાતના એક વાર મને થયું કે તમને ફોન કરું ને કહું. પણ પ્રેસમાં ઑવરટાઈમ કામ ચાલતું હતું. પાછા વળતાં ખૂબ મોડું થઈ ગયું તેથી ફોન ન કર્યો. જોકે એકદમ પાકું કંઈ ન કહી શકત. ધરણીને લગભગ પંદર વર્ષથી જોયો જ નથી એમ કહું તો ચાલે. નાટકમાં પણ નહિ, કેમ કે મને નાટકનો બિલકુલ શૉખ નથી. અને જાત્રા જોવાની તો બિલકુલ છોડી જ દીધું છે. અને તમારું અનુમાન જો સાચું હોય તો પછી...'

'તો પછી બે વાત સાબિત કરવી પડશે: એક, સુરજિત દાસગુપ્ત નામે અસલમાં કોઈ છે જ નહિ. સંજય લાહિરી જાત્રા-મંડળીમાંથી રજા લઈ ચાલ્યો આવ્યો છે. અને એ આવ્યો છે તમારા કાકાના મૃત્યુ પહેલાં જ...તોપસે, મિનર્વા હોટેલનો નંબર જોડ તો.'

હોટેલમાં ફોન કરી પૂછ્યું તો જાણવા મળ્યું કે સુરજિત દાસગુપ્ત નામના એક જણ આવ્યા હતા ખરા એમની હોટેલમાં, પણ ગઈ કાલે સાંજના તેઓ હોટેલ છોડી ચાલ્યા ગયા હતા. મૉડર્ન ઓપેરામાં ફોન કરવાનો તો કોઈ અર્થ જ નહોતો, કેમ કે કાલે જ એમની સાથે વાત થઈ ગઈ હતી, અને તેઓએ કહ્યું હતું કે સંજય લાહિરી ટૂરમાં ગયો છે.

**બા**મુનગાછિ પહોંચ્યા કે પહેલાં ફેલુદાએ ઘરની ભીંતો ફરતો એક આંટો માર્યો અને તપાસી લીધું. જે પણ આવે એને યા તો ગાડી કે ટૅક્સી કરી આવવું પડે. અને એ ગાડીને મકાનથી દૂર ઊભી રાખી બાકીનો રસ્તો ચાલીને આવી, વંડીની ભીંત ઠેકીને અંદર આવવું પડે. જોકે વંડી ઠેકવી કંઈ કઠણ કામ નહોતું, કારણ ત્રણ જગ્યાએ વંડીની બહાર ઝાડ હતાં, અને એ ઝાડની નીચેની ઝૂકેલી ડાળીઓ વંડી પરથી કૉમ્પાઉન્ડની અંદર પડતી હતી. મુશ્કેલી એ હતી કે, ચોમાસું હોત તો જમીન પર પગલાંની છાપ પડત, પણ આ જમીન તો સાવ કોરી ધાકોર—એકદમ સૂકી હતી.

અનુકૂલની તબિયત સારી નહોતી. એ એની ઓરડીમાં પથારીમાં સૂતાં સૂતાં ઉંહ-ઉંહ કરતો જે બોલ્યો એના પરથી એટલું સમજાયું કે માથાના દુખાવા અને મચ્છરના ત્રાસને લીધે રાતના બરાબર ઊંઘી શક્યો નહોતો. એ જ્યાં સૂએ છે ત્યાંથી તેના ખાટલા પાસેની બારીમાંથી સીધા રાધારમણબાબુના ઓરડાની બારી દેખાય છે. અંધકારમાં એ ઓરડામાં અચાનક પ્રકાશ જોઈ એ ધડફડ કરતો ઊઠયો અને 'કોણ? કોણ?' કરતો બૂમો પાડતો દોડી ગયો. પણ એ પહોંચે તે પહેલાં એણે જોયું કે એક જણ રાધારમણબાબુના બાથરૂમના બારણામાંથી દોડતો બહાર નીકળ્યો અને અંધારામાં અદૃશ્ય થઈ ગયો. બાકીની રાત જો કે અનુકૂલે પછી તો રાધારમણબાબુના ઓરડામાં ભોંય પર જ સૂઈને વીતાવી હતી.

'અંધારામાં એ માણસ ઓળખી શકાયો કે નહિ?' મણિબાબુએ પૂછ્યું. 'ના બાબુ. હું ઘરડો માણસ, આંખે પૂરું ભાળું નહિ, અને કાલ હતી પાછી અમાસ.'

રાધારમણબાબુના ઘરમાં જઈ જોયું તો બધી ચીજ-વસ્તુ જેમની તેમ જ હતી. અને તે છતાં પણ ફેલુદાનો ગંભીર અવાજ સાંભળી હું તો ખૂબ જ ગભરાઈ ગયો: 'મણિબાબુ, વારાસત થાણા પર ખબર આપી આ ઘર ફરતો આજ રાતથી પહેરાનો બંદોબસ્ત કરવો પડશે.

એ માણસ ફરીને આવી શકે. અને સુરજિત દાસગુપ્ત જો સંજય લાહિરી ન હોય તો પણ એના પર શક તો છે જ, કેમ કે આ બે વાદ્યો પર એને ખૂબ જ આકર્ષણ છે. પૈસા વડે ન ખરીદી શકાય તો પછી બીજા રૂપાયે એને હસ્તગત કરવાનો એ પ્રયાસ કરે એ અસ્વાભાવિક નથી. આ બધા કલેક્ટરોની જિદ એકદમ ખતરનાક હોય છે.'

મણિબાબુ બોલ્યા: 'હું અવનીબાબુના ઘેરથી હમણાં જ થાણે ફોન કરી દઉં છું. ઓ. સી.ની સાથે મારે ઓળખાણ છે.'

એ સજ્જન આકળા થઈને ઘરમાંથી બહાર નીકળ્યા. ફેલુદા મેલોકોર્ડ લઈને પલંગ પર બેસી આમતેમ ફેરવી જોવા લાગ્યો. ખૂબ જ મજબૂત બનાવટ. બંને તરફ લાકડા પર સુંદર કોતરણી કરી હતી. એ વાજાને ચત્તું કરી પ્રકાશમાં જોતાં એક જગ્યાએ રંગ ઊડી ગએલું લેબલ નજરે પડયું. ફેલુદા આંખો ઝીણી કરી લખેલું વાંચી બોલ્યો: 'સ્પીગ્લર કંપનીનું બનાવેલું છે. મેઈડ ઈન જર્મની.'

ફેલુદાને હારમોનિયમ વગાડતાં નથી આવડતું એ તો સાચી વાત, પણ શિખાઉ હાથે એક એક કરીને આંગળીથી પટ્ટીઓ દબાવી જ્યારે એણે 'જનગણમન'ની એકાદ લાઈન મેલોકોર્ડ પર વગાડી ત્યારે વાદ્યની મીઠાશને લીધે એ સાંભળવાનું ગમ્યું યે ખરું. પછી એને પાછું ટેબલ પર મૂકી એ બોલ્યો: 'એક વાર ઈચ્છા થાય છે કે આ વાજાને ભાંગીને અંદર શું છે તે જોઉં; પણ પછી જો ખબર પડે કે અંદર કશું જ નથી, તો પછી વાજાને ભાંગી નાખવાનો અફસોસ થશે. સુરજિત દાસગુપ્તે આના એક હજાર રૂપિયા ઑફર કર્યા છે.'

અનુકૂલ આવા માંદલા શરીરે પણ શરબત બનાવી લાવ્યો હતો. હજુ એને મોંએ લગાડતા હતા ત્યાં મણિમોહનબાબુ પાછા આવ્યા અને બોલ્યા: 'થાણા પર કંપ્લેન લખાવી છે. બે પોલીસ સાંજથી જ રહેશે. અવનીબાબુ ઘેર નહોતા. સાધનને લઈને કલકત્તા ગયા છે. સાંજના પાછા આવશે.'

ફેલુદા બોલ્યો: 'રાધારમણબાબુની રૂપિયા સંતાડી રાખવાની વાત તમારા સિવાય બીજું કોણ જાણે છે?'

મણિબાબુ ગંભીર સ્વરે બોલ્યા: 'મેં પોતે ય કાકાના મૃત્યુ પછી જ જાણ્યું. રૂપિયાની તપાસ ચાલી રહી છે એ વાત અવનીબાબુ જાણે છે એ ચોક્કસ. પણ એ ઍમાઉન્ટ કેટલો છે એનો એમને અંદાજ હોવો શક્ય નથી. અને સુરજિત દાસગુપ્ત અસલમાં ધરણીધર હોય તો એ જે દિવસ આવી કાકાને મળ્યો હતો ત્યારે વાતચીત પરથી એને જાણ થઈ હોય. મને તો ખાતરી છે કે એ કાકા પાસેથી રૂપિયા લેવા જ આવ્યો હશે. અને પછી કાકા સાથે ઝગડો થયો હોય, અને પરિણામે—' મણિબાબુ વાક્ય પૂરું ન કરી શક્યા.

ફેલુદા એમની સામે એકી ટશે તાકી બોલ્યો: 'પરિણામે તમારા કાકાને હાર્ટઍટેક આવ્યો હોય, અને એ જ સ્થિતિમાં ધરણીધરે ઓરડામાં રૂપિયાની શોધખોળ કરી હોય. તમે શું એમ જ માનો છો ને?'

'હા, પણ હું એમ માનું છું કે રૂપિયા એના હાથમાં આવ્યા નથી.'

'જો હાથ લાગ્યા હોત તો એ વાદ્ય ખરીદવાના બહાને ફરી પાછો ન આવત, એમ જ ને?'

'બરાબર. તેની માન્યતા છે કે આ બેમાંથી એકમાં રૂપિયા છે.'

'મેલોકોર્ડમાં.' એ સાંભળી મણિબાબુ ફેલુદા તરફ તીક્ષ્ણ નજરે જોઈ રહ્યા: 'તમે પણ એમ જ કહો છો ને?'

'મારું મન એમ જ કહે છે.' ફેલુદા બોલ્યો: 'પણ હું અંદાજ કરીને નિશાન મારવાનું પસંદ કરતો નથી. અને તમારા કાકાનાં આખરી વાક્યો હું ભૂલી શકતો નથી. તમારી સાંભળવામાં તો કોઈ ભૂલ થઈ નથી ને? એમણે 'ચાવી' એ જ શબ્દ કહ્યો હતો ને?'

## આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૬૯

### ભસ્મક રોગ

જઠરમાં રહેલો જઠરાગ્નિ વાત અને પિત્ત દોષના સંગથી પ્રદુષ્ટ થઇને તીવ્રાગ્નિ અને તીક્ષ્ણાગ્નિનું ભયંકર સ્વરૂપ ધારણ કરે ત્યારે ભસ્મક રોગ થાય છે. એના રોગીની ભૂખ દયાજનક હોય છે. તેને ખૂબ ખાવા જોઇએ છે, વારંવાર ખાવા જોઈએ છે, છતાં તીવ્રાગ્નિને કારણે પાછો તરત જ એ ભૂખ્યો થઈ જાય છે. બધો જ ખોરાક બળીને ભસ્મીભૂત થઈ જતાં વાર નથી લાગતી. આ રોગની બીજી વિશેષતા એ પણ છે કે તે આટલું બધું ખાવા છતાં રોગીનું શરીર વળતું નથી. તે તો દૂબળો જ હોય છે, કારણ કે ખોરાક બળી જતાં તેમાંથી તેને પોષણ મળતું નથી. રોગીનું શરીર કાળું પડી નિસ્તેજ થઈ જાય છે, ચમકતો રંગ રહેતો નથી. ભસ્મકના રોગીનો સ્વભાવ પણ ઉગ્ર બને છે.

આવા રોગીને તીવ્ર વિરેચન આપી પિત્તનું નિર્હરણ કરવું જોઈએ. રોજ રોજ રાતે પાણી સાથે નસોતર આપવાનું રાખવું. રોગીને ભારે, ગળ્યા અને ચીકણા પદાર્થો જ આપવા. સાદો ખોરાક તો ઘડીના છઠ્ઠા ભાગમાં પચી જશે. તેથી દૂધ અને તેની બનાવટો વિશેષ આપવી. દૂધપાક, બાસુદી, રબડી, ખીર વગેરે જેવો ખોરાક અનુકૂળ છે.

રોગીને મહિનો બે મહિના માત્ર કેળાં પર જ રખાય તો યે રોગ મટી જાય છે. કેળાં અગ્નિને શાંત પાડશે. પીવા માટે કેળના પાણીનો ઉપયોગ પણ લાભદાયક રહેશે. ગરમ દૂધમાં મધપૂડાનું ચોખ્ખું મીણ ઓગાળીને નિત્ય ખાવાથી પણ રોગ હળવો પડી શમી જશે.

**વૈદ્ય નવીનભાઈ ઓઝા**

મણિબાબુ અચાનક કેમ જાણે ઝંખવાઈ ગયા ન હોય! બંને હથેળી એકમેકથી ઘસતા ઘસતા બોલ્યા: 'શી ખબર મોશાય, ચાવી જેવું જ તો લાગ્યું હતું. વખતે કાકા બેહોશીમાં બકવાટ કરતા હોય એમ પણ બને. વખતે ચાવી શબ્દનો કોઈ અર્થ જ ન નીકળતો હોય...'

વાત સાંભળીને મારું મન તો એકદમ પાછું પડી ગયું, પણ ફેલુદા પાછો પડયો હોય એવું એકે લક્ષણ એનામાં દેખાયું નહિ. એ બોલ્યો: 'એ બકવાદ હોય કે જે હોય તે, આ ઘરમાં રૂપિયા છે, ને એ રૂપિયાની મને વાસ આવે છે. ચાવી કંઈ મુદ્દાની વાત નથી. મુદ્દાની વાત છે રૂપિયા.'

'તો પછી હવે શું કરશો એ વાત નક્કી કરો.'

'નક્કી જ છે. અત્યારે તો ઘેર જવું. દિવસ છતાં તો કોઈ બીક નથી. અનુકૂલને કહી દેજો કે ધ્યાન રાખે અને બહારના કોઈ માણસને અંદર દાખલ થવા ન દે. રાતના તો પોલીસ પહેરો રહેશે જ. હું ઘેર જઈ શાંતિથી વિચાર કરીશ. એક બારીક ઝાંખો પ્રકાશ હું જોઈ શકું છું. એ વધુ ઉજ્જ્વળ થવો જરૂરી છે...ને બીજી એક વાત. એવું લાગશે તો આજની રાત હું અહીં રહેવા ધારું છું. તમને કંઈ વાંધો નથી ને?'

'મુદ્દલે નહિ. આઠની આસપાસ હું તમને ઘેર લેવા આવી શકીશ.'

'સારું. તમે સંખ્યા-તત્ત્વ—આંકડાશાસ્ત્ર—માં માનો છો?'

'સંખ્યા-તત્ત્વ?' મણિમોહનબાબુ તો સાવ આભા જ બની ગયા.

ફેલુદા એક હોઠ વાંકો કરી પોતાનું ખાસ સ્મિત ફરકાવી બોલ્યો: 'તમારા બધાનાં નામ જુઓ. દરેકના પાંચ અક્ષર--રાધારમણ, મુરલીધર, ધરણીધર, મણિમોહન—તેથી જ મને વિચાર આવ્યો. □

[આવતા અંકે રહસ્યસ્ફોટ સાથે પૂરી]

## સુવાસિત પુષ્પાવલિમાં પ્રમુખ્ય અને દેવર્ચનાનાં સુમંગલ પ્રિયદર્શન કુસુમ

# યાસ્મીન

લેખક - મધુસૂદન ઢાંકી



ખુશ્બૂદાર પુષ્પો પરત્વે સાંપ્રત કાળે બે પરસ્પર વિરોધાભાસી વલણો રહ્યાં છે : ઘાટીલાં, રંગપૂર્ણ પુષ્પસમ્પન્ન-પર્ણશોભન વૃક્ષ-કંદજ-લતાદિને પસંદ કરનાર વર્ગ સુવાસિત ફૂલોની પ્રાયઃ ઉપેક્ષા કરતો જોવામાં આવે છે; તો બીજી તરફ ગુલાબ અને મોગરા સરખાં કેવળ સુગંધી કુસુમોનો જ ચાહક વર્ગ પણ બહુ મોટો છે. આ બીજા વર્ગના વલણનાં મૂળ આપણી પુરાણી ભારતીય ઉપવન વિદ્યાની, આજે તો ખૂબ જ ઘસાઈ ગએલી, પરિપાટીમાં રહેલાં છે. આ પ્રાચીન પરંપરાનો ઝોક આરામ-નિયોજન અને તેમાં ઉપયુક્ત વૃક્ષ-લતાદિનો વિચાર કરવાને બદલે સુગંધી પુષ્પ દેતાં વૃક્ષ-વેલીઓ વાવવા પ્રતિ વિશેષ રહ્યો હતો : બકુલ અને ચંપક, કમલ અને કેતકી, જાતિ અને માલતી, મલ્લિકા અને માધવીલતાના ઉલ્લેખો આથી પ્રાચીન-મધ્યકાલીન સંસ્કૃત અને અપભ્રંશાદિ સાહિત્યમાં ઢેર ઢેર અને થોકબંધ મળે છે.

આજની પરિસ્થિતિના સંદર્ભમાં—ભારતની આબોહવા, શૃંગારની જૂની પ્રણાલિકાઓ, દેવપૂજનપ્રવણતા અને જનસાધારણની અભિરુચિને લક્ષમાં લેતાં—સુશોભિત સાથે સુવાસિતને પણ સમુચિત સ્થાન દઈ, ઉદ્યાનક્ષેત્રે સમતુલા જાળવવા પ્રતિ હવે કંઈક વલણ ઢળતું કળાય છે. આ બદલાતા વાતાવરણના ઉપલક્ષમાં હાલ સુપ્રસિદ્ધ અને લોકપ્રિય પુષ્પસમુદાય યાસ્મીન વિષે, અને ત્યાર બાદ ક્રમશઃ અન્ય પુષ્પો સંબંધમાં ચર્ચા કરીશું.

'યાસ્મીન' ફારસી શબ્દ છે, જેના પરથી અરબ્બી 'યાસ્મીન', અંગ્રેજી 'જૅસ્મીન (Jasmine)' અને ફ્રેંચ 'જસ્સમીન (Jessemine)' અભિરૂપો બન્યાં છે. આમાંથી અંગ્રેજી Jasmine રૂપનો ગુજરાતીમાં જસ્મીન કે જાસ્મીન ઉચ્ચારથી સીધો સ્વીકાર થયો છે. જ્યારે 'માલતી' એ જ જાસ્મીન છે તેવો આધુનિક હિંદી કોશકારોનો મત છે; પણ તે માટે પ્રમાણો અલ્પ વા અપૂરતાં છે.

યાસ્મીન એ પ્રાચીન ઈરાનમાં તો, મૂળે કોઇ એક જ છોડ કે વેલનું નામ હશે (કદાચ ચમેલીનું); પણ આજે તો તે અભિધાન વનસ્પતિશાસ્ત્રમાં વર્ણવેલ જાસ્મીનમ્ (Jasminum) પરિવારનાં તમામ છોડ-વલ્લી માટે, એક સગોત્રી સમૂહના અભિધાનસૂચન રૂપે વપરાય છે. પ્રસ્તુત ગોત્રમાં આવી જતી તમામ જાતો એનાં વિશેષ ઓળખદર્શક નામો અતિરિક્ત સામાન્યતયા આથી 'જાસ્મીન' તરીકે પણ ઓળખાય છે.

યાસ્મીનની જાતો વનસ્પતિશાસ્ત્ર અનુસાર જાસ્મીનાદિકુળ (Jasminoideae) અને ઑલિવાદિ (Oleaceae) વર્ગમાં સમાવિષ્ટ થાય છે. એની જાતોની સંખ્યા વિષે જુદા જુદા મતો છે : કોઈ નેવું, કોઈ દોઢસો તો કોઈ વળી બસો જેટલી સંખ્યા ટેવે છે. અઢારમી-ઓગણીસમી સદીમાં એક જ જાત માટે અપ્રચારી પાશ્ચાત્ય વનસ્પતિશાસ્ત્રીઓએ એકબીજાથી અજાણ અને સ્વતંત્રરીતે, અને પોતપોતાની રીતે પૃથક્ પૃથક્ નામકરણ કરેલાં હોઈ, ઘણી વાર એક જ જાત માટે પાંચ-છ કે સાત-આઠ નામો મળતાં હોઈ, પર્યાયોની સંખ્યા (એ કારણસર) અધિકતર થઈ ગઈ અને એ બધાનો સરવાળો કદાચ બસો જેટલો થતો હોય! વાસ્તવમાં જાસ્મીનની જાતોની સંખ્યા અંદાજ કરતાં ઘણી ઓછી છે : તેમાં પણ ઉદ્યાનોપયોગી જાતો મર્યાદિત સંખ્યામાં જ ઉપલબ્ધ છે. ભારતમાં જોઈએ તો પેટા-જાતો મળી જાસ્મીનના પંદરેકથી વિશેષ પ્રકારો જોવામાં આવતા નથી, કે જાણમાં નથી (અને તે બધા પણ એક જ સ્થળે એકઠા કરેલા તો ક્યાંય પણ જોવા મળતા નથી); છતાં એકંદરે ભારત જાસ્મીનની ઘણીક ઉત્તમ અને પ્રસિદ્ધ જાતોનું માદરેવતન છે.

જાસ્મીન કુટુંબમાં છોડ અને વેલ એમ બન્ને સ્વરૂપ જોવામાં આવે છે. પત્તીઓ પિચ્છાકાર (pinnate) વા ત્રિપર્ણી (ternate, trifoliate), કે સામ સામે બબ્બે બબ્બેની જોડિયાં (oppositely paired) હોય છે. ફૂલો સામાન્યતઃ સફેદ, ઘણુ પાંચેક ચીન તરફની જાતોમાં પીળાં પણ મળી આવે છે. બગીચાઓમાં વવાતી મોટા ભાગની જાતો સુગંધી પુષ્પયુક્ત છે, પણ કોઈક કોઈક સફેદ જાત, અને ખાસ કરીને પીળી જાતોમાં નહિવત્ સુગંધ કે સુગંધનો બિલકુલ અભાવ વરતાય છે. સદાપર્ણી ને સરાસરી તોર પર સુવાસિત પુષ્પો ધરાવતા આ યાસ્મીન-પરિવારના કેટલાક શિયાળાના પ્રારંભથી લઈ વસંતઋતુ સુધી, પણ ઘણાખરા ગ્રીષ્મઋતુ તેમજ ચોમાસાના પ્રારંભથી લઈ શરદના આરંભ સુધી ફૂલો આપે છે. ફૂલો સાધારણતયા સાંજ વીત્યા કેડે ખીલવાં શરૂ થાય છે. યાસ્મીન કુટુંબની વનસ્પતિનો, એનાં સુગંધીલાં પુષ્પો અને કેટલાંક દૃષ્ટાંતોમાં પાનની મોહકતા, તેમ જ બહારમાં આવે ત્યારે ભરચક ભાસતાં કુસુમાચ્છાદનની શોભાને કારણે વાંછનીય, અને ઘરઆંગણે તથા બાગ-બગીચાઓમાં વાવવા-વસાવવા યોગ્ય ફૂલઝાડોમાં સમાવેશ થતો હોઈ, સાંપ્રત લેખમાં તે સંબંધમાં કંઈક વિસ્તારથી કહેવા વિચાર્યું છે.

આજે ઉપલબ્ધ જાસ્મીનોમાં જૂઈ, જાઈ, ચમેલી અને મોગરાની ખૂબ જ જાણીતી જાતો અતિરિક્ત બીજી સામાન્યતઃ અલ્પજ્ઞાત (છતાં અન્યથા ભારતમાં લભ્ય) જાતોને પણ કથનમાં આવરી લઈશું. કેટલીક ભારત બહારની જાતો પર પણ ઊડતી નજર ફેરવી લઈશું. આગળ વધીએ તે પહેલાં એક વાતની સ્પષ્ટતા કરી લઈએ, કે જૂઈ અને મોગરાને બાદ કરતાં ઘણીખરી જાતોનાં દેશી નામાભિધાન (native nomenclature)માં જુદી જુદી પ્રાંતિક ભાષાઓમાં ભારે ગૂંચવાડા થવા પામ્યા છે. વનસ્પતિશાસ્ત્ર નહિ જાણનાર લોકો સ્થાનિક નામથી જ યાસ્મીનોની જાતો ઓળખી શકે તેમ હોઈ, નામાભિધાનોમાં પ્રવર્તતી અરાજકતા દૂર કરી, એક ધોરણ નિશ્ચિત કરી, અહીં વધુમાં વધુ બંધબેસતાં પરિનામો પસંદ કર્યાં છે. સચોટ ઓળખ માટે અલબત્ત આજે સર્વસમ્મત, વિશ્વમાન્ય, વનસ્પતિશાસ્ત્રીય નામો પણ સાથે જ આપવાં જરૂરી બને છે. ચર્ચામાં આથી કેટલીક શાસ્ત્રીયતા અનિવાર્ય બની જાય છે. (ફૂલઝાડની અંગ્રેજીમાં પ્રકાશિત થતી વૃક્ષપાલિકાઓની સૂચિઓમાં પણ આ શાસ્ત્રીય નામો જ અપાતાં હોઈ, અહીં દર્શાવવામાં આવનાર આ શાસ્ત્રીય નામો સંદર્ભ શોધવામાં ઉપયોગી નીવડશે.)

### यूथिका जूइ
### (Jasminum auriculatum)

ઉત્તર પ્રદેશમાં 'જૂહિ' અને બંગાલ-મહારાષ્ટ્ર-ગુજરાતમાં 'જૂઈ'

નામથી પ્રસિદ્ધ આ લતા યાસ્મીનકુળની જાતોમાં સૌથી વિશેષ પ્રચલિત ને જનપ્રિય છે. પ્રાચીન ભારતીયો યૂથિકા-જૂઈ-થી પરિચિત હતા.

જૂઈનાં સંયુક્ત પાન બહુ જ ઘાટીલી ત્રણ પાંદડીના સમૂહથી સળંગ છે. તેમાં આજુબાજુની પાંદડીઓ નાની અને વચ્ચેની મોટી હોય છે. પાન ઘેરાં લીલાં, ચળકાટવાળાં અને ટકાઉ, પણ ખૂબ. વાવ્યા પછી વરસેક દહાડામાં નીચે થડિયાનાં પાન ખરી જઇ, ઉપરના જ ભાગે તેનો ઘટાટોપ થઈ, તેમાં ગુચ્છોમાં બેસતાં ઝીણાં, પાંચથી સાત–આઠ પાંખડીનાં સોહામણાં ફૂલ શીત ઋતુના મહિનાઓ સિવાય લગભગ બારે માસ ખીલતાં રહે છે; પણ વસંત અને શ્રાવણી દિનોમાં ફૂલોની બહાર વિશેષ બેસે છે. સમી સાંજ બાદ ખીલવાનું શરૂ થાય છે અને વહેલી રાતના શીળા બનતા જતા સમીર પર સવાર થઈ, એની મીઠી, અત્યંત પ્રસન્નકર મહક દૂર-સુદૂર ફેલાતી રહે છે. સુવાસિત પુષ્પોમાં યાસ્મીનો અગ્રગણ્ય મનાય છે, અને યાસ્મીનોમાં જૂઇનો પરિમલ સૌથી વિશેષ આહ્‌લાદક છે. લખનૌ તરફ જૂઈનું અત્તર કાઢવામાં આવે છે. મીણ પાથરી, તેના પર પ્રતિદિન જૂઈનાં ફૂલોની બિછાત કરી, એ રીતે મીણમાં શોષાતા તેના સુગંધીલા તેલને પછીથી મીણ પીગાળીને અર્ક રૂપે એકત્ર કરવામાં આવે છે. જૂઈની બેવડા ફૂલની જાત પણ ઉપલબ્ધ છે; જો કે બંગાળ સિવાય અન્યત્ર તે ઓછી જોવા મળે છે.

ગુજરાતમાં જાણીતી જૂઈની જાત કરતાં બનારસ તરફ વવાતી જાત મને વધારે સારી લાગી છે. તેનો વધ વધારે ઝડપી, પાંદડે મોટી અને ફૂલ થોડાં પણ મોટાં, લગભગ સવા કે દોઢેક ઈંચના વ્યાસનાં, આઠ પાંખડીનાં, ધવલોજ્જ્વલ અને વિશેષ ખુશ્બૂદાર; ને પાન વધારે ચમકદાર ને વિશેષ ઘાટીલાં; ને એથી તે ગુજરાતની જૂઈથી વિશેષ શોભાયમાન લાગે છે. જૂઇની આ જાતનાં થડિયાં ને મોટી ડાળીઓ પાન ખરી ગયા બાદ આછો ગોપીચંદન શો રંગ ધારણ કરે છે. વાવ્યા બાદ છ જ માસમાં નીચેનાં બધાં જ પાન ખરી જઈ, બધું જોર ઉપરના ભાગે લાગે છે; જ્યારે નીચે પછીથી ઘણી જડો ફૂટે છે જે વર્ધન માટે ખૂબ અવકાશ પૂરો પાડી રહે છે. ગુજરાતમાં જૂઈની આ બનારસી જાત ખાસ દાખલ કરવા યોગ્ય છે. (બંગાળ બાજુ 'લતા જૂઈ' કિંવા J. Autumnalis જાતનો ત્યાંની વૃક્ષપાલિકાઓ (નર્સરી)ની સૂચિઓમાં ઉલ્લેખ મળે છે, જે કદાચ આ જાત હોઇ શકે. બનારસમાં આ જૂઇને 'વિલાયતી જૂહિ' કહે છે અને તે પટણા–કલકત્તા બાજુથી અર્ધી સદી પહેલાં દાખલ થઈ હોવાનું કહેવાય છે, જે ઉપલા અનુમાનને કંઈક સમર્થન આપે છે.) જૂઈ જામી ગયા બાદ કોઇ સંભાળ માગતી નથી. (બનારસી જૂઈને પેપળી જેવાં ઝીણાં ફળ બેસે છે, જે પાકતાં કાળાશ ધારણ કરે છે.)

## जाति જાઈ
## (Jasminum grandiflorum)

જાઈનું પ્રભવસ્થાન ભારત છે; પણ 'જાઈ' અને 'ચમેલી' (ચંબેલી, ચંપેલી) અભિધાનો ઘણી યે વાર એક જ જાત માટે પ્રયુક્ત બનેલ હોઈ, અસલી 'જાઇ' કઈ તે અંગે ગોટાળો પ્રવર્તે છે. ઉત્તર ભારતમાં ઘણે સ્થળે J. grandiflorum આજે ચમેલીને નામે ઓળખાય છે, જ્યારે તે પ્રદેશમાં કેટલાંક અન્ય સ્થળે તે 'જાહિ' એટલે કે 'જાઈ' નામે પણ ઓળખાય છે. ગુજરાતમાં પણ આ બે નામોની ગરબડ મોજૂદ છે. આ બેવે વિચાર કરતાં, J. grandiflorum આજે ચમેલી તરીકે વિશેષ ઓળખાતી હોવા છતાં તેને 'જાઇ' કહેવી ઐતિહાસિક દષ્ટિએ અને પ્રાચીન સાહિત્યના આધારે વધારે સાચું છે. અંગ્રેજીમાં જાઇને Royal Jasmine, Spanish Jasmine કે Catalonian Jasmine કહે છે. સંસ્કૃત સાહિત્યમાં 'જાતિ' નામ ઉપયુક્ત બન્યું છે.

આ સંસ્કૃત जाति પરથી પ્રાકૃત जाहि અને અપભ્રંશ 'જાઇ' રૂપ ઊતરી આવ્યાં છે. ઉત્તર અને પૂર્વ ભારતમાં 'જાહિ' રૂપ પ્રચારમાં છે; જ્યારે ગુજરાતી તેમજ મરાઠીમાં 'જાઇ' નામ પ્રયુક્ત થાય છે. પણ ગુજરાતમાં જૂઈ અને મોગરાની સરખામણીમાં જાઈ વેલ આજે ઓછી વવાય છે અને એથી ઓછી જોવા મળે છે.

જાઈનાં પાન પિચ્છાકૃતિ હોઈ, તેમાં સામાન્યતઃ ડાળીના પ્રારંભે આવતાં પાનોમાં પાંચ, સાત ને વચ્ચેના ભાગમાં તથા આગળની વધનાં પાનોમાં નવ પાંદડીઓ, ક્યારેક અગિયાર (સમાંતરે ચારચાર કે પાંચ પાંચ ને છેડાની એક) સુધી હોય છે. પાન લાંબો સમય ટકે છે. ડાળી ને પાનનો રંગ એકસરખો ઘેરો (પછીથી સહેજ કાળાશ પડતો) લીલો, પણ ચમકદાર કમ. જૂની જામી ગએલી વેલમાં તેની થોડી શી અક્કડ પણ લાંબી થતી, ધૂંગે વળતી, ઝીણેરી સોટી જેવી લાસી ડાળો એકબીજી પર ઝળૂંબી, તેની પર્ણાવલિ એકબીજીમાં ગૂંથાઈ જઈ સરસ જાળીદાર આચ્છાદન રચી રહે છે; અને તેમાં ડોકિયાં કરતાં કે માથે છવાતાં ફૂલો જાણે હરિયાળી જાળમાં ચાંદરણાં પરોવ્યાં હોય તેવાં શોભાયમાન લાગે છે.

ફૂલો લાંબી દાંડલી પર, જરા શી પહોળી પણ સહેજ અણિયાળી પાંચ પાંખડીનાં, અને યાસ્મીનોમાં તો બટમોગરો અને મુચકંદ બાદ કરતાં સૌથી મોટા કદનાં, મોટે ભાગે છૂટાં, પણ ક્યારેક ત્રણ ત્રણના ઝુમખામાં ગુચ્છાબંધ આવે છે. ઉપરથી સફેદ અને પાછળના ભાગમાં ક્વચિત્ રતાશ પડતી ઝાંય અને કિનારીવાળાં જાઈનાં ફૂલ ઘણી જ ઘેરી ને કંઈક અંશે તીવ્ર કહી શકાય તેવી એકધારી મનમોહક સુગંધ આસપાસના વાતાવરણમાં રેલાવે છે. જૂઈનાં ફૂલ કરતાં તે વિશેષ ટકાઉ અને દિવસે પણ સુગંધ પકડી રાખે છે. પણ ફૂલને સીધાં સૂંઘવા કરતાં હવાની લહેરખીમાં તેને મહકતાં અનુભવવાં વધારે પ્રિયંકર લાગે છે. ફૂલોની બહાર ફાગણ માસથી લઈ ચૈત્ર સુધી અને પછી ફરીને શ્રાવણ ઊતરતાં શરૂ થઈ ભાદરવા સુધી પહોંચે છે, જે વિશેષ સુવાસિત હોય છે.

જાઈનાં ફૂલ જિનાલયોમાં પૂજાર્થે વપરાતાં પુષ્પોમાં અગ્રસ્થાન ભોગવે છે. આથી જૂનાં જૈન દેરાસર સંલગ્ન પુષ્પવાટિકાઓમાં આ વેલ ખાસ રોપવામાં આવે છે. ઉત્તરમાં જાઈનાં ફૂલોની માળા બનાવવા ઉપરાંત તેમાંથી બહુ જ ઊંચી જાતનું, આત્યંતિક સુગંધી, ને અતિ મોંઘું તેલ બનાવવામાં આવે છે. તલના થરો વચ્ચે પ્રતિદિન તાજાં ફૂલો પાથરતા જવાથી ફૂલોનો સુગંધદાયી અર્ક તેમાં શોષાય છે; અને આ ક્રિયાનું ફૂલની ઋતુમાં ઘણા દિવસ સુધી પુનરાવર્તન કરવામાં આવતાં, તલમાં સારા પ્રમાણમાં સુગંધ ઊતરે છે. તલના એ જથ્થાને પીલતાં પછી જે તેલ નીકળે તેમાં જાઈની અસલી સુગંધ આબાદ ઊતરી આવે છે. (યાસ્મીન કુળનાં ફૂલોમાંથી અત્તર વા અર્કની તુરત ઊડી જવાની (volatile) પ્રકૃતિને કારણે તે ગાળવાની પદ્ધતિ–distillation–થી ખેંચી શકાતાં નથી.) ઉત્તરમાં જોનપુરનું ચમેલીનું (એટલે કે જાઈનું) તેલ ખૂબ મશહૂર છે.

## चंपकवल्ली ચમેલી
## (Jasminum officinale)

આપણે જોઇ ગયા તેમ ઉત્તર બાજુ જાઈને ચમેલી ગણી કાઢવામાં આવી છે; પણ અસલી ચમેલી અહીં વર્ણન કરીશું તે જાત જણાય છે. યાસ્મીનની કેટલીક જાતો 'ચંપા' કે 'ચંપેલી' અને ઉચ્ચારણ ભેદે 'ચંબા' વા 'ચંબેલી' તરીકે પંજાબ અને હિમાચલ પ્રદેશમાં ઓળખાય છે; જો કે યાસ્મીનને ચંપા સાથે કોઈ સંબંધ નથી. 'ચંપેલી' શબ્દ 'ચંપકવલ્લી' પરથી ઊતરી આવ્યો હોય તેવું અનુમાન છે; કે પછી ચંપાનું લઘુતાદર્શક અભિધાન હોય, જેમ ચંપાને 'ચંબા' પણ કહેવાની પ્રથા પ્રાદેશિક ભાષાઓની પ્રકૃતિ પ્રમાણે ઉત્તરમાં છે તે ન્યાયે ત્યાં ચંપેલીને 'ચંબેલી' પણ કહેવામાં આવે છે. ગુજરાતમાં પણ ચંપેલી–ચંબેલી પર્યાયો એક કાળે પ્રચારમાં હતા; પણ આજે તો તેનું હિંદી-ઉર્દૂ રૂપ 'ચમેલી' જ સાર્વત્રિક સ્વીકૃત પામ્યું છે. આથી આપણે પણ આ જાસ્મીનનાં દેશી નામોમાંથી ચમેલી અભિધાનને જ પ્રમુખતા આપીશું. અંગ્રેજીમાં આ

જાતને Common Jasmine કહે છે. જૂની અંગ્રેજી અને ફ્રેંચ કવિતાઓમાં આવતી Jessemine તે આ J. officinale જ છે, અને ભારતમાંથી તેની સત્તરમી સદીમાં યુરોપમાં આયાત થએલી. ભારત અને ઈરાન તેનાં મૂળ વતન છે. જો કે આજે તો તે ભારતમાં ક્યાંક ક્યાંક જ જોવા મળે છે.

ચમેલીની પત્તી દેખાવ અને રંગમાં જાઈના જેવી જ, પણ સહેજ નાની; મોટે ભાગે સાત, છેડેથી અણિયાળી અને જાઈથી થોડી છૂટી છૂટી પાંદડીની; અને ફૂલ એકવડું, જાઇને મળતું, પણ નાનું હોય છે. જો કે affine નામથી જાણીતી જાતમાં ફૂલ થોડું મોટું રહે છે. સુગંધ જાઈને મળતી પણ ઓછી કડક, કદાચ વધુ મીઠી છે. પણ તેનાં બેવડાં ફૂલની જાતમાં સુગંધ સહેજ ઓછી રહે છે. (ઠંડા મુલકમાં શિયાળામાં ચમેલીનાં પાન ખરી જાય છે.)

જાઇને મુકાબલે ચમેલીની વધ ઓછી, ડાળીઓ જાઈની જેમ લીસી પણ વિશેષ પાતળી, નાજુક અને બરડ છે. આ વેલની ડાળીઓ ઝૂકી જતી હોઈ, જૂની ન થાય અને ચડી ન જાય ત્યાં સુધી ટેકો દેવો જરૂરી બની રહે છે. ચમેલીનો પણ જાઈની જેમ સુવાસિત તેલ બનાવવામાં ઉપયોગ થાય છે. ગુજરાતમાં આ અસલી ચમેલી ક્વચિત જ જોવા મળે છે. જાઈ જેટલી જ ઉમદા જાત હોઈ, તેનો વિશેષ પ્રચાર થાય તે ઇચ્છવાયોગ્ય છે.

## मल्लिका ચિનાઇ જૂઇ

**(Jasminum angustifolium)**

જાઈ-જૂઈ-ચમેલી વેલોની જાતમાં જાય છે, જ્યારે 'મલ્લિકા' ઊંચાઈમાં દોઢ બેએક કે અઢી-ત્રણ ગજથી વિશેષ ન વધનાર અને જમીન પર જડ મૂકી ફેલાનાર, પાતળી શી ડાળીવાળા છોડની જાત છે. (જોકે તેને વેલ રૂપે પણ વિસ્તારી શકાય છે.) પુરાણા સંસ્કૃત સાહિત્યમાં તેમજ ઉત્તર તરફના પ્રાંતોમાં આ જાત 'મલ્લિકા' નામે પ્રસિદ્ધ છે. બંગાળમાં તેને 'ચિનાઈ જૂઇ' પણ કહે છે. આ જાતથી ગુજરાત અલ્પ પરિચિત છે, અને એથી તે ક્યાંક ક્યાંક જ જોવા મળે છે.

મલ્લિકાની પત્તી સામસામે ગોઠવાએલી પણ અન્યથા જૂઇની પત્તી જેવી જ ઘેરી લીલી, લીસી, ચમકીલી, પણ કદમાં નાની રહે છે. ફૂલ પણ બનારસી જૂઈથી નાનાં, દેશી જૂઈના કદનાં, ને ઘાટમાં તારાકૃતિ હોય છે. સુગંધ જોરદાર, અતિ મધુર અને જૂઈ તથા ચમેલીની વચ્ચેની કહી શકાય તેવી. ફૂલ કાર્તિકથી લઈ માહ માસ સુધી, અને ઢગલાબંધ બેસે છે. સુગંધનો ફેલાવ પણ બેશુમાર. યાસ્મીનકુળની આ એક અત્યંત ઉમદા જાત હોઈ, તેનું વાવેતર જેટલું વધે તેટલું ઇચ્છવાયોગ્ય છે. ઓછામાં ઓછી સંભાળથી અને સાધારણ જમીનમાં પણ તે જામી જાય છે. (કેટલાક ઉદ્યાનવિદો ને વનસ્પતિશાસ્ત્રીઓને મતે યાસ્મીન કુટુંબમાં આ જાત સર્વોત્તમ છે.)

## नवमल्लिका નેમાલી

**(Jasminum arborescence)**

આને હિંદીમાં ક્યારેક 'વનમલ્લિકા' ઉપરાંત 'માધવી' પણ કહે છે. પરંતુ સંસ્કૃત કવિઓ કથિત 'માધવીલતા' તદ્દન જુદી જ જાત (Hiptage madablota) હોઈ, આ નામાભિધાનથી ગોટાળો ઊભો થાય છે. 'નવમલ્લિકા' કહેવા પાછળ કદાચ 'મલ્લિકા પછીથી તેનો પ્રવેશ થયો હોય યા જાણમાં આવી હોય તેવું અનુમાન થઈ શકે. આની બે પેટા જાતો પણ જાણમાં છે: *Var.* Latifolia અને *Var.* montana. હિંદી-ગુજરાતીમાં નેવારી, નેવાડી કે નેમાલી નામે આ જાત ઓળખાય છે, જે કદાચ નવમલ્લિકાનાં અપભ્રંશ રૂપો હશે.

નવમલ્લિકા છોડ રૂપે છે. છોડ પ્રમાણમાં વામણો રહે છે. પણ જૂના છોડ સારી પેઠે ઊંચા વધેલા જોવા મળે છે. તેની વિશેષ વધતી ડાળીને વેલરૂપે પણ ચડાવી શકાય છે. પાન જોડીદાર, લાંબાં, કંઈક ગોળાઈને અણીદાર, ને ફિક્કા લીલા રંગનાં; ફૂલો સફેદ, સુગંધી ને છેડેથી વળદાર; કાર્તિકથી થોડાંથોડાં શરૂ કરી ફાગણ-ચૈત્ર સુધી તે લાંબાં ઝૂમખાંમાં આવતાં રહે છે. આને ક્યારેક ફળ પણ બેસે છે જે ભક્ષણયોગ્ય મનાયાં છે. છોડ દૂરથી રાતરાણીનો ભ્રમ કરાવે છે; પણ પાન રાતરાણીથી થોડાં મોટાં છે.

## कुन्द કુંજ

**(Jasminum pubescence)**

શ્વેતોજ્જ્વલતા માટે સંસ્કૃત કાવ્યોમાં અને શિલોત્કીર્ણ-પ્રશસ્તિઓમાં અપાતી ઉપમાઓમાં તેમ જ વનવર્ણનમાં ઘણી વાર મળતું 'કુંદ પુષ્પ'નું નામ, આ જાતથી પ્રાચીન ભારતીયોમાં ખૂબ પરિચિત હોવાનું કહી જાય છે. કુંદનો છોડ નીચા કદનો અને વળ ખાતો ફેલાય છે. છોડની ડાળીઓ ઝીણી રૂંવાંટીવાળી હોઈ, તેને J. Hirsutum પણ કહે છે. પર્ણ ઘેરાં લીલાં પણ જૂઈ જેટલાં જાડાં નહિ; અને તેનાં સાત-આઠ પાંખડીનાં સફેદ ફૂલ શિયાળામાં બેસે છે. ફૂલ પુષ્કળ પ્રમાણમાં બેસતાં હોઈ તેને J. multiflorum નામ પણ મળ્યું છે. એની એક વિશેષ શોભાયમાન જાત *Var* rulescenceમાં ફૂલની કળીઓ તેમ જ પાંખડીઓ નીચેથી ગુલાબી લાલ પરવાળા જેવો રંગ ધારણ કરે છે. ફૂલમાં જાઈ-જૂઇને મુકાબલે સુગંધ ઓછી, પણ છોડ જ્યારે ફૂલોથી છવાઈ જાય છે ત્યારે અત્યંત મનોહર લાગે છે. કુંદ ચીનમાં પણ જોવા મળે છે. ગુજરાતીમાં કુન્દને કેટલેક સ્થળે 'કુંજ' કહે છે.

## हेमपुष्पिका સ્વર્ણ ચમેલી

**(Jasminum humile)**

હિંદીમાં 'સ્વર્ણમાલતી' કે 'પિત્તમાલતી' અને તેલુગુમાં 'સુવર્ણયૂથિકા' નામે ઓળખાતી, ને પહાડી પ્રદેશોમાં 'સોનજાહિ' નામે પણ જાણીતી આ જાત 'સ્વર્ણ ચમેલી' કે ક્વચિત્ 'સ્વર્ણજૂઇ' નામે પણ પ્રસિદ્ધિમાં છે. અંગ્રેજીમાં તે Italian jasmine તરીકે ઓળખાય છે.

છોડ નીચા કદનો, પત્તી જૂઈની જેમ ત્રિપર્ણયુક્ત પણ મોટેરી અને રંગ આછો લીલો. ફૂલ શીત ઋતુમાં પાંચ પાંખડીનાં પીળા રંગનાં આવે છે. તેમાં સહેજ સુગંધ હોય છે, ને અન્ય યાસ્મીનોને મુકાબલે તે ઘણાં ઓછાં બેસે છે. ફૂલ આવી ગયા બાદ તેને સારીપેઠે સોરવી પડે છે. આનું અસલ વતન હિમાલય છે. આને મળતી જાત છે. J. ordoratissimum; પણ તેનો છોડ જરા ઉભડક હોય છે.

પણ યાસ્મીનની બહુ સુંદર પીળી જાતોનું ઉત્પત્તિસ્થાન તો ચીન છે. તેમાં J. nudiflorum ડાળખીલો ઉભડક છોડ છે. શીત ઋતુમાં તેનાં પાન ખરી જઈ મોટાં પીળાં ગંધહીન ફૂલો બેસે છે. J. primulinum આને મળતી જાત છે, પણ તેનાં પાન અને ફૂલ મોટાં હોવા ઉપરાંત બેવડાં હોય છે. J. floridum ઘુંગે વળતી ત્રણ પાંખડીવાળી જાત છે. ફૂલોમાં સુગંધ નથી હોતી. J. fruticans નબળા બાંધાનો અને કોણયુક્ત ડાળીઓવાળો છોડ છે. ફૂલ શિયાળામાં પીળાં પણ સુગંધ વગરનાં બેસે છે. બંગાળમાં તે 'સ્વર્ણજૂઇ' નામે ઓળખાય છે.

## मुद्‍गर મોગરો

**(Jasminum sambac)**

આમ તો સંસ્કૃત 'મુદ્‍ગર' અને પ્રાકૃત 'મોગ્ગર' પરથી 'મોગરો' અભિધાન ઊતરી આવ્યું છે; પણ હિંદી આદિ ભાષાઓના કોશકારોનાં આવાં ધરન છતાં પ્રાચીન કાળે આ નામ યાસ્મીનના મોગરા પ્રકાર માટે વપરાતા હોય તેમ ખાસ જણાતું નથી. 'વાર્ષિકી' અને 'અરફૂલ' નામથી મોગરો અભિપ્રેત હોય તેવો એક તર્ક થયો છે. અંગ્રેજીમાં મોગરો Arabian Jasmineના નામે પરિચિત છે. અરબ્બીમાં તે 'ઝમ્બક' કહેવાય છે અને તે પરથી તેનું શાસ્ત્રીય નામ J. sambac રાખવામાં આવ્યું છે. અરબ્બીમાં આ ઉપરાંત 'સમન' ને 'યાસમન' જેવાં નામો

પણ પ્રયુક્ત થાય છે; અને ફારસીમાં તે 'ગુલ-ઈ-શફેદ' નામે જાણીતો છે.

યાસ્મીનના પ્રકારોમાં મોગરો અતિ લોકપ્રિય અને એથી ઠેરઠેર જોવા મળતી જાત છે. છોડ દોઢથી અઢી ગજ જેટલો ઊંચો એકદમ લેડાલેડ ઊગતી જડોના જૂથથી ચોગરદમ, પણ મલ્લિકાને મુકાબલે મર્યાદિત ક્ષેત્રમાં ફેલાય છે. પાન મોટાં, શરૂઆતમાં લીસાં ને પોપટિયા રંગનાં પણ પછીથી ઘેરાં લીલાં બની, છેવટે ખરબચડાં અને ધારે ધારે સફેદ-પીળાં ટપકાંવાળાં અને વળિયાવાળાં બની જાય છે. ફૂલ દાંડલી વગરનાં, બે પત્તીના સંધાનભાગે સીધાં જ વળગે છે. ફૂલો ખૂબ ઘાટીલાં, સામાન્યરીતે સફેદ ને અત્યંત સુવાસિત, પણ સુગંધ જાઈ-જૂઈથી નોખા પ્રકારની. ફૂલોની બહાર આવે છે વસંત-ગ્રીષ્મથી લઇ વચ્ચે શ્રાવણમાં અને છેક શરદના આરંભ સુધી. ફૂલો ખીલવાનો સમય સાંજ પછી, અને બીજા દિનના પહેલા પ્રહર સુધી તેનાં ગંધ-રૂપ ટકી રહે છે.

મોગરાની ચારેક જેટલી પેટા-જાતો જાણમાં છે. એક તો એકવડા ફૂલની, (Single, હિં. બેલાખોયા); બીજી લાંબી કળીની બેવડા ફૂલની (Semi-double, હિં. બેલા મોતિયા કે મોગરા, મદનબાણ, ગુજ. મોહનમોગરો), ત્રીજી જાડી કળીની ચોવડા ફૂલની (Large double, હિં. મદંવાન, બં. રાયબેલા કે મદનબાણ) અને ચોથી ગુલાબ શા ઘાટવાળી આછા મલાઈ રંગની અતિ પાંખડીયુક્ત (J. Sambac a flor—pleno, plenum, Grand Duke of Tuscany, હિં. હઝારા મોગરા, બ. રાય જાપાનીઝ, ગુ. બટમોગરો.) બેલાખોયા તથા બેલામોતિયાના પ્રકારમાં વેલીઆ જાતો પણ ઉપલબ્ધ છે. વનસ્પતિશાસ્ત્રની દૃષ્ટિએ મોગરાની આ જાતો વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ નથી. મૂળ ફૂલ તો એકવડું જ હોય છે, પણ પ્રકૃતિ અનુસાર એકથી વિશેષ ફૂલનાં પુંકેસરો ભળી જવાથી, બેવડી, ચોવડી અને બહુ પાંખડીયુક્ત જાતો ઉત્પન્ન થઇ છે. ઝાઝેરો ફાલ અને વધુમાં વધુ સુગંધ એકવડાં અને બેવડાં ફૂલોમાં અને પ્રમાણમાં ઓછાં ફૂલો અને ઓછી વાસ બટમોગરામાં. અન્ય યાસ્મીનોનાં ફૂલ બીજે-ત્રીજે દિવસે ખરી જાય છે, જ્યારે મોગરાનાં ફૂલો છોડ પર ત્રણ ચાર દિવસ સુધી અને ઘણી વાર સુકાયા સુધી રહે છે.

મોગરાને વધુ પાણી આપવાથી ફૂલોની પાંખડીઓ નીચેથી જાંબુડાઈ જાય છે અને સુગંધમાં વિકૃતિ આવી, ગ્યાસતેલ જેવી આછી મહક ધૂસી જાય છે. મોગરાને વચ્ચે વચ્ચે પાણી તદ્દન બંધ જ કરવું હિતાવહ છે.

મોગરાનાં ફૂલોનો હાર-વેણી, શ્રાવણમાસમાં હિંડોળા-શણગાર અને દેવપૂજનમાં તેમ જ મીણ પર પાથરી અત્તર કાઢવામાં બહોળો ઉપયોગ થાય છે. ચોવડાં ને બટમોગરાનાં ફૂલ વિશેષ કલાત્મક આકાર ધરાવે છે.

## પ્રકીર્ણક જાતો

ભારતમાં સામાન્યરીતે ન મળતી કે અલ્પ રહેલી પણ અન્યથા બેએક ઉત્તમ જાતો વિષે ટૂંકમાં જોઈ વળીએ. તેમાં J. paniculatum ચીનમાં થતી સફેદ સુગંધી ફૂલની વેલ છે. આ ઉપરાંત J. odoratissimum પણ ઝીણાં બહુ જ સુગંધી ફૂલોની વેલ છે. આ બંને જાતોનાં ફૂલોનો ઉપયોગ ચીનમાં ચાને સુવાસિત કરવા માટે થાય છે. એ સિવાય કલકત્તામાં 'સુલ્તાની' કે 'સુલ્તાન જૂઈ'ને નામે જાણીતી લાંબી, જાંબુડી કળીવાળી અને ફૂલ ઊઘડતાં ઉપરથી સફેદ અને નીચેથી રીંગણી રંગની પાંખડીવાળાં સાથે સારાય વર્ષમાં અને વિશેષ માહમાસમાં અત્યંત સુગંધી ફૂલો આપતી જાત છે, જે ખાસ વસાવવા લાયક છે.

આ સિવાય જૂનાગઢ બાજુ એક 'મશ્કુન' (મુચકંદ) નામથી જાણીતી જાત થાય છે. જેની ચાપાકારે ગડચુલિયાં ખાતી, છૂટીછૂટી મોટી પત્તીની ડાળો પર ખૂબ જ લાંબી કળીનાં 'મૅન્થોલ' જેવી અતિ તીવ્ર વાસવાળાં ફૂલો સૂરજ આથમ્યે ખીલે છે. આ ઉપરાંત અમેરિકાના બગીચાઓમાં J. gracillinum અને બીજી થોડા થોડા ફર્કવાળી પાંચેક જાતો વવાય છે. પણ ભારતમાં તે ઉપલબ્ધ નથી.

યાસ્મીનોનું વર્ધન જાતની પ્રકૃતિ પ્રમાણે ચોમાસામાં કકડા કાપી ચોપવાથી, કે કૂંડામાં ઊંધ વાળીને, અથવા તો નવી ફૂટેલી જડોને નોખી કરીને વાવવાથી થાય છે. ઓછા પરિશ્રમે, ઓછાં ખાતર-પાણીએ ઊછરી આવતી, ઝાઝી માવજત ન માગનાર, સસ્તી પણ કુલિન તેમ જ સોગંધીલ અને સૌંદર્યપૂર્ણ યાસ્મીનોનો સંગ્રહ યથાવકાશ-યથાલબ્ધિ સૌએ પોતપોતાના પ્રાંગણમાં કે ગૃહવાટિકાઓમાં કરવા યોગ્ય છે. □

---

અનુસંધાન] **નિરંજન ભગત** [પૃષ્ઠ ૪૬૩થી

સાહેબના પીરિયડમાં (નામ જાણવાની ઉત્કંઠાથી જ કાં તો) 'સાહેબ, નામ કહો...નામ કહો' એવી બૂમો પડવા માંડી. ભગતસાહેબ એ બધાની સામે બે મિનિટ જોઈ રહ્યા. એક વિદ્યાર્થી જરા વધારે હિંમતવાળો નીકળ્યો. ઊભા થઇને તેણે પૂછ્યું : 'સાહેબ, તમારું નામ શું?'

'તમે પોલીસ છો?' ભગતસાહેબે સામે પૂછ્યું.

જે માણસ પાસેથી નામ કઢાવવું આટલું અઘરું હોય તેની પાસેથી જ્ઞાન કઢાવવું કેટલું અઘરું પડે? (ત્રિરાશી મૂકો જો!)...પણ હું ને વિનોદ જાની ભગતસાહેબની નાડ પારખી ગએલા.

એક વખત વિનોદ જાનીને રવીન્દ્રનાથ ટાગોર વિષેના એક પરિસંવાદમાં બોલવા જવાનું હતું. બહારનું (અરે અભ્યાસક્રમનું ય) વાંચવાની કુટેવ જાનીએ પહેલેથી જ નહિ પાડેલી, એટલે તેની પાસે ટાગોર વિષે ખાસ સામગ્રી નહિ. (ટાગોરની બાબતમાં તો હું ય તેની બરાબરી કરી શકું એટલો જાણકાર હતો.) તે મૂંઝાતો હતો. અમે બન્ને લાયબ્રેરીમાં ગયા—ટાગોરનાં પુસ્તકો માટે. ત્યાં ભગતસાહેબને બેઠેલા જોયા. ભગતસાહેબ એટલે મોબાઈલ લાયબ્રેરી. ટાગોર વિષે જાણવા જેવું બધું જ તેમની પાસેથી મળી શકે. પણ પૂછવું કઈ ભાષામાં?...એ ભાષા મેં ને જાનીએ સંકેતથી નક્કી કરી નાખી. તેમની પાસે ગયા. સલામ કરી. પછી જાનીએ શરૂ કર્યું : 'સાહેબ, તમે જ ટાગોરને ચડાવી માર્યા છે. ટાગોર મહાન છે એવું એક તમે જ કહો છો—કહ્યા કરો છો.'

નિરંજન પહેલાં તો જાની પર ખિજવાઈ ગયા. લાયબ્રેરી ગજવી મૂકી. ને પછી ટાગોર કેટલી મોટી હસ્તી છે એની વાત બે કલાક સુધી કરી. ટાગોરની ઉત્તમ રચનાઓમાંના કેટલાક ટુકડાઓ સંભળાવ્યા... જાનીનું કામ પાર પડી ગયું.

આજે તો આવા શિક્ષકોય ક્યાં છે કે જેને રસ્તા પર જોતાં જ હાથ એની મેળે ઊંચકાઈને સલામ બની જાય છે.

આ કવિ નિરંજને પોરબંદરની સાહિત્ય પરિષદમાં 'કવિતા અને યુગધર્મ' પરનો નિબંધ વાંચતાં વાંચતાં પ્રેક્ષકોની આંખ આંજી નાખેલી. કવિ ને કવિતાની તાકાતનો પરચો બતાવી દીધેલો.

તેમણે નર્મદ અને રણજિતરામ સુવર્ણચન્દ્રકો સ્વીકારીને એ બન્નેનું બહુમાન કર્યું છે એવું હું જ નહિ! કદાચ પેલા બેય માનતા હશે. તેમને 'નિરંજન ભગત સુવર્ણચન્દ્રક' મેળવ્યા જેટલો આનંદ થતો હશે. સ્વર્ગમાં ય એ બન્ને ધન્યતા અનુભવતા હશે. □

---

# નિરંજન ભગત

'વિનોદ'ની નજરે [૯]

લેખક · વિનોદ ભટ્ટ



△ પ્રો. નિરંજન ભગત

લગભગ દોઢ-બે વર્ષ અગાઉ, રાતના આઠ-નવના શુમારે તમે ટાઉન હૉલની 'હૅવમૉર' હોટેલમાં ગયા હોત-અંદર નહિ, બહાર લૉનમાં પથરાએલી ખુરશીઓ તરફ, તો ત્યાં એક મોટો અવાજ સતત તમારું ધ્યાન ખેંચ્યા કરત. એ મોટા અવાજ સામે કાનથી જોતાં ઘડી-ભર તમે વિચારત કે આ માણસ કાં તો માઈક ગળી ગયો છે કે પછી બાળપણમાં તેની માતાએ ગ્રાઈપ-વૉટરને બદલે ભૂલમાં માઈક-વૉટર પાઈ દીધું છે. પછી તમે વેઈટરને બોલાવીને કુતૂહલથી 'આ માણસ કોણ છે?' એવું પૂછત; ને વેઈટર પહેલાં તો તમારા અજ્ઞાન પર મૂછમાં હસી પડયા પછી કહેત: 'આપ ઈન્હે નહિં પહચાનતે? યે હમારે ભગતસા'બ હૈં—નિરંજન ભગત... બહોત બડે કવિ હૈ!'

હા, એ નિરંજન ભગત છે. તેમને ધીમા અવાજે, શાંતિથી, ઠંડકથી વાત કરતા મેં બહુ ઓછી વાર જોયા છે. મોટે ભાગે તે ઉશ્કેરાએલા જ હોય છે. દલીલબાજી માટે આ માણસ હમેશાં તત્પર હોય છે. શાણા માણસો નિરંજન સાથે દલીલમાં ભાગ્યે જ ઊતરે છે, કેમ કે તેમની સાથે દલીલમાં ઊતરનાર શરૂઆતમાં ભલે તેમની સાથે સંમત ના થાય, પણ છેવટે તો નિરંજન સાથે સંમત થયે જ છૂટકો. દલીલોથી (ને ખાસ તો તેમના પેલા મોટા અવાજથી) થાકી-હારીને ય સંમત થવું જ પડે.

મારા પ્રોફેસર હોવાનું સદ્ભાગ્ય જે થોડાકને સાંપડેલું એમાં ભગત-સાહેબનો સમાવેશ પણ થાય છે. ભગતસાહેબ દલીલોથી ભલભલાને થકવી નાખે છે એટલું જ નહિ સામો માણસ કાચોપોચો હોય તો તેને રડાવી પણ નાખે છે. એલ. એ. શાહ લૉ કૉલેજના આર્ટસ વિભાગમાં અમે સીનિયર બી. એ.માં ભણીએ. લાયબ્રેરીમાં હું ને બીજા ઊભેલા. ભગતસાહેબ પણ ત્યાં હતા. લાયબ્રેરીઅનને તે લાયબ્રેરી એટલે શું એ વિષય પર ભાષણ આપતા હતા. મારી બાજુની ખુરસીમાં બેઠેલા એક નવા જ ભરતી થએલા વિદ્યાર્થી સિન્ધુસાગરે મને ધીમેથી પૂછ્યું: 'આ માણસ પોતાની જાત વિષે શું માને છે?'

'ચાલ, એમને જ પૂછી લઈએ.' મેં કહ્યું. એટલે ગભરાઈ ગએલા અવાજે તે બોલ્યો: 'એવું તો પુછાતું હશે, એમને?' હું જરા ગમ્મત-ના મૂડમાં હતો. ભગતસાહેબ પાસે જઈ મેં કહ્યું: 'સાહેબ, પેલો સિન્ધુસાગર એમ પૂછે છે કે આ સાહેબ પોતાના વિષે શું માને છે?'

બસ, પત્યું. ભગતસાહેબની દયા પર સિન્ધુસાગરને છોડીને અમે ક્લાસમાં ગયા. ઇકૉનૉમિક્સના બે પીરિયડ સાથે હતા. તે ભરીને દોઢ કલાક પછી લાયબ્રેરીમાં આવ્યા. ભગતસાહેબે હજુ ય પેલાને છોડયો નહોતો. પેલો અધમૂઓ થઈ ગયો હતો—ભગતસાહેબના ભાષણની ઝીંકથી. તેની આંખમાં આંસુ તગતગી રહ્યાં'તાં. 'ભૂલ થઈ ગઈ... ભૂલ થઈ ગઈ' એવું વચ્ચેવચ્ચે તે બબડતો'તો.

નિરંજન ભગત બગભગતો લાવારસ છે. સમાજશિક્ષણકારો, પૉલિટિશિયનો તેમજ સમગ્ર માનવજાત પ્રત્યે તે કાયમ ખિજવાએલા રહે છે. તેમના મત પ્રમાણે એંશી ટકા કરતાં વધારે પ્રજા જૂઠી ને લબાડ છે. સમાજ અસત્યના તળાવમાં ખદબદી રહ્યો છે. લોકો તેમને 'સિનિક' કહે છે એય તે જાણે છે. જે લોકો પર ગુસ્સો ચડે એમને તે અંગ્રેજી ગાળો ભાંડે છે. સ્કાઉન્ડ્રલ, રાસ્કલ, હીપોક્રીટ, બૅસ્ટાર્ડ, બગર્સ વગેરે તેમની પ્રિય ગાળો છે. કેટલીક વાર તો તેમનું આખું ય વાક્ય આ ગાળોથી જ ભરેલું હોય છે. એમની ગાળો ક્યારેક મને વાજબી લાગે છે (ખાસ કરીને મને ના દેવાતી હોય ત્યારે). પશ્ચિમની પ્રજામાં, ત્યાંના સર્જકોમાં નીતિમત્તાનું ધોરણ આપણા કરતાં ઘણું ઊંચું છે એવું દાંત પીસીને તે એક વાર બોલ્યા એટલે મેં પૂછ્યું: 'એવું કેમ માનો છો?'

'વિનોદ, અનુભવ વગર હું કોઈ પણ વાત નથી કરતો...મને એનો પૂરો અનુભવ છે.' પછી નિરંજને મને આપણા જ એક શ્રેષ્ઠ કોટિના સર્જકનો દાખલો આપ્યો. વાત કહી. વાત કંઈક આવી હતી: નિરંજન ટાઉનહૉલની હૅવમૉરમાં બેઠેલા. એમને શોધતા શોધતા પેલા નવલ-કથાકાર હૅવમૉરમાં આવ્યા. 'ઓહો! તમે અહીં ક્યાંથી!' નિરંજને પૂછ્યું.

'તમને જ મળવા આવ્યો છું. ઘેરથી બાએ કહ્યું કે નિરંજન હૅવ-મૉરમાં છે; એટલે પછી આપણે તો અહીં આવ્યા...'

'સારું કર્યું...બોલો, કંઈ કામ હતું?' નિરંજને પૂછ્યું.

'હા...કામ તો ખરું સ્તો!' 'ફરમાવો.'

'મારું એક નાટક તમારે વાંચવાનું છે.'

'ભલે, તમારું નાટક વાંચવાનું તો ગમશે.'

'ચોવીસ કલાકની અંદર અંદર વાંચી આપવું પડશે.'

'મંજૂર, ચોવીસ કલાકમાં જ વાંચી નાખીશ, પછી?'

'પછી શું? કોઈ છાપા-બાપામાં એના વિષે તમારે લખવાનું છે. એટલું જ નહિ ભૈ, એની પ્રશંસા કરવાની છે, એક ઉત્તમ નાટક તરીકે એને બિરદાવવાનું છે.' આ સાંભળીને નિરંજન ડઘાઈ ગયા. પણ તમ્મર ચડી જાય એવો છેલ્લો ફટકો તો હજી બાકી હતો: 'આ નાટક મેં આઈ. એન. ટી.ની હરીફાઈમાં મોકલ્યું છે. એને રૂપિયા પાંચ હજારનું ઈનામ મળે એ માટે તમારે તમારા મિત્ર ભાઈ દામુ ઝવેરીને દબાણ કરવાનું છે.'

નિરંજન લગભગ બેભાન જેવા થઈ ગયા. સહેજ કળ વળતાં તેમણે આ લેખકને કહ્યું: 'તમારું ચસકી તો નથી ગયું ને?' નિરંજન આ વાક્ય ના બોલ્યા હોત તો તેમનું જ ચસકી જાત!

ફેત્રરીટીઝમ, ચાલમેલ, ચશમપોશી—એ બધાં તરફ નિરંજનને ભારે સૂગ છે. કીર્તિની ભૂખ, પૈસાનો મોહ, ચન્દ્રકો, પરિષદની વ્યાસપીઠ, શાલદુશાલા, સાંસ્કૃતિક પ્રવાસ-આ બધી માયાથી તે સદા અળગા રહ્યા છે. આમાંનું કશું જ તેમને સ્પર્શી શક્યું નથી. સારું લખવું એ જેટલું કપરું કામ છે એટલું જ—કદાચ એથી ય વધુ કપરું કામ ઉપર જણાવેલી માયાથી દૂર રહેવાનું છે. આ બધાથી તે કાયમ દૂર ભાગતા રહ્યા છે. નિરંજન સાચા અર્થમાં ભગત છે. દાદાએ વારસામાં આપેલી અટક તેમણે યથાર્થ કરી છે. કદાચ એટલે જ પેલા સર્જકનો બનાવ ભગતને હલબલાવી નાખે એ સ્વાભાવિક છે. એ, લોકોને પોતાના જેવા—ભગત કરવા માગે છે ને લોકો એવા નથી થતા એટલે એ વધારે દુઃખી થાય છે.

અત્યારે તો એ થોડા ય બહાર નીકળે છે. કોઈ સમજાવી પટાવીને લઈ જાય ત્યારે એ બહાર જાય છે. પણ ઘણાં વર્ષ તેમણે એકાંત સેવ્યું. લખવાનું યે છોડયું. ઘણાં વર્ષો સુધી નહિ લખવા છતાં કવિ તરીકે એ ભુલાયા નહિ. (ન લખીને ય સાહિત્યની સેવા થઈ શકે છે, કદાચ વધુ સારી થાય છે એવો આદર્શ બીજા લેખકોને તેમણે પૂરો પાડયો છે.)

આ કવિ નિરંજન માટે કેટલાંક વર્ષો અગાઉ એક સમારંભ યોજવામાં આવેલો-એમની કવિતાના સંદર્ભમાં. કદાચ 'છંદોલય' માટે ય હોય. બરાબર યાદ નથી. હૉલ ખીચોખીચ ભરાઈ ગએલો. પ્રેક્ષકો સમયસર આવી ગએલા. વ્યાસપીઠ પર બેસનારા એથી યે થોડા વહેલા આવીને વ્યાસપીઠ પર ગોઠવાઈ ગએલા. જેને અનુલક્ષીને આ કાર્યક્રમ યોજાએલો એ નિરંજન થોડા મોડા પડયા, એટલે પ્રેક્ષકોએ કાઢેલાં પગરખાં પર તે બેસી ગયા-કોઈનું યે ધ્યાન ન પડે એમ. પ્લૅટફૉર્મ પર બેઠેલા એક મહાનુભાવની નજર નિરંજન પર પડી. કોઈને રીમાન્ડ પર લેવાનો હોય એ રીતે તેમને પ્લૅટફૉર્મ પર તાણી જવાયા. થોડી વારે માઈક પરથી જાહેરાત થઈ: 'હવે શ્રી નિરંજન ભગત પોતાની કવિતા વિષે કૈંક કહેશે.'

બસ, થઈ રહ્યું. કવિનો મિજાજ બગડી ગયો! કવિએ તરત જ કહી દીધું: 'એટલે એનો અર્થ એ જ કે મારી કવિતા કશું બોલી શકી નથી. તો પછી એ કવિતા વિષે આટલો બધો તાયફો કરવાની જરૂર જ શી હતી?'

નિરંજન સાચુકલો માણસ છે. ખોટું કશું તે સાંખી શકતો નથી. પ્રેમમાં યે નહિ. ઉમાશંકર પ્રત્યે અનન્ય પ્રેમભાવ હોવા છતાં એમને યે સુણાવી દેતાં આ જણ લાંબો વિચાર નથી કરતો. ઉમાશંકર તેમજ અન્ય મિત્રો જાણે છે કે નિરંજન સાચો છે. એટલે એની વાતનું માઠું ય નથી લગાડતા. રાજકારણમાં પ્રવેશ્યા પછી ઉમાશંકર અસત્યના (એટલે કે અસત્ય આચરનારાઓના) સંપર્કમાં વધુ હોવાથી સત્યને કદાચ તે નિરંજન કરતાં ય વધારે સારી રીતે સમજતા હશે; એટલે ક્યારેક તેમને વારવા કહેતાય હશે: 'નિરંજન! સત્યનો દેખાડો ના હોય.'

જેટલો ગુસ્સો કરી શકે છે એટલો પ્રેમ પણ કરી શકે છે, નિરંજન. સામેના માણસનો ખયાલ પણ એટલો જ કરે છે. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના 'લ્યુકેમિયા'ની ચિંતા ય કરે છે. અનિરુદ્ધને શ્રમ ના લેવા વીનવે છે. અચ્યુત જેવા મિત્ર માટે મકાન શોધવા ય રખડે છે. ઘણા લાં...બા પ્રવાસે જતા મડિયાને વળાવવા જનાર દોસ્તોમાં તે એક જ હતાને!

નાના બાળકની જેમ વાતવાતમાં તે વંકાઈ જાય છે. નાની અમથી વાતમાં ય દાઝી ઊઠે છે; કેમકે મન સાથે તે સમાધાન નથી કરી શકતા. બસમાં કોઈ વિદ્યાર્થી ભૂલેચૂકે ય એમની ટિકિટ કઢાવવા પ્રયત્ન કરે તો તેને—તે સાથે આખી ય બસના પૅસેન્જરોને—લાંબું ભાષણ સાંભળવું પડે છે. એક દિવસ કોઈ વિદ્યાર્થીએ 'કામા' (હવે 'બીઝી બી') હોટેલમાં નાસ્તો કરતા ભગતસાહેબનું બિલ ચૂકવવાની ચેષ્ટા કરી. ભગતસાહેબ ખિજાઈને કાઉન્ટર પર બેઠેલા મૅનેજરને ધમકી આપી; 'જો એની પાસેથી મારા બિલના પૈસા લેશો તો આ ડિશ તમારા પર છુટ્ટી ફેંકીશ!'

નિરંજનને પચાસ વરસ પૂરાં થવા આવ્યાં છતાં એમનાં બાને નાના બાળકની જેમ એમની કાળજી લેવી પડે છે. બધું યાદ રાખવું પડે છે ને છતાં કશું યાદ અપાવવા જતાં નિરંજન છેડાઇ પડે છે. એક વખત તેમની સાથે મેં નક્કી કરેલું કે રવિવારે સવારે દસથી સાડા દસની વચ્ચે મારે એમને ત્યાં જવું. ત્યાંથી અમારે સાથે હૅવમૉર પર જવાનું હતું. નિરંજને બાને કહી રાખેલું કે રવિવારે તેમને વિનોદ સાથે હૅવમૉર પર જવાનું છે એ યાદ અપાવવું. રવિવારે સવારે લગભગ સવા દસે એમને ત્યાં હું પહોંચી ગયો. ત્યાં મોહનભાઈ પટેલ (વિદ્યાપીઠ ફેઈમ) ત્યાં બેઠેલા. અંગ્રેજી પાંચમાથી કે આઠમાથી એના પર ચર્ચા ચાલતી'તી. ભગત તેમના ઓરિજિનલ લહેજામાં બૂમો પાડતા'તા. રસોડામાંથી બાએ ડોકું બહાર કાઢતાં નિરંજનને વારતાં કહ્યું: 'તું અહીં બેઠાબેઠા વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા કરે એમાં કંઇ ના વળે. એ તો વાલીઓ દંડો લઈને શિક્ષણકારોની પાછળ પડે તો જ કંઈ થાય...સાડા દસે તારે વિનોદ સાથે ટાઉનહૉલ જવાનું છે એ યાદ છે ને?' નિરંજને એ ક્ષણે એક અણગમતો શ્વાસ છોડયો. થોડી વારે મોહનભાઈ ગયા પછી નિરંજન બા પર ગુસ્સે થઈ ગયા: 'આમ કેમ કહ્યું, તમે?...મહેમાનની હાજરીમાં ટાઉનહૉલ જવાનું કેમ યાદ કરાવ્યું? મહેમાનને માઠું ના લાગે?' બા જેટલા નીચા અવાજે જવાબ આપે એટલા ઊંચા અવાજે નિરંજન પૂરક પ્રશ્નો મૂકયા કરે. બીજમાં નિરંજન શાક લેવા માટેની થેલી લીધા વગર જ બહાર નીકળવા માંડયા. શાકવાળાઓમાં, પૈસા લીધા વગર શાક નહિ આપવાનો દુષ્ટ રિવાજ હોય છે એ બા જાણે, એટલે તેમણે રૂપિયા પાંચની નોટ નિરંજનના હાથમાં મૂકી; જે લઈને બાને 'જાઉં છું' ય કહ્યા વગર તેમણે મારી સાથે ચાલવા માંડયું.

અમે શાકવાળાની દુકાને ગયા. ગુસ્સામાં ને ગુસ્સામાં, કયું શાક લાવવાનું છે એ બાને પૂછવાનું જ તે ભૂલી ગએલા. ભીંડા પર આંગળી મૂકતાં તેમણે શાકવાળાને કહ્યું: 'આ ભીંડા આપો'...પછી હાથ પરવળના ટોપલા પર મૂકયો; પણ પરવળ નામ (નહિ આવડતું હોય એમ તો ના કહેવાય) મોઢે ચડે નહિ. મેં મદદ કરી (પરણેલા માણસને આવું બધું ઝટ યાદ આવી જતું હોય છે). શાકવાળાને તેમણે કહ્યું: 'આ બે શાક આપો.' 'કેટલાં?' પેલાએ પૂછયું.

'ગયે વખતે કેટલાં આપેલાં?' 'યાદ નથી...'

'હું એકલો જ છું...એકલા માણસને કેટલાં જોઈએ?'

'બસો ગ્રામ ચાલે...' 'બસ, એટલાં જ આપો.'

'તેમનું, 'હું એકલો જ છું' વાક્ય મને સ્પર્શી ગયું. લગ્નની વાત નીકળી. નિરંજન કહે: 'કુંવારાઓ અંગ્રેજીમાં 'ગે બૅચલર' કહેવાય છે.'

'તમને શું લાગે છે?—કુંવારા રહેવું સારું કે પરણેલા?'

'આમ તો બન્ને...' નિરંજન બોલ્યા: પણ 'કુંવારા રહેવામાં વધારે મઝા છે. જોકે મોટા ભાગનાઓ આ વાત સ્વીકારતા નથી.'

'સ્વીકારે છે—' મેં કહ્યું: '—પરણી ગયા પછી.'

'મારા જેવો બેજવાબદાર માણસ કુંવારો જ રહે...આવા માણસને શું પરણવું'તું એમ માનીને ય મને કુંવારો રાખ્યો હશે.' કહી તે હસી પડયા, મોટેથી—બાળકો હસે છે એવું ખિલ ખિલ...

નિરંજનમાં 'સેન્સ ઑવ હ્યુમર' પણ ઊંચા પ્રકારની. તેમનામાં રહેલી રમૂજવૃત્તિનો લાભ કૉલેજકાળમાં અમને ઘણો મળતો. કોઈ અડફેટે ચડવો જોઈએ. કૉલેજના પહેલા જ વર્ષમાં, પહેલા દિવસે ભગત-

(અનુસંધાન પૃષ્ઠ ૪૬૧)

## અદના માનવજીવનમાં ઉન્નત ભાવનાઓ પ્રકટાવનાર

# બાવા પ્રેમદાસજી

લેખક • મુકુન્દરાય વિ. પારાશર્ય

દા. સ. ૧૯૨૮ની સાલ. ચૈત્ર સુદના દિવસો. રાજકોટથી રીબડા સ્ટેશને સાંજે ઊતરી મારા પિતા ને હું ઉજ્જડ રસ્તે ચાર માઈલ ચાલી અરડોઈ ગામની પાદરની નદીમાં ઊતર્યા ત્યારે પૂર્વ પશ્ચિમ વહેતી નદીના છીછરા પ્રવાહમાં સાયંકાળનાં અજવાળાં સાથે સુદ બારશ તેરશના ચંદ્રનો રૂપેરી પ્રકાશ લહેરાતો'તો. પશ્ચિમે વળાંક લેતી નદીના તીરે છેયામાં બગલાં બેઠાં હતાં ને એકાદ બે જળકૂકડી ઊડતી'તી. ટેવ પ્રમાણે પ્રવાહમાં ઊભા રહી, ખીસામાંથી મૂઠી ભરી દાળિયા મારા પગ ફરતા પાણીમાં નાખી, તેને પકડવા ટોળે વળી ઘૂમતી માછલીઓની રમત જોતો હતો, ત્યાં એ ગામના નૃસિંહ મંદિરની સાયં-આરતીની ઝાલરો રણઝણી ને હું મંદિરે જવા દોડયો. સાયંકાળનાં રૂપેરી જળમાં રમતી માછલી જોવામાં રોકાઈ રહ્યો તે કારણે ઝાલર બજાવવાની હોંશ છતાં દશેક ઝાલરમાંથી એકેય બજાવવાનો કે ઘંટા વગાડવાનો લાભ મને ન મળ્યો. બાવા પ્રેમદાસજી પાંચ શિખાવાળી આરતી ઉતારતા'તા તે જોઈ રહ્યો. બેઠી દડીનું શ્યામવર્ણું દૃઢ શરીર, આધેડ વય છતાં ચળકાટ મારતી લીસી ત્વચા, ગોઠણ સુધી લાંબા હાથ. પીંગળી જટા ને દાઢી, લાંબું નાક, એ સર્વેની ઉપરવટ જઈ ધ્યાન ખેંચે એવી ટાચકા જેવડી ચળકતી આંખો—એ એમનું દેહસ્વરૂપ. પાછે પગે ગર્ભદ્વારમાંથી બહાર આવી ચારે દિશા તરફ આરતી ઉતારતા ભક્ત પ્રેમદાસજીની નમ્ર, દીન બનેલી આંખો એ વેળા અમને કોઈને ન જોતી, બધી દિશા તરફ છતાં જાણે કોઈ એકના ઉપર ઠરેલી હતી. કોના ઉપર એ મને ખબર ન પડી. આરતી પૂરી થયે ફરી મંદિરમાંથી બહાર આવી તે ભક્તોને આરતી આપતા ભીડ વચ્ચેથી હાથ લંબાવતા'તા, ને એ લંબાતો હાથ મારી નજીક આવતાં આરતી લેતાં મેં જોયું કે નિત્યપ્રસન્ન પ્રેમદાસજી સાશ્ચર્ય ચળકતી વિસ્ફારિત આંખે મને આનંદથી જોતા હતા. તેમણે કહ્યું: 'આ ગયે?'—ને પોતાના શિષ્ય રઘુનંદનદાસજીને આરતી સોંપી પ્રસાદ વહેંચવાનું કહી મારા પિતા પાસે આવ્યા, ભેટ્યા, જાજમ લીધી, સામેના હાટકેશના મંદિરના ઓટે પાથરી એમને બેસાડી, બેઠા.

એ સાંજે સાયંકાળના તથા પ્રકાશિત થતા ચન્દ્રના અજવાળામાં નાની નદીનાં પાણીમાં પગ બોળી રમતી માછલીઓ જોતાં મંદિરની ઝાલર સાંભળવા સાથે જે આવેશ મને આવ્યો તે બે દિવસ સુધી ઓસર્યો નહિ. ને તે દરમિયાન જે કંઈ જોયું–સાંભળ્યું તેની એવી અસર થઈ કે તે સ્મૃતિમાં દૃઢ અંકિત થયું. મારા પિતા ને હું કૂવે પાણી સીંચી નાહ્યા, ફરી ઓટે બેઠા. પ્રેમદાસજી એટલો વખત બીજા મહેમાનો પાસે ગએલા. મંદિરના ગર્ભદ્વાર પાસે હાંડીમાં એક દીવો હતો; બીજું કોડિયું રસોડામાં ચાડે હતું; સિવાય બીજો દીવો ન હતો. મંદિરના પાણી છાંટેલ ચોગાનમાં ચૈત્રની ચાંદની પથરાઈ હતી. ઉપર લહરાતાં પીપળાનાં પાનેપાને ઘીના અસંખ્ય દીવા પ્રકટાવ્યા હોય તેમ ચંદ્રપ્રકાશ ઝૂલતો ઝબૂકતો'તો—જાણે સહસ્ર હથેળીમાં સામટા દીવા પ્રકટાવી વૃદ્ધ ઘટાદાર પીપળો મર્મર સ્વરે આરતી ગાતો અનંતની આરતી ઉતારી રહ્યો હોય!

મંદિરે રોજના જમવાના સમય કરતાં તે દિ' ઘણું મોડું થએલું. રસોઈ રઘુનંદનદાસજી કરતા. તે કૂવે પાણી ભરવા આવ્યા ત્યારે મારા પિતા તુલસીદાસજીની એક ચોપાઈ થોડા ફેરફાર સાથે લંબાવીને ગાઈ:

'ઈતની બિનતી રઘુનંદન સે ભૂખ દુઃખ હમેરો મિટાઓ જી.
અપને પદ-પંકજ-પંજરમેં ચિતહંસ હમેરો બિઠાઓ જી.'

રઘુનંદનદાસજીને મેં ભાગ્યે જ બોલતા સાંભળ્યા છે. એમણે સ્થિર ઊભા રહી સાંભળ્યું, પછી નજીક આવી બોલ્યા: 'ધીરજ કા ફલ મીઠા હોતા હૈ.' ચૈત્રની ચાંદનીમાં એ યુવાન સાધુના સૌમ્ય પ્રસન્ન મુખ પર એવી મધુરતા હતી કે પછીથી રામચરિત માનસ વાંચતી વેળા રામચંદ્રજીના મુખારવિંદની કલ્પના કરતી વખતે મને એ સમયની રઘુનંદનદાસજીની મુખાકૃતિ નજરે પડે છે.......રઘુનંદનદાસજીએ કહ્યું તેવું જ બન્યું. જમવામાં લાડુ ને અડદની દાળ હતાં. મહેમાનો ઘણાં હતાં. અમને બધાંને એ બહુ ભાવ્યાં. હજી યે સ્વાદ મારી દાઢમાંથી ગયો નથી. મારા પિતાએ કેવળ સૂરણ અને દૂધ લીધેલાં.

મહેમાનોને ઉતારો મેડી પર આપેલો. તેમાં એક વૃદ્ધ ડોશી રાતે નીચે ઊતર્યાં. ડાબા હાથે ડાબા ઢીંચણને પકડી તે જમણા હાથે લાકડી લઈ કષ્ટથી વાંકાં નમી ચાલતાં મંદિરના ઓટે ગર્ભદ્વાર સામે બેઠાં. એકાદ બે માળા ફેરવીને પછી ગાવા લાગ્યાં, એટલે પ્રેમદાસજીને મારા પિતા વાતો કરતા અટકી ગયા ને સાંભળવા લાગ્યા. મેં કાન માંડયા પણ માજીનો કંઠ કર્કશ અને ગાવાની સૂઝ વગરનો લાગ્યો. મને બેધ્યાન જોઈ પ્રેમદાસજીએ પૂછયું: 'ક્યા ભજન સુનતે હો યા નહિ?'

મેં કહ્યું: 'એને ગાતાં નથી આવડતું.'

તરત તેમણે કહ્યું: 'યહ ગાના નહિ હૈ, ભજન હૈ. ગાયન એક બાત હૈ, ભજન દૂસરી ચીજ હૈ. ગાના કાન કા વિષય હૈ, ભજન અંતર કા.'

આથી વધુ એ વખતે તેમણે ન કહ્યું. મેં ભજન સાંભળ્યાં, પણ મને રસ ન પડયો. માજી ગયા પછી તેમણે મને આ મતલબનું સમજાવ્યું કે ગાયન સંસારનો વિષય છે, ભજન પારમાર્થિક છે. પરમાર્થ પરમ સ્વાર્થ છે. એ કારણે ચિત્ત લગાવી ભજન સાંભળવાં જોઈએ. કાનને ગમે એવાં ગવાતાં હોય તો ઘણી સારી વાત છે; પણ એવું ન હોય તો યે ભજન સારાં લાગવાં જોઈએ, ધ્યાનથી સાંભળવાં જોઈએ. સૂર કાનનો વિષય છે પણ ભજનનો ભાવ એ હૃદયની ભક્તિનો વિષય છે. સૂર સારા હોય કે બૂરા, જે ભજન સાંભળવા સાથે એમાં લીન થઈ જાય છે તે ભક્ત છે. પ્રભુમાં જેને પ્રેમ છે તેને તે ગમે. માણસ પ્રભુનું નામ લે તો ય તે સાંભળવું ગમે જ. તું લાડુભક્ત છો. ચાંદીની કે પિત્તળની થાળીમાં લાડુ દેવાને બદલે રઘુનંદન તને પડિયામાં આપે તો તું ખાઈશ કે નહિ? મને જેમાં મળે તેમાંથી લઈને ખાઉં, પડિયાની નિંદા ન કરું. મારું કામ લાડુ સાથે છે. લાડુ પર પ્રેમ છે. ભક્ત એ છે જે ભગવાન ઉપરના ભાવને કારણે ભજનમાં મગ્ન થઈ જાય.

બે વર્ષે પછી ભર્તૃહરિના 'પ્રિયત્વં વસ્તુનાં ભવતિ ખલુ તદ્ગ્રાહકવશાત્। (કોઈ પણ વસ્તુ પ્રકૃતિગુણથી રમ્ય કે અરમ્ય નથી. વસ્તુનું પ્રિય લાગવાપણું તેના ગ્રાહક ઉપર આધાર રાખે છે.) એ શ્લોક વડે આ વાત કંઈક સમજાઈ. તે વખતે તો ભગવાનમાં ભાવ સર્વોપરિ ને દૃઢ હોવા જોઈએ એવો પ્રેમદાસજીનો આગ્રહ હતો તે હું સમજતો હતો. પણ એ ભાવ અક્કલથી નિપજાવી શકાતો નથી એ વાત તે વખતે હું સમજતો ન હતો, પણ એ સમજતા હતા. એટલે આવી વાત વારંવાર ન સમજાવતા છતાં એ સાવ છોડતા યે નહિ. તે કહેતા કે એક યા બીજી રીતે પ્રયત્નથી કંઈ અસાધ્ય નથી.

જગ્યા વિશાળ હતી, સગવડ ઘણી હતી, પણ અમે મંદિરના ખુલ્લા ઓટલે સૂતા. સવારના ઝાંખા અજવાળામાં અમે કૂવે નાહ્યા. એક ધાબળી પહેરી હું હજી કૂવા પાસે ઊભો ઊભો નારાયણકવચનો પાઠ કરતો'તો ત્યાં પ્રેમદાસજી આવ્યા, મારી સામે જોતા હસતા ઊભા રહ્યા. પછી એકાએક મને ઊંચક્યો. અચાનક આ ન ધારેલો વિચિત્ર અનુભવ હતો. હું બથમાં ઊંચકાયો ને કોઈ ન સમજાય એવા આખા શરીરમાં આંચકા સાથે મારાં રુવાંડાં ઊભાં થઈ ગયાં; મન હરખમાં આવી ભરાઈ

ગયું; આંખમાં પાણી આવી ગયાં. મારા તરફની એમની લાગણીને કારણે અને આ ઊભરો આવ્યો હશે એમ આજે અનુમાન કરું છું. મારી સામે ગંભીરતા તથા વત્સલ સ્મિત સાથે જોતા તે બોલ્યા: 'બજાભાઈ, યે લડકા મુઝે દે દો. મૈં ઉસે મેરા ચેલા બના દૂં.' મારા પિતાએ કહ્યું: 'કોઈના આપી દેવાથી કોઈ કોઈનો ચેલો બની જતો હોય તો લઈ જાઓ.' 'ચેલા બને યા ના બને. ઉસમેં કુછ એસા હિ હૈ કિ વહ કુછ કરકે રહેગા.' કહી તેમણે મને નીચે છૂટો મૂકી માથે, ગાલે, ખભે, છાતીએ હાથ ફેરવી મારી સામે જોતાં પૂછ્યું: 'ક્યા તુ મેરા ચેલા બનેગા?'

કોણ જાણે કેમ, આ ચેલા બનવાની વાત મને જરાકે ન ગમી. પ્રેમદાસજીની મારા તરફની લાગણી મને ખૂબ ગમતી'તી, પણ ચેલા બનવું તે ન ગમતી ને સાવ નવી વાત હતી. ગિરનાર જતાઆવતા બાવાઓની જમાતોનો મને એવો પરિચય હતો કે બાવાઓ તરફ આત્મીયભાવ કદી થયો નથી. પ્રેમદાસજી અને રઘુનંદનદાસજી તેમાં અપવાદરૂપ ખરા. એ બેઉ મને બાવાની જમાતના લાગ્યા નથી. માથું હલાવી મેં ના કહી. તેમણે કહ્યું: 'કુચ્છ ફિકર નહિ; મુંડન કરને સે ચેલા નહિ બનતા, સમઝ સે ચેલા બન જાતા હૈ.'

તે પછી થોડી જ વારે તૈયાર થઈ અમે કોટડે જવા નીકળી ગયા.

રોજ રાતના ક્રમ મુજબ મારાં મોટી બા પાસે કંઈક વંચાતું. તેમાં એ દિવસોમાં ચંદ્રકાન્તના ચાર ભાગ વંચાતા. મારા પિતાએ તેમાંથી કલાકેક વાંચ્યું હશે. પછી બધાં મોટીબા પાસે બેસી વાતો કરતાં હતાં. સુવાનો વખત થઈ ગએલો ત્યારે પ્રેમદાસજી આવેલા. મને એમની પાસે બેસવા મન થયું, પણ સાંજે નદીએ જઈ તેમાં ખૂબ નાહવાથી થાકી ગએલો એટલે સૂઈ ગયો. વહેલી સવારે અંધારામાં ઊઠયો ત્યારે મારાં મોટીબા અને પિતા પૂજામાં બેઠેલાં. મારી બાએ મને કહ્યું કે ડેલીને ઓટે આખી રાત ધીમે ધીમે વાતો કરી પ્રેમદાસજી પરોઢમાં ઘંટી ફરવા લાગી ત્યારે અરડોઈ ગયા ને પિતા તથા મોટીબા નાહીને પૂજામાં બેઠાં.

પ્રેમદાસજીને મેં આ વખતે પહેલી વાર જોયા એમ ન હતું; ઘણા વખતથી ઓળખતો. પણ એના પ્રસંગો યાદ રહે તેવું તો ક્રમેક્રમે થવા લાગેલું. ઉપરના પ્રસંગને આગલે વર્ષે મારાં મોટીબાને રાજકોટથી વચમાં અરડોઈ રોકાઈને કોટડે જવાની ઈચ્છા થઈ. રીબડેથી વાહન ન મળે તેથી સ્ટેશને ગાડું મોકલવા મારા પિતાએ પ્રેમદાસજીને લખેલું. ઉનાળાના સવારે અગિયાર પછી ટ્રેઈન રીબડે આવી ત્યારે પાલાવાળો એકો લઈને પ્રેમદાસજી જાતે સામા આવેલા. મારાં મોટીબા સાવ અંધ, છતાં તેના પગમાં પડી તેમણે પ્રણામ કર્યા. ટ્રેઈનમાંથી ઊંચકી સામાન એકામાં મૂકવામાં મારા પિતાની આનાકાની છતાં તેમણે ઉપાડી મૂકયો. મેં જોયું કે એ ઉઘાડા પગે હતા. તડકો હતો. રસ્તામાં કયાંયે એકે ઝાડ ન હતું. બળદને હાલતો કરી એ એકામાં ન બેઠા. રાશ ઝાલી એક પડખે પ્રેમદાસજી ને બીજે પડખે મારા પિતા, એમ એ અરડોઈ સુધી ચાલતા આવ્યા. ગાડામાં ન જ બેસે એવો એમનો અફર નિયમ ન હતો, પણ મેં કે કોઈએ એમને ગાડામાં બેસતા જોયા કે સાંભળ્યા નથી. ગાયોની ઘણી સેવા કરતા. સવાર-સાંજ ગાયોને ગળે હાથ ફેરવતા, પંપાળતા, ખડ નીરતા ઘણી વાર જોયા છે. રાતમાં ગાય કે બળદ પોદળો કરે તો તરત ઊઠી એ પોદળો દૂર ઢસરડી લેતા. આપણે ગાયને ખીલે બાંધીએ છીએ એટલે તેને ગંદવાડમાં રહેવું પડે છે, એમ એ કહેતા. ગાય તરફની એમની માયા અસાધારણ હતી. છતાં એક રાતે એમને રોટલી સાથે દૂધ પીતા જોઈ મેં કહેલું કે દૂધ પીવામાં હિંસા છે. મહાત્મા ગાંધીજીએ દૂધ છોડયું છે. તમે ગોમાતા ગોમાતા બોલો છો છતાં દૂધ તો પીઓ છો!

તેમણે મને સમજાવેલું તેનો સાર આ, કે કેમ ન પીઉં? તું પોતે શા માટે પીએ છે? એ તો મારી મા છે. અને હિંસા કેવળ દૂધ પીવામાં નથી. રોટલી, શાક, જે કંઈ ખાઈએ છીએ તેમાં, પાણી પીવામાં, શ્વાસ લેવામાં પણ હિંસા છે જ. જીવન હિંસામય છે. કંઈક ને કંઈક હિંસા થયા જ કરે છે. કયા ઉદ્દેશથી હિંસા કરવી પડી છે એ વાત મહત્ત્વની છે. ઉદ્દેશથી હિંસા ક્ષમ્ય છે કે અક્ષમ્ય છે તેનો નિર્ણય થઈ શકે. પણ એક વાત તને કહેવાનું મન થાય છે તે એ કે કોઈની સાથે કોઈની સરખામણી ન હોય. મહાત્માની સરખામણી બાવા સાથે ન હોય, તેમ બાવાની સરખામણી બીજા સાથે ન હોય. ભાઈ ભાઈની યે સરખામણી ન હોય. દરેકને પોતાના જીવનનું ધ્યેય હોય છે. એ ધ્યેયને અનુલક્ષીને પોતે કેવું જીવે છે, એ વિચારવાની, જોવાની વસ્તુ છે.

પ્રેમદાસજીના જીવનની વિગતોની મને ખબર નથી. એ મેળવવા મેં પ્રયત્ન કર્યો નથી. ઈ. સ. ૧૯૩૩માં મેં તેમને પૂછેલું ત્યારે તેમણે કહેલું: 'દિન-રાત, ધૂપ-છાંવ, શરીરકા બચપન, જોબન આદિ અવસ્થા, પ્રસંગ, સબ આતેજાતે રહતે હૈં. લેકિન હમ જો હૈં વહી હૈં. દેખો હમ કયા હૈં.'

મારા નાનપણના નૃસિંહમંદિરના સ્મરણ સાથે એ સંકળાએલા છે. મૂળ જૂનાગઢના રહીશ ભટ્ટ અંબાશંકર કેવળરામે નૃસિંહમંદિરની સ્થાપના કરેલી. કૌટુંબિક આપત્તિઓ આવવા માંડયા પછી એ મુંબાઈ છોડી કોટડે આવી વસેલા અને શેષ વય મંદિરોના જીર્ણોદ્ધારમાં તથા જ્યાં ન હોય ત્યાં નવાં સ્થાપવામાં ગાળેલું. ખરડો કરી ફાળો કરતા. અરડોઈમાં એકે મંદિર ન હતું. ત્યાં જગ્યા લઈ નૃસિંહમંદિર બંધાવ્યું. તે જગ્યામાં હાટકેશ મહાદેવની સ્થાપના ઈ. સ. ૧૯૨૭માં થઈ. બંને પ્રસંગે જૂનાગઢના પરમ ભક્ત વ્યાસબાપા હાજર રહેલા. અંબાશંકર ભટ્ટ સામાન્ય રીતે અરડોઈ રહેતા, કેવળ ફળાહાર કરતા. મંદિરનો વહીવટ તેમણે પ્રેમદાસજીને સોંપી દીધેલો.

આ મંદિરે આવી રહ્યા ત્યારે શરૂઆતમાં પ્રેમદાસજીએ બગીચો બનાવ્યો ને તેમાં પોતા માટે જાતે મઢૂલી ચણી. એ મઢૂલીને દોઢેક ફૂટ ઊંચો, છ ફૂટ લાંબો ને સવા ફૂટ પહોળો ઓટો હતો. ઉપર છ ફૂટ લાંબી, ત્રણેક ફૂટ પહોળી ને ચાર ફૂટ ઊંચી ઓરડી. તેને બે નાનાં કમાડની, બહાર ઊઘડે એવી ત્રણ ફૂટની બારી. એ જ બારણું. ઓટે બેસી, હાથ ટેકવી ઊંચા થઈ બારીમાંથી અંદર પેસે. અંદર ઊભા ન થવાય. અંદર એક કોથળો, એના પર એ સૂએ. સામસામી ભીંતે ખીંતી. એક પર જાડા રુદ્રાક્ષની માળા, બીજી પર કમંડળ. બે વર્ષમાં જ આ મઢૂલીનું તેમણે જાતે વિસર્જન કર્યું. મંદિરને ઓટે કે પગથિયે, ડેલાને ઓટે કે પીપળા તળે, મન ફાવે ત્યાં સૂએ.. કયારેક કોથળો પાથરે. મેં જાતે જોયું નથી તેમ સાંભળ્યું નથી કે મંદિરમાં, મેડી ઉપર, ઓરડામાં કે અગાસીમાં, ખાટલે કે ગાદલે એ કયાં યે કદી સૂતા હોય.

સાયં-આરતી વખતે ભક્તોની ભીડ હોય. એનો યે એક આનંદ છે. પણ પ્રાતઃકાળની આરતી વખતે પૂજારી સિવાય ભાગ્યે જ કોઈ હોય. પ્રેમદાસજી કહે તો એ વેળા હું ઘંટા કે ઝાલર બજાવું; નહિ તો મને ફક્ત આરતી જોતાં ઊભા રહેવું ગમતું. એ એટલું ગમતું કે એ દર્શન માટે હું એકલો ઘણી વખત રાજકોટથી અરડોઈ જતો. પણ જો મારાં મોટીબા કોટડે હોય તો હું સાયં-આરતી જોઈ અરડોઈ રાત રહેતો, અને પાછલી રાતે, શિયાળો હોય તો યે મંદિરને કૂવે નાહી કોટડે જવા નીકળી જતો. કયારેક તો ઘડિયાળના અભાવે મધરાતે નીકળવા તૈયાર થતો ત્યારે પ્રેમદાસજી મને સવારની આરતીનાં દર્શન કરીને જવાનું કહેતા. પણ એક વાર મેં જ્યારે એમને કહ્યું કે અંધારામાં નાહી મારાં મોટીબા પૂજાની ઓરડીમાં મૂગાં બેસી માળા કરતાં હોય તે જોવું મને વધારે ગમે છે ત્યારે તે બહુ પ્રસન્ન થએલા. તે પછી કોક વાર હું ઊંઘી રહ્યો હોઉં તો તે મને જગાડતા. મને તેમણે પૂછેલું કે મોટીબાને પૂજામાં બેઠેલાં જોઈ પછી તું શું કરે છે? મેં કહ્યું કે કંઈ નહિ. ઠાકોરજી કને ઘીનો દીવો હોય

ને મોટીબા માળા ફેરવતાં હોય તે સામે બેસી જોયા કરું છું. એમણે કહ્યું : 'જૈસે યહાં બૈઠતે હો ઐસે? અચ્છા, અચ્છા. બૈઠ કે કેવલ દેખના ઔર કુછ બિનાબિચાર ઔર બિના હેતુ દેખના, ઉનકી ઔર મઝા હૈ.' આ વાત એમણે મને પછીથી સમજાવેલી, પણ તે મારે વિષે હોઈ અહીં અપ્રસ્તુત છે.

પ્રેમદાસજીનો એક જાણીતો પ્રસંગ છે. એક સાંજે આરતી પછી ભક્તો મંદિરના ઓટેથી ઊતરતા હતા. ત્યાં પગથિયાં પાસે કાળોતરો જોયો. નાગ! સાપ! કહેતા બધા ભડક્યા. ઘણા જણ દોડતા જઈ સાપ મારવાનાં સાધન લાવ્યા. ત્યાં મંદિરના ગર્ભદ્વારમાંથી દોડી આવી તરત હાથ ઊંચા કરી પ્રેમદાસજીએ કહ્યું કે થોભો. તમે રોજ પાંચ છ વરસથી ઉપદેશ લેવા આવો છો. કોઈ જીવને જરાકે દુઃખ ન થાય તેમ વર્તવા હું રોજ કહું છું. એ આટલા દિવસનો ઉપદેશ તમે સાવ ભૂલી ગયા? ગળે જ નથી ઊતર્યો? જે ઉપદેશ ટાણે કામ ન લાગે તે શું ધોઈ પીવો છો? દૂર ખસો. આમ કહી તેમણે રઘુનંદનદાસ પાસે આરતી મંગાવીને તે ઝુલાવતા નાગ સામે નમીને ગયા. નાગ ફેણ ઊંચી કરી ત્યાંથી ફર્યો ને બગીચામાં પેઠો. પ્રેમદાસજી પાછળ ગયા. બગીચામાંથી સીધે માર્ગે થઈ નાગ વાડામાં ને વાડો વીંધી હાથલા થોરની વાડમાંથી બહાર નીકળી ગયો. તે રાતે ઉપદેશ વખતે પ્રેમદાસજીએ સમજાવ્યું કે પ્રભુના દરબારમાં બધા જીવ સરખા છે, અને એમણે જ આપણને આ ધરતી પર મોકલ્યા છે. ધરતી સહુને માટે—માણસ, પશુપંખી, જીવજંતુ સહુને માટે સરખી છે. દરેકને જીવવાનો અધિકાર છે. આપણે સ્વાર્થ માટે જ રાગદ્વેષથી બીજા જીવ સાથે વેર કરીએ છીએ. એનાં આ જન્મે નહિ તો આવતે કોક જન્મે પરિણામ વેઠવાં તો પડશે જ. કારણકાર્યનો નિયમ બધે જ લાગુ પડે છે. વળી, વાત એ છે કે જેમ જીવ ખાવાનું શોધવા નીકળતો હોય છે તેમ દરેક જીવ પ્રેમનો ભૂખ્યો હોવાથી પ્રેમ મેળવવા નીકળે છે, શાંતિ શોધવા નીકળે છે. આપણે જેમ નદીકાંઠે કે મંદિરે જઈ બેસીએ તેમ. એવા જીવનો આદર કરો તો બહુ પ્રસન્ન રહે. સાપ કે વીંછી કરડવાના ઇરાદાથી જ બહાર નથી નીકળતા. એ જીવવા નીકળ્યા હોય છે, એમને લાગે કે એમની હાજરી આપણને નથી ગમતી તો એ ચાલ્યા જાય. પ્રેમ દેવો એક બાજુ રહ્યો ને એને મારી નાખવા દોડીએ એ આપણે કેવા? વળી પાછા આપણે કહીએ કે અમે તો માળા ફેરવીએ છીએ, દાનપૂન કરીએ છીએ, મંદિરે દર્શન કરીએ છીએ! દર્શન શેનાં કરો છો? દરેકમાં ભગવાન રહ્યા છે એ જોતા નથી, જોવા દરકાર કરતા નથી. ઠાકોરજીના દેહ ઉપરના વાઘા જુઓ છો કે સર્વવ્યાપક અંતર્યામીને જુઓ છો?

એમની એક વાત મને નથી સમજાઈ, ને તે એમની સમાધિ બાબત. લાગટ ચાર-છ માસ સમાધિમાં યોગી બેસે છે તેવું વાંચેલું, સાંભળેલું, પણ સમાધિ-અવસ્થા સાધવાની પ્રક્રિયા તથા સમાધિમાં બેઠેલા યોગી પ્રત્યક્ષ જોએલા નહિ. મંદિરમાં એક ખૂણે ભંડક જેવી ઓરડી છે. મેં સાંભળેલું કે એમાં પ્રેમદાસજી આઠઆઠ દિવસ સમાધિ માટે ચાલ્યા જાય છે. એ અંદર ઊતરે એટલે રઘુનંદનદાસજી બારણું બંધ કરી તાળું મારે, ને કહીને ગયા હોય તે દિવસે સવારે ઉઘાડી નાખે. ઈ. ૧૯૩૧માં હું એક વાર ગયો ત્યારે રઘુનંદનદાસજીએ કહ્યું કે પ્રેમદાસજી સમાધિમાં બેઠા છે ને આવતી કાલે ઊઠશે. બીજે દિ' સવારે બારણાનું તાળું અને સાંકળ ખોલી નાખ્યાં. પણ પ્રેમદાસજી તો લગભગ બપોરે બહાર આવ્યા ને સીધા કૂવે નાહવા ગયા. હું તરત ભંડકમાં ઊતર્યો. હવાની આવજા વગરની એ ભંડકમાં એક કોથળા સિવાય કૈં જ ન હતું. પાણી પીવાનું સાધન કે ખાળ, કશું જ ન હતું. બંધ ઓરડીમાં માણસ ચાર-છ કલાક જ રહે તો યે જે જાતની હવા થઈ જાય છે તેવી હવા ન હતી. મને આશ્ચર્ય થયું. પૂછું કોને? પ્રેમદાસજી સમાધિમાંથી ઊઠ્યા પછી બે દિવસ ભાગ્યે જ કંઈ બોલતા. છતાં મેં પૂછ્યું ત્યારે 'પછી તને સમજાવીશ' એમ તેમણે કહ્યું. પણ પછી અમારું મળવાનું ઘટી ગયું. ઈ. ૧૯૩૩માં મેં એમને સમાધિ વિષે પૂછ્યું ત્યારે પૂરતો સમય લઈને હું ગએલો નહિ. જવાબમાં ત્યારે તેમણે એ મતલબનું કહેલું કે જીવને આધિ, વ્યાધિ ને ઉપાધિ, ત્રણ બહુ હેરાન કરે છે. સમાધિ એવી અવસ્થા છે કે જે સિદ્ધ થવાથી આધિ રહેતી નથી કે આવતી નથી.

એક વખત તેમને કહીને હું રાજકોટ ગએલો કે આવતે શનિવારે સાંજે હું ચોક્કસ આવીશ. એ શનિવારે સાંજે આરતી પછી પૂછપરછ કરી તેમણે જ્યારે જાણ્યું કે રેલગાડી હજી ગોંડલ તરફ ગઈ નથી ત્યારે, શિયાળાની રાતે ઉજ્જડ રસ્તે છોકરો એકલો મૂંઝાય નહિ એ માટે તે સામે આવેલા ને અરધે રસ્તે મને મળેલા. મારી સાથે તે વખતે મારા મિત્ર લક્ષ્મીનારાયણ ર. વ્યાસ—'સ્વપ્નસ્થ' હતા.

એક પવિત્ર સ્વભાવના સાધુ આવેલા. મધુર કંઠે રોજ રામાયણની કથા કરતા. પણ ખાવાના ભારે શોખીન. પ્રેમદાસજી તેમને સંયમ રાખવાનું સૂચવતા. થવા કાળ ને સાધુને સખત ઝાડાઊલટી થયાં. ત્રણ રાત ને બે દિવસ પ્રેમદાસજીએ ખડે પગે સેવા કરી. એનાં ઝાડાઊલટી પોતે તરત જ સાફ કરતા, પગ દાબતા. પ્રેમદાસજીના આવા તો ઘણા પ્રસંગો છે. જેમ મને લાગતું કે પ્રેમદાસજી મને બહુ હેત કરે છે તેમ સહુ કોઇને લાગતું. એ એમનો સ્વભાવ હતો.

ઈ. સ. ૧૯૪૨માં કોટડા-સાંગાણીના ઠાકોર પ્રદ્યુમ્નસિંહજીના લગ્નપ્રસંગે કૌટુંબિક વ્યવહાર કરવા ભાવનગરથી હું ગએલો ત્યારે દરબારગઢમાં પ્રેમદાસજી મળી ગયા. એ પણ અરડોઈની જગ્યા તરફથી ચાંદલો કરવા આવેલા. મને કોટપાટલૂનમાં જોઈ કહ્યું : 'અબ તો સા'બલોક બન ગયા!' મેં જવાબ ન આપ્યો. ઘેર પધારવા વિનંતી કરી. એ આવ્યા. ઓસરીમાં જ્યાં મારાં મોટીબા આસન નાખી બેસતાં તે જગ્યાએ નમસ્કાર કરી બેઠા. કૌટુંબિક કુશળતા પૂછી. પછી મને એ ભાવનું કહ્યું કે તું કેટલો ભાગ્યવાન છો તેનો તને ખયાલ નથી. કોટ્યાધિપતિને ત્યાં જન્મ થવો એ આર્થિક ભાગ્ય છે, પણ જે ઘરમાં મોટીબા જાતે ભગવતી છે અને પિતા સંત સ્વરૂપ છે ત્યાં જન્મ હોવો એ તો પારમાર્થિક સદ્ભાગ્ય છે. તેં જે મોટીબા પાસેથી મેળવ્યું હોય તેની વાત કર.'

મેં કહ્યું કે મેં કંઈ મેળવ્યું નથી. ફક્ત એ જે બોલતાં તે બને તેટલું મેં નોટોમાં ઉતારી લીધું છે. થોડુંક કંઠે કર્યું છે.

'કંઠસ્થનો શો અર્થ છે?' તેમણે પૂછ્યું. પણ એ પ્રશ્ન ન હતો.

મેં કહ્યું : 'તમે પણ રામાયણ કંઠસ્થ કરી જ છે.'

'ઠીક વાત છે.' તેમણે કહ્યું : 'જીવનને એકરૂપ કરવાને માટે કંઠસ્થ કરવું એ સારી વાત છે. મૂળ ઉદ્દેશ જીવનનો છે, એ ન ભૂલવું. રામાયણની ચોપાઈઓ રામજીને યાદ રાખવા માટે છે. રામજી યાદ રહી ગયા. હૃદયાકાશમાં મૂર્તિમંત રહ્યા તો પછી ચોપાઈઓ યાદ રહે કે ના રહે, કોઈ જરૂર નથી. તું વજાભાઇનો પુત્ર છો, તારી મોટીબાનો તું દેહધારી ઉપદેશ બની રહે તો હું પ્રસન્ન, સંતુષ્ટ થઈ જાઉં. તું બનશે તો ખરો, પણ એ ક્યારે? હું તો ખુદ જોવાની ઇચ્છા રાખું છું.'

આજે એમનાં એ વાક્યો સાથે વિચારતાં લજ્જાથી માથું નમી જાય છે. મારી કેટલી મર્યાદા, લઘુતા, પામરતા! અનુકૂળતા ને સાધનનો ઉપયોગ ન કરી શક્યો. પણ એ કંઈ નોંધવાનો અર્થ નથી. મને તો એમના એ વાક્ય પાછળ એમનું કેવું વાત્સલ્ય હતું, કેવી ને કેટલી સહાયરૂપ થવા તત્પરતા હતી, મારામાં કેવી આશા હતી એ મુખ્ય યાદ રહ્યું છે.

એ પછી તો અમારે કદી મળવાનું બન્યું નથી. કાળનો પ્રવાહ એક બાજુથી સંયોગ તો બીજી બાજુથી વિયોગ સર્જતો જ જાય છે. એ વિયોગમાં એમની સ્મૃતિથી વિશેષ યોગ ત્યારે બનતો અનુભવું છું કે જ્યારે જનારના મારા તરફના અહેતુક પ્રેમમાં મારું હૃદય ડૂબી જાય છે, તદાકાર બની રહે છે. □

ભારતીય મંદિર-સ્થાપત્યનાં વિવિધ અંગ [૫]

# ઘૂમટ


લેખક • હરિપ્રસાદ સોમપુરા

ભારતીય શિલ્પશાસ્ત્રોમાં પરંપરાગત શૈલીયુક્ત મંદિરોના વિતાન (ગુંજબ અથવા ઘુમ્મટ)ના એક હજાર એકસો તેર વિવિધ પ્રકારોનાં વર્ણન મળે છે. અલબત્ત, આકારની દૃષ્ટિએ તો વિતાનોના મુખ્યત્વે ચાર જ પ્રકાર જોવા મળે છે: 'ક્ષિપ્તાનુક્ષિપ્ત,' 'ઉદિતાની', 'સમતલ' અને 'ગોળ. આ ચાર મુખ્ય પ્રકારોમાં ઉપર કહ્યા મુજબ ૧૧-૧૩ વિવિધ પ્રકાર આપણાં પ્રાચીન મંદિરોમાં જોવા મળે છે. પ્રાચીન ને અર્વાચીન મંદિરોનાં વિતાનોનો આ દૃષ્ટિએ અભ્યાસ કરવા જેવો છે.

પશ્ચિમ ભારતનાં મંદિરોનાં વિતાન ભારતના અન્ય પ્રાંતોનાં વિતાનથી અનેક રીતે ભિન્ન છે. દેખાવમાં તે આકર્ષક લાગે છે. વિશેષ અલંકૃત હોવાને કારણે તેનો સૌન્દર્યમંડિત આકાર આપણી દૃષ્ટિએ આશ્ચર્યમાં ઝબોળ્યા જ કરે છે. તેની પ્રમાણબદ્ધતા સમગ્ર પ્રાસાદને અનુકૂળ હોય છે. આ વિતાનનાં ગાણિતિક શાસ્ત્રનાં માપો શિખર તેમ જ આગલી ચોકીને નવું પરિમાણ બક્ષે છે. આંતરબાહ્ય દૃષ્ટિએ આ વિતાનો મુખ્યત્વે ચાર વિવિધ પ્રકારોમાં વહેંચાયા છે. પહેલો પ્રકાર તદ્દન સાદો છે. શિલ્પીઓની બોલચાલની ભાષામાં આને સમતલ ઘૂમટ—કૃત્રિમ છત (ફૉલ્સ સીલિંગ) કહે છે. માનવી છેક પ્રાચીન કાળે ગુફા કંડારતો ત્યારથી આ પ્રકાર અસ્તિત્વમાં છે. અન્ય પ્રકારોમાં જેવો ઊપસેલો ઘૂમટ હોય છે, તેવો આ અર્ધગોળાકારમાં કે પિરામિડ જેવા ત્રિકોણ, યા ચતુષ્કોણ આકારમાં હોતો નથી. સભામંડપના સ્તંભો ઉપર અથવા તેની બાજુના કિંવા સમ્મુખની ચોકીના સ્તંભો ઉપર આવી સમતલ છત જોવા મળે છે. સાદી ભાષામાં કહેવું હોય તો એમ કહી શકાય કે સ્તંભ ઉપરનો આ સ્લૅબ છે. તે તદ્દન સપાટ સ્થિતિમાં હોય છે. શિલ્પીઓ સ્તંભ ઉપર પથ્થરના છાતિયા ગોઠવી આવા સમતલ ઘૂમટની રચના કરે છે.

'ક્ષીરાર્ણવ'માં નોંધાયું છે કે સર્વ પ્રકારોના મંડપોની મધ્યમાં તેના ઢાંકણ રૂપે કશોક આકાર રચવાની જરૂર ઊભી થઈ. ઉત્પત્તિકાળે સપાટ ઢાંકણ (છાતિયા) ઢાંકવામાં આવતા. પાછળથી ઢાંકણને અલંકૃત કરવાની પ્રથા અમલમાં આવતાં તે સમતલ પ્રકારનો ઘૂમટ થયો. પ્રાસાદમાં વિતાનનું સ્થાન ગર્ભગૃહની સામે, અંતરાલ-મંડપ, રંગમંડપ, નૃત્યમંડપ, સભામંડપ કે ભોગમંડપ જેવા મંડપોની ઉપર હોય છે. મંદિરમાં દાખલ થતાં જ સમ્મુખ ચોકી આવે, ત્યાં આવા સમતલ ઘૂમટ હોય; પછીના મુખ્ય મંડપ ઉપર મુખ્ય વિતાન હોય. બાજુની બંને ચોકીઓમાં પણ બહુધા સમતલ ઘૂમટ હોય. વિતાન મંડપના સ્તંભો ઉપર આકાશની જેમ ઝળૂંબતી સ્થિતિમાં હોય છે.

સમતલ ઘૂમટમાં ઉપરથી (બાહ્યભાગે) પ્લાસ્ટર કિંવા આરસ લગાડી લેવાય છે, જ્યારે અંદરથી ત્રિકોણ, ચતુષ્કોણ, ષટ્કોણ, અષ્ટકોણ, ગોળ આદિ ભૌમિતિક આકારોથી અલંકૃત શોભન કંડારવામાં આવે છે. સામાન્ય રીતે આવી ચોરસ (ફ્લૅટ) છત મંદિરની આજુબાજુની નાની ચોકીઓમાં જોવા મળે છે. મુખ્ય વચલા ઘૂમટમાં ક્વચિત જ જોવા મળે. પ્રાચીન કાળે આવી સમતલ છતોની રચના થતી. હાલમાં તો જે પ્રાસાદોમાં વિશેષ ખર્ચ ન કરવો હોય ત્યાં એ છતો જોવા મળે છે. દક્ષિણ-પ્રદેશોમાં આવી સમતલ છતોમાં અશ્વ, ગજાદિ જેવાં વિવિધ પ્રાણીશિલ્પો, હંસ, પોપટાદિ જેવાં પંખીશિલ્પો, વીરરસયુક્ત યુદ્ધશિલ્પો, વિવિધ રસયુક્ત નૃત્યશિલ્પો, શૃંગારચેષ્ટાઓ, વિવિધ પ્રકારના વાજિંત્રવાદકો કે દ્વારપાલોના શિલ્પો કંડારાય છે. એ પ્રદેશના ઘૂમટોની વિશેષતા એ છે કે એમાં ક્યાંય જરા શી ય ખુલ્લી, છૂટી જગ્યા કંડાર્યા વિનાની રહેવા દેવામાં આવતી નથી. તે એટલી હદ સુધી કે શોભનના પ્રમાણના ભોગે ય તેઓ કોતરણી કર્યે જ ગયા છે. છેવટ કોઈ અન્ય ભાત ન મળે તો,



△ અર્ધગોળ હિંદુ ઘૂમટ અને (જમણી બાજુના) બે મુસ્લિમ ઘૂમટના આકાર વચ્ચેનો તફાવત


વિવિધ પ્રકારનાં નાનાંમોટાં ગોળ ચકો ત્યાં કંડારવામાં આવ્યાં છે. જ્યારે પશ્ચિમ ભારતમાં બહુધા ભૌમિતિક આકારો કંડારવાની પ્રથા હતી.

બીજા પ્રકારના વિતાન એટલે કે 'ક્ષિપ્તાનુક્ષિપ્ત' પ્રકાર અને 'ઉદિતાનિ' પ્રકારના ઘૂમટમાં થોડો તાત્ત્વિક ભેદ છે. ક્ષિપ્તાનુક્ષિપ્ત પ્રકારના ઘૂમટમાં કાચલાના થરો ઊંચે ચડી વળી નીચે ઊતરે છે. જ્યારે ઉદિતાનિ પ્રકારના ઘૂમટમાં કોલ—કાચલાના થરો ઊંચે ને ઊંચે ચડતા જાય છે. એટલે સ્વાભાવિક રીતે જ ઉદિતાનિ પ્રકારના ઘૂમટમાં વચલી પદ્મશિલા ક્ષિપ્તાનુક્ષિપ્ત પ્રકારના ઘૂમટ કરતાં વિશેષ ઊંડી લાગે છે. ક્ષિપ્તાનુક્ષિપ્ત પ્રકારનો ઘૂમટ ઊંડાઈની દૃષ્ટિએ થોડો સપાટ લાગે છે. ઝુમ્મરની જેમ તે લટકતો જણાય છે. જ્યારે ઉદિતાનિ પ્રકારનો ઘૂમટ આકાશી ચંદરવાની જેમ વિશેષ ઊંડો ભાસે છે. પશ્ચિમ અને મધ્ય ભારતમાં ક્ષિપ્તાનુક્ષિપ્ત પ્રકારના ઘૂમટો વિશેષ જોવા મળે છે. પંચાસરા, પાટણ, આબુ-દેલવાડા વગેરેમાં આ પ્રકારના ઘૂમટો છે.

ઉદિતાનિ પ્રકારના ઘૂમટમાં વિવિધ થરો પદ્મશિલા સુધી કંડારાય છે. તેમાં કર્ણદાદરિકા, રૂપકંઠ, કોલ અને કાચલાના થરો કંડાર્યા પછી વચ્ચે ઝુમ્મરની જેમ લટકતી પદ્મશિલા કંડારવામાં આવે છે. કેટલીક જગ્યાએ ત્રણ કોલ અને એક કાચલું કંડારવાની પ્રથા છે. કર્ણદાદરિકા પછીના રૂપકંઠમાં દેવાંગના, નૃત્યાંગના, યુદ્ધનાં દશ્યો, મહાભારત-રામાયણ કે જૈનોની દેવકથાનાં પ્રસંગશિલ્પો, અને વિવિધ પ્રાણીઓનાં શિલ્પો આદિ કંડારવાની પ્રથા જોવા મળે છે. ઉદિતાનિ પ્રકારના ઘૂમટમાં મંડપના સ્તંભના મથાળે દેવાંગના, નૃત્યાંગના, ૧૬ વિદ્યાદેવીઓ આદિની પૂર્ણ કદની મૂર્તિઓ મૂકવાની પ્રથા છે. દેખાવમાં આ પ્રકારનો ઘૂમટ તેની બારીક અલંકૃતિ તેમજ ઊંડાઈને કારણે સુંદર લાગે છે.

'ક્ષીરાર્ણવ'માં આ પ્રકારના ઘૂમટ રચવા માટે, તેનાં વિવિધ અંગોનાં પ્રમાણોનાં માપ આ પ્રમાણે આપ્યાં છે: 'મંડપની અંદર, ઉપરના ભાગે અષ્ટાંશ, સોળાંશ, બત્રીશાંશ આદિના થરો મૂક્યા પછી ગોળ થર ફેરવવો. તેના વિસ્તારના ૬૬ ભાગ કરવા. એટલે ઉદયના અર્ધ અર્થાત્ ૩૩ ભાગના થરો આ પ્રમાણે ગોઠવવા, કર્ણદાદરીનો થર સાત ભાગનો અને તેનો એટલો જ ભાગનો નીકાળો રાખવો. તેની ઉપર રૂપકંઠનો પાંચ ભાગનો થર મૂકી બે ભાગનો નીકાળો રાખવો. બન્ને કાચલાના થરો છ ભાગના કરવા અને કોલના થર અનુક્રમે પાંચ અને ચાર ભાગના કરવા. આ રીતે ૩૩ ભાગના છ થરો ચડાવ્યા પછી, વચ્ચે બારીક અલંકૃતિ ધરાવતી પદ્મશિલા મૂકવી'.

મુંબઈમાં કોલ-કાચલાવાળા ઘૂમટ શિવ, પાર્લા, ઘાટકોપર, ભાયખલા અને શહાડમાં જોવા મળે છે. આ બધા પોરબંદરના પથ્થરમાંથી કંડારવામાં આવ્યા છે, જ્યારે રાજસ્થાનમાં તે આરસના કોતરાયા છે. સંગમનેરમાં હિંમતનગરના પથ્થર વપરાયા છે. આ પ્રકારના ઘૂમટના બાહ્ય ભાગે તરસટિયું કિંવા સામરણની રચના કરવામાં આવે છે. અર્થાત્ આ પ્રકારના ઘૂમટનો બાહ્ય ભાગ અર્ધગોળાકાર નથી હોતો પરંતુ ઘંટા અને કલશયુક્ત વિવિધ પ્રકારના ખાંચખૂંચથી તે ભરેલો હોય છે, ને તેથી



△ અમદાવાદના મુસ્લિમ સ્થાપત્યમાં હિંદુ પ્રભાવનું અદ્વિતીય એવું સુંદર સંમિશ્રણ થયેલું છે. ત્યાંની જુમા મસ્જિદમાં સ્ત્રીઓને બંદગી કરવા માટેના સ્થાન–મુલુકખાનાના ઘૂમટની છતનું આ શોભન શિલ્પ એનું ઉદાહરણ છે. એમાં કેન્દ્રમાંથી શરૂ થઈ મોટું થતું થતું છેવટ પાછું પાતળું થઈ અદૃશ્ય બની જતું વળદાર શિલ્પ શિલ્પીનાં કલાકૌશલ ને ચાતુરી દર્શાવતું શોભન જુઓ.

સામેના પાના પર દેલવાડાનાં જૈન મંદિરોના છત-ઘૂમટોમાં ગુજરાતી શિલ્પીઓએ કમળપુષ્પો ને ભૌમિતિક આકારોથી રચેલી શોભનપચુર શિલ્પલીલા. (ફોટો • વિક્રમ દલાલ) ▽

ભારે ખર્ચાળ હોય છે. વળી, કલાની દૃષ્ટિએ પણ તે કોતરવામાં અઘરા પડે છે. ક્વચિત કારીગરો અને દ્રવ્ય વિના ઘૂમટ કંડારી શકાતા નથી.


મુસ્લિમ રાજ્યકાળમાં ભારતીય પદ્ધતિના અલંકૃત ઘૂમટના સ્થાને અર્ધગોળ ગુંબજ થવા માંડયા. પથ્થરની જગ્યાએ ત્યાં ઈંટ વપરાવા લાગી, એટલે ખર્ચમાં તે સસ્તો પડવા માંડયો. વળી, તે અંદરબહારથી સાદો —અર્ધગોળાકાર—હોવાને કારણે સામાન્ય કડિયાઓ પણ તે કરી શકવા માંડયા, જેથી હિંદુ-રૂઢિચુસ્ત કારીગરો સિવાય પણ તેઓ આ પ્રકારનાં સ્થાપત્યો રચી શકવા માંડયા. તાજમહાલ, બીજાપુરનો ગોળ ગુંબજ વગેરે મુસ્લિમ કાળના મહત્ત્વના ગુંબજો છે.

મુસ્લિમ રાજ્યશાસનની અસર તળે ભારતીય સ્થાપત્યોએ પણ તેની કેટલીક અસરો ઝીલી છે. દા. ત. ગુંબજની રચના, સ્થાપત્યોમાં વેલબુટ્ટાનું સ્થાન, પથ્થરમાં જાળી કંડારવી વગેરે.

પરંતુ, આપણા ઘૂમટમાં અને મુસ્લિમોના ગુંબજમાં થોડો ફેર છે. ભારતીય પ્રણાલિકાના ગુંબજ અર્ધગોળ હોય છે, જ્યારે મુસ્લિમ સ્થાપત્યોના ગુંબજ ૩/૪ ગોળાઈ ધરાવે છે. એટલે કે ગોળાઈમાં તે અર્ધાથી વધારે—પોણા—જેટલો હોય છે. આ પ્રણાલિકા જ તાજમહાલને હિંદુ સ્થાપત્ય ગણાવતા એક સંશોધકને ખોટા પાડે છે. મુસ્લિમોની કોઈ પણ મસ્જિદોના ગુંબજને હવે તમે કોઈ પણ ભારતીય સ્થાપત્યના ગુંબજ સાથે સરખાવી જોજો. ગોળાઈમાં રહેલો આ ફેરફાર તમને સ્પષ્ટપણે દેખાશે.

વળી, ૧૬મી સદી સુધી ૫-૭-૯-૧૧ એમ એકી સંખ્યાના ગલતાના નીકાળા કાઢી સાદા ઘૂમટ કરવાની પ્રથા હતી જ. મુંબાઈના કિંગ્સ સર્કલ, થાણા, આદિનાં જૈન મંદિરો આવા અર્ધગોળાકારે છે. તે બાહ્ય ભાગે એકી સંખ્યાના ગલતાના નીકાળાથી સુશોભિત છે, જે વચ્ચેના કમળના ફૂલમાંથી પ્રકટી છેક નીચે સુધી આવે છે, જેથી ઘૂમટ મજબૂત થાય છે તેમ જ સુંદર દેખાય છે.

ભારતીય સ્થાપત્યોમાં જે પ્રકારનાં અલંકૃત વિતાનો કંડારવામાં આવતા હતા તે પ્રમાણમાં વિશેષ કલાત્મક હોવાથી કોતરવામાં વધુ સમય લેતા અને ખર્ચની દૃષ્ટિએ મોંઘા પડે તેવા હતા. તેથી પાછળથી ગુંબજની સાદી પ્રથા અમલમાં આવી. મુસ્લિમ કાળ પછી આ પ્રથાનો ઉપયોગ પ્રમાણમાં વિશેષ થવા માંડયો. પરંતુ કેટલાક લોકોને આ તદ્દન સાદી લાગતી અર્ધગોળાકાર ગુંબજની પ્રથા સૌંદર્ય તેમ જ સ્થાપત્યની દૃષ્ટિએ બરાબર ન લાગી. તેથી શિલ્પીઓએ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી અંદરથી ગોળાઈવાળો ગુંબજ કરવાનું ચાલુ રાખ્યું, જ્યારે બહારથી સામરણ કિંવા તરસટિયું બનાવવા લાગ્યા, જેથી સ્થાપત્ય બહારથી અલંકૃત કોતરણીવાળું લાગે જ્યારે અંદરથી અર્ધગોળ જ હોય. પણ પછી અંદરથી યે ઓછા ખર્ચે સુશોભિત કરવાનો પ્રશ્ન આવ્યો ત્યારે પાલીતાણાના પ્રસિદ્ધ શિલ્પી-સ્થપતિ શ્રી હરગોવિંદદાસે સોમપુરાએ એક નવી પ્રથા શરૂ કરી, જેને કિંગ્સ સર્કલના વાસુપૂજ્ય જૈન મંદિરે સૌપ્રથમ સ્વીકારી.



લઘુકથા

# 'ની'

મૂળ લેખક: 'બનફૂલ' અનુ.: સુકન્યા ઝવેરી

એનું નામ હતું મનોમોહિની. હું એને 'ની' કહીને બોલાવતો. અમારી એકની એક દીકરી નીલા. એ હમણાં વિલાયતમાં ભણે છે. તેને ખબર દેવાની છે. પણ નથી દઈ શકતો. ક્યાંનો ક્યાં ય પહોંચી જાઉં છું. વારંવાર બે પત્રો તો લખીને ફાડી નાખ્યા. ફરી લખવા માંડયું:

વહાલી દીકરી નીલા,

માનું છું તું કુશળ હોઈશ. તું તો જાણે છે કે દરેક શિવરાત્રીએ તારી મા ઉપવાસ કરે છે, અને રાતના પ્રત્યેક પહોરે શિવમંદિરમાં જઇને પૂજા કરે છે. તારા મામાના ઘર પાસે પેલા પુરાણા શિવમંદિરમાં તો તું ઘણી વાર ગઈ છો—થાણા પાસેનું પેલું મંદિર. અત્યારે ચારે કોર એના ફરતું જંગલ થઈ ગયું છે. મંદિર ભાંગી ગયું છે. પણ 'ની' એ મંદિર સિવાય બીજે ક્યાંય પણ જતી નહોતી. આ ફેરે પણ ગઈ હતી. તે દિવસે નોકર નહોતો આવ્યો. મારા ય ઘૂંટણનું દર્દ જરાક વધી ગયું હતું. 'ની' મધરાતે એકલી જ ગઈ હતી. મંદિરમાં કોઈ નહોતું. 'ની' શિવલિંગ સામે દીપ પ્રકટાવી આંખો મીંચી બેઠી હતી. કેટલી વાર બેઠી હશે શી ખબર. અચાનક આંખો ખોલી સ્તંભિત થઈ ગઈ એ! સામે સ્વયં મહાદેવ બેઠા હતા. ધવલકાંતિ જ્યોતિર્મય એ મહાકાળના ગળાને વળગી રહ્યો હતો એક વિષધર—ગોખરા ફણા માંડીને! મહાદેવના નયનમાં પ્રસન્ન દૃષ્ટિ. તેઓ બોલ્યા: 'તારી પૂજાથી હું સંતુષ્ટ થયો છું. માગ માગ જે માગે તે આપું'...'જે આપ દેશો તે લઈશ'—'ની' સંકોચ સહ બોલી...'જા, હું તને અમરત્વ આપું છું'...'પ્રભુ,હું એકલી અમરત્વ લઈને શું કરું? 'એ' અને નીલા જો—'...'તેઓ તો મારી પૂજા નથી કરતાં. એમને શી રીતે દઉં?'...'તો પછી હું અમરત્વ ઇચ્છતી નથી.'...

આ શું? ફરી પાછો બધો ગોટાળો થઈ ગયો. હું ફરી આડે રસ્તે ચડી ગયો...

આ કાગળ પણ ફાડી નાખવો પડયો.

પણ શી રીતે નીલાને ખબર દઉં? કે તારી મા મધરાતે ગામડાગામમાં શિવમંદિરમાં પૂજા કરતાં સર્પદંશથી મરી ગઈ છે. એટલું જ લખી દઉં? ના એ તો મારાથી નહિ બને. □

---

ઘૂમટના આંતરિક ભાગના દરેક થરમાં મહાવીર સ્વામીના ઉપસર્ગો, ચંદનબાળા ચરિત્ર, ૧૬ વિદ્યાદેવીઓ તથા ૯ ગ્રહોની સિમેન્ટમાં ઉપસાવેલી પ્લેટો બનાવીને અંદરથી ચોંટાડી દેવામાં આવી, જેથી નીચે મંડપમાંથી દૃષ્ટિપાત કરનાર ભાવકની નજરે આ પ્રસંગશિલ્પો ચડે. ખર્ચની દૃષ્ટિએ સસ્તી આ કલાત્મક રચનાના સર્જક શ્રી હરગોવિંદદાસે વાલકેશ્વરના જૈન મંદિરમાં ઋષભદેવ (આદિશ્વર) ચરિત્રની અર્ધગોળાકાર પ્લેટો જડી છે. નંદરબારના સાદા ઘૂમટને પણ તેમણે આવી જ રીતે અલંકૃત કર્યો છે.

ઘૂમટમાં સિમેન્ટનાં શિલ્પ ચોંટાડવાની આ પ્રથા ભારતમાં સૌ પ્રથમ શરૂ કરવાનું માન કિંગ્સ સર્કલના જૈન મંદિર ને આ કલાકારને ફાળે જાય છે. કહેવાય છે કે ભારતીય સ્થાપત્યકળાને જીવંત રાખવામાં જો કોઈ બે કોમને સંભારવી હોય તો તે છે જૈનો અને સોમપુરા શિલ્પીઓ. એકે સ્થાપત્યરચના માટે આર્થિક જવાબદારી ઉપાડી તો બીજીએ સ્થાપત્યને જીવંત રાખવા નવીનવી રીતો શોધી કાઢી.

આમ, ક્ષિપ્તાનુક્ષિપ્ત અને ઉદિતાનિ પ્રકારના અલંકૃત ઘૂમટમાં એક નવો પ્રકાર ઉમેરાયો. (ચાલુ)

અનુસંધાન] રમાબાઈ [પૃષ્ઠ ૪૫૦ થી

• બાળકોના ઉદ્યાન-શિક્ષણ પદ્ધતિની એટલે કે કિંડરગાર્ટન શિક્ષણપદ્ધતિની શરૂઆત રમાબાઈએ ભારતમાં કરી. • અંધોને વાંચવાની કલા શીખવવાની પ્રથમ શરૂઆત પણ રમાબાઈએ જ ભારતમાં કરી. • આર્થિક સ્વતંત્રતા મેળવવા માટે સ્ત્રીઓને ઉદ્યોગોનું શિક્ષણ આપવું જોઈએ એવો પ્રચાર કરી એ દિશામાં રમાબાઈએ પહેલ કરી. • હિંદી રાષ્ટ્રભાષા થવી જોઈએ અને દેવનાગરી રાષ્ટ્રલિપિ થવી જોઈએ એવો ઈશારો રમાબાઈએ નેતાઓને આપ્યો. • કૉંગ્રેસમાં સ્ત્રીઓને પ્રતિનિધિત્વ મળવું જોઈએ એવું આગ્રહપૂર્વક પ્રતિપાદન કરી, રાનડે જેવા ધુરંધરોનો વિરોધ હતો તો યે મહાસભાના અધિવેશનમાં પહેલું સ્ત્રી-પ્રતિનિધિમંડળ લઈ જનાર અને તેનું પ્રમુખત્વ કરનાર રમાબાઈ જ હતાં. • પ્લેગના દિવસોમાં સરકારી અધિકારીઓના વર્તનની પ્રખર ટીકા કરી ઈંગ્લિશ પાર્લમેંટમાં અવાજ ઉઠાવી ગવર્નરને ચૂપ બેસાડનાર વીરાંગના રમાબાઈ હતાં. આ જ બાબતમાં ગોપાળ કૃષ્ણ ગોખલેને માફી માગવી પડી હતી એ કેટલાક વાચકોને યાદ હશે. • ઈંગ્લૅન્ડની રાણીને માન આપવાને બદલે આપણે માતૃભૂમિને માન આપતાં શીખવું જોઈએ એવું રમાબાઈએ કહ્યું. • વિધવાશ્રમ સ્થાપન કરી, વિધવાઓને આશ્રય આપનાર ઋષિતુલ્ય માતા હતાં રમાબાઈ. • ખાદીની શરૂઆત કરનાર ભારતમાંની અગ્રેસર રાષ્ટ્રભક્ત તે રમાબાઈ. • જેના ઉદાહરણથી ઇંડોનેશિયા જેવા દેશમાં સ્ત્રી-સ્વાતંત્ર્યનો પવન શરૂ થયો તે દેશભક્ત રમાબાઈ....આ બધાંનું વિસ્તારથી વર્ણન કરવાની જગ્યા ન હોવાથી માત્ર ઉલ્લેખ જ કર્યો છે.

રમાબાઈએ ધર્માન્તર કર્યું તેથી લોકોએ એમની આકરી ટીકા કરી. પણ યાદ રાખવા જેવું એ છે કે એમના ચારિત્ર્ય વિષે કોઈએ એક શબ્દ પણ ઉચ્ચાર્યો નથી. એ સચ્ચરિત્ર હતાં અને સાચા બ્રાહ્મણને શોભે એવું એમનું આચરણ શુદ્ધ હતું. એમણે ધર્મ બદલ્યો પણ એમનું માનસ બ્રાહ્મણનું—એટલે હિંદુનું જ રહ્યું. એમને ઇશ્વરને વ્યક્તિ તરીકે ભજવો હતો. એવા માણસને ઈશુ જેવો પવિત્ર પુરુષ ભાગ્યે જ મળી શકે. આહાર-વિચાર-પરિવેશમાં રમાબાઈ હંમેશાં હિંદુ રહ્યાં. એ સ્વદેશી સફેદ કપડાં પહેરતાં: ફૅશન કે એવું કંઈ એમને કોઈ દિવસ ગમ્યું નહિ. ઇંગ્લૅંડ-અમેરિકામાં રહ્યાં ત્યાં પણ એ આહારમાં શુદ્ધ શાકાહારી બ્રાહ્મણ રહ્યાં—એટલી હદ સુધી કે એમના આહારમાં ડુંગળી કે લસણને પણ સ્થાન ન હતું!

મનોરમાનું અવસાન ૧૯૨૧ના જુલાઈની ૨૪મી એ થયું. ૧૯૨૨ની પાંચમી એપ્રિલે રમાબાઈ મૃત્યુ પામ્યાં. મરાઠીમાં પંડિતા રમાબાઈનાં પાંચેક અને અંગ્રેજીમાં તો સાતેક ચરિત્રો બહાર પડયાં છે. □

## ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળની ખમીરવંતી સ્પર્ધાઓ

સમગ્ર ગુજરાતમાં વ્યાયામ અને રમતગમતની પ્રવૃત્તિઓના વ્યાપ અને વિકાસમાં ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળનો નક્કર ફાળો સર્વવિદિત છે. આ સંસ્થાએ ગુજરાતનાં યુવક-યુવતીઓનાં ખમીરને પડકારતી 'પાવાગઢ ચઢાણ સ્પર્ધા' પાવાગઢ ખાતે તા. ૩૦-૧-૧૯૭૭ના રોજ તથા યુવકો માટે ૪૨ કીલોમીટર અંતર તેમજ યુવતીઓ માટે ૨૦ કીલોમીટર અંતર દોડવાની નાથાલાલ દેસાઈ દોડ સ્પર્ધા તા. ૬-૨-૧૯૭૭ના રોજ વડોદરા ખાતે હાઇવે રોડ પર યોજવાનું નક્કી કર્યું છે. આ ઉપરાંત વ્યાયામશાળાઓની પ્રવૃત્તિઓને ઉત્તેજન મળે તથા તેમનો સ-રસ પ્રચાર અને વિકાસ થાય તે હેતુથી તા. ૫-૨-૧૯૭૭ના રોજ વડોદરા મુકામે પ્રથમ ગુજરાત વ્યાયામ મહોત્સવ યોજવામાં આવશે. આ દરેક સ્પર્ધાના વિજેતાઓને આકર્ષક પારિતોષિકો તથા સંસ્થાને ફરતો શીલ્ડ આપી સન્માનવામાં આવશે. ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપલાનો સંપર્ક સાધવાથી આ દરેક સ્પર્ધાની વિગતવાર માહિતી મળી શકશે.

## અંગ્રેજી સાહિત્યનું આચમન

### સત્તરમા સૈકાની કવિતા
### રિચર્ડ ક્રૅશૉ



કવિ હર્બર્ટનો ભારે પ્રશંસક તેમ જ એનાં કાવ્યોની પ્રબળ પ્રેરણા ઝીલનાર રિચર્ડ ક્રૅશૉ—Richard Crashaw—(૧૬૧૨-૧૬૪૯)-ને જ્હૉન ડન અને હર્બર્ટની હરોળમાં અધ્યાત્મવાદી કવિ ગણવામાં આવે છે. પણ ક્રૅશૉનાં કાવ્યોનું શિલ્પ (technique) એ બંને કવિઓની કવિતા કરતાં નિરાળું છે. એણે પ્રશિષ્ટ કવિતાના નમૂના સેવ્યા છે ખરા, પણ તેમાં તેણે સ્પેઇન અને ઈટાલીની કૃતિના નમૂનાનું પણ સંમિશ્રણ કર્યું છે. સ્પેઈનના મર્મીઓની પણ તેની કૃતિઓ પર અસર છે. એનાં કાવ્યોનો સંગ્રહ 'ડિલાઈટ્સ ઑવ ધ મ્યૂઝીસ' (Delights of the Muses) નામનો છે. ક્રૅશૉમાં, હર્બર્ટમાં છે તેવી બૌદ્ધિક સજ્જતા નથી. તેની ભાષામાં સરલતા અને ચોક્સાઈની પણ ખામી. તેનાં કાવ્યોમાં તરંગોની તો ભરમાર વરતાય. એનું ભાગ્યે જ કોઈ કાવ્ય કલાદૃષ્ટિએ સંઘેડાઉતાર હોય. તેમ છતાં એનાં ઊર્મિકાવ્યો હર્બર્ટના કરતાં નિઃશંક ઊંચાં—કવિ શેલીની આગાહી આપનારાં છે. ધર્મલક્ષી કવિતામાં તેની કવિત્વશક્તિના ચમકારા જોવા મળે છે. તરંગલીલાનો અનુભવ પણ તેમાં થાય છે. એના 'ધ વીપર' (The Weeper) કાવ્યમાં સંત મૅગ્ડૅલન (Magdalen)નાં આંસુમાં તેણે ઝાકળબિંદુ, મોતી, વસંતી પુષ્પો, સુરા ઇત્યાદિનું દર્શન કર્યું છે. કવિ તરંગ કરે છે: 'કોઈ પુણ્યશાળી પુરુષ તારાઓની વચમાં સ્થાન પામવા આવે છે ત્યારે સ્વર્ગમાં મિજબાની થાય છે, ને ફિરસ્તાઓ એમની બાટલીઓ લઇને એની (મૅગ્ડૅલનની) આંખમાંનાં આંસુ ભરી જાય છે—એ જ એમની સુરા છે!'

હર્બર્ટના 'ધ ટેમ્પલ' કાવ્ય પરથી ક્રૅશૉએ 'Steps to the Temple' કાવ્યની રચના કરી, જો કે એમાં એની શક્તિ યોગ્ય રીતે પ્રકટી નથી. ક્રૅશૉ પ્યૂરિટન સંપ્રદાયનો અનુયાયી હતો, પણ પાછળથી તે કૅથલિકમાં ભળ્યો અને રોમન ચર્ચમાં ધર્મગુરુ પૅલોટા (Palotta)ના મંત્રી તરીકે તેનું ઉત્તર જીવન વીત્યું.

### હેન્રી વૉન

હેન્રી વૉને—Henry Vaughan(૧૬૨૨-૧૬૯૫)હર્બર્ટના શિષ્ય તરીકે પોતાને ઓળખાવીને કાવ્યપ્રવૃત્તિ શરૂ કરી. એની ધાર્મિક કવિતામાં હર્બર્ટના જ પડઘા સંભળાય છે. ડન અને હર્બર્ટની પરંપરાનો અધ્યાત્મવાદી કવિ તેને ગણી શકાય. તેમ છતાં કેટલીક રચનામાં તેની આગવી મુદ્રા સ્પષ્ટ ઊપસી આવે છે, ને તેમાં એના વ્યક્તિત્વના નિરાળા અંશ પ્રકટ થાય છે. મનુષ્ય ને ઇશ્વર વચ્ચે રહેલા અદીઠ અંતરપટથી તે સતત સભાન રહે છે. એ અંતરપટ ખસી જાય અને ઇશ્વરની ઝાંખી થાય તે માટેની તેની ઝંખના છે. બચપણ એ નિર્દોષતાનું પ્રતીક છે, ઇશ્વરનું સાન્નિધ્ય તેમાં અનાયાસે અનુભવાય છે. 'ધ રિટ્રીટ' (The Retreat) કાવ્યમાં એ ફરી શૈશવમાં સરી પડવાની અભિલાષા પ્રકટ કરે છે. એમાં એની ઊર્મિનો સાચો રણકો છે અને વર્ડ્ઝવર્થના વિખ્યાત 'ઓડ ઑન ઇન્ટીમેશન્સ ઑવ ઈમ્મૉર્ટાલિટી' (Ode on Intimations of Immorrality)ની સાથે તેની તુલના થઈ શકે તેવું છે. કવિ કહે છે:

> Happy, those early days, when I
> Shin'd in my angel fancy

એ ખ્વાબના દિવસો હતા. કોઈ ફૂલ કે સોનેરી વાદળ પર નજર સ્થિર થતી, અનંતતાની ઝાંખી થતી. શૈશવના એ પથ પર ફરી હું પ્રવાસ ખેડી શકું તો?

> O, how I long to travel back
> And tread again that ancient track!

અંતરપટને વીંધીને જે અનંત પ્રકાશમાં વિલીન થયા છે તેમનું સદ્ભાગ્ય સ્મરીને પોતાના દુર્ભાગ્ય પર દુઃખ પ્રકટ કરતા વૉનની નીચેની પંક્તિઓ સ્મરણીય બની રહી છે:

> They are all gone into the world of light,
> And I alone sit lingering here;
> Their very memory is fair and bright,
> And my sad thoughts doth clear.

વૉનની 'ધ વૉટરફૉલ' (The Waterfall) રચનામાં પણ પ્રકૃતિ પ્રત્યેનો તેનો અભિગમ અને તેમાં દિવ્ય અંશ નિહાળવાની વૃત્તિ કવિ વર્ડ્ઝવર્થની આગાહી કરે છે. મરમીની દૃષ્ટિ તેનામાં છે. 'ધ વર્લ્ડ' કાવ્યનો આરંભ તેની પ્રતીતિ કરાવશે:

> I saw Eternity the other night
> Like a great Ring of pure and endless light
> All calm as it was bright.

### પ્યૂરિટન કવિ માર્વેલ

માર્વેલ (૧૬૨૧-૧૬૭૮)ની ગણના ભલે પ્યૂરિટન કવિ તરીકે થાય છે, ધર્મ વિષેની તેની નિષ્ઠા, બાઈબલ પ્રત્યેનો આદરભાવ એ બધામાં તેની પ્યૂરિટન તરીકેની ભાવના પ્રકટ થાય છે, તેમ છતાં સમગ્રપણે તેની કવિતામાં ધર્મનું વળગણ અતિ અલ્પ છે. માર્વેલ સુરા, સુંદરી અને સંગીતનો આશક છે. પ્રકૃતિ વિષેનો એનો અનુરાગ ઉત્કટ છે. ઉદ્યાન, વૃક્ષ, પાંદડાં, પંખી આ સર્વ તત્ત્વો સાથે તેનું હૃદય ઓતપ્રોત થવા ઝંખે છે. એની પ્રકૃતિલક્ષી કવિતા ચિંતનની દૃષ્ટિએ વર્ડ્ઝવર્થના અને ઇંદ્રિયગ્રાહ્યતાની દૃષ્ટિએ કીટ્સના આગમન પૂર્વેની સળવટ દર્શાવે છે. પ્રાણી પ્રત્યેની તેની તીવ્ર અનુકંપાની પ્રતીતિ તેના એક મનહર કાવ્ય 'ધ નિમ્ફ કમ્પ્લેઇનિંગ ફૉર ધ ડેથ ઑવ હર ફૉન' (The Nymph Complaining for the Death of her Fawn)માં થાય છે. 'અપૉન ઍપલ્ટન હાઉસ' (Upon Appleton House) એ તેની પ્રકૃતિકવિ તરીકેની શક્તિનો નમૂનો રજૂ કરતી દીર્ઘ રચના છે. 'ધ ગૅલેરી' (The Gallery) જેવી કેટલીક પ્રેમકવિતા પણ તેણે રચી છે. એ પ્રકારની કવિતામાં કલ્પનાની મોહકતા સાથે સ્ત્રીના પ્રપંચ અને આડંબર પર હળવો કટાક્ષ પણ જોવા મળે છે. એની કવિતામાં જ્હૉન ડન તેમ જ તેની શાખાના કવિઓમાં દેખાતું mysticism-ગૂઢ તત્ત્વ પણ વરતાય છે. તેની કેટલીક ખૂબ પ્રશંસા પામેલી કૃતિઓમાં ક્રોમવેલ વિષેની કવિતાની ગણના વિવેચકોએ કરી છે.

### અબ્રાહમ કાઉલે

સત્તરમી સદીના મધ્ય ભાગે થઈ ગએલા થોડાક કવિઓ નવજાગ્રતિ અને અર્વાચીન યુગ વચ્ચેની કડી સમાન છે. તેમાં અબ્રાહમ કાઉલે—Abraham Cowley(૧૬૧૮-૧૬૬૭)અગ્રણી છે. એના જમાનામાં એ ખૂબ મહાન લેખાયો હતો. મિલ્ટને તેને શેક્સ્પીઅર ને સ્પેન્સરની હરોળમાં મૂકી આપ્યો હતો. પણ વર્ષો વીતતાં તેની મહત્તા ઓસરતી ચાલી. કવિ પોપ, જે કાઉલેનો અત્યંત ઋણી હતો તેણે પણ પ્રશ્ન કરેલો:

> Who now reads Cowley?

આધુનિક વાચકને તેના થોડાક 'Essays'માં રસ પડે. એ સિવાય કાઉલેની શક્તિનો પરચો ઝાઝો મળતો નથી. તેણે મહાકાવ્ય રચવાનો

મહાકાવ્ય 'ડેવીડેઈસ' (Davideis) દ્વારા કરેલો. વર્જિલની કૃતિનો નમૂનો નજર સમક્ષ રાખીને તેણે ચારેક સર્ગ રચ્યા. પણ કલ્પનાનું ફલક જ એનું સીમિત, છંદની પરખ પણ ઝાઝી નહિ અને શૈલીની બાબતમાં પણ સાવ સામાન્ય...એ મહાકાવ્ય પૂરું કરી શકયો નહિ. એનાં પ્રેમકાવ્યોમાં 'ધ મિસ્ટ્રેસ' રસપ્રદ છે. પોતાના હૃદય પર સામ્રાજ્ય ભોગવી ચૂકેલી પ્રિયતમાઓનાં ચિત્રો તેણે તેમાં આલેખ્યાં છે. તેની એક બીજી રમણીય રચના 'ઑવ વિટ' (Of Wit) નામની છે. મોટા ભાગની તેની કવિતા અનુકરણરૂપે અથવા સામાન્ય સ્તરની છે. કવિ થવાની તેની મહેચ્છા પ્રબળ હોવા છતાં, પૂરતી સજ્જતા એનામાં નથી. એનામાં વિદ્વત્તા-ચાતુર્ય છે, પણ કલ્પનાનું ઊંચું સ્તર તે દેખાડી શકતો નથી. આજના વાચકને તેની કવિતા ટાઢીબોળ લાગે.

### એડમન્ડ વૉલર

એડમન્ડ વૉલર—Edmund Waller (૧૬૦૬-૧૬૮૭) એના જમાનાની રાજકીય પ્રવૃત્તિથી રંગાએલો કવિ હતો. એક રાજકીય કાવતરામાં તે સંડોવાએલો અને ફ્રાન્સમાં દેશપાર થએલો. ત્યાં ફ્રેંચ લેખકોનો તેને સારો સહવાસ મળ્યો. ક્રૉમવેલે તેને માફી બક્ષી તે પછી ટ. ઇંગ્લૅન્ડ પાછો આવ્યો. અંગ્રેજી કવિતામાં એને 'smoothness'નો અભાવ દેખાયો. તેણે એ તત્ત્વ તેમાં ઉમેરવા માટે કાવ્યો રચ્યાં. તેની કવિતા વિવિધરંગી છે. તેમાં રાજા-રાણીની તેમજ સાહિત્યસર્જકોની પ્રશસ્તિનાં કાવ્યો છે, દેશભક્તિની અને પ્રેમની કવિતા છે, ધર્મલક્ષી કવિતા યે છે અને વિનોદનાં કાવ્યો છે. તેની લોકપ્રિય રચનાઓમાં 'ધ બડ' (The Bud), 'ગો' (Go), 'લવ્હલી રોઝ' (Lovely Rose), તથા 'ઑન અ ગર્ડલ' (On a Girdle)નો સમાવેશ થાય છે. કાવ્યરચનામાં તેણે દરેક પંક્તિમાં નિયમિત આવર્તન (beats) અને શ્લોક અથવા કડીને અંતે સુભગ સરળ પ્રાસરચના યોજવાની પદ્ધતિ પ્રચલિત કરી તે તેની વિશેષતા ગણાઈ છે. ડ્રાયડને પણ તેની આ શક્તિ માટે તેની પ્રશંસા કરી છે. પણ એકંદરે તેનામાં કવિ તરીકેની શક્તિ કરતાં મર્યાદા વિશેષ છે, અને છતાં એના જમાનામાં લોકોએ તેને નવાજ્યો તેમાં તેના અંગત જીવનની સિદ્ધિઓ કારણભૂત બની લાગે છે.

### જૉન ડેન્હામ

જૉન ડેન્હામ–John Denham (૧૬૧૫-૧૬૬૯)ની થોડીક ગણનાપાત્ર રચનાઓમાં 'કૂપર્સ હિલ' (Cooper's Hill) વર્ણનાત્મક અને થોડા અંશે ચિંતનાત્મક છે. એમાં ટેમ્સ (Thames) નદીને તેણે નૈતિક અને સાહિત્યિક ગુણોની સાથે તુલના માટે પસંદ કરી છે :

'Could I flow like thee, and make thy stream
My great example, as it is my theme!
Though deep, yet clear, though gentle, yet not dull,
Strong without rage : without o'erflowing full.'

પ્રશિષ્ટવાદી કવિઓ માટે તો એ સૂત્ર રૂપ બની છે. (ચાલુ)

(આવતા અંકે મિલ્ટન)

## શતરંજના કોયડાઓ . . . . . . . . . . . . સુરેશ મોદી

સાધારણ રીતે શતરંજમાં ઘોડાની ચાલ છે તેના જેવી ચાલવાળા ઘણાં Fairy મહોરાં છે. જે Leapers તરીકે ઓળખાય છે. ઘોડો એક દિશામાં બે અને તેને કાટખૂણે એક ખાના પર ચાલે છે તેથી તેને (૧, ૨) લીપર કે $\sqrt{૫}$ લીપર (તે જે ખાના પરથી ચાલે અને જે ખાના ખાના પર જાય તેના મધ્યબિંદુ વચ્ચેનું અંતર $\sqrt{૧^૨+૨^૨}=\sqrt{૫}$ થાય) કહેવાય. બીજા લીપર છે–('કૅમલ'–'Camel'. Bishopને આપણે ઊંટ કહીએ છીએ તેથી આને કૅમલ જ કહેવું પડશે.) 'જિરાફ' ને 'ઝીબ્રા' જે અનુક્રમે (૧, ૩), (૧, ૪) અને (૨, ૩) લીપર છે. આ ઉપરાંત Five-leaper ને Root-50-leaper પણ છે. Five-leaper તે $\sqrt{૨૫}$ એટલે $\sqrt{૨૫+૦}$ કે $\sqrt{૯+૧૬}$ લીપર થઈ શકે તેથી તે '૦, ૫' કે '૩, ૪' લીપર થાય. Root-50-leaper પણ $\sqrt{50}$ એટલે $\sqrt{૪૯+૧}$ કે $\sqrt{૨૫+૨૫}$ થાય અને તેથી ચાલ (૧, ૭) કે (૫, ૫) લખાય. આ સમજ વધુ પાકી કરવા આ બધાં મહોરાં જો મૂળ a1 પર હોય તો કયાકયા ખાના પર જઈ શકે તે જોઈએ.

a1 પરથી ઘોડો–b3 અને c2 પર જઈ શકે, કૅમલ, b4 અને d2 પર, જિરાફ b5 અને E2 ઉપર, ઝીબ્રા c4 અને d3 પર, Five-leaper a6, d5, E4 અને f1 પર; અને Root-50-leaper, b8, f6 અને h2 પર જઈ શકે.

T. R. Dawson



c1 અને c8 પર સફેદ કૅમલ છે સફેદે ત્રણ ચાલમાં મ્હાત કરવાનું

આમાંથી કૅમલનો ઉપયોગ કરતો એક કોયડો આપણે જોઇએ. આકૃતિમાં c1 અને c8 પર સફેદ ઘોડા આડા સૂતા છે તે 'કૅમલ' છે. b4 અને d4 પર c1 પરના અને b5 અને d5 પર c8 પરના કૅમલનો કાબૂ છે એ સમજ્યા પછી કોયડાનો ઉકેલ જોવાની વાચકોને જરૂર નહિ રહે.

### ઉકેલ :

ચાવીની ચાલ : 1 Qg3 (Waiting move)

વિકલ્પો : 1..., Kc5; 2 Q×g6, Kc4; 3 Qc2.

1..., Pg5; 2 P×g5, Kc5; 3 Qc7.

વાચકોને Model mateની વ્યાખ્યા યાદ ન હોય તો યાદ કરી દઉં. જે મ્હાતમાં રાજાની આજુબાજુના બધાં જ ખાનાં પર ફક્ત એક જ મહોરાનો કાબૂ હોય તેને Pure mate કહે છે. વળી, જે મ્હાતમાં રાજા અને પ્યાદા સિવાયનાં બધાં જ મહોરાં ભાગ લેતાં હોય તે Economical mate કહેવાય. જે મ્હાત Pure પણ હોય અને Economical પણ હોય તે Model mate કહેવાય. T. R. Dawsonના આ સુંદર Miniature (સાત કે ઓછા મ્હોરાવાળો કોયડા)માં બંને મ્હાત Model mate છે. આ બન્ને મ્હાત એક બીજાના પ્રતિબિંબ જેવા છે. મ્હાત બે જુદાં ખાનાં પર થાય છે, પણ કાળા રાજા ને મ્હાતમાં ભાગ લેતાં સફેદ મહોરાંની સ્થિતિ બન્નેમાં સરખી જ છે. આવા મ્હાતને Echo કહે છે. જો મ્હાત વખતે રાજા જે ખાના પર હોય તે બન્ને એક રંગના હોય તો Monochrome Echo (એકરંગી પડઘા) કહેવાય ને જો અહીં છે તેમ જુદા રંગનાં ખાનાં પર હોય તો Chameleon Echo કહેવાય છે.

# દક્ષિણ ભારતના સિક્કા [૩]

લેખક • ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી



△ ઉપરથી અનુક્રમે: (૧) પલ્લવ કે ચાલુક્ય કાળનો ચાંદીનો સિક્કો. તેમ અગ્રભાગે સિંહ અને પાછળ કિરણાવૃત્ત પાત્ર. (૨) ચાંદીનો પણમ સિક્કો. આગળ દીપક અને ચમાર વચ્ચે બે મત્સ્ય. પાછળ અવાચ્ય લખાણ. (૩) સોનાનો ચોલ સિક્કો. આગળ-પાછળ બંને બાજુ ચંદરવા તળે બેઠેલો વાઘ અને બે મત્સ્ય તથા ધનુષ ને ચમાર. (૪) હરિહરનો ચાંદીનો 'અર્ધ પૅગોડા'. અગ્રભાગે દેવદેવી, પૃષ્ઠ ભાગે નાગરીમાં 'શ્રી પ્રતાપ હરિહર'. (૫) વિજયનગરનો ચાંદીનો 'અર્ધ પૅગોડા'. આગળ શંખ-ચક્રધારી વિષ્ણુ, પાછળ નાગરીમાં 'શ્રી પ્રતાપ કૃષ્ણરાય'.

ભારતના સુદૂર દક્ષિણ ભાગમાં ચોળ, પાંડ્ય અને કેરળ એ ત્રણ રાજ્ય થયાં. છઠ્ઠીથી નવમી સદી સુધી ત્યાં પલ્લવ વંશની સત્તા પ્રવર્તી, પલ્લવ રાજાઓએ અંધ્ર સિક્કા પ્રકાર અપનાવેલો. તેઓના 'પગોદ' તથા 'ફનમ' પર સિંહની આકૃતિ હોય છે.

ચોળ વંશના સોનાના સિક્કાઓમાં સોનાના પ્રમાણમાં ઘણી વધ-ઘટ થતી. કેટલાક સિક્કા પર તો માત્ર સોનાનો ઢોળ ચડાવેલો હોય છે. દક્ષિણ ભારતમાં ચાંદીના સિક્કા તેઓએ પ્રચલિત કર્યા. ઉત્તમ ચોળે (૧૦મી સદી) સોનાના તથા ચાંદીના સિક્કાઓમાં એક બાજુ પર નાગરી લિપિમાં પોતાનું નામ અને બીજી બાજુ પર બે ચામર વચ્ચે ગોઠવેલા છત્રની નીચે દીવી, ધનુષ, વાઘ, બે માછલી વગેરે ચિહ્ન અંકિત કરાવેલાં. રાજરાજ ૧લાએ આ ચિહ્નોમાં પોતાનું નામ ઉમેર્યું. રાજેન્દ્ર ચોળના સિક્કા પણ એ પ્રકારના છે. મત્સ્ય અને સિંહનાં ચિહ્નો ધરાવતા કેટલાક સુવર્ણસિક્કા રાજાધિરાજ ૧લા (૧૧મી સદી)ના લાગે છે.

ઉત્તમ ચોળના સિક્કાનાં ચિહ્નો અને 'યુદ્ધમલ્લ' લેખ ધરાવતા નાના સુવર્ણસિક્કા રાજેન્દ્ર ચોળે પોતાની પુત્રી ચાલુક્યનરેશ રાજરાજ નરેન્દ્રને પરણાવી ત્યારે ચોળ અસર નીચે પડાવ્યા હશે. વાઘ કે સિંહની આકૃતિ અને ખજરનું ચિહ્ન તથા 'રાજાધિરાજ' નામ ધરાવતા નાના ચાંદીના સિક્કા પણ આ પ્રકારના છે.

રાજરાજ ૧લાએ પાંડ્ય રાજ્યની અસર નીચે અગ્રભાગ પર ઊભેલા રાજાની આકૃતિ અને પૃષ્ઠ ભાગ પર બેઠેલા રાજાની તથા બેઠેલા વાઘની આકૃતિ રેખાઓમાં અંકિત કરતા સિક્કા પડાવ્યા. એના પૃષ્ઠભાગ પર નાગરીમાં 'શ્રીરાજરાજ' લખ્યું હોય છે. આ સિક્કા રાજરાજની હયાતી બાદ પણ લાંબા સમય લગી પડાયા ને ચોળ સત્તા પ્રસરતાં છેક શ્રીલંકા સુધી પ્રચલિત થયા. એમાંના કેટલાક પર 'શ્રીલંકેશ્વર' કે 'શ્રીલંકાવીર' બિરુદ હોય છે. આવા બીજા કેટલાક સિક્કા ચોળ રાજા કુલોત્તુંગ (૧૨મી સદી)ના છે.

પાંડ્ય રાજાઓ પહેલાં ચાંદીના આહત અને તાંબાના મુદ્રા–આહત સિક્કા પડાવતા. આ કાળ દરમ્યાન એમની સત્તાની અવારનવાર ચડતી-પડતી થયા કરી. એમના સિક્કાઓ પર ચોળ તથા ચાલુક્ય રાજ્યની અસર વરતાય છે. સોનાના થોડા સિક્કાઓ પર મત્સ્ય કે મત્સ્યયુગલની સાથે ધનુષ, શંખ, ચક્ર વગેરે ચિહ્નો હોય છે. રાજાનું નામ કન્નડ, નાગરી કે તેલુગુમાં હોય છે. તાંબાના સિક્કાઓ પર પણ મત્સ્ય આદિ ચિહ્નો હોય છે. કેટલાક સિક્કા વરાહનું ચિહ્ન ધરાવે છે. કેટલાક સિક્કાઓ પર રાજાના નામને બદલે તેનું બિરુદ દેખા દે છે. કેટલાક પર ઊભેલા રાજા અને બેઠેલા રાજાની આકૃતિ હોય છે. મોટે ભાગે મત્સ્યનું ચિહ્ન તો હોય જ. કોઈ પર ગરુડ, વૃષભ કે પાદયુગલ નજરે પડે છે.

કેરલ પ્રદેશના એક જ પ્રકારના સિક્કા મળ્યા છે. એ ચાંદીના છે. એક બાજુ પર લેખની બે પંક્તિઓની વચ્ચે મગરનું અને બીજી બાજુ પર એવી રીતે કલશ કે કુંભનું ચિહ્ન હોય છે. આ સિક્કા વીર કેરલ વર્મા (૧૨મી સદી)ના છે.

વિજયનગર રાજ્ય સ્થપાતાં દક્ષિણ ભારતના સિક્કાઓમાં નવા યુગનાં મંગરણ થયાં. એ સિક્કા મોટે ભાગે સોનાના હોય છે. ચાંદીના સિક્કા એક જ રાજાના મળે છે—દેવરાય બીજાના (૧૫મી સદી). એ ચારેક ગ્રેન જેટલા તોલના નાના સિક્કા છે. તાંબાના સિક્કા પણ જૂજ મળે છે. સોનાના સિક્કા નાના છે. અગ્રભાગ પર હિંદુ દેવદેવીની આકૃતિ અને પૃષ્ઠભાગ પર નાગરી કે કન્નડ લિપિમાં રાજાનું નામ હોય છે. હરિહર ૧લા (૧૪મી સદી)ના સિક્કા પર હનુમાન અને ગરુડનું ચિહ્ન દેખા દે છે. હરિહર રજાના સોનાના સિક્કાઓ પર ઉમામહેશ્વર લક્ષ્મીનારાયણ કે લક્ષ્મી-નરસિંહનાં નવાં પ્રતીક નજરે પડે છે. એના તાંબાના સિક્કાઓ પર નંદિ દેખા દે છે.

દેવરાયે એ પૈકી ઉમા-મહેશ્વરની જ આકૃતિ ચાલુ રાખી ને તાંબાના સિક્કાઓ પર હાથીનું નવું ચિહ્ન દાખલ કર્યું. વિજયનગરના સિક્કાઓ પર વૈષ્ણવ ધર્મની અસરને લઈ ને વિષ્ણુનાં વિવિધ સ્વરૂપો તથા અવતારોની આકૃતિઓ પ્રવર્તે છે. કૃષ્ણરાય (૧૬મી સદી)ના સમયથી નાગરી લેખ પ્રચલિત થયા.

વિજયનગર રાજ્યની પડતી થતાં નાનાં રાજ્યોએ પોતાના સિક્કા પડાવ્યા. મદુરાના નાયક વંશના રાજાઓ શરૂઆતમાં સિક્કાના પૃષ્ઠભાગ પર પોતાનું નામ તમિળમાં આપતા; પછીના સમયમાં વેંકટેશ્વરના નામે જ સિક્કા પડાવતા. તાંબાના સિક્કાઓ પર તેલુગુમાં રાજાનું નામ દેખા દે છે. એના અગ્રભાગ પર હનુમાન, ગણેશ, મનુષ્યો, હાથી, વૃષભ, સિંહ, વરાહ, તારો, સૂર્ય, ચંદ્ર વગેરે ચિહ્ન હોય છે.

ઉત્તર ભારતમાં મુસ્લિમ શાસનનાં મંગરણ ૧૨મી સદીમાં થયાં, જ્યારે દક્ષિણ ભારતમાં હિંદુ રાજ્યોની સત્તા વધુ શતકો સુધી ટકી. આથી ભારતમાં પ્રાચીન સિક્કાઓની પરંપરા ઉત્તરમાં લગભગ ૧૨મી સદી સુધી ટકી, જ્યારે દક્ષિણમાં એ છેક ૧૭મી સદી સુધી ચાલુ રહી. આમ ભારતીય પ્રાચીન સિક્કાઓનો ઇતિહાસ ૨૦–૨૫ સદી જેટલા દીર્ઘ-કાલને આવરી લે છે તેમજ ધાતુ, બનાવટ, ચિહ્નો, લેખો ઇત્યાદિમાં વિપુલ વૈવિધ્ય ધરાવે છે.

(સંપૂર્ણ)

# આરોગ્ય આહાર અને ઔષધ અંગે ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદી (ઠાકરવગા-ઉમરેઠ)ની સલાહ

**Q. હૃદય કદીક જોસથી ધડકી ઊઠવાનું શું કારણ હશે?**

• આ ટૅકિકાર્ડિયાની સ્થિતિ વખતે તમાકુ, દારૂ, કૉફી, થાક કે ઉશ્કેરાટની અસર નીચે હૃદય ઘણી ઝડપથી ધબકે છે. સાથે નાડીના ધબકારા પણ અનિયમિત બને છે. પણ કેટલાકને આની ખબર પડતી નથી.

આરામ દરમિયાન પણ હૃદયના ધબકારા વધી જતા હોય અને શ્રમ ઉપાડતાં તે મટી જાય તો તે સામાન્ય ગણવાના છે. પણ હૃદયની અનિયમિતતાનું કારણ પકડવા કાર્ડિયોગ્રામ લેવડાવવો જોઈએ.

ટૅકિકાર્ડિયાના કેટલાક પ્રકાર છે. તંદુરસ્ત હૃદય હોવા છતાં ય ઓચિંતી ઝડપી નાડી ને બેચેની ઉપજાવનાર 'એટ્રિઅલ ટૅકિકાર્ડિયા'ની સ્થિતિ થાય છે. આ વખતે આંખના ડોળા દબાવવાથી કે જડબાના ખૂણા આગળ ડોક મસળવાથી યા બરફના ઠંડા પાણીના ઘૂંટડા ગળવાથી આરામ અનુભવાય છે. ટૅકિકાર્ડિયાના કારણની દાક્તરી તપાસ અને ઉપચાર થવા જોઈએ. કારણ કે આ સ્થિતિ દરમિયાન હૃદયમાં પૂરતું લોહી ભરાતું નથી, અને હૃદયને ખુદને પણ પૂરતું લોહી મળતું નથી. અપૂરતા લોહીના કારણે ટૅકિકાર્ડિયાની સ્થિતિ મટવી મુશ્કેલ બને છે.

**Q. દરરોજ 'એ. પી. સી.' કે 'એસ્પ્રો' લેવાથી કંઈ નુકસાન ખરું?**

• એ. પી. સી., એસ્પ્રો, એનાસિન, કોડોપાયરીન વગેરે વેદનાહર ગોળીઓમાં એસ્પિરીન, ફેનાસિટિન ને કૅફિન આવે છે. આવી કોઈ બનાવટમાં સેલિસિમાઈડ ઔષધ હોય છે. જે રસાયણશાસ્ત્રની દૃષ્ટિએ એસ્પીરીનને ઘણું મળતું આવે છે.

ફેનાસિટિનમાં વેદના હરવાના અને તાવ ઉતારવાના ગુણ છે, પણ તેના વધુકા સેવનથી કિડની બગડે છે. એટલે જો વેદના મટાડવા કોઈ ગોળી ખાવી હોય તો એકલું એસ્પિરીન લેવું હિતાવહ છે.

એ. પી. સી. ગોળીમાં આશરે ત્રણથી પાંચ ગ્રેન જેટલું એસ્પિરીન આવે છે. રોજની પાંચ કે વધારે ગોળી લેવાથી એની ટેવ પડી, હોજરીમાં બગાડ થાય છે. સેલિસીમાઈડથી લોહી જામી જવાના કુદરતી ગુણમાં બગાડો થાય છે, તે વધુ પ્રમાણમાં લેવાથી ઝેરી અસરો ઊપજાવે છે.

એ. પી. સી. લેવી પડે તે સ્થિતિની વૈદ્યકીય તપાસ થવી જોઈએ. રોગનું નિદાન થયા પછી જ તેના ઉપચાર થવા જોઈએ. મોટા ભાગે તો પરિસ્થિતિના કોઈ કારણસર માથું દુખવાથી ઘણાને એ. પી. સી. કે એસ્પ્રો ગોળી લેવી પડતી હોય છે.

**Q. છાતી અને પેટ ઉપર આછા ધોળા ડાઘા પડયા છે. બધાં આને કરોળિયા કહે છે. આનો કોઈ ઉપાય ખરો?**

• કરોળિયા મોટે ભાગે પુરુષોને અને યુવાવયમાં થાય છે. થવાનું કારણ ફૂગનો ચેપ છે. ઘણુંખરું તે ઉનાળામાં શરીરની અપૂરતી ચોખ્ખાઈ ને પરસેવાના કારણે થાય છે. અપૂરતું પોષણ, ક્ષય અને સગર્ભાવસ્થા વખતે તે ખાસ થાય છે. આનાં બીજાં લક્ષણો હોતાં નથી, પરસેવો થાય ત્યારે ખજવાળ આવે છે. શરીર અને ખાસ કરીને ચહેરા ઉપર ધોળા ડાઘા પડે ને શરીરનો દેખાવ બગડે એટલે તેની દવા માટે વિચારાય છે. વળી રોગીને તે કોઢ હોવાની ચિંતા થાય છે.

આના ઉપચાર સરળ છે, પણ તેના વારંવાર ઊથલા આવે છે. પહેલું તો શરીરને અડતાં કપડાં સારી રીતે ધોઈને બરાબર નીખારવાં જોઈએ. સ્પિરિટમાં ટિંકચર આયોડાઈનનું એક ટકાનું મિશ્રણ કરોળિયા ઉપર લગાડવાથી ફાયદો થાય છે. વ્હીટફીલ્ડ મલમ, મલ્ટીફન્ગીન પ્રવાહી કે માયકોડર્મ પાઉડર અસરકારક છે. આ રોગ વારંવાર ઊથલા કરતો હોવાથી લાંબા વખત સુધી રાતના મલમ, પ્રવાહી કે પાવડર લગાડવાં જરૂરી છે.

કોઈ એક મલમ અસરકારક નથી. બીજા મલમમાં (૧) બેન્ઝોઈન ઍસિડ મલમ (૨) સલ્ફર સેલિસિલિક મલમ (૩) અન્ડીસાઇલિનીક મલમ અને (૪) સેલેનેફેરેર સોલ્યુશન છે.

સેલેનિયમ સલ્ફાઈડ શૅમ્પુનું પાણીમાં હળવું દ્રાવણ બનાવી શરીર ઉપર લગાડવાથી બે ત્રણ અઠવાડિયામાં કરોળિયા મટે છે. અને ઘણું ખરું તે બીજી વાર થતા નથી.

**Q. પિતાને ત્રણ ચાર માસથી ગળાનું કૅન્સર છે. તે શાથી થયું હશે?**

• હિંદની વીસ હૉસ્પિટલોના આંકડાના અભ્યાસ ઉપરથી જાણવા મળે છે કે હૉસ્પિટલમાં આવતા ૪૫ ટકા રોગી મોં અને ગળાના કૅન્સરના હોય છે. આનું કારણ લોકોની પાન-તમાકુ ખાવાની અને ધૂમ્રપાન કરવાની કુટેવ છે. દેશની દક્ષિણ બાજુ ગળાનું કૅન્સર વધુ પ્રમાણમાં છે. તમાકુ અને ચૂનાવાળું પાન ખાવાની વધુ પડતી ટેવનું આ પરિણામ છે.

ગળાના કૅન્સરમાં સ્વર નળીના કૅન્સરના ઑપરેશન બાદ રોગી બોલી શકે છે. એ માટે પરદેશમાં બૅટરી સંચાલિત કૃત્રિમ સ્વરનળી પ્રાપ્ય છે, જે ગળા ઉપર પહેરવાની છે. તેનાથી સ્પષ્ટ ઉચ્ચાર થાય છે. ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅડિકલ સાયન્સને રોગીના ગળામાં છિદ્ર પાડી બોલતા કરવામાં સફળતા મળી છે. સ્વરનળી કાઢી લીધા બાદ રોગીની અન્નનળીમાં છિદ્ર પાડીને માંસપેશીઓને આંદોલિત કરવાની તાલીમ આપી એમને બોલતા કરી શકાય છે.

કૅન્સરનો એકમાત્ર ઉપચાર શસ્ત્રક્રિયા છે. જ્યાં આ શસ્ત્રક્રિયા શક્ય ન હોય ત્યાં રૅડિયોથેરાપી અને કૅમોથેરાપી વપરાય છે. રૅડિયોથેરાપીમાં એક્સ-રે ને કોબાલ્ટ-૬૦નાં ગામાકિરણો, રૅડિયમ અને સિસીયમ વપરાય છે. આમાં તંદુરસ્તીને ઈજા પહોંચાડયા વગર કૅન્સરના કોષોને વંધ્ય કરવાનો હેતુ છે.

**Q. ખૂબ દવાઓ કરી પણ વજન વધતું નથી. જાડા થવા શું કરવું?**

• જાડું શરીર એ તંદુરસ્તીની નિશાની નહિ, પણ માંદગીનું ઘર છે. બાળપણમાં જાડું બાળક મોટું થયે સપ્રમાણ શરીરવાળું થવાની માન્યતા પણ હવે ખોટી ઠરી છે. કારણ કે જાડા બાળકમાં સામાન્ય બાળક કરતાં વધારે કોષો પેદા થાય છે, જે આખી જિંદગી પર્યંત કાયમ રહે છે. આ કોષોમાંથી ચરબી ઘટતાં વ્યક્તિનું વજન ઘટે છે પણ કોષો તો કાયમ રહે છે, જે વધારે ખાવામાં આવતાં સ્થૂળ બની શરીર ફરી જાડું બને છે. આનો અર્થ એ થયો કે મોટપણે વજન ઓછું ન થાય તો શરીરના વજનનો પ્રશ્ન તેને જિંદગીભર સતાવતો રહેવાનો. ૮૫ ટકા જાડાં બાળકો પુખ્ત વયે પણ જાડાં થવાનાં જ ને જાડા શરીરવાળાને આર્ટિરીઓસ્ક્લેરોસિસ ડાયાબિટિસ, લોહીનું ઊંચું દબાણ ને સાંધાના સોજા વગેરેમાંથી એકાદ રોગ થયા વિના રહેતો નથી એ પણ હકીકત છે.

શરીર જાડું થવા માટે દવાઓનો આશરો શોધવા એના કરતાં બાળકને કે મોટી વયની વ્યક્તિને પોષણદાતા ખોરાક મળવો જરૂરી છે. ઉપરાંત માફકસરનો શ્રમ પણ હોવો જોઈએ. કેટલાંક શરીરનાં બંધારણ જ એવાં હોય છે કે ફાવે તેટલા પોષણદાયી ખોરાક હોવા છતાં ય વજનમાં વધતાં નથી, જ્યારે બીજા માણસોને સામાન્ય ખોરાક હોવા છતાં ય શરીર જાડું બને છે. આનું રહસ્ય ઉકેલાયું નથી.

**Q. શરીરે પરસેવો વળતો નથી. કારણ શું હશે?**

• શરીરમાં વિટામિન 'એ' અને વિટામિન 'સી'ની ઊણપ થતાં આવું થવા સંભવ છે. બીજાં કારણોમાં ગળામાં આવેલી થાઇરૉઇડ ગ્રંથિના સ્રાવનો અભાવ કે અછત, શરીરની ચામડી જાડી થવા સાથે અવયવો પણ જાડાં બની જાય એવો 'સ્ક્લેરોડર્મા' નામે રોગ, ઝેરોડર્મા અને ઈક્થીઓસીસ નામના ચામડીના રોગો ને વૃદ્ધાવસ્થા, પુષ્કળ તાવ અને શરીરમાં પાણીના ભરાવા વખતે પણ પરસેવો થતો નથી.

મૉન્ટ્રીઅલ (કૅનેડા)માં ત્યાંના 'ધી ઈન્ટરનૅશનલ પેવિલીઅન ઑવ હ્યુમર' દર વર્ષે 'ઈન્ટરનૅશનલ સૅલૉ ઑવ કાર્ટૂન' નામે એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન યોજે છે. કાર્ટૂન (વ્યંગચિત્રો) અને સ્ટ્રિપ કાર્ટૂન (ચિત્રવાર્તાઓ)ની ઉત્તમ કૃતિઓના આ પ્રદર્શન વખતે વર્ષભરના શ્રેષ્ઠતમ ચિત્રકારની વરણી કરીને એનું બહુમાન પણ કરવામાં આવે છે. આ રીતે ગયે વર્ષે બર્ન હૉગાર્થની શ્રેષ્ઠતમ કાર્ટૂનિસ્ટ તરીકે વરણી થએલી. પોતાની આગવી શૈલીમાં અર્થપૂર્ણ રીતે ટારઝનની કથાઓને ઉત્તમોત્તમ રીતે આલેખનાર તરીકે એમની વ્યાપક પ્રતિષ્ઠા છે. ચિત્રવાર્તામાં ટારઝનના પાત્રને એમણે અનેરું વ્યક્તિત્વ આપ્યું છે. 'કલાવાર્તા'માં એમનો પરિચય આપવા સાથે આ અંકના પૂઠા પર તથા અહીં એમણે આલેખેલી એ ચિત્રવાર્તાઓમાંથી એમની ચિત્રશૈલી તથા વિશિષ્ટતાના નમૂના રૂપ થોડા ચિત્રખંડ આપ્યા છે.





△




બન્ને હૉગાર્થની પહેલાં હૅરોલ્ડ ફૉસ્ટર ટારઝનની ચિત્રવાર્તાઓ આલેખતા. ઉપર ડાબી બાજુ એમણે કલ્પેલા ટારઝનનું આલેખન છે. ફૉસ્ટરનો ટારઝન પ્રાણીઓ પ્રત્યે સહૃદયી સાહસિક વનમાનવ હતો; જ્યારે હૉગાર્થે કલ્પેલો ટારઝન બલિષ્ઠ દેહધારી સુંદર, ચપળ સાહસવીર એવો એક મહામાનવ છે. જમણી બાજુ હૉગાર્થનો એ ટારઝન બતાવ્યો છે. સાહસથી થનગનતા માનવદેહનું ગતિશીલ આલેખન એ હૉગાર્થની એક લાક્ષણિક વિશિષ્ટતા છે. ફૉસ્ટરે વાર્તાના ધારાવાહિક પ્રસંગોને અનુસરીને ચિત્રવાર્તાઓ આલેખી હતી, જ્યારે હૉગાર્થે ટારઝનના મનોમંથનને પણ ચિત્રિત કરવા માંડેલું. જમણી બાજુ એ રીતે વિચારોમાં અટવાએલા ટારઝનનું હૉગાર્થે કરેલું આલેખન કેટલું અર્થપૂર્ણ છે તે જોવા મળશે. એનો ટારઝન એટલે શરીરશક્તિનો પ્રચંડ પુંજ, પણ વિચારના બોજ તળે એ કેટલો ઢીલો પડી ગએલો છે! વૃક્ષના અટવાતા થડિયાને વિચારના પ્રતીક તરીકે મૂકી એમાં અટવાઈ પડેલા સાહસવીર ટારઝનની લાચારી હૉગાર્થે જે સૂચક રીતે આલેખી છે એ એમની શૈલીની આગવી દેણગી છે. ટારઝનના આસપાસના વન્ય પરિસરની રજૂઆતમાં વૃક્ષના આલેખનની હૉગાર્થની રીત તદ્દન આગવી અને અજોડ રહી છે. ચિત્રપ્રસંગના લખાણને પણ, અગાઉની 'બલૂન'વાળી ચાલુ રીત છોડી એમણે તદ્દન લાઘવયુક્ત, સુવાચ્ય અને ચિત્ર-સંયોજનના એક અંગ રૂપ બની રહે એ રીતે આપવાનું શરૂ કરેલું.

નીચે: પ્રતિસ્પર્ધીને મારતા અને પછી વિજયથી પોરસાતા ટારઝનની બે અંગ સ્થિતિને એક જ ચિત્રખંડમાં દર્શાવવાની કરકસરભરી સચોટ રીત. હૉગાર્થની કળાનું આ પણ એક લાક્ષણિક તત્ત્વ છે.






ટારઝનની ચિત્રવાર્તાના આલેખનમાં હૉગાર્થે જે આગવી નવીનતા આણી એનો એક વધુ નમૂનો. ચિત્રસંયોજનાના સુંદર નમૂના રૂપ આ એક ચિત્રમાં હૉગાર્થે વાર્તાવસ્તુના ત્રણ તબક્કા સમાવી લીધા છે. અહીં (૧) હાથીને ફસાવવા માટે જંગલ વચ્ચે ખાડો ખોદી એમાં અણિયાળા સોયા ખોસતા, (૨) એ ખાડા પર વાંસ મૂકતા અને પછી (૩) એના પર પાન-ડાંખળાં પાથરી ખાડાને ગોપવી દેતા જંગલીઓને ઊંચે ઝાડ પરથી જોઈ રહેલા ટારઝનને એમણે ચીતર્યો છે. ચિત્રમાં ટારઝનને જ કેન્દ્રસ્થ રાખવા સાથે ઊંચા દૃષ્ટિકોણથી નીચે દેખાતા બનાવનું એમણે સુંદર સંયોજન કર્યું છે.

કલાવાર્તા

# ટારઝનના ઉત્કૃષ્ટ આલેખક બર્ન હૉગાર્થ

લેખક : ડૉ. ઇન્દ્રદેવ આચાર્ય



**'ટારઝન'ની** ઓળખ આપવાની જરૂર નથી. પુસ્તકો, સામયિકો, ચિત્રવાર્તાઓ ને ચલચિત્રો તથા ટેલિવિસ્ઝન દ્વારા, ચાપલ્ય, શક્તિ, શૌર્ય ને હિંમતમાં અદ્વિતીય એવા આ જંગલવાસી રાહસવીરથી દુનિયાભરના આબાલવૃદ્ધ કરોડો લોકો પરિચિત છે. અર્ધી સદી ઉપરાંત વર્ષોથી લખાતી આવતી ટારઝનની પરાક્રમકથાઓમાં, એની પત્ની 'જેઈન' અને પુત્ર 'કોરક'નાં પાત્રોનાં ઉમેરણ સાથે અવનવી કથાઓનો આજે યે વધારો થતો જ રહે છે. મુખ્યત્વે આફ્રિકાનાં ગાઢ જંગલો એ ટારઝનની પરાક્રમભૂમિ છે. તેમાં વસતાં વિવિધ પ્રાણીઓ ને માણસમાર જંગલીઓ, એ જંગલોમાં ખજાનાની શોધમાં કે એવાં કોઈ કારણસર આવતાં બહારની દુનિયાનાં સારાં ને નરસાં માનવીઓ વગેરેને વણી લઈને ગુંથાતાં ને ટારઝન દ્વારા ઉકેલાતાં રહસ્યોની રોમાંચક કથાઓ નાનામોટા કરોડો લોકોને આકર્ષતી રહી છે, એટલું જ નહિ, ટારઝન સાથે આ લોકોને એક અનેરી આત્મીયતા બંધાઈ ગઈ છે.

ટારઝનના મૂળ સર્જક હતા એડગર રાઈસ બરોઝ. બરાબર એક સો વર્ષ પહેલાં—ઈ. ૧૮૭૬માં અમેરિકાના ઈડીહો રાજ્યમાં એમનો જન્મ થએલો. એમને કોઈ કામધંધાની ખાસ સૂઝ નહિ, કે નહિ સાહિત્યિક પ્રવૃત્તિ પ્રત્યે આકર્ષણ. વર્ષો સુધી સેલ્સમૅનશિપ અને રેલવે પોલીસમાં કામ કર્યા પછી પાછલી અવસ્થામાં તેઓ યુદ્ધ-સંવાદ-દાતા બનેલા. સ્વભાવે ખૂબ જ તરંગી એટલે દિવાસ્વપ્નોની અજબગજબની આલમમાં જ એ રાચતા રહેતા. ઈ. ૧૯૧૧ના અરસામાં એમણે ટારઝનના પાત્રની કલ્પના કરીને એક વાર્તા લખી. 'ઑલ્ડ સ્ટોરી મૅગેઝિન'માં એ છપાતાં જ વાચકોએ એ વધાવી લીધી અને એમને સારો પુરસ્કાર પણ મળ્યો. પુસ્તકાકારે એની લાખો નકલ ખપી ગઈ. પછી તો એમણે ટારઝનની વાર્તાઓ આગળ ચલાવી. દુનિયાની બાવીસ જેટલી ભાષાઓમાં એના અનુવાદો થયા. ચિત્રવાર્તા રૂપે પણ એ પ્રકટ થવા લાગી. ચલચિત્રોમાં પણ એ ઊતરી. સૌ પ્રથમ 'ટારઝન ઑવ ધી એઈપ્સ' નામની ફિલ્મમાં એલ્મો લિંકન નામના અદાકારે ટારઝનની ભૂમિકાઓ કરી છે, પણ પછીથી જૉની વાઈસમૂલર, લેક્સ બાર્કર ને ગૉર્ડન સ્કૉટનાં નામ વધુ જાણીતાં છે.

ઈ. ૧૯૫૦માં એડગર રાઈસ બરોઝનું અવસાન થયું. એમના મૃત્યુ બાદ એમના નામનું એક ટ્રસ્ટ રચાયું છે. વિવિધ લેખકો એમાં ટારઝનની નવીનવી વાર્તાઓ લખતા રહ્યા છે અને દર મહિને અમુક સંખ્યામાં ટારઝનની સચિત્ર વાર્તાઓ પ્રકટ થતી રહે છે. આમ, ટારઝનનું પાત્ર આજે દુનિયાના કરોડો લોકોનું પ્રિય પાત્ર બની રહ્યું છે.

**અ**નેક ચિત્રકારોએ ટારઝનની ચિત્રવાર્તાઓ આલેખી છે, પણ એમાં હૅરોલ્ડ ફૉસ્ટર અને બર્ન હૉગાર્થનું ચિત્રકામ ઘણી રીતે અનોખું રહ્યુ છે. ફૉસ્ટર ચિત્રકથાઓના એક સિદ્ધહસ્ત કલાકાર હતા. બહુ ઊંચેથી નીચે કે નીચેથી ઉપર દેખાતાં દૃશ્યનાં સુંદર સમતોલ ચિત્રસંયોજન તથા વિવિધ દૃષ્ટિકોણથી ટારઝનનું પાત્ર અને તેની ભાવસભર રજૂઆતમાં એમણે આગવી સૂઝ અને સિદ્ધિ દર્શાવ્યાં છે. ચિત્રવાર્તાની રજૂઆતમાં એમણે પોતાની એક નવી જ પદ્ધતિ સ્થાપી હતી, જેનાથી ચિત્રવાર્તાનું માધ્યમ વધુ ગતિશીલ બન્યું. પણ અમુક કારણોસર ઈ. ૧૯૩૬માં એમણે ટારઝન-ચિત્રાવલિનું આલેખન બંધ કર્યું અને એ કાર્ય બર્ન હૉગાર્થના હાથમાં આવ્યું.

ટારઝનની ચિત્રાવલિમાં ફૉસ્ટરે સ્થાપેલી પ્રણાલિકાને જારી રાખીને બર્ન હૉગાર્થે એ ચિત્રમાળાને આગળ લંબાવવાની હતી. આ કાર્ય સરળ નહોતું, કારણ કે ફૉસ્ટરની ચિત્રરીતિ અને હૉગાર્થની શૈલી ભિન્ન હતી. ફૉસ્ટર અસલ તો વાર્તાઓનાં ચિત્રો દોરનાર—ઈલસ્ટ્રેટર હોઈ વાસ્તવિક સૃષ્ટિના આલેખક હતા, જ્યારે હૉગાર્થે મૂળ વ્યંગચિત્રકાર હતા. બંનેની કલ્પનામાં ટારઝન અને એની દુનિયાનું સ્વરૂપ અલગઅલગ હતું. છતાં હૉગાર્થે એક કાબેલ ચિત્રકાર હોઈ એમણે ફૉસ્ટરની પ્રણાલિકાને એકદમ ન તોડતાં ધીરેધીરે એમાં ફેરફાર કરવાનું વિચાર્યું. વળી, ફૉસ્ટરની કલ્પનાનો ટારઝન જંગલનો એક સહૃદયી આદમી હતો, જ્યારે હૉગાર્થની મનોસૃષ્ટિનો ટારઝન વીરતા, કાર્યદક્ષતા, ચપળતા અને દેહસૌષ્ઠવના ઉત્કૃષ્ટ પ્રતીક સમો એક મહામાનવ હતો.

હૉગાર્થે પોતાની કલ્પનાસૃષ્ટિના ટારઝનના પાત્રને ધીરેધીરે ઉપસાવવા માંડયું. ફૉસ્ટરની ફોટોગ્રાફિક જેવી વાસ્તવિક રજૂઆતને સ્થાને એમણે કલ્પનાસભર રજૂઆત કરવાનો આરંભ કર્યો. ફૉસ્ટરના સ્વસ્થ તંદુરસ્ત ટારઝનના સ્થાને એમણે પ્રચંડ શક્તિશાળી મહામાનવને રજૂ કરવા માંડયો. હૉગાર્થના એ ટારઝનના અંગેઅંગમાંથી અખૂટ શક્તિ ને વીજઝબકાર જેવી ચપળતા પ્રકટ થતી જણાવા લાગી. વળી, વાર્તાના ધારાવાહિક પ્રસંગો પર રચાતી ફૉસ્ટરની રજૂઆતના બદલે હૉગાર્થે કથાપ્રસંગોના આલેખન ઉપરાંત એમાં ટારઝનના મનોવ્યાપારને પણ ચિત્રિત કરવા માંડયો. એમાં એમને અનોખી સફળતા પણ મળી. વળી, અગાઉ ચિત્રવાર્તામાં પાત્રના મોં નજીક 'બલૂન' દોરીને એમાં એના સંવાદ લખાતા તેના બદલે હૉગાર્થે ચિત્રસંયોજનનું જ એક અંગ બની રહે એ રીતે વાર્તાનો વર્ણનખંડ ને સંવાદ લખવા માંડયા.

આ અને આવા અન્ય ઓછાવત્તા ફેરફારો કરતા રહી હૉગાર્થે ટારઝનની ચિત્રવાર્તાની રજૂઆતનું એક અનોખું અને ચોટદાર તથા વધુ કલાત્મક સ્વરૂપ સિદ્ધ કર્યું. એમનું કલાવિષયક જ્ઞાન પણ ઊંડુ હતું. ચિત્રકલાના ઇતિહાસના એ અભ્યાસી હોવા ઉપરાંત માનવદેહના આલેખન પર એમનું પ્રભુત્વ ગજબનું છે. ટારઝનના આલેખનમાં એના શક્તિપ્રચુર ચપળ દેહની વિધવિધ અંગભંગિ તથા વિવિધ કોણથી એને દર્શાવવામાં પણ એમણે અજબ ચિત્રકૌશલ દાખવ્યું છે. કથાપ્રસંગને વ્યક્ત કરતું એમનું ચિત્રસંયોજન અને એમાં ચિત્રિત અને અચિત્રિત ભાગનું સમતોલન તથા આલેખનની કલ્પનાસભર સચોટતા એમની કાબેલિયતનાં દ્યોતક છે. એમનું ચિત્રસંયોજન પાયાનો કોઈ પણ આકાર ધરવા છતાં મુખ્યત્વે ચિત્રવસ્તુના મધ્યવર્તી વિચાર પ્રતિ જ કેન્દ્રિત થઈ જોનારની આંખને ત્યાં દોરી જાય છે. એમની ચિત્રશક્તિની ઉત્કૃષ્ટતાની આ સિદ્ધિ છે. કહેવાય છે કે એમના આલેખનમાં માઇકેલ ઍન્જેલો

અને વીસમી સદીની જર્મન ઈમ્પ્રેશનિસ્ટ ચિત્ર-શૈલીની અસર સંમિલિત થએલી છે.

આ સાથે એમના ચિત્રકામના ઉદાહરણ રૂપ જે થોડાં ચિત્રો આપ્યાં છે તેમાં એમની ચિત્ર-સંયોજનની આગવી ખૂબી ઉપરાંત એ પણ જોવા મળશે કે એમાં ટારઝનના વ્યક્તિત્વને એક અનોખો ઓપ મળે છે, એટલું જ નહિ પણ એ ઉપરાંત ટારઝનની આસપાસનું સમગ્ર આલેખન પ્રસંગ નુરૂપ અસર પ્રકટાવે છે. એમાં ટારઝન અને એની આજુબાજુનું આલેખન, બંને એકબીજાનાં પૂરક બની રહે છે. ચિત્રકામ-માં આવી અસર પ્રકટાવવી સરળ નથી જ.

બર્ન હૉગાર્થનો જન્મ ૨૫મી ડિસેમ્બર, ૧૯૧૧માં શિકાગોમાં થએલો. (ટારઝનનો જન્મ પણ એ જ વર્ષમાં થએલો.) પંદર વર્ષની નાની વયે તેઓ 'એસોસીએટેડ એડિટર સિન્ડીકેટ'-માં સહાયક કાર્ટૂનિસ્ટ તરીકે જોડાએલા. ઈ. ૧૯૨૮માં એમણે 'ખ્યાતનામ દેવળો'નાં ચિત્રો-ની એક માળા ચીતરી. ત્યાર બાદ 'આઈવી હાવેન શો' નામની એક ચિત્રવાર્તા શરૂ કરી, પણ એ ખાસ કંઈ જામી નહિ. બાવીસ વર્ષની વયે એમણે શિકાગોની કલાશાળામાં 'કલાના ઇતિહાસ' પર વ્યાખ્યાન આપવા માંડયાં પણ થોડા જ સમય પછી શિકાગો છોડી તેઓ ન્યૂ યૉર્ક રહેવા ચાલ્યા ગયા ને હાલમાં પણ તેઓ ત્યાં જ વસે છે.

ઈ. ૧૯૩૫માં એમણે દરિયાઈ ચાંચિયાઓ-ની એક ચિત્રવાર્તા આલેખી. આ જ અરસામાં ટારઝનના ચિત્રકાર ફૉસ્ટર હાથ પરની ચિત્રા-વલિ અધૂરી મૂકીને છૂટા થતાં એ ચિત્રમાળા પૂરી કરવાનું કામ એમને સોંપાયું. 'સુવર્ણનગરી-માં ટારઝન'ની એ કથાની ૬૯ જેટલી ચિત્ર-પટ્ટીઓ તો ફૉસ્ટરે કરી હતી, હવે બાકીની ૨૩ ફૉસ્ટરની જ ઢબે હૉગાર્થને પૂરી કરવાની હતી. પણ પછી તો એમનું એ કામ આગળ લંબાયું ને છેક ઈ. ૧૯૪૩-૪૪ સુધીમાં હૉગાર્થે 'ટારઝન અને બિઆરર', 'ટારઝન ને ચાઇનીઝ', 'ટારઝન અને ઍમૅઝૉન્સ', 'ટારઝન અને દરિ-યાઈ માનવો', 'ટારઝન અને ડગગા રમ્બા', 'ટારઝન અને કૅટલ ફાઉન્ટન', 'ટારઝન અને બારબિરીઅન્સ' તથા 'ટારઝન અને નાઝી' વગેરે ટારઝન-કથાઓ ચીતરી.

ઈ. ૧૯૪૫માં થોડો સમય ટારઝનને છોડીને એમણે 'ડ્રૅગો' નામની એક નવી ચિત્રમાળા શરૂ કરી. આ જ અરસામાં 'મિરૅકલ જોન્સ' નામની એક ચિત્રવિનોદિકા પણ આરંભી, પણ આ બંનેમાં ધારી સફળતા ન મળી. ફરી ઈ. ૧૯૪૭થી એમણે ટારઝન ચીતરવાનું કામ લીધું, પણ આ વખતે એમણે એ પોતાની રીતે ચીતર-



▽ 'ડાયનેમિક ઍનેટૉમી' નામનું બર્ન હૉગાર્થે ચિત્રકામના વિદ્યાર્થીઓ માટે એક પુસ્તક લખ્યું છે. એમાંનું એક આલેખન. એમાં સાથળ અને ઢીંચણેથી વળતા પગ અને ખભા-કોણીએથી વળતા હાથની વિવિધ સ્થિતિ દર્શાવી છે.

વાની શરત સાથે સ્વીકારેલું ને એ મુજબ વાર્તા-ના એક પ્રસંગ પર બારબાર ચિત્રખંડ (ફ્રેઈમ્સ) ના બદલે છ ૭ ખંડ જ ચીતરવા માંડયા. આમ, ૧૯૪૭ થી '૫૦ના અરસામાં એમણે 'ટારઝન અને અની', 'ટારઝન અને ઑનોર્નૉસ' તથા 'ટારઝનનાં પરાક્રમો'ની કથા આલેખી.

ફરી ઈ. ૧૯૫૦માં તેઓ ટારઝન ચીતરવાનું છોડીને ન્યૂ યૉર્કની 'સ્કૂલ ઑવ વિઝ્યુઅલ આર્ટ'માં ચિત્રકળાના પ્રાધ્યાપક તરીકે જોડાયા. કલાના ઇતિહાસ અને માનવ-દેહ-પ્રમાણના વિષય પર એમણે વ્યાખ્યાનો આરંભ્યાં અને ચિત્રકળાનો અભ્યાસક્રમ ઘડયો. આ જ અ-રસામાં 'અબાઉટ ઘોઝ કૉમિક્સ' અને 'હાઉ આઈ ઇમૅજિન ટારઝન' નામનાં એમનાં બે પુસ્તકો તથા ૧૯૫૮માં 'ડાયનૅમિક ઍનેટૉમી' પર એમના એક પુસ્તકનું પ્રકાશન થયું.

હવે દેશવિદેશમાં એમનું ચિત્રકામ પ્રદર્શિત થવા લાગ્યું. ૧૯૬૬માં પારી(સ)માં એમનાં ચિત્રો ઘણી પ્રશંસા પામ્યાં. બર્ન, બ્રસેલ્સ, લ્યૂકા (ઈટાલી) ને બર્લિનમાં પણ એમનું ચિત્રકામ આવકાર પામ્યું. ઈ. ૧૯૭૦માં 'ડાયનૅમિક ફિગર ડ્રૉઇંગ' નામનું એમનું પુસ્તક પ્રકટ થયું. ઈ. ૧૯૭૧માં આમ્સ્ટરડૅમમાં પણ એમની ચિત્રકૃતિઓ પ્રદર્શિત થઈ. આ જ સમયમાં 'ન્યૂ યૉર્ક કલ્ચર સેન્ટરે' એમનું બહુમાન કર્યું.

ઈ. ૧૯૭૨માં 'ડ્રૉઇંગ ઑવ હ્યુમન હેડ' નામનું એમનું પુસ્તક પ્રકાશિત થયું. ગયા વર્ષે ૧૯૭૫ માં 'નૅશનલ કાર્ટૂનિસ્ટ એસોસીએશને રૂબિન ઍવૉર્ડ' અ.પવા સાથે એમનું ખાસ સમ્માન કર્યું ને મૉન્ટ્રીઅલમાં યોજાએલા વિશ્વ કાર્ટૂન સં-મેલનમાં ઈ. ૧૯૭૫ના સર્વશ્રેષ્ઠ સ્ટ્રિપ-કાર્ટૂનિસ્ટ' તરીકે એમની વરણી કરી. □

## આ અંકના પૂઠા પરનું ચિત્ર


બર્ન હૉગાર્થના અર્થપૂર્ણ સંયોજન અને રેખાંકનનું એક સુંદર ઉદાહરણ. પોતાનાથી સ બળ એવી કોઈ સ્વાકૃતિ કરતા ટારઝનનું એમા નિરૂપણ છે. એમાં એક બાજુ ઘેરી રેખાઓમાં આલેખાએલું ખખડધજ વૃક્ષ જેમાં ટારઝન ઊછર્યો છે એ અસંસ્કૃત વન્ય વાતાવરણનું દે. સામી તરફ નાજુક રેખાથી દર્શાવેલી પ્રકૃતિની સુંદર બાજુ પ્રકટ કરી છે. આ બંનેની વચ્ચેને તફાવત અને અંતર એની વચ્ચે વહેતા ઝરણ દ્વારા દર્શાવ્યું છે, જે ચિત્રમાં ઊંડાણ પૂરે છે. પણ સમગ્ર ચિત્ર-સંયોજનમાં કેન્દ્રસ્થાને તો ટારઝન જ છે. એનો બલિષ્ઠ દેહ પાત્રના વ્ય ક્તિત્વને ઓપ આપવા સાથે હૉગાર્થની ચિત્ર શક્તિ પ્રકટ કરે છે. ચિત્રમાં આલેખન અને કોરા ભાગનું પ્રમાણ અર્થપૂર્ણ રહેવા સાથે એ બીજાને પૂરક બની રહે છે. હૉગાર્થની અ વિશિષ્ટતા છે. □

# ટિકિટ-સંગ્રહ

ઈ. ૧૯૫૯માં તાર ટપાલ વ્યવહાર અંગે 'યુરોપીઅન કૉમ્યુનિટી'ના ધોરણે સમાન નીતિ અખત્યાર કરવા વિષે સ્વિટ્ઝર્લૅન્ડમાં એક કૉન્ફરન્સ મળી હતી અને પછી તેમાં ભાગ લેનાર યુરોપના દેશોનું એક કાયમી સંગઠન રચાયું, જે 'સીઈપીટી' (CEPT)ના ટૂંકા નામે ઓળખાય છે. સંગઠનની ભાવનાને પુષ્ટિ આપવા એના સભ્ય દેશો દર વર્ષે એક ખાસ ટપાલટિકિટ બહાર પાડે એવો પણ એમનો એક નિયમ છે. આરંભમાં તો આ સંગઠનની સંજ્ઞા સાથે એના સભ્ય દેશો પોતપોતાની રીતે ટિકિટો બહાર પાડતા. અને એ રીતે ઈ. ૧૯૭૩ સુધી તો આ ખાસ ટિકિટો અમુક અપવાદ બાદ કરતાં લગભગ એક જ ઢબની બહાર પડતી. પણ ૧૯૭૪ થી સંઘના બધા સભ્ય દેશો અમુક એક નિશ્ચિત વિષયની રજૂઆત સાથે પોતપોતાની રીતે એ ટિકિટ તૈયાર કરે એવો નિર્ણય લેવાયો. દેશની કલાકારીગરી કે એવા એક જ વિષયમાં જે તે દેશનું આગવું વૈવિધ્ય પ્રકટ થઈ શકે એવો ખ્યાલ એની પાછળ છે.




△ 'સીઈપીટી'ના સભ્ય દેશોની ખાસ ટિકિટોના થોડા નમૂના. ઈ. ૧૯૭૪માં નક્કી થયા પ્રમાણે એ વર્ષે એના દરેક દેશે પોતાની ત્યાંની શિલ્પકળાને રજૂ કરેલી. ઈ. ૧૯૭૫માં પેઇન્ટિંગ (ચિત્રો) અને '૭૬માં 'સિરામિક્સ' રજૂ થયાં. હવે આવતા ૧૯૭૭ના વર્ષમાં સીઈપીટીના સભ્ય દેશો આ ખાસ ટિકિટ પર પોતાને ત્યાંનાં દશ્યો (Landscapes) રજૂ કરે એવું નક્કી થએલું છે.




નિયમિત સ્વાસ્થ્ય જાળવવા રોજ સવારે શરીરને ગરમ કરી લેવા માટેની રોજિંદી બાર કસરતો. સમજણ જુઓ સામેના પાને

## પચ્ચીસ વર્ષ પહેલાં




ડિસેમ્બર ૧૯૫૧: સળંગ અંક ૩૩૬

'કુમાર' હમેશાં વિષયોનું વૈવિધ્ય આપતું જ રહ્યું છે. એ રીતે પચ્ચીસ વર્ષ પહેલાંના ડિસેમ્બર અંકમાં રોજિંદા વ્યાયામની બાર કસરતો આપી હતી. આજે પણ તે ઉપયોગી થશે!

શરીરને સ્વસ્થ ને સ્ફૂર્તિદાયક રાખે તેવો વ્યાયામ આપતી જે કસરતો આ પૃષ્ઠની સામે આપી છે તે, ઇંગ્લૅંડના 'ટૉક્સ ઑન પેપર' નામે સામયિકના દાક્તરી સલાહકાર ડૉ. ક્રિસ્ટૉફર વૂડાર્ડે એ પત્રના વાચકોના લાભાર્થે, રમતગમતો માટેની પૂર્વતૈયારી માટે સૂચવેલી કસરતો છે. ડૉ. વૂડાર્ડ લખે છે કે 'આ કસરતોથી રોજ સવારે શરીરને 'ગરમ કરી લેવાથી' બધા સ્નાયુઓમાં રુધિરાભિસરણ સુધારીને તેને પૂરતો લોહીનો ખોરાક પૂરો પાડે છે, જે સામાન્ય માણસ પણ ઉપયોગમાં લઈ શકે એવી લાગી છે.

અભ્યાસ ને સંશોધન વડે શાસ્ત્રીય સિદ્ધાંત પર યોજેલી આ સાદી કસરતો, ઓછામાં ઓછા સમયમાં વધુમાં વધુ ફાયદો મળે અને પ્રત્યેક સ્નાયુ પલોટાઈ જાય એ રીતે રચવામાં આવી છે. આ કસરતો હરરોજ 'નિયમિતપણે' અને 'નિયત સમયે' કરવી જોઈએ. ખેલાડીઓ રમતમાં ઊતરતાં પહેલાં કરી લે તો ઉત્તમ.

બધી કસરતો બહુ જ સ્વસ્થતાથી અને લયબદ્ધ રીતે કરવી. કદી અણુઘટતો પરિશ્રમ ન લેતા, કે કસરત દરમ્યાન આંચકા ન મારતા. કોઈ ક્રિયા સંપૂર્ણ રૂપે સાધી ન શકો તો તંગ બનીને પરાણે ન કરશો. ધીમેધીમે ખંતપૂર્વક રોજ થોડુંથોડું વધીને તે સિદ્ધ કરી શકશો.

આ બાર કસરતો રોજ ૨૦ મિનિટમાં પતી જાય તેમ એકધારી કરી લેવાની ટેવ પાડી દેજો, જેને અંતે સારો પરસેવો નીતરી આવશે. પછી ખરબચડા ટુવાલથી ખૂબ ઘસીને શરીર લૂછી નાખજો. પરસેવો સુકાવા ન દેતા, તેમ અમિત શરીર પર હવાની ફટકી લાગવા ન દેતા.

એક સાવચેતી: નબળા કે રોગી દેહવાળાઓએ દાક્તરને શરીર બતાવ્યા વિના આ કસરતો ન કરવી. કસરતોની વિગતો નીચે છે:

કસરત (૧) પગ જોડીને ઊભા રહો. બની શકે તેટલી લયબદ્ધ રીતે શરીર પહેલાં આગળ ને પછી પાછળ ઝુકાવો, અને એમ કરતાં હાથને ઢીલા ઝૂલવા દો. જેમજેમ તમે પીઠ તથા પેડુના સ્નાયુઓને ખેંચતા જશો તેમતેમ આગળ ને પાછળ વધુ ને વધુ ઝૂકી શકશો.

(૨) પગ પહોળા કરીને અને બંને હાથને માથા પર લંબાવી તેનાં આંગળાંના આંકડા ભરાવીને ઊભા રહો. પછી કમ્મરમાંથી શરીરને ગોળગોળ ઘુમરડીઓ ખવડાવો.

(૩) પગ પહોળા કરીને ઊભા રહો. ઘૂંટણમાંથી પગને ટટ્ટાર રાખી શરીર ઝુકાવીને બંને હાથ જમીનને અડકાડવા પ્રયત્ન કરો (ડાબું ચિત્ર). હવે શરીરને ઊંચકીને ફરી લયમાં ઝુકાવી બંને હાથ વડે બે પગ વચ્ચેની, અને તેની યે પાછળની જમીનને અડકવા પ્રયત્ન કરો. એમાં જેટલે દૂર જઈ શકો તેટલે દૂર જાઓ.

(૪) પગ પહોળા કરીને અને હાથ બંને બાજુ સીધા લંબાવીને ઊભા રહો. પગને ઘૂંટણમાંથી ટટ્ટાર રાખી અને પાનીને જમીન પર ચોંટેલી રાખી તમારા જમણા હાથ વડે ડાબા પગને અડવા પ્રયત્ન કરો, અને એ વખતે તમારો ડાબો હાથ પાછળ ઊભો ટટ્ટાર રાખો. ફરી ફરી મૂળ સ્થિતિમાં આવી એ જ ક્રિયા ડાબા હાથ વડે કરો. આ ક્રિયાઓ જરા યે ઝાટકા માર્યા વિના સરળ લયથી કરો.

(૫) ખુરશી લપસે નહિ તેમ ભીંતે ટેકવીને, ચિત્રમાં છે તેમ બંને હાથે તેની બેઠક પકડી પગ ટટ્ટાર પાછળ લંબાવો. પછી કોણીમાંથી હાથ ટટ્ટાર કરી ઊંચા થાઓ અને એમ ટટ્ટાર નીચા દબાઓ. પગ કે ખુરશી કશું લપસવા ન ન પામે તેની ખાસ કાળજી રાખો.

(૬) ઊંધા સૂઈ હાથ સીધા આગળ લંબાવો. પછી હાથ-પગ બંનેને ટટ્ટાર રાખી એકીસાથે બંનેને જમીનથી અધ્ધર ઊંચકવા પ્રયત્ન કરો. એ જ સ્થિતિમાં રહી શકાય તેટલું રહો. ફરીફરીને આ કસરત કરવી.

(૭) હથેળીઓ જમીન પર જડી, પગ પાછળ ટટ્ટાર લંબાવી, હાથ અક્કડ થાય એટલા ઊંચા થાઓ; અને બને તેટલું શરીરને સીધી લીટીમાં અક્કડ ને અક્કડ રાખી ધીમેધીમે કોણીઓ વાળીને શરીરને ઝુકાવો. પણ તેમ કરતાં ચહેરો કે છાતી જમીનને અડવા ન પામે ને ઘૂંટણ તો હરગીઝ ન અડે. બની શકે તેટલી વાર ફરીફરીને કરો.

(૮) બંને હાથ બે પડખે રાખી જમીન પર સત્તા સૂઈ જાઓ. હવે હાથનો ટેકો લીધા વિના ધીમેધીમે કમ્મરમાંથી જ ઊભા થઈ. બંને હાથ લંબાવી પગના અંગૂઠા પકડવા પ્રયત્ન કરો. એમ કરતાં પગને ઘૂંટણથી જરાપણ વળવા ન દેતાં ટટ્ટાર રાખો. પછી મૂળ સ્થિતિમાં સૂવા જતાં પીઠને આંચકો ન લાગે તેની સાવચેતી રાખવી.

(૯) ઉપર માફક જ ચત્તા સૂઈ જાઓ. શ્વાસ અંદર લેતા જાઓ ને હાથને માથા પર થઈ લંબાવી પછવાડે જમીન પર અડાડો. શ્વાસ લેવાતો જાય તેમ માથું જમીન પર ટેકવી કમ્મરમાંથી શરીરને ઊંચકી કમાન થાઓ. એ વખતે માત્ર માથું ને બેઠક બે જ જમીનને અડકેલાં હોવાં જોઈએ. હવે ધીમેધીમે શ્વાસ મૂકતા જઈ પીઠને નીચે ઉતારી જમીન પર અડકાડો. તેની સાથોસાથ હાથને પણ આગળ બે પડખે લાવો. આ દરમ્યાન બંને પગ તો જોડાએલા જ રહે.

(૧૦) ઉપરની માફક ચત્તા સૂઈ, જરા પણ આંચકો માર્યા વિના બંને પગને એક પછી એક જમીનથી બને તેટલા અધ્ધર ઊંચકો. પણ તેમ કરતાં પગ વળે નહિ અને માથું તથા ધડ જમીન સાથે અને બંને હાથ બે પડખે સપાટ ચોંટી રહે તેની ખાતરી રાખો. એક પગ નીચે ઊતરતો જાય તેમ બીજો ઉપર ચડતો જાય.

(૧૧) ઉપર માફક ચત્તા સૂઈ, બંને પગને જમીનથી ૪૫ અંશને ખૂણે ઊંચકો. બંને પગને ગોળગોળ ફેરવતા જાઓ ને દૂર તથા નજીક લાવતા જાઓ. પગ ફરતી વખતે કુંડાળું એક ફૂટના પરિઘનું થાય. આ દરમ્યાન શરીરને ટટ્ટાર અને હાથને જમીન પર જડેલા જ રાખો.

(૧૨) ઉપર માફક ચત્તા સૂઈ, બંને હાથના ટેકાથી આખા ધડ તથા પગને જમીનથી સીધા અધ્ધર ઊંચકી જમીનને કાટખૂણે લાવો. હવે પગ તદ્દન ટટ્ટાર રાખી બંને પગ વારાફરતી તમારા માથા પાછળની જમીનને અડકાડવા પ્રયત્ન કરો. થાકો ત્યાં સુધી ફરીફરી કરતા રહો.

---

## જીવન ? એટલે

જીવન એક ગ્રંથ છે—એનો અભ્યાસ કરો.
જીવન સૌંદર્ય છે—એની ઉપાસના કરો.
જીવન પડકાર છે—એને ઝીલો.
જીવન એક તક છે—એને ઝડપી લો.
જીવન વિષાદ છે—એમાંથી ઊગરી જાઓ.
જીવન એક સ્વપ્ન છે—એને સાકાર કરો.
જીવન છે કરુણાંતિકા—એનો મુકાબલો કરો.
જીવન એક ગીત છે—એનું ગુંજન કરો.
જીવન પ્રેમ છે—એને માણી જાણો.
જીવન એક ખેલ છે—ખેલી નાખો.
જીવન એક સાહસ છે—કરી જુઓ.
જીવન એક વચન છે—એનું પાલન કરો.
જીવન એક સંગ્રામ છે—એનો સ્વીકાર કરો.
જીવન છે આશીર્વાદ—અજમાવી જુઓ.
જીવન એ ફરજ છે—એનું અનુપાલન કરો.
જીવન એક યાત્રા છે—એ પૂર્ણ કરો.

# સાહિત્યસંપર્ક

## શબ્દકથા: ભટ · ભટ્ટ · ભડ · ભાડું · ભાટ

સંસ્કૃતમાં 'સેવક, ચાકર' અર્થનો भृत्य શબ્દ છે. તેના જ ધાતુ પરથી સધાએલો બીજો શબ્દ છે भृत. भृत એટલે 'જેનું ભરણપોષણ કરાય છે તે.' भृतक એટલે 'વેતન પેટે રાખેલો ચાકર, ભાડૂતી સૈનિક.' भृतનું પ્રાકૃત ભાષામાં भट એવું ઉચ્ચારણ થયું, અને તે भट શબ્દ 'સૈનિક'ના અર્થમાં સંસ્કૃતમાં પણ વપરાતો થયો. भट ઉપરથી પ્રાકૃતમાં भड એવું રૂપ થયું, અને તે શબ્દ 'વીર' એવા અર્થમાં ગુજરાતીમાં પણ 'ભડવીર', 'એ તો ભડ છે' વગેરે પ્રયોગોમાં જાણીતો છે. વીર સૈનિક માટેનો સંસ્કૃત सुभट પણ પરિચિત છે.

भृत ને જે વેતન અપાય તે भर्त કે भर्ति. તેમનાં લૌકિક ઉચ્ચારણ भाट અને भाटि. તેમના પરથી પ્રાકૃતમાં भाड અને भाडि. સંસ્કૃતમાં પણ भाट (કે भाटक) અને भाटि વપરાતા થયા. ગુજરાતી વગેરેમાં भाडुं અને भाड ('વૈશ્યાની દલાલી કે ભડવાઈની કમાઈ') આ ઉપરથી થએલા છે.

ગુજરાતીમાં બ્રાહ્મણ (અને બ્રાહ્મણ રસોઇયો) भट કહેવાય છે. અને બ્રાહ્મણોની એક અટક તરીકે પણ તે જાણીતો છે. આ भटનું પૂર્વ રૂપ भट्ट છે. આ સંસ્કૃત भट्ट પણ भर्ता ('શેઠ, સ્વામી'–રાજા, બ્રાહ્મણ વગેરે માટેનો આદરવાચક શબ્દ) એ શબ્દના પ્રાકૃત ઉચ્ચારણનું પરિણામ છે. भर्ता ઉપરથી भट्टा અને પછી भट्ट. વળી શબ્દના મૂળ રૂપ भर्तृનું લૌકિક ઉચ્ચારણ भट्टि પણ સંસ્કૃતમાં સ્વીકાર પામ્યું, અને આપણા भट्टिक વિના નામમાં તથા वत्सभट्टि જેવાં અન્ય નામોમાં તે જોઈ શકાય છે.

રાજાઓના મંગળપાઠક તરીકે કામ કરતા બ્રાહ્મણ वेतालभट्ट કહેવાતા. તે ઉપરથી भट्ट 'સ્તુતિપાઠક'ના અર્થમાં પણ રૂઢ થયો. તેના પરથી भाट, ब्रह्मभट्ट વગેરે. આ ઉપરથી સમજી શકાશે કે आर्यभट्ट એ રૂપ સાચું છે, आर्यभट नहि. **હરિવલ્લભ ભાયાણી**

## સૉલ બેલો અને આજની અમેરિકન નવલકથા

**લેખક · પ્રો. વસંત જોશી**

આ વર્ષનું સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક અમેરિકન નવલકથાકાર સૉલ બેલોને આપવામાં આવ્યું છે. બેલો વ્યવસાયે અંગ્રેજી સાહિત્યના પ્રાધ્યાપક છે. એમના પૂર્વજો રશિયામાં વસતા. પિતા શિકાગો આવ્યા ને આમ બેલો કુટુંબ અમેરિકન બન્યું. સૉલ બેલોનો જન્મ ૧૯૧૫માં થયો હતો. છેલ્લાં ત્રણચાર વર્ષથી બેલોનું નામ નોબેલ પુરસ્કાર માટે ઉલ્લેખાતું હતું. આ વર્ષે એ એમને મળ્યું તેથી કોઈને આશ્ચર્ય થયું નહિ. આજના અમેરિકન નવલકથાકારોમાં બેલો અગ્રગણ્ય છે.

બેલોની નવલકથાઓમાં આજના અમેરિકન જીવનનું તાદૃશ પ્રતિબિંબ દેખાય છે. પોતાનામાં કંઈક વિકૃતિ છે એવું જ્ઞાન અમેરિકનોને થયું છે. ઔદ્યોગિક ને વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં એમણે મહાન વિકાસ સાધ્યો છે. અમેરિકા જેવો ધનવાન દેશ આજે દુનિયામાં નહિ હોય. પણ વિચાર કરી શકતા અમેરિકનોનાં મનમાં સંતોષ નથી. જીવનમાં કંઈક ખૂટે છે એની વ્યથા એમનાં હૃદયમાં છે અને એ એમના સાહિત્યમાં અભિવ્યક્તિ પામે છે.

બેલોનાં પાત્રોનાં જીવન વાંચતાં વાચકોને રસ પડે છે ખરો—એ વાચક લેખકોનો સમાનધર્મા હોય તો જ. અમેરિકાની માટીના પ્રતિનિધિક એવા એ માનવીઓ જીવનમાં સફળ થવા મથે છે. અર્થાર્જનને એ સફળતાનું મુખ્ય



સૉલ બેલો

લક્ષણ ગણે છે. કોઈ પણ રીતે પૈસા મેળવવા એ એમનું લક્ષ્યબિંદુ હોય છે. પૈસા મેળવતાં આચારની કે સાધનોની શુદ્ધતા જાળવવી જોઈએ એવું એ માનતા નથી. જેને પ્રામાણિકતા, નીતિમત્તા અને એવી જ રીતે વર્ણવવામાં આવે છે એવા ગુણો વિશે એ અજાણ્યા હોતા નથી, પણ સ્વાર્થનો સવાલ ઊભો થાય ત્યારે સ્વાર્થ સાધવો એને એ પોતાનું કર્તવ્ય સમજે છે. અને સ્વાર્થ મેળવ્યા પછી પણ એમને જીવનની પરિપૂર્તિ સાંપડતી નથી. કંઈક ખૂટતું હોવાની પ્રતીતિ એ હરઘડી અનુભવતા હોય છે. જીવનમાં વિશુદ્ધિનું અનન્ય સ્થાન છે એમ તેઓ સમજે છે. પણ આપણે અશુદ્ધ છીએ એટલું માત્ર ભાન થવાથી આત્મસંતોષ મળતો નથી. અને વિશુદ્ધિ પ્રયત્નસાધ્ય હોય તોપણ કષ્ટસાધ્ય તો ખરી જ. એ કષ્ટમય જીવન જીવવાની એમની તૈયારી હોતી નથી. એમના સામાજિક કે કૌટુંબિક જીવનમાં ક્યાંય સચ્ચાઈ હોતી નથી. પ્રેમમાં વ્યભિચારને સ્થાન હોઈ શકે એવું સગવડિયું ડહાપણ એમની પાસે હોય છે. લોકો એમને સારી રીતે ચાહે એવી સ્વાભાવિક અપેક્ષા તેઓ રાખે છે. સાચો પ્રેમ ઝંખતા માનવીએ અન્યોને સાચો પ્રેમ આપવાની પોતાની જવાબદારી હમેશાં યાદ રાખવી જોઈએ એ વાતનું એમને ભાન હોય છે છતાં આજના ત્યાંના વિકૃત જીવનપ્રવાહમાં એ તણાઈ જાય છે ને પછી દુઃખ, પસ્તાવો અને તેમાંથી જન્મતી વ્યથાના વમળમાં તેઓ પડે છે. તેમછતાં આત્મસંયમ, ઇંદ્રિયનિગ્રહ એવા દૂરથી આકર્ષક લાગતા ગુણો કેળવવામાં તેઓ માનતા નથી. જેવા છીએ તેવા છીએ, અમને આત્માનંદ મળવો જોઈએ એવી ખોટી અભિલાષા એ સેવે છે. જીવનમાં દરેક વસ્તુની કિંમત ચૂકવવી પડે છે એવો ખયાલ એમના મનમાં જાગે છે, પણ શુદ્ધ આચરણને અભાવે માથે દુઃખો વીતે ત્યારે એમનો વિરોધનો સૂર જાગે છે।

બેલોની નવલકથાઓમાં જીવનની કુરૂપતા, કટુતા દેખાય છે. આજકાલના વાચકોને તમતમતું વાંચવા જોવાની હોંશ હોય છે. એમના હૃદયમાં ઊંડે ઊંડે રહેલી કટુતાને પરદુઃખની હાંસી ઉડાવવામાં મઝા પડે છે. સવાલ એવો થાય કે જીવન છે એવું જ ચીતરવું એટલી જ સાહિત્યકારની ફરજ હોઈ શકે ખરી? અમેરિકાનું જીવન આવું છે. એટલું જ જાણવા સભાન વાચક એ નવલકથાઓ વાંચતો નથી. વિશ્વામિત્રે પ્રતિસૃષ્ટિ રચવાનો પ્રયત્ન આદર્યો. વિશ્વામિત્ર શક્તિશાળી ખરા, પણ એમની દુનિયામાં ત્રિશંકુ જેવો માણસ વસવાનો હતો એ ભૂલી શકાય ખરું? બેલો સાહિત્યના પ્રાધ્યાપક છે. એમની વિદ્વત્તા મહાન છે. એમનું ભાષાપ્રભુત્વ અનન્યસાધારણ છે. એમને હાસ્યરસની અદ્ભુત દેન છે. પણ બધાંની પાછળ

રુંધાઈ રહી છે નરી કરુણતા. જીવન કેવું છે એનું વાસ્તવિક વર્ણન કરવાથી સાહિત્યકારની ફરજ પૂરી થતી નથી. જીવન કેવું હોઈ શકે એ બતાવવાની બહુ મોટી જવાબદારી એને શિરે હોય છે. જીવનનું તાદૃશ વર્ણન કરવું એટલે કે જીવનનું માત્ર અનુકરણ કરવું એ દુનિયા સાથે સ્પર્ધા કરવાનો વૃથા પ્રયત્ન કરવા જેવું છે. જટિલ જીવનનો અર્થ, વિસંગતિમાં સંગતિ શોધવા સાચા કલાકારે મથવું જોઈએ.

સાચા કલાકારની પ્રતિભા 'નવનવોન્મેષશાલિની' હોય, એનું જીવનનું નિરીક્ષણ તાટસ્થ્યભર્યું હોય અને વિશુદ્ધ જીવન જીવવાનો પ્રયત્ન કરી કલાકાર પોતાને માટે અને પછી ગૌણ રીતે વાચકોને માટે—જીવનદર્શન પામવાનો પ્રયત્ન ભલે સફળ કે અસફળ—કહેતો હોય ત્યારે કદાચ શ્રેષ્ઠ કલાનું સર્જન થાય. બેલોનું જીવનનિરીક્ષણ સચોટ છે. પણ એમાં તટસ્થતા નથી. પોતાને વિશ્વના કેન્દ્રસ્થાને રાખી એ નિરીક્ષણ કરે છે. એનાં પાત્રો જીવનનાં વિવિધ ક્ષેત્રોમાંથી આવે છે. પણ એમને નિહાળનાર દૃષ્ટિ લેખકના પૂર્વગ્રહોથી પૂર્ણ એવી છે, બાલ્ઝાક, ડિકન્સ કે શેક્સ્પીઅર જે તટસ્થતાથી અને કરુણાથી જીવનદર્શન કરે છે એનો બેલોમાં પૂરો અભાવ છે. કોઈ વિચિત્રરીતે એની દરેક નવલકથાનો નાયક એ પોતે હોય છે. એક નવલકથા ખુશીથી લખી શકાય એટલી સામગ્રી તો દરેક માનવીના જીવનમાંથી જડી શકે. બેલોએ જાણે પોતાના જીવનના જુદા જુદા વિભાગો કર્યા હોય અને પછી દરેક વિભાગ વિષે લખ્યું હોય એમ લાગે. એક રીતે એની એ સિદ્ધિ ગણી શકાય. લોકો હજી ય એની નવલિકાઓ વાંચતાં કંટાળ્યા નથી. પણ બેલોની સાહિત્યકૃતિઓની એ મર્યાદા પણ ખરી જ. પાત્રોમાં અને પ્રસંગોમાં વૈવિધ્ય અને રંજકતા હોય છે પણ નાવીન્ય હોતું નથી. મહા કવિ ગટેએ કહ્યું હતું કે કવિએ પોતાની લાગણીઓ તથા અનુભવો પર અંકુશ મૂકી અલિપ્તતાથી સત્યને શોધવું. એવું એ ન કરે તો એ મહાન કૃતિઓ રચી શકે નહિ. ગટેએ પણ કહ્યું હતું કે માણસ કંઈ કરી શકે ત્યાર પહેલાં એણે કોઈક હોવું જોઈએ. વ્યક્તિત્વની વિશુદ્ધિ જ્યાં સુધી થતી નથી ત્યાં સુધી સાચી કલા નું નિર્માણ થતું નથી.

આજકાલના અમેરિકનોનું આજ દુઃખ છે. એ પોતાના આત્માને ખોઈ બેઠા છે. એને પાછો મેળવવા માટે સાધના કે તપસ્યા કરવી જોઈએ. એને માટે એમની પાસે સમય નથી. એ આમતેમ વ્યર્થ ફાંફાં મારે છે. બેલોની નવલકથાઓ આવાં ફાંફાંનાં વર્ણન કરે છે.

બેલોની કૃતિઓનાં નામ આ પ્રમાણે છે: The Adventures of Augie March; Seize the Day; The Dangling Man; The Victim (1947); Henderson, The Rain King (1958); Herzog (1961); Mr. Sammtler's Planet; Humboldt's Gift (1975). આ નવલકથાઓ વાંચતાં શુદ્ધ મનોરંજન થાય છે એમ તો નહિ જ કહું. દરેક કથામાં વિષણ્ણતા, નિષ્ફળતાના સૂર સંભળાય છે. કથા ઓમાંની કહેવાતી ચાલુ નીતિમત્તા કેટલાક લોકોને ગમશે નહિ. બેલોની નવલકથાઓ કેવી છે એવી જિજ્ઞાસાથી કોઈ એકાદ પુસ્તક વાંચવા માગતું હોય તો હું 'હેન્ડરસન પર્જન્યરાજ' (Henderson The Rain King)ની ભલામણ કરીશ. □

# મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



પાંડુરંગશાસ્ત્રી

જન્મ : કોલાબા જિલ્લામાં રોહા મુકામે, તા. ૧૯-૧૦-૧૯૨૦. છેલ્લાં ત્રીસેક વર્ષથી મુંબાઈમાં માધવબાગમાં આવેલી શ્રીમદ્ ભગવદ્ગીતા પાઠશાળામાં નિયમિત સોમ થી શુક્રવારે સાંજે ગુજરાતી, મરાઠી, હિન્દી ને અંગ્રેજી ભાષામાં, અને દર રવિવારે સવારે ઉપનિષદ્ પર પ્રવચનો આપે છે. ચૌદ પ્રાંતોમાં એમનું સદ્ધર્મ પ્રચારનું કાર્ય વિસ્તરેલું છે અને અયાચકવૃત્તિથી ઈશ્વરભરોસે એ સતત ચાલતું રહ્યું છે. ગુજરાતી અને મરાઠી ભાષામાં 'તત્ત્વજ્ઞાન' તથા હિન્દીમાં 'તત્ત્વદીપ' નામે માસિકો પણ તેઓ ચલાવે છે. તેઓ એક વ્યક્તિ નહિ પણ એક સંસ્થા જ હોય એમ અને એટલું એમનું કાર્ય વિસ્તરેલું છે.

૧. આપને અત્યંત પ્રિય 'ગીતા'ની મહત્તા કહેશો?

ઉ. જગતમાં દુઃખ અટલ છે. ગીતા એની સામે ઝઝૂમવાનું બળ આપે છે. માણસની દબાઈ રહેલી અસ્મિતાને એ પ્રકટ કરે છે. 'ઈશ્વર આપણા માટે નહિ, પણ આપણી સાથે રહીને કામ કરે છે' એ એનો એક દિવ્ય સંદેશ છે.

૨. ઉપનિષદ વિષેનો આપનો અભિપ્રાય?

ઉ. મહાન ઋષિઓનાં જીવનનો એ નિચોડ છે. માનવજીવનમાં નિર્ભયતા, અજરત્વ અને અમરત્વ લાવનાર એ શક્તિ છે.

૩. માણસે આત્મવિકાસ માટે શું કરવું જોઈએ?

ઉ. સગુણોપાસના દ્વારા ચિત્તશુદ્ધિ કરીને ભક્તિ અને ઈશ્વર-પ્રાધાન્યથી થતા રહેલા કર્મયોગમાં રત રહીને જીવનવિકાસ સાધી શકાય.

૪. આપના સમગ્ર લેખનનો પ્રધાન સૂર શો છે?

ઉ. આત્મપ્રત્યયથી કાર્યમગ્ન, ભાવભક્તિપૂર્ણ અને જ્ઞાનયુક્ત જીવનપથના પથિક બનવા સૌએ પ્રયત્ન કરવો જોઈએ એ એનો પ્રધાન સૂર છે.

૫. ધર્મ એટલે? જીવન એટલે? પ્રભુ એટલે?

ઉ. ધારણ કરે તે ધર્મ. વિકાસ કરે એ ધર્મ. વ્યક્તિના માનસિક વિકાસ અને બૌદ્ધિક ઉન્નતિ સાધનાર વિચારસંહિતા એ ધર્મ. જીવન એ પ્રભુનો પ્રેમપત્ર છે. એ વાંચતાં આવડવો જોઈએ. અને પ્રભુ એ મારે મન સૃષ્ટિનો ઉત્પાદક ને સંરક્ષક છે. મિત્ર રૂપે એ સૌની સાથે વિચરે છે.

૬. થાણામાં આપે સ્થાપેલી તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠનો ઉદ્દેશ અને એનું કાર્ય જણાવશો?

ઉ. માનવીની વયને અનુકૂળ એવા વિચારોનો પ્રચાર અને જીવનને ઉન્નતિ પ્રત્યેનો વળાંક આપે એવું લોકશિક્ષણાત્મક કાર્ય એ એનો ઉદ્દેશ. અયાચકવૃત્તિથી કેવળ ઈશ્વર આસ્થાએ ચાલતી આ સંસ્થા માનવજીવન અને ધાર્મિકતાની ઉન્નતિ માટે કાર્ય કરે છે.

૭. જીવનમાં દેખાતી વિચાર, વાણી અને વર્તનની ભિન્નતા કઈ રીતે દૂર થઈ શકે?

ઉ બધા જ પ્રકારની અપ્રામાણિકતા ત્યજીને.

पांडुरंगशास्त्री आठवले.

# નવી નવલકથાઓ

## બહાદુરશાહ પંડિત

**નામ ધીમેથી લેજો**: સ્વભાવે ખૂબ ઉદાર પણ લોકોની દૃષ્ટિએ ધૂની અને ગાંડા ગણાતા જમીનદાર સુરેશના ઘેર મામાની નિવૃત્તિ પછી અનંત વહીવટ કરવા માટે રહે છે, અને સુરેશની યુવાન વિધવા બહેન ઇન્દિરાના અભૂતપૂર્વ સૌંદર્યથી એના તરફ આકર્ષાય છે. અનંત પોતાના વતન પ્રતાપગઢમાં એક શ્રીમંત પિતાની પુત્રી વાસંતીના પ્રેમમાં પડેલો છે, પણ વાસંતીના પિતાની ઇચ્છા અનંત જેવા ગરીબ ઘરના છોકરા સાથે પોતાની પુત્રીને પરણાવવાની નથી. છતાં વાસંતીની દૃઢતાથી બંને વચ્ચેનો પ્રેમ ચાલુ રહે છે. બીજી બાજુ અનંત-ઇન્દિરા વચ્ચેનો પ્રેમ પરાકાષ્ઠા તરફ આગળ વધતો જાય છે. ઇન્દિરા વિધવા હોવાથી ને સમાજમાં એની સિંહણ તરીકેની છાપ હોવાથી અનંત સાથે એ પુનર્લગ્ન કરી શકતી નથી. આખરે ઇન્દિરા-અનંત એક રાતે છૂપી રીતે ઇન્દિરાના રૂમમાં મળે છે અને ઇન્દિરા અનંતને પોતાનું સર્વસ્વ અર્પી દે છે. પરંતુ વહેલી સવારે પોતાના રૂમ તરફ પાછા ફરતા અનંતને બંદૂકથી ઠાર કરી, ઇન્દિરા નીચે પડતું મૂકી આપઘાત કરે છે. વાસંતી બાલાપુરની શાળામાં શિક્ષિકા બની આજીવન કુંવારી રહે છે.

વાસંતી, સુરેશ અને ઇન્દિરાનાં પાત્રો જેટલાં જીવંત અને આકર્ષક બન્યાં છે, એટલું અનંતનું પાત્ર નાયક હોવા છતાં ઉઠાવદાર લાગતું નથી. તેમ છતાં અનંત ને ઇન્દિરા વચ્ચે ધીમેધીમે ઉદ્‌ભવતા આકર્ષણનું લેખકે કરેલું આલેખન કલાત્મક અને આહ્લાદક છે. વાચકની કલ્પનાને છંછેડીને આનંદ આપવાની સારા સર્જકની શક્તિનો શ્રી મોહમ્મદ માકડમાં આપણને અનુભવ થાય છે. વસ્તુસંકલનાની સુઘટ્ટતા: [illegible] અને પ્રતીતિકર પ્રસંગયોજના, સંવાદોની સ્વાભાવિકતા ને વાસ્તવલક્ષિતા, પ્રેમતત્ત્વની રહસ્યમયતા ધ્વનિત કરતી પ્રતીકયોજના વગેરે આ નવલકથાનાં આકર્ષક તત્ત્વો છે.

'[illegible] આંધળાં હોય છે' (પૃ. ૨૯), 'પહેલી પ્રીત જેટલી ઉગ્ર હોય છે એટલી જ ઘેલી પણ હોય છે' (પૃ. ૩૧) વગેરે ~~જેવાં અર્થાન્તરન્યાસી વિધાનો કરવાથી લેખકે~~ [illegible] અમદાવાદ-૧; પૃ. ૩૩૨, પાકું પૂઠું, રૂ. ૧૫-૦૦.)

**સૂરજ ઊગ્યે સાંજ**: નાનપણથી અનાથ અને નિરાશ્રિત બની બાવાની ટોળી સાથે રખડતા થઈ ગએલા અમાપ શક્તિવાળા અને સ્નેહાળ હૃદયી ચતુરના પ્રેમમાં પડેલી, પણ સંજોગવશાત નપુંસક પતિના પનારે પડતી ગુલાબ નામની સોહામણી પણ અત્યંત ગર્વિષ્ઠ યુવતીના ઊજડી ગએલા સંસારની વીતકકથા આલેખતી આ નવલ શ્રી નાનાભાઈ હ. જેબલિયાની સર્ગશક્તિનો સુભગ પરિચય કરાવે છે. પાત્રમાનસનાં સંવેદનો આલેખવાની, વર્ણનો કરવાની અને સંઘર્ષને સચોટ બનાવવાની લેખકની શક્તિનો આ કૃતિમાં થએલો વિકાસ જોઈ શકાય છે. ભગત અને દિવાળીના પ્રસંગોની અપ્રસ્તુતતા ગાળી નાખીએ તો નાટ્યાત્મકરીતે આરંભાતી અને અંત સુધી ગુલાબના પાત્રનું ગર્વિષ્ઠપણું ટકાવી રાખતી આ નવલકથા પાત્રલેખનની જીવંતતા અને સુરેખના, પ્રસંગાલેખનની કુશળતા, વસ્તુસંકલતાની સુઘટ્ટતા, વર્ણનોની ચિત્રાત્મકતા અને સૌરાષ્ટ્રી બોલીની મીઠાશના કારણે આહ્લાદક બની છે. (પ્ર. લોકપ્રિય પ્રકાશન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; પૃ. ૪૪૦, પાકું પૂઠું, રૂ. ૨૦-૫૦.)

**બિહુલા**: ડૉ. દામોદર બલરની આ હેતુપ્રધાન લઘુનવલમાં લેખકે દેશની સાંપ્રત રાજકીય પરિસ્થિતિના સંદર્ભમાં લોકશાહીનો વિકાસ કેવી રીતે થઈ શકે એ અંગે કરેલું ચિંતન સુનીલની 'થીસીસ' અને પાત્રો વચ્ચેની ચર્ચા દ્વારા રજૂ કર્યું છે. બિહુલાનું સૌન્દર્ય, ડૉક્ટર સાથેનો એનો ઊર્મિશીલ સંબંધ અને કાવ્યમય સ્થળવર્ણનો એ ભારેખમ ચિંતનને સહ્ય બનાવે છે. ડૉ. બલરે ચિંતનની કડવી ગોળીને કાવ્યમય ભાષા, ચારુ વર્ણનો અને બિહુલાના દૈહિક સૌંદર્ય અને બૌદ્ધિક ચપળતાના આલેખન દ્વારા 'સ્યુગર કોટેડ' બનાવવાનો સભાન છતાં સારો પ્રયાસ કર્યો છે. પ્રસ્તાવનામાં શ્રી રાધેશ્યામ શર્માએ આ નવલને 'નિબંધ નવલ' તરીકે ઓળખાવી હવે પછી તેઓ 'નવલના કેવળ કલારૂપથી જ જિતાય' એમ ઈચ્છયું છે, પરંતુ મને લાગે છે કે નવી પેઢીને વિચારતી કરવા માટે આ પ્રકારની નવલકથાઓ પણ લખાતી રહે તો એમાં કશું નુકસાન નથી. (પ્ર. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, રામજી મંદિરની પોળ, વડોદરા; પૃ. ૧૭૯, કાચું પૂઠું, રૂ. ૧૦.)

**[illegible]નું' ઘર**: દિગ્દર્શક મુકેશ મહેતા એના [illegible] ચિત્ર 'યે ધરતી મેરી [illegible] નાયિકાના પ્રેમમાં પડે છે ને એની સાથે [illegible] પણ [illegible] બીજા યુવાન દિગ્દર્શક [illegible] [illegible] સંબંધ બાંધી સુકેશને છોડી [illegible] [illegible] અમિતાને છોડી દે છે. આમ સિનેમા વ્યવસાયમાં સહજ ગણાતા પ્રસંગોનું આલેખન કરતી આ નવલકથામાં અંતે અમિતા બળિયાના રોગથી કદરૂપી બની જાય છે અને સામાન્ય નોકર બાઈનું પાત્ર લેવા ફરી સુકેશ પાસે જવાનું થતાં એ આઘાત લાગવાથી સળગી જઈને મૃત્યુ પામે છે. શ્રી વિઠ્ઠલ પંડ્યાને સહજ એવાં સ્ત્રી-પુરુષના દૈહિક સંબંધના અસંખ્ય ચિત્રોથી આ નવલકથાને સામાન્ય વાચકો માટે આકર્ષક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. (પ્ર. આર. આર. શેઠની કં., પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; પૃ. ૨૬૦, પાકું પૂઠું, રૂ. ૧૨-૭૫.)

**લીલાં સૂકાં સપનાં**: પિતાના મારથી ત્રાસી, ઘેરથી ભાગી જઈ, શહેરમાં આશ્રમમાં રહી ઇલેક્ટ્રિશિયન બનેલો નિરંજન નાટકની પ્રખ્યાત અભિનેત્રી રાજેશ્રીના પ્રેમમાં પડે છે, જ્યારે પાસેના તબેલાના માલિક બિરજુ ઠાકુરની પુત્રી જાનકી નિરંજનને ચાહતી હોય છે ને બિરજુ પણ એને પોતાનો જમાઈ બનાવવા માગે છે. પણ નિરંજન રાજેશ્રીના એક દારૂચોર પ્રેમીનું ખૂન કરે છે અને એ બદલ પાંચ વર્ષની જેલની સજા ભોગવવા જાય છે. રાજેશ્રી જાનકીને આશ્વાસન આપી પાંચ વર્ષ પછીના સુખદ ભાવિનું સ્વપ્ન બંધાવે છે. સ્ત્રીપુરુષના દૈહિક સંબંધોના આકર્ષણને ટકાવી રાખવાનો પ્રયાસ કરવા છતાં શ્રી વિઠ્ઠલ પંડ્યાની આ નવલકથા એકંદરે વાચકને જકડી રાખવા જેટલી વાચનક્ષમ બની છે એમ કહી શકાય. (પ્ર. ઉપર મુજબ; પૃ. ૨૬૩, પાકું પૂઠું, રૂ. ૧૨-૭૫.)

**ચોર જમાઇ**: લેખક પ્રસ્તાવનામાં નોંધે છે એમ 'આ નવલકથાનો મુખ્ય સૂત્રધાર બંસી છે. એની પાછળ અખ્તરી અને વિજય અને પાછળથી રૂપાં પણ આ નવલમાં સાથેસાથે જ પોતાનું સ્થાન જમાવી દઈ પ્રણય-ત્રિકોણ સર્જે છે.' પણ આ બધાં યુવાનોના પ્રેમની રસમસ્તી આલેખવામાં લેખક વસ્તુસંકલના શિથિલ બનાવી એક ગૂંચવાડાભરી સામાન્ય કથા જ સર્જી શક્યા છે, ઉત્તમ નવલકથા નહિ, એ શ્રી અરવિંદ નર્મદાશંકર શાસ્ત્રીના ખ્યાલમાં રહ્યું લાગતું નથી. (પ્ર. ત્રિપાઠી; પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; પૃ. ૩૧૨, પાકું પૂઠું, રૂ. ૧૫.)

### —અને છેલ્લે

મેરી મૅક્કાર્થી નામક જાણીતી અમેરિકન લેખિકાની નવલકથા 'મેમરીઝ ઑવ અ કૅથલિક ગર્લહુડ'માંનાં કેટલાંક વિધાનોથી કોપેલા કૅથલિકોએ તેના પર આકરા પત્રોનો મારો ચલાવ્યો. મેરી એ પત્રોમાંની માત્ર વ્યાકરણ ને જોડણીની ભૂલો સુધારીને કાંઈ પણ ટીકા-ટિપ્પણ વિના તેમને પાછા બીડી દેતી–એવું સૂચવવા કે પહેલાં તમે શુદ્ધ ભાષા લખતાં તો શીખો!

આ અંકની કોથળી ઉપરના સરનામામાં આપના ગ્રાહકનંબરને છેડે જો ૨૨નો આંક હોય તો

# આ અંક સાથે આપનું લવાજમ પૂરું થાય છે

ગુજરાતનાં સામયિકોના ઇતિહાસમાં 'કુમારે' પોતાનું આગવું ને અનન્ય વ્યક્તિત્વ વિકસાવ્યું છે, ને આજ અરધી સદી ઉપરાંતથી —ત્રેપન વર્ષથી પ્રબોધક અને ચિત્રસમૃદ્ધ વાચન આપવાનું પોતાનું એ ધોરણ એકસરખું જાળવી રાખ્યું છે એની પ્રતીતિ આ વર્ષના અંકોએ પણ આપને કરાવી આપી હશે; એટલે આશા છે કે આપ આગામી વર્ષમાં પણ ગ્રાહક તરીકે ચાલુ રહેશો.

## એક ભેટ

અનેકાવધ અજાયબીઓ ભરેલી આજની દુનિયા સર્જનાર શક્તિ વીજળી—જેને આધારે આજે માણસ રોજિંદી નાનીનાની સગવડોથી માંડીને આસમાનના સીમાડા ફંફોળતો થઈ ગયો છે એ માનવીની આજ્ઞાંકિત દાસી વીજળી—ના અભ્યાસ માટે તૈયાર થતાં વિદ્યાર્થીઓ તેમજ જિજ્ઞાસાવૃત્તિવાળાં નાનાં મોટાં સૌને રસ પડે તેવો—એક રસિક નવલકથાનાં પ્રકરણો જેવો સચિત્ર ઇતિહાસ

### વીજળીની કથા

પોતાના લવાજમ સાથે પોસ્ટેજ-પૅકિંગના ચાલીસ પૈસા (અમને સીધા) મોકલનારને, સ્ટૉક હશે ત્યાં સુધી ભેટ મોકલાશે.

અને એક વધુ લવાજમ મોકલનારને

## બીજી ભેટ : ભારતીય કલાકલાપ

અજંતા, પોલોનારૂઆ, મુઘલ, રાજપુત, કાંગડા આદિ શૈલીનાં, તથા નંદલાલ વસુ, રમેન્દ્રનાથ ચક્રવર્તી, પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય, પુલિનવિહારી દત્ત, વિનાયક માસોજી, ધીરેન્દ્રકુમાર દેવવર્મન આદિ કલાકારોની કલમનાં ૭-૭ પૂર્ણરંગી ચિત્રો જેના ત્રણ સંપુટમાં વેરાએલાં છે, તે 'ભારતીય કલાકલાપ'નો કોઈ પણ એક એક સંપુટ, પોતાના લવાજમની સાથે એક નવા ગ્રાહકનું લવાજમ અમને સીધું મોકલનારને પોતાને તેમજ એ નવા ગ્રાહકને ભેટ મોકલવામાં આવશે. આ બંને ભેટ માટે લવાજમના કાર્ડની પાછળ સગવડ છે.

### લવાજમ કઈ રીતે મોકલશો?

લવાજમ મોકલવાની ચાર પદ્ધતિઓ કાર્ડ સામે સમજાવી છે; અને અનુભવે સૌ જાણે છે કે લવાજમ મની ઑર્ડરથી મોકલવું એ સૌથી વધુ સલામત ને ઓછું ખર્ચાળ છે. ચેક બીડો તો કમિશનની રકમ ઉમેરીને અને કુમાર કાર્યાલય લિમિટેડના નામનો બીડશો.

અને જો ગ્રાહક ન રહેવું હોય તોપણ તે મુદ્દો ભરી મોકલશો, જેથી અમે વી. પી. કરવાના નાહકના ખર્ચમાં ન ઊતરીએ.

છતાં કોઈ સંજોગોમાં ૧૫મી જાન્યુઆરી ૧૯૭૭ સુધીમાં આપનો નિર્ણય નહિ મળે તો આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવાના છો એમ સમજીને આવતો અંક વી. પી. થી મોકલીશું તે સ્વીકારી લેવા વિનંતી છે.

કાર્ડમાં **આપનો ગ્રાહકનંબર** તો કૃપા કરી અવશ્ય ભરી મોકલશો. આ અંકની કોથળી પર આપના સરનામાને મથાળે તે આપ્યો છે.

**લવાજમ રૂ. ૨૪ કઈ રીતે મોકલશો?**
મની ઑર્ડરથી રૂ. ૨૪-૫૫ ખર્ચ થશે.
સાદા પોસ્ટલ ઑર્ડરથી પણ રૂ. ૨૪-૫૫ થશે.
ક્રૉસ્ડ પો. ઑર્ડર યા ચેકથી બૅંક કમિશન સાથે રૂ. ૨૭ થશે.
વી.પી.થી મંગાવતાં રૂ. ૨૭-૫૦ થશે.

---

**વ્યવસ્થાપક 'કુમાર' · અમદાવાદ** તા. ________

વિ. ઈ. સ. ૧૯૭૭ના વર્ષના ગ્રાહક તરીકે મારું નામ ચાલુ રાખશો. તે માટે હું આ સાથે મારું લવાજમ રૂપિયા ________ નીચેની રીતે મોકલું છું :

☐ મની આર્ડરથી ☐ ચેકથી ☐ પોસ્ટલ ઑર્ડરથી ☐ એજન્ટ ________ દ્વારા

☐ તે માટે જાન્યુઆરીનો અંક મને વી. પી. થી મોકલશો.*

[*જે રીતે લવાજમ મોકલતા હો તે ખાનામાં ✓ આવી નિશાની કરી બાકીનું રદ કરશો.]

☐ મારું નામ કમી કરશો.

મારો ગ્રાહક નંબર ________ છે.

પૂરું નામ તથા સરનામું ________

________

**લવાજમ: દેશમાં રૂ. ૨૪ · પરદેશમાં રૂ. ૪૦ કે પાઉન્ડ ૧-૨૫ અથવા ડૉલર ૫-૫૦**
'વીજળીની કથા' તથા 'ભારતીય કલાકલાપ' ભેટ મેળવવા માટે આની પાછળનું ભરી મોકલવું.

## 1977

**January**

| S | M | T | W | TH | F | S |
|---|---|---|---|---|---|---|
| 30 | 31 | | | | | 1 |
| 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 |
| 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 |

**February**

| S | M | T | W | TH | F | S |
|---|---|---|---|---|---|---|
| | | 1 | 2 | 3 | 4 | 5 |
| 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |
| 27 | 28 | | | | | |

**March**

| S | M | T | W | TH | F | S |
|---|---|---|---|---|---|---|
| | | 1 | 2 | 3 | 4 | 5 |
| 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |
| 27 | 28 | 29 | 30 | 31 | | |

**April**

| S | M | T | W | TH | F | S |
|---|---|---|---|---|---|---|
| | | | | | 1 | 2 |
| 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |

**May**

| S | M | T | W | TH | F | S |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 |
| 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 |
| 29 | 30 | 31 | | | | |

**June**

| S | M | T | W | TH | F | S |
|---|---|---|---|---|---|---|
| | | | 1 | 2 | 3 | 4 |
| 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 |
| 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 |
| 26 | 27 | 28 | 29 | 30 | | |



**ભગવાન બુદ્ધ**
સારનાથમાંથી મળેલી પાંચમી સદીની એક શૈલપ્રતિમા

## 1977

**July**

| S | M | T | W | TH | F | S |
|---|---|---|---|---|---|---|
| 31 | | | | | 1 | 2 |
| 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |

**August**

| S | M | T | W | TH | F | S |
|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | 29 | 30 | 31 | | | |

**September**

| S | M | T | W | TH | F | S |
|---|---|---|---|---|---|---|
| | | | | 1 | 2 | 3 |
| 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 |
| 25 | 26 | 27 | 28 | 29 | 30 | |

**October**

| S | M | T | W | TH | F | S |
|---|---|---|---|---|---|---|
| 30 | 31 | | | | | 1 |
| 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 |
| 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 |

**November**

| S | M | T | W | TH | F | S |
|---|---|---|---|---|---|---|
| | | 1 | 2 | 3 | 4 | 5 |
| 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |
| 27 | 28 | 29 | 30 | | | |

**December**

| S | M | T | W | TH | F | S |
|---|---|---|---|---|---|---|
| | | | | 1 | 2 | 3 |
| 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 |
| 25 | 26 | 27 | 28 | 29 | 30 | 31 |

**વ્યવસ્થાપક 'કુમાર'**

આ સાથે મારા ઈ. ૧૯૭૭ના લવાજમના રૂ. ૨૪ ઉપરાંત

☐ ૪૦ પૈસા 'વીજળીની કથા' ભેટ મેળવવા પોસ્ટેજના મોકલું છું.

☐ ભારતીય કલાકલાપનો એક એક ભાગ ભેટ મેળવવા મારા તથા નીચેના નવા ગ્રાહકના લવાજમના મળી રૂ. ૪૮ મોકલું છું.

સહી ____________________

નવા ગ્રાહકનું નામ ____________________

સરનામું ____________________

**કુમાર કાર્યાલય લિમિ૦**
૧૪૫૪ રાયપુર
**AHMEDABAD 380 001**
**(INDIA)**

## વૃક્ષ-વેલ-પરિચય [૫૨] ઊમરો



ગરમ પ્રદેશમાં પાણીના નજીક કે પાણીવાળા જમીનમાં થતા ઊમરાનું વૃક્ષ અંજીર, પીપળ વડ વગેરેની જાતિનું વૃક્ષ છે, દેખાવે અસુંદર તથા એનાં ફળ ખરીખરીને સડતાં દુર્ગંધ ફેલાવે એટલે બાગબગીચા માટે નકામું આ વૃક્ષ ઔષધીય દૃષ્ટિએ અનેક ગુણો ધરાવે છે.

એની છાલ લીસી ને પીળી કે લીલી ઝાંયવાળી ભૂખરી. પાન મધ્યમ કદનાં ને છેડેથી અણિયાળાં ફૂલ અને ફળ એકબીજામાં એવાં એકરૂપ કે જાણે એને ફૂલ આવતાં જ નથી એમ લાગે, પણ એનાં ફૂલ કદમાં બહુ નાનાં ને પાન વિનાની ડાંખળી પર ઝૂમખાંમાં બેસે છે. કોઈ અશક્ય બાબત માટે જેમ 'આકાશકુસુમ' જેવો શબ્દ પ્રયોગ પ્રચલિત છે તેમ હિંદમાં 'ગૂલેર કે ફૂલ' પ્રયોગ થાય છે. એમાં નર-માદા અલગ અલગ હોય છે. ફળ વડના ટેટા જેવાં, પાકે ત્યારે રાતાં. સ્વાદમાં ખટમીઠાં, પણ પાકતાં અંદર અસંખ્ય સૂક્ષ્મ જીવાતને કારણે અખાદ્ય. કાચાં ફળનું શાક થાય. પેટના રોગોમાં એ ફળ ગુણકારી ગણાય છે. ડાયાબીટિસ ને ગડગૂમડ પર પણ ગુણ કરે છે. અંદરની જીવાત વૃક્ષના સંવર્ધનમાં અત્યંત સહાયક છે. વર્ષમાં બે વાર માર્ચ–એપ્રિલ ને જુલાઈ-ઑગસ્ટમાં ફળ આવે છે.

ઊમરાનું લાકડું ચીકણું છે, પણ ખાસ કોઈ કામમાં વપરાતું નથી. પરંતુ આ વૃક્ષ પવિત્ર ગણાતું હોઈ હોમ-હવનમાં એ કાષ્ઠનો ઉપયોગ થાય છે.

વૈદકમાં ઊમરાનાં ફૂલ, પાન, છાલ, મૂળ બધાંના અનેકવિધ ઔષધપ્રયોગો વર્ણવેલા છે. પાણીકળા માને છે કે ઊમરાના વૃક્ષ તળે જમીનમાં ઊંડે પાણીનું વહેણ હોય છે. □



# માધુકરી

જીવે ભલે માનવ કૈંક વર્ષો,
તથાપિ ના જીવન જીવતો સદા;
જે જે ઘડી અંતરચેતના સ્ફુરે
છે એટલી જીવનની ઘડી ખરી.

—બાદરાયણ

### સ્વ. સર મૉર્ટિમર વ્હીલર

ભારતીય પુરાતત્ત્વ-સંશોધનના કાર્યને સુયોજિત વૈજ્ઞાનિક પદ્ધતિનું રૂપ આપી, આપણા પુરાતત્ત્વખાતાનો ઉદ્ધાર અને વિકાસ કરનાર તથા આજના આપણા અગ્રગણ્ય પુરાતત્ત્વવિદોના ઘડતરમાં પાયાની સઘન તાલીમ સીંચી એમનું એક ઉમદા જૂથ તૈયાર કરી આપનાર સર મૉર્ટિમર વ્હીલરનું ગયા જુલાઈની ૨૨મી તારીખે ઇંગ્લૅન્ડમાં અવસાન થતાં પુરાતત્ત્વના ક્ષેત્ર-સંશોધનના ક્ષેત્રે એક મહાન વ્યક્તિની ખોટ પડી છે. આપણે ત્યાં સરકારી તથા યુનિવર્સિટી સ્તરે આ વિષયનું યોગ્ય મહત્ત્વ પ્રસ્થાપી એમાં સક્રિય રસ પ્રકટાવનાર તરીકે પણ આપણે સદા યે એમના ઋણી રહીશું.

આમ તો આપણું પુરાતત્ત્વખાતું છેક ઈ. ૧૮૬૧થી આપણે ત્યાં કાર્ય કરતું હતું, પરંતુ જાહેર બાંધકામ ખાતાની એક શાખા તરીકે અનેક મર્યાદાઓ એના વિકાસ અને કાર્યમાં અવરોધક બની રહેતી. ત્યાર બાદ જાહેર બાંધકામ ખાતાથી અલગ પડ્યા પછી યે એ ખાતાની કામગીરીનો યોગ્ય વિકાસ થવો બાકી હતો. સર મૉર્ટિમરે એને સુધાર્યું, વિકસાવ્યું ને એના આગવા વ્યક્તિત્વને ઘડ્યું. ત્યારથી એમની જ નિગાહબાનીમાં અને એ પછી ફરી એક વાર એમના જ માર્ગદર્શન તળે પુનર્રચના પામી આજ હવે એ ખાતાએ દેશમાં સંખ્યાબંધ નવાં અને મહત્ત્વનાં સંશોધનો કરીને ભારતના ઇતિહાસની અનેક ખૂટતી કડીઓ સાંકળી આપણા ભૂતકાળ પર ઘણો નવો પ્રકાશ પાડ્યો છે.

રૉબર્ટ એરિક મૉર્ટિમર વ્હીલર એ એમનું પૂરું નામ. ઈ. ૧૮૮૯માં એક મધ્યમ વર્ગીય સ્કૉટિશ પરિવારમાં એમનો જન્મ થએલો. પિતા યૉર્કશાયરના એક અખબારમાં સહસંપાદક હતા. એમણે જ પુત્રમાં સાહસવૃત્તિ તથા બુદ્ધિયુક્ત જિજ્ઞાસાને આરોપી-વિકસાવી, ને એનું સુફળ સર મૉર્ટિમરની પુરાતત્ત્વવિદ્ તરીકેની કામગીરીમાં સુંદર રીતે ઊગી નીકળ્યું.



વિદ્યાર્થી તરીકેની સર મૉર્ટિમરની કારકિર્દી ઉજ્જ્વળ હતી. યુનિવર્સિટી કૉલેજમાં એમણે એ બદલ શિષ્યવૃત્તિ પણ મેળવેલી. એ વેળા એમને કલાકાર બનવાની બહુ હોંશ હતી ને એ માટે તેઓ લંડનની સ્લેઈડ સ્કૂલ ઑવ આર્ટમાં પણ દાખલ થએલા; પરંતુ થોડા જ સમયમાં એમણે જોઈ લીધું કે એમના હેસિયત બહારનો એ વિષય હતો.

ઈ. ૧૯૧૨માં એમ.એ. થઈ તેઓ રૉયલ કમિશન ઑન હિસ્ટૉરિકલ મ્યૂઝિયમમાં જૂનીઅર સંશોધક તરીકે જોડાયા, પણ એમની કારકિર્દી ઘડાવાની હજી તો શરૂ જ થઈ હતી ત્યાં પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં સૈન્યમાં જોડાઈને એમણે ફ્રાંસ અને ઈટાલીના મોરચે

તોપદળમાં કામ કર્યું. યુદ્ધ પછી વેલ્સના નૅશનલ મ્યૂઝિયમમાં પુરાતત્ત્વ વિભાગમાં સંરક્ષક તરીકે એમને નિમણૂક મળી. એ સાથે તેઓ ત્યાંની કાર્ડિફની યુનિવર્સિટીમાં વ્યાખ્યાતા પણ બન્યા. આ દરમિયાન એમણે એકઠા થએલા નમૂનાઓના ખડકલાને સુવ્યવસ્થિત કરી સંગ્રહસ્થાનને આગવું રૂપ આપ્યું અને કાર્ડિફમાં સંગ્રહસ્થાનોનો એક સંઘ પણ સ્થાપ્યો તથા એક તાલીમી શાળા પણ ઊભી કરી. વળી, રોમન કાળનાં ત્રણ સ્થાનોમાં મહત્ત્વપૂર્ણ ઉત્ખનનો પણ કર્યાં. આ જ રીતે ઈ. ૧૯૨૬માં લંડન મ્યૂઝિયમમાં જોડાયા પછી એમણે પુરાતત્ત્વ વિષયક એક સંસ્થા સ્થાપવા માટે સતત દસ વર્ષ સુધી પોતાનું કાર્ય કરી અંતે ઈ. ૧૯૩૭માં એની સ્થાપના કરીને એના પ્રથમ ડિરેક્ટર તરીકેની જવાબદારી પણ ઉપાડેલી. દરમિયાન એમણે કરેલાં ઉત્ખનનો દ્વારા રોમનકાલીન બ્રિટન વિષેના એક નિષ્ણાત જ્ઞાતા તરીકે એમની ખ્યાતિ થઈ ચૂકી હતી. ફ્રાંસમાં પણ એમણે ઉત્ખનનકાર્ય કરેલું. એમનાં આ કાર્યોમાં એમનાં પત્નીનો પણ પૂરો સહકાર હતો. તેઓ પણ પુરાતત્ત્વનાં અચ્છાં નિષ્ણાત હતાં. ઈ. ૧૯૧૪માં એમનાં લગ્ન થએલાં, ને ૧૯૩૭માં એમનું અવસાન થયું ત્યાં સુધી એ પતિનાં સહાયક તરીકે પુરાતત્ત્વસંશોધનકાર્યમાં સાથ આપતાં રહેલાં.

બીજા વિશ્વયુદ્ધમાં પણ સર વ્હીલરે મોરચા પર કામ કરેલું અને બ્રિગેડીઅરના પદ સુધી પહોંચેલા. એમની લશ્કરી શિસ્ત ને વ્યવસ્થિત કાર્યપ્રણાલિ એમણે પોતાનાં ઉત્ખનન-કાર્યોમાં પણ બરાબર પ્રયોજી હતી.

ઈ. સ. ૧૯૪૪માં હિંદુસ્તાનના પુરાતત્ત્વ ખાતાના વડા પુરાતત્ત્વઅધિકારી સર જ્હૉન માર્શલ નિવૃત્ત થતા હોઈ સર મૉર્ટિમરને યુદ્ધક્ષેત્રમાંથી પાછા બોલાવી લઈને એ ખાતાના ડિરેક્ટર જનરલ બનાવવામાં આવ્યા. હિંદુસ્તાનથી અજાણ એવા એમને આ પદની સોંપણી થતાં ઘણાંને એમના કામ અંગે શંકાઓ યે પ્રકટી, પરંતુ ચાર જ વર્ષમાં પોતાની નિગાહબાની તળેનાં ઉત્ખનનોથી ને ખાતાની વહીવટી કામગીરીમાં અપૂર્વ સુવ્યવસ્થા આણીને એમણે પોતાની શક્તિ બતાવી આપી.

તક્ષશીલામાં એમણે જે ઉત્ખનન કર્યું તેમાં ભાગ લેવા અને એ રીતે એ પ્રકારના કાર્યનો પ્રત્યક્ષ અનુભવ લેવા એમણે હિંદભરમાંથી એ વિષયના યોગ્ય વિદ્યાર્થીઓને પણ એમાં સામેલ કરેલા. એ ઉત્ખનનમાં એમણે સ્તર વાર ખોદકામ કરવાની પદ્ધતિ પહેલી જ વાર અપનાવી અને એ કાર્યને અત્યંત મહત્ત્વનું અને પદ્ધતિસરનું સુવ્યવસ્થિત સ્વરૂપ આપ્યું. આજે દુનિયામાં લગભગ બધે આ પદ્ધતિ અજમાવાવા લાગી છે, પણ એના આરંભનો યશ સર વ્હીલરને જ છે. આપણા દેશમાં પુરાતત્ત્વ ક્ષેત્રે આટલું વ્યવસ્થિત તેમજ તથા ઊગતા પુરાવિદોને એકસરખો આવો બહોળો લાભ ને તાલીમ આપતું એ પહેલું જ ઉત્ખનન હતું. આ રીતના ઉત્ખનનથી આપણી ભૂતકાલીન સંસ્કૃતિના અનેક તબક્કાઓનાં અનુસંધાન શક્ય બન્યાં છે.

પુરાતત્ત્વવિદ્યામાં સર વ્હીલરની પ્રતિષ્ઠા રોમનકાલીન ભૂતકાળ અંગે સવિશેષ હોઈ એમનું એ જ્ઞાન આપણા દેશમાં કેટલું ખપ લાગશે એવી જે કેટલાકની શંકા હતી એને કર્ણાટક પ્રદેશમાં બ્રહ્મગિરિના તથા પોંડિચેરી નજીકનાં ઉત્ખનનો દ્વારા એમણે નિર્મૂળ કરી દીધી હતી. આ ક્ષેત્રસંશોધનો દ્વારા એમણે ભારત અને રોમ વચ્ચેના પ્રાચીન સંબંધો અંગે નક્કર સાબિતીઓ શોધી આપીને ટીકાકારોને ચૂપ કરી દીધા હતા. હરપ્પાનાં એમનાં સંશોધનોએ ૩૫૦૦ વર્ષ પૂર્વેના સિંધુતટની નગરસંસ્કૃતિની કિલ્લેબંધીને પ્રકાશમાં આણીને સાબિત કર્યું હતું કે ભારતઊતરી આવેલા આર્યોએ આ જ કિલ્લેબંધી સામે લડવું પડેલું ને એમાં જ એ સંસ્કૃતિનો નાશ થએલો. હરપ્પીય કાળમાં એમની સુયોજિત સંરક્ષણ-હરોળનો વ્યાપ છેક ગુજરાત સુધી પહોંચેલો હતો એમ તેઓ માનતા હતા, અને કચ્છ તથા લોથલ સુધી પહોંચેલાં છેલ્લાં સંશોધનોએ એમના એ મતને વધુ બળ આપ્યાનું આપણે જાણીએ છીએ.

પણ ન જાણે કઈ બુદ્ધિથી ભારત સરકારે એમની અહીંની કામગીરીની મુદતને આગળ લંબાવી નહિ અને આ તક ઝડપી લઈ પાકિસ્તાને એમને પોતાને ત્યાં પુરાતત્ત્વ ક્ષેત્રના સલાહકાર તરીકે બોલાવી લીધા. બે વર્ષ એમણે ત્યાં રહીને કરાચીના સંગ્રહસ્થાનને પાકિસ્તાનના રાષ્ટ્રીય સંગ્રહસ્થાનનું સ્વરૂપ આપ્યું. આવું જ કામ એમણે પૂર્વ આફ્રિકામાં પણ કર્યું અને ૧૯૫૮માં પેશાવર નજીક ઉત્ખનન કરીને પ્રસ્થાપિત કર્યું કે ગાંધારની પાટનગરી પુષ્કલાવતીનું જ એ અસલ સ્થાન હતું.

ભારત સરકારે ઈ. ૧૯૬૫માં એમને આપણા પુરાતત્ત્વખાતાનું કાર્ય નિહાળી એ અંગે તથા ખાતાને વધુ યોગ્ય રૂપ આપી એની પુનર્રચના અંગે યોગ્ય તે સલાહસૂચનો આપવા ખાસ બોલાવ્યા. બહુ હોંશથી તે એમણે સ્વીકાર્યું અને ત્રણેક અઠવાડિયાં સુધી વહેલી સવારથી સાંજે મોડે સુધી કામ કરીને એમણે પોતાનો વિગતસભર અહેવાલ ત્યારના આપણા શિક્ષણમંત્રી એમ. સી. ચાગલાને સુપ્રદ કર્યો.

એમનાં બધાં જ સંશોધનકાર્યોના અહેવાલો પણ તુરત જ તૈયાર કરવાના તેઓ અત્યંત આગ્રહી હતા. તેઓ માનતા કે જો યોગ્ય રીતે એ નોંધ ન થાય તો પ્રત્યેક ઉત્ખનનકાર્ય નિરર્થક બની રહે. પોતાની સાથે કામ કરતા પ્રત્યેક જણ પાસે પણ તેઓ આવી જ અપેક્ષા રાખતા. ભારતના પુરાતત્ત્વખાતા દ્વારા એમણે 'એન્શ્યન્ટ ઇંડિયા' નામે એક સામયિક પણ પ્રકટ કરાવવા માંડેલું. પ્રકાશનની બાબતમાં પણ તેઓ નિષ્ણાત હતા. કદાચ એ પૈતૃક વારસો જ હતો. લખાણમાં તેઓ પ્રત્યેક શબ્દ માટે ગણિતના આંકડા ને સંજ્ઞાઓ લખવા જેટલી ચોકસાઈના આગ્રહી હતા. હાથ ધરેલું કાર્ય નિશ્ચિત રૂપે અને યોજનાબદ્ધ પૂરું કરી તુરત તેઓ એનો અહેવાલ તૈયાર કરી દેતા. પ્રાચીન સિક્કાઓ, શિલાલેખો કે પ્રાચીન સાહિત્ય પર તેઓ ઉત્ખનનો દ્વારા મળતી સાબિતીઓ જેટલો આધાર રાખવાના મતના નહોતા.

'અર્લી ઇંડિયા ઍન્ડ પાકિસ્તાન', 'ધી ઇન્ડસ વૅલી સિવિલિઝેશન', 'ફાઈવ થાઉઝન્ડ ઈઅર્સ ઑવ પાકિસ્તાન' અને 'સિવિલિઝેશન ઑવ ઇન્ડસ વૅલી ઍન્ડ બિયૉન્ડ' એ એમનાં અભ્યસનીય અને વિખ્યાત પુસ્તકો છે. 'સ્ટિલ ડિગિંગ' નામે એમણે પોતાની આત્મકથા પણ લખી છે. 'આર્મ્સ ફૉર ઍાબ્લીવિયન' નામે એમનો એક લેખસંગ્રહ પણ પ્રકટ થએલો છે. આ બધાંમાંથી એમની અદમ્ય ને બુદ્ધિયુક્ત જિજ્ઞાસાવૃત્તિ, ચોટદાર રમૂજો ને સરળ પણ રસમય અને માહિતીપ્રચુર લેખનશૈલીનો પરિચય મળે છે. જેમ લેખનમાં એમ વ્યાખ્યાનમાં પણ તેઓ એટલો જ રસ જમાવી શકતા. ટેલિવિઝન પરના એમના કાર્યક્રમોમાં એમની વિદ્વત્તા અને વ્યક્તિત્વ દીપી ઊઠતાં. પુરાતત્ત્વશાસ્ત્રના જ્ઞાન જેટલું જ મહત્ત્વ તેઓ એ વિદ્યાને લોકપ્રિય બનાવવા અંગે પણ આપતા હતા. અને એટલે જ તેઓ ઉત્ખનનકાર્યોમાં પુરાતત્ત્વના અભ્યાસી વિદ્યાર્થીઓ સક્રિય ભાગ લે તે માટે તથા એ વિષય માટેના ખાસ અભ્યાસની વ્યવસ્થા સ્થાપવાના આગ્રહી હતા. ભારતની ઘણી વિદ્યાપીઠોમાં આવી સગવડ એમના એ આગ્રહને જ આભારી છે.

પોતાની ભરાવદાર મૂછ, આગળપડતા નાક અને અહીંના ગરમ હવામાનને કારણે તામ્રવર્ણા બનેલા દેહથી એમનું એક આગવું જ વ્યક્તિત્વ પ્રકટતું હતું. પોતાનાં જ્ઞાન ને કાર્યથી સૌને માટે પ્રેરણારૂપ બની રહેતા એમણે ઉત્ખનનમાંથી મળેલા કોઈ તૂટેલફૂટેલ અવશેષને તત્સમયના માનવીની સિદ્ધિની દ્યોતક કૃતિમાં રૂપાંતરિત કરી બતાવીને પુરાતત્ત્વના વિષયને શુષ્ક સંશોધનકાર્યના બદલે એક રસપ્રચુર વિદ્યા બનાવી દીધી હતી. એમના કાર્યની આ સૌથી મોટી સિદ્ધિ હતી. ભારતના પુરાતત્ત્વવિદોને આમાંથી જે પ્રેરણા ને જ્ઞાન મળ્યાં છે એ બદલ આપણે એમનું ઋણ ભૂલી ન શકીએ. (સંકલિત)

## ભોજપુર

મધ્ય પ્રદેશમાં ભોપાલથી દસ-અગિયાર માઈલ દૂર પૂર્વમાં અને સાંચીથી લગભગ એટલે જ દૂર દક્ષિણે ભોજપુર નામે એક નાનકડું ગામ છે. અગિયારમી સદીમાં રાજા ભોજે એ વસાવ્યું હોવાનું મનાય છે. આ ગામનું આમ તો આજે કોઈ ખાસ મહત્ત્વ નથી, પણ એ સમયે અહીં એક અત્યંત વિશાળ જળાશય હતું એ અને નજીકમાં જ વૃક્ષવેલો વચ્ચે અટવાએલા એક અધૂરા રહી ગએલા પણ ભવ્ય શિવમંદિરના અવશેષો જોતાં આ સ્થળ મહત્ત્વનું હશે એમ કલ્પી શકાય છે.




નજીકના સાંચી અને ઉદયગિરિના અવશેષોને પડછે ભોજપુરના શિવાલયની બહુ ઓછાને જાણ હશે, પણ આજે યે એના જે અવશેષો જોવા મળે છે એ પરથી કલ્પી શકાય છે કે જો આ શિવમંદિર પૂરું બંધાઈ શક્યું હોત તો એ સોમનાથ કે ખજુરાઓનાં મંદિરોની સ્પર્ધા કરે એવું ભવ્ય સુંદર બન્યું હોત. લગભગ ૬૬ ફૂટ લાંબા–પહોળા સરળ ચોરસમાં ખાંચ પાડેલા તળ પર એની રચના છે. અંદર ચાળીસેક ફૂટ ઊંચા ગંજાવર સ્તંભોના આધારે એક ભવ્ય શિલ્પખચિત ઘૂમટ ટકવાએલો છે. પણ અહીંથી આગળનું કામ પૂરું થઈ શક્યું લાગતું નથી. સ્તંભો ઉપર-નીચે ત્રણ ભાગે વહેંચાએલા છે, જેમાં સૌથી નીચેનો ભાગ અઢી અઢી ફૂટ જેટલી બાજુઓવાળો અષ્ટકોણ આકારે કોરેલો છે. એની ઉપરનો ભાગ પણ અષ્ટકોણકારે જ છે પણ એની બાજુઓ નીચેના ભાગ કરતાં નાની છે આની ઉપરનો ભાગ ચોવીસ બાજુવાળો છે.

મંદિરનું દ્વાર ઉપરના ભાગમાં સુંદર શિલ્પશોભનથી ખચિત છે અને એનો નીચેનો ભાગ સાદો જ છે. દ્વારની બંને બાજુએ દ્વારપાલોની બે ભવ્ય સુંદર પ્રતિમાઓ છે. મંદિરની બાકીની ત્રણે બાજુએ એકેક ઝરૂખો છે જેના ટેકા તથા સ્તંભો પર પણ સુંદર શિલ્પ કંડાર્યું છે.

મંદિરની એક બાજુએ માટીનો કરેલો ઊંચો ઢાળ અને આજુબાજુમાં કોરેલી–નહિ કોરેલી પથ્થરની જંગી છાટના અવશેષો પરથી સમજાય છે કે એ ઢાળ શિખર-ઘૂમટ માટેની શિલાઓ ઊંચે લઈ જવા માટે જ કરેલો હશે. આના પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે આ મંદિર ભાંગી પડેલું નહિ, પણ અધૂરું રહી ગએલું છે.

અંદર શોભન-શિલ્પોમાં સુંદર દેવાંગનાઓ કંડારેલી છે. ગર્ભગૃહવાળા ભાગમાં વીસ-બાવીસ ફૂટ લાંબા પહોળા અને મોટા મોટા પથ્થરના ત્રણ સ્તરવાળા ભાગ પર લગભગ સાડાસાત ફૂટ ઊંચું અને સત્તર-અઢાર ફૂટના ઘેરાવાવાળું ભવ્ય શિવલિંગ સ્થાપેલું છે. આજે તો એની નજીક પહોંચવા નિસરણી મૂકવી પડે છે. આટલું મોટું કદ હોવા છતાં સમગ્ર રચના એટલી ચાતુરીપૂર્વકની છે કે જોવામાં એના કદનો ભાર જરા પણ વરતાતો નથી. આજે અહીં એક પૂજારી રહે છે અને અવશેષોની પાસે રાબેતા મુજબ એના રક્ષણાર્થે પુરાતત્ત્વ ખાતાનું ભૂરું નોટિસબોર્ડ પણ ચોડેલું છે, પણ મંદિરના આજે જે હાલ છે એ જોતાં વૃક્ષવેલ વચ્ચે અંકોરવાટની જેમ અટવાએલું આ મંદિર પ્રકાશમાં તો જ્યારે આવે ત્યારે ખરું. કહે છે કે કોઈ એક મોટા ઉદ્યોગપતિએ એના ઉદ્ધાર માટે તૈયારી દર્શાવતો પ્રસ્તાવ કર્યો છે, પણ એથી એનું અસલ જેવું સૌંદર્ય પ્રકટશે ખરું? મદુરાઈના મીનાક્ષી મંદિરના ગોપુરમ્ પર લાખોના ખર્ચે રંગરોગાન ચડાવીને એને જેમ કાબરચીતરું કરી મેલ્યું છે એવું અહીં પણ બને તો? અને આ ઉદ્ધરણકાર્ય દરમિયાન અહીંની અસલ કૃતિઓના ખંડ ચોરાઇને પરદેશ પહોંચી જાય તો?

નજીકનાં ત્રણ જૈન દેરાસરો છે. એમાંના એકમાં મહાવીરની વીસેક ફૂટ ઊંચી રમ્ય પ્રતિમા છે. બીજી બે પ્રતિમા પાર્શ્વનાથની છે. આ જૈન મંદિરો પણ લગભગ આ જ અરસાનાં લાગે છે અને એની બાજુમાં પણ શિખરની શિલાઓ ચડાવવા બનાવેલા ઢાળ જોતાં લાગે છે કે એનું રચનાકાર્ય પણ અધૂરું જ રહી ગયું હશે.

ભોજપુરના અવશેષોની પાસે જ એક વિશાળ જળાશય હતું. બહુ ચાતુરીપૂર્વક આસપાસની ટેકરીઓનો લાભ લઈને એની વચ્ચે માત્ર બે જગ્યા પર બંધ બાંધીને એમાં પાણી સંઘરવાની બુદ્ધિયુક્ત રચના કરી હતી. આ જળાશય ૨૫૦ ચો. મા. જેટલું વિસ્તૃત હતું. રાજા ભોજે જ એ બંધાવ્યું હતું એમ મનાય છે. આ જળાશયમાં પાણી સંઘરવા માટે અહીં વહેતી બેટવા નદીનું જળ પૂરતું ન હોઈ ભોપાલ નજીકની કાલિયાસોર નામની નદી પર બંધ બાંધીને એને પણ આ બાજુ વાળવામાં આવી હતી. માળવાના હોશંગશાહે (૧૪૦૫–'૩૪) આ જળાશયનો નાનો બંધ તોડી એમાંના પાણીને વહાવી દીધું હતું. કહે છે કે એ બંધ તોડતાં ત્રણ માસ લાગેલા અને બધું પાણી વહી જતાં ત્રણ વર્ષ તથા એથી ચોપાસ પ્રસરેલા કાંપને કારણે ત્રીસ વર્ષ સુધી એ ભાગમાં ખેતી મુશ્કેલ બની ગઈ હતી. અને પરિણામે અહીંના હવામાનમાં પણ ફેર પડી ગયો હતો...ભારતના ભૂતકાળની ભવ્યતાનાં દ્યોતક આવાં હજી કેટલાં સ્થળો અપ્રસિદ્ધિમાં ઢંકાઈ રહ્યાં હશે!

## મંગળ વિષે માહિતી

આ મહિને મંગળનો ગ્રહ સૂર્ય પાછળ ચાલ્યો જશે. એટલે વાઈકિંગ-૧ અને ૨ યાનો અમુક સમય સુધી પૃથ્વી પર માહિતી મોકલી શકશે નહિ. વાઇકિંગ-૧ જુલાઈની ૨૦મીએ મંગળ ઉપર ઊતર્યું હતું. અને વાઇકિંગ-૨ સપ્ટેમ્બરની ૩જી તારીખે. વાઇકિંગ ૧ મંગળની એક બાજુએ છે અને વાઈકિંગ-૨ બીજી બાજુએ. બન્ને યાનો વચ્ચેનું અંતર ૭૪૦૦ કિલોમીટર છે.

અત્યાર સુધીમાં આ બન્ને યાનમાંનાં સાધનોએ જે વૈજ્ઞાનિક માહિતીઓ મોકલી છે તેમાંની કેટલીક આશ્ચર્યજનક છે, જ્યારે અમુક સામાન્ય છે. તેમાંની થોડી મહત્ત્વની માહિતીઓ જોઈએ:

(૧) જ્વાળામુખીય પ્રવૃત્તિ અને જળ તેમજ પવનને કારણે સમગ્ર ગ્રહ ઉપર થતા ઘસારાના અનેક પુરાવા મળે છે.

(૨) ભૂતકાળમાં મંગળ ઉપર પૂર આવતાં હતાં અને તેમાંનાં કેટલાંક તો અદ્ભુત હતાં તેનો નવો પુરાવો મળ્યો છે.

(૩) મંગળની સપાટી ધાર્યા કરતાં વધારે પ્રાચીન છે.

(૪) મંગળના વાતાવરણમાં નાઇટ્રોજનનું પ્રમાણ બેથી ત્રણ ટકા જેટલું છે. આ અગાઉ મંગળ પર નાઇટ્રોજન હોવાનું જાણમાં નહોતું.

(૫) મંગળની જમીનના રજકણો હવામાં રહેતા હોઈ, આકાશનો રંગ આછો ગુલાબી દેખાય છે.

(૬) ઉતરાણનાં બન્ને સ્થળે આવેલા ખડકો દર્શાવે છે કે તેમનાં કદ, રંગ, બંધારણ અને સ્વરૂપમાં ભારે વિવિધતા છે. બધા ખડકો ઉપર સુંદર લાલ ધૂળનું પડ છે.

(૭) મંગળને ચુંબકીય ક્ષેત્ર છે.

આ વાઇકિંગ દ્વારા મોકલાતી માહિતીઓની ઉપરછલ્લી તપાસમાંથી સાંપડેલી વિગતો છે. બાકી વાઈકિંગ યાનો દ્વારા મોકલાએલી માહિતીઓનું સંપૂર્ણ પૃથક્કરણ કરતાં તો વર્ષો લાગશે, એમ વાઇકિંગ યાનો દ્વારા મંગળને તપાસતા જૂથના મુખ્ય વૈજ્ઞાનિક જિરાલ્ડ સોફેનનું કહેવું છે.

આ ઉપરાંત, વાઇકિંગ વિજ્ઞાનીઓમાંના એક સી. બાર્નેબી કહે છે કે મંગળના ધ્રુવપ્રદેશ ઉપર બરફનું જે આચ્છાદન છે એના બે સ્તર છે. એક સ્તર પાણી જામીને બનેલા બરફનો છે અને એની ઉપર બીજો સ્તર કાર્બન ડાયોક્સાઈડ ઠરી જઈને બનેલો છે. સમય સમયે થતા ઉષ્ણતા-

માનના ફેરફારને કારણે આ ઉપરનો સ્તર ઓગળે છે ને ફરી જામે છે. આના પરથી જ તો વિજ્ઞાનીઓ આ બરફીલું આચ્છાદન ઠરેલા કાર્બન-ડાયૉક્સાઈડનું હશે એમ માનવાને પ્રેરાએલા.

પણ એની નીચેના પાણીના બરફનું સ્તર તો ઠીકઠીક જાડું છે. મનાય છે કે એ ૯-૧૦ કિ. મી. જાડું હશે! જો એ બધો બરફ ઓગળે તો પૃથ્વી પરના સાગર જેટલા ઊંડા સાગર ત્યાં પણ રચાઈ જાય.

અમેરિકાનાના ભૂભૌતિક સર્વેક્ષણના અધિકારી ડૉ. મિશેલ કેર જણાવે છે કે અત્યાર સુધીમાં મંગળની લગભગ છ હજાર તસવીરો લેવાઈ ચૂકી છે. એ બધી તસવીરો વિધવિધ માહિતીઓથી ભરપૂર છે અને હજી એ બધીનો અભ્યાસ ચાલે છે. બીજી બાજુ વાઈકિંગ મિશન ઓછામાં ઓછું જૂન ૧૯૭૮ સુધી કામ કરશે, ત્યાં સુધીમાં મંગળની ૪૦,૦૦૦ તસવીરો લેવાશે. એટલે મંગળ પરથી મળેલી સમગ્ર માહિતીની વિગતો તપાસતાં દશ વર્ષ લાગી જાય તો નવાઈ નહિ: વાદળોથી ઘેરાએલા અને હિમાલયથી ત્રણગણું ઊંચું ઑલિમ્પસ જ્વાળામુખ, સંખ્યાબંધ વિશાળ ઊંડી ખીણો, નારંગી રંગની જમીન, આછું ગુલાબી આકાશ, આથમતો સૂર્ય વગેરેની તસવીરો ઘણી નવી વૈજ્ઞાનિક સામગ્રી પૂરી પાડે છે, પણ તે ઉપરાંત આપણી દુનિયા જેવી એક બીજી સુંદર દુનિયા છે, તેનો ય ખયાલ આપે છે.

## મૂળા

મૂળાની આ ઋતુ છે. સૌ એનાથી પરિચિત હોઈ એનું વર્ણન અહીં જરૂરી નથી. સામાન્ય ઉપરાંત એના કેટલાક ઔષધીય ગુણો પણ ઠીક જાણીતા છે. હૃદયને હિતકર, મનને રુચિકર, દીપન, ઉદાવર્ત, સળેખમ અને સર્વ દોષ હરનાર મૂળામાં નાના મૂળા (જડિયાં)નો સ્વાદ સ્પષ્ટ જણાતો નથી. કંઈક કડવા પણ હોવા સાથે એ ક્ષારયુક્ત લાગે છે. પાકા મૂળા ભારે વિષ્ટંભી અને તીક્ષ્ણ છે, જ્યારે સૂકા મૂળા વાતપિત્તહર અને હલકા છે. જો કે આજકાલ સૂકા મૂળાનો ઉપયોગ કોઈ કરતું નથી.

સૂકા હરસમાં સૂકા મૂળાની લૂગદીનો શેક કરવો, યૂષ આપવો. મૂળા મૂત્રલ હોઈ જેને મૂત્રપ્રવૃત્તિ બરાબર ન થતી હોય તેને મૂળાના પાનનો સ્વરસ આપવો. એથી મૂત્રાશયની શુદ્ધિ થઈ મૂત્રપ્રવૃત્તિ સમ્યક્ થાય છે. શ્વાસ, કાસ અને હિક્કામાં મૂળાનો યૂષ પીવો હિતાવહ છે.

વાયુના, પિત્તના તથા રક્તના અર્શમાં રક્તનું વહન કરનાર શિરામાં કફ કે વાયુના કારણે હૃદય તરફ જતું રક્ત અવરોધાઈને ગુદાની વલિઓમાં સંચિત થઈને અર્શ ઉત્પન્ન કરે છે. આમાં મૂળાનાં પાનને પાણીમાં બરાબર સ્વચ્છ કરી એને પીસીને કાઢેલો રસ આપવો. મૂળાનો રસ શરીરના સોજા પણ મટાડે છે. મહર્ષિ ચરકના મત પ્રમાણે મૂળા ત્રિદોષ હરનાર, સ્વર શુદ્ધ કરનાર, જ્વર-કાસહર, નાસિકા અને કંઠના રોગને દૂર કરનાર તથા આંખના રોગોને મટાડનાર છે.

બીજાં અનેક શાકની જેમ મૂળા વાયડા કે વિષ્ટંભક નથી. આયુર્વેદમાં મૂળાની સૂકવણીનો ઉપયોગ સૂચવ્યો છે. પથરીમાં મૂળાનાં પાનનો રસ કાઢીને એક કપ ભરી પાવો. મૂળામાં પથરી ઓગાળવાનો ગુણ છે. આ ઉપરાંત, કાનની બહેરાશ તથા ચસકા ઉપર તો મૂળાનાં પાનના રસનાં ગરમાગરમ ટીપાં કાનમાં નાખવાથી ફાયદો થાય છે.

વાયુની ખાંસીમાં કે સૂકી ખાંસીમાં મૂળાનું શાક ખાવું. ઘણા લોકોનાં આંગળાં ગદગદી જાય છે એમણે મૂળાનાં પાંદડાં હથેળીમાં લઇને ચોળ્યા કરવાથી અને એના કંદ ખાવાથી રોગમુક્ત થવાય છે.

કાચા મૂળા રસમાં તીખા તથા કડવા હોઈ ત્રિદોષહર છે. હૃદય તથા કંઠ માટે હિતકારી છે. એ જઠરાગ્નિને પ્રદીપ્ત કરે છે.

ચરકે મૂળાના કંદને અહિતતમ ગણાવ્યો છે. તો બીજો એક મત એવો યે છે કે 'માગશરનો મૂળો સોનામહોર આપીને પણ ખાવો', તો બીજી બાજુ 'મૂળો, મોગરી ને દહીં, બપોર પછી નહિ' એવી કહેવત પણ પ્રચલિત છે.

—અશોકકુમાર ર. સોની

## સૌરાષ્ટ્રનું એક અનોખું તીર્થધામ

સૌરાષ્ટ્રમાં ભગવાન તિરૂપતિ બાલાજીનું એક ભવ્ય સ્થાપત્ય ધરાવતું મંદિર જૂનાગઢ જિલ્લાના ખોરાસા નામના નાનકડા ગામમાં આવેલું છે. દક્ષિણાત્ય સ્થાપત્યથી વિભૂષિત આ ભવ્ય મંદિર રામાનુજ સંપ્રદાયનું છે. શ્રી રામાનુજાચાર્ય દક્ષિણ ભારતમાં એક હજાર વર્ષ પહેલાં જન્મેલા અને જગદ્‌ગુરુ શંકરાચાર્ય પછી તુરત બીજા નંબરના આચાર્ય ગણાય છે. ખોરાસા કુશાળા રેલવે સ્ટેશનથી માત્ર બે કીલોમીટરના અંતરે આવેલું છે. ત્યાં તિરૂપતિ બાલાજીનું આ ભવ્ય મંદિર બંધાયું ત્યારે જૂનાગઢમાં શ્રી અમરજીભાઈ દીવાનપદે હતા. ત્યારે રામાનુજ સંપ્રદાયના એક સ્વામી શ્રી ગોપાલાચાર્યજી ભારતભરમાં ફરતા શ્રી વેંકટેશ ભગવાનની ઉત્સવમૂર્તિ સાથે જૂનાગઢ રાજ્યના ખોરાસા ગામે આવી ચડેલા. તેઓ મહા વિદ્વાન અને યોગનિષ્ઠ પુરુષ હતા. આ સ્થાનની પ્રાકૃતિક સૌંદર્યની રમણીયતા જોઈ તથા ગ્રામ પ્રજાની ભક્તિભાવનાથી પ્રભાવિત થઈને તેમણે અહીં પોતાના ઈષ્ટદેવની મૂર્તિની સ્થાપના કરી તેમની આરાધના શરૂ કરી, ને ખોરસાને કેન્દ્રમાં રાખી સૌરાષ્ટ્રમાં અનેક સ્થાને પર્યટન કરી ભક્તિનો પ્રચાર કર્યો. પરિણામે તેમના અનેક શિષ્યો થયા.

હવે સ્વામીજીએ ખોરાસામાં ભગવાન વેંકટેશની પૂરા કદની પ્રતિમાની સ્થાપના કરવાનું વિચાર્યું અને દેવમંદિર નિર્માણ કરવાનો પ્રારંભ કર્યો. પણ તે દરમિયાન તેઓશ્રી વૈકુંઠવાસી થઈ ગયા. ત્યારે તેમના નાની ઉંમરના પણ મહા વિદ્વાન શિષ્ય શ્રી રઘુનાથાચાર્ય જેમણે વિદ્વતા અને ભક્તિભાવનાના પ્રભાવથી સૌરાષ્ટ્રભરમાં અનેક લોકોને આકર્ષતા જઈ શ્રી રામાનુજ સંપ્રદાયની દીક્ષા આપેલી તેમણે એ સૌ શિષ્યોની સહાયથી સંવત ૧૯૫૧માં શ્રી વેંકટેશ તિરૂપતિ બાલાજીની વિશાળ ભવ્ય મૂર્તિની ચૈત્ર વદિ ૧૧ ને દિવસે વેદવિધિપૂર્વક પ્રતિષ્ઠા કરી ત્યારથી આ દિવસે દર વર્ષે શ્રી વેંકટેશ ભગવાનનો બ્રહ્મોત્સવ ત્યાં ઉજવાયા કરે છે. આ સંપ્રદાયનાં સેંકડો મંદિરો દક્ષિણ ભારતમાં છે. ઉત્તર ભારતમાં પણ વૃંદાવન, પુષ્કર, પ્રયાગ વગેરે સ્થળે છે. પણ સૌરાષ્ટ્રનું આ મંદિર આ પ્રદેશમાં અદ્વિતીય છે. આ મંદિરમાં વર્ષમાં બે મોટા ઉત્સવો થાય છે. એક તો ચૈત્ર વદિ ૭થી ચૈત્ર વદિ ૧૨ સુધીનો બ્રહ્મોત્સવ અને બીજો શ્રીકૃષ્ણ જન્મોત્સવ બન્ને ઉત્સવો દર્શનીય છે. ભગવાનની પૂજાવિધિ શાસ્ત્રાનુસાર થાય છે અને દરરોજ થતી પાંચ આરતી વખતે શાસ્ત્રીય સંસ્કૃત સ્તોત્રો તથા તમીળ પ્રાર્થનાઓ ગવાામાં આવે છે. મંદિરના હાલના આચાર્ય શ્રી દેવકૃષ્ણાચાર્ય સ્વામી છે. તેઓ પણ મંદિરમાં કથાશ્રવણ કરાવતા રહે છે. આમ ખોરાસાનું તિરૂપતિ મંદિર સૌરાષ્ટ્રનું અનોખું તીર્થધામ બની રહેલ છે.

(જયહિન્દ) —નિર્મળા દવે

## પટેલ-યુગ

જાણકારો કહે છે કે ગુજરાતમાં (બલ્કે બધે સ્થળે) જુદે જુદે કાળે અમુક જ્ઞાતિઓના યુગ ચાલતા આવ્યા છે. ગુજરાતમાં એક કાળે નાગરોનો યુગ હતો. રાજકારણ, શિક્ષણ, વ્યાપાર વગેરે સ્થળે નાગરોની બોલબાલા હતી. તે પછી અનુક્રમે વણિકો, ખડાયતા, ખેડાવાળ, બ્રહ્મક્ષત્રિય વગેરેના સમયગાળા આવી ગયા. આજે હવે પટેલયુગ ચાલે છે. રાજકારણ, ખેતી, વ્યાપાર, ઔદ્યોગિક સાહસો આદિ સર્વ સ્થળે પટેલોનો પગદંડો છે ને જાહોજલાલ છે. એ પગદંડો છેક ઇંગ્લૅન્ડ સુધી પહોંચ્યો છે!

ઈ. ૧૮૫૩માં બ્રિટનમાં વસતિ ગણતરીના રજિસ્ટ્રારે અંગ્રેજ પ્રજામાં અટકનાં ક્યાં નામો વધુમાં પ્રચલિત છે તેની ગણતરી કરી હતી. તેમાં સ્મિથ, જોન્સ, વિલિયમ્સ, ટેલર, ડેવિસ, ટૉમસ, ઈવાન્સ, રૉબર્ટ્સ, જૉનસન, અનુક્રમમાં મોખરે આવ્યા હતા. ઈ. ૧૯૭૫માં ફરી આવી

નામ-ગણતરી કરવામાં આવી ત્યારે થોડાંક નામ ઉપરનીચે ગયાં હતાં. પરંતુ હવે એશિયન (ભારતીય અને પાકિસ્તાની) વસાહતીઓ લાખોની સંખ્યામાં બ્રિટનના વતની થઈ ગયા હોવાથી પહેલા ૫૦માં પટેલોએ ૪૧મું સ્થાન મેળવ્યું છે! 'રશિયન્સ આર કમિંગ' નામની હાસ્યરસિક ફિલ્મના નામ પરથી એક પ્રતિષ્ઠિત બ્રિટિશ સાપ્તાહિકે આ સમાચાર આપતાં તેનું શિર્ષક આપતાં લખ્યું છે: 'પટેલ્સ આર કમિંગ.'

## ફૅશનમાં રહેલાં રોગનાં મૂળ

આજે સ્ત્રીજન્ય દરદો ખૂબ જ વધી ગયાં છે અને તેમાંય માસિકના દુઃખાવાની, જનન અવયવોનો વિકાસ રુંધાવાની અને પરિણામે ક્યુરેટિંગ કે ડાયલેટેશન કરાવવાનું કે નાનામોટા ઓપરેશનનું પ્રમાણ પણ આજે સારી પેઠે જોવા મળે છે. મારી વૈદકીય પ્રવૃત્તિ દરમિયાન મેં જે અનેક દરદીઓને જોયાં તપાસ્યાં છે એ સૌના પરિણામે મને આ દરદો માટે આજની બહેનોનો પહેરવેશ ખૂબ જ કારણભૂત લાગ્યા વિના રહેતું નથી. આજે આપણી નાની કે પુખ્ત ઉંમરની બહેનો બ્લાઉઝની નીચે બાડીસ પહેરે છે અને એ જ રીતે ચણિયાની સાથે ચડ્ડી પહેરવાનો વપરાશ વધ્યો છે. આ બાડીસ ને ચડ્ડી ખૂબ જ કસકસાવીને પહેરવામાં આવતાં હોય છે—શરીરનું રક્તાભિસરણ લગભગ અવરોધાઈ જાય, થંભી જાય એટલી તીવ્ર રીતે. આ સ્થિતિ લાંબો વખત જીવવામાં આવે તો એથી ક્રમેક્રમે શરીરના માંસપેશીઓ સંકોચાતી જાય છે, રક્તાવરોધને કારણે શરીરનાં સર્વાંગ અવયવોનું પોષણ તૂટતું જાય છે ને પરિણામે આંતર-બાહ્ય અવયવો ચીમળાઈ જતા જોવા મળે છે.

સ્ત્રીજન્ય શરીરવિકાસમાં પ્રજનન અવયવો અને સ્તનપ્રદેશને ખૂબ જ નિકટનો સંબંધ રહ્યો છે. શરીરશાસ્ત્રના પંડિતો કહે છે કે પ્રસુતિ પછી માતા પોતાના બાળકને સ્તનપાન કરાવે તો એથી બાળકને પોષણ તો મળે જ છે, પણ સ્તનપાનની ક્રિયા સાથે ગર્ભાશય પણ મૂળ સ્થાને પૂર્વવત્ ગોઠવાઈ જાય છે ને આથી પ્રસુતિજન્ય રોગોમાંથી બચી જાય છે.



## એક નવી લેખ-સ્પર્ધા

### રૂ. ૭૫, ૫૦ અને ૨૫નાં ત્રણ પારિતોષિકો

વિશ્વ ઑલિમ્પિક રમતોત્સવમાં ભારત પણ ભાગ તો લે છે જ, પણ એમાં આપણો દેખાવ આપણા આટલા મોટા દેશને ગૌરવ આપે એવો તો નથી જ હોતો એ હકીકતથી પણ આપણે વાકેફ છીએ. આપણે ત્યાં ઉત્તમ ખેલાડીઓ નીપજી શકે તેમ નથી? શું આપણે અમુક ગણીગાંઠી સ્પર્ધાનો વળગાડ છોડીને બીજી રમતોમાં ભાગ લઈ શકીએ તેમ નથી? આટલી બહોળી વસતિ છતાં શું આપણી પ્રજા રમતગમતના ક્ષેત્રમાં વિશેષ રસ લઈ શકતી નથી? આનાં શાં કારણો હોઈ શકે? શું કરીએ તો આપણે પણ ઑલિમ્પિકમાં નામના મેળવી શકીએ? એ વિષે વિવેચનાત્મક અને રચનાત્મક સૂચનો આપતા લેખો આવતા જાન્યુઆરીથી ડિસેમ્બર ૧૯૭૭ દરમિયાન 'કુમાર'માં પ્રકટ કરવા માટેનો એક આવકાર્ય પ્રસ્તાવ અમને લાયન્સ ક્લબ અંધેરી (મુંબઈ) તરફથી મળ્યો છે. આ લેખોની ગુણવત્તા અનુસાર ક્લબ તરફથી પ્રોત્સાહનાર્થે રૂા. ૭૫, ૫૦, અને ૨૫નાં એમ ત્રણ ઈનામો અપાશે. 'કુમાર' પ્રત્યેના એમના સદ્‌ભાવ બદલ આભાર માનવા સાથે રમતગમતના જાણકાર લેખકોને આ સ્પર્ધામાં ભાગ લેવા આમંત્રણ આપીએ છીએ.

---


આપણા દેશમાં છેલ્લા કેટલાક વખતથી રબ્બરનાં ચંપલો, સ્લીપરોનો વપરાશ વધ્યો છે. એક કાળે આ સાધનોનો ઉપયોગ ચોમાસા કે ઠંડી ઋતુમાં જ થતો, પરંતુ હમણાં હમણાં હલકાં, પગમાં ગલગલિયાં થાય ને ચાલતાં દબાય તેવાં રબરનાં સ્લીપરો મોટા પ્રમાણમાં વપરાઈ રહ્યાં છે. પણ આ વપરાશની સાથે દેશના હવામાનના પ્રભાવનો વિચાર દેખાતો નથી. પરદેશમાં જ્યાં આવાં સ્લીપરનો ઉપયોગ થાય છે ત્યાં દેશ ઠંડો છે, અને આવી ઠંડીમાંથી બચવા રોજિંદા વપરાશ તરીકે ઘરમાં જ એનો ઉપયોગ કરવામાં આવે છે; જ્યારે આપણો દેશ ગરમ છે. વળી આપણે એનો ઉપયોગ માત્ર ઘરમાં જ કરવાને બદલે બહાર તડકામાં પણ કરીએ છીએ. આને લીધે રંગરસાયણના આ સંયોજનની ચામડી ઉપર ખૂબ જ માઠી અસર થાય છે. પગનાં તળિયાં ઉપર તીવ્ર તાપની વિઘાતક અસરને કારણે મગજના જ્ઞાનતંતુઓ અને એની સાથે જોડાયેલા આંખોના સ્નાયુઓ પણ જોખમાય છે. તીવ્ર તાપને પકડનારાં રબરનાં સાધનોને પરિણામે કેટલાક ચામડીના રોગો પણ પેદા થઈ રહ્યા છે.

આજે આંખનાં દર્દો વધી રહ્યાં છે. તેમાં પ્રજીવકોની ખામી અને તેમાંય પ્રજીવક 'એ'ને મહત્ત્વ આપવામાં આવ્યું છે. પણ આપણે એ ભૂલી જઈએ છીએ કે પગ અને આંખને સીધો સંબંધ રહ્યો છે. પગની ઠંડક આંખને નવી જ દૃષ્ટિ અને શીતળતા આપે છે. આંખ માટે દવાઓ, ચશ્માં ને અનેક પ્રકારના પ્રયોગો શોધવામાં શક્તિ ખર્ચાઈ રહી છે પણ આંખ શા કારણે નબળી પડી છે તેનો ભાગ્યે જ વિચાર કરીએ છીએ?

આજે આપણે ત્યાં હવે ઊંચી એડીનાં બૂટ-ચંપલનો વપરાશ વધતો જાય છે. આ વપરાશના પાછળ કોઈ ઉપયોગી હેતુ સરે છે કે કેવળ દેખાદેખીથી એક ફૅશન તરીકે જ એનો ઉપયોગ કરવામાં આવે છે તેનો વિચાર ભાગ્યે જ થાય છે. ઊંચી અને સાંકડી એડીવાળા બૂટથી એક મહત્ત્વની અસર વ્યક્તિની ચાલ ઉપર થાય છે અને આંચકા ખાતી ચાલતી હોય એવું લાગે છે. જો ચીવટપૂર્વક ન ચલાય અને સાંકડી અણીદાર એડી હોય તો પગ મચકોડાઈ જવાનો પૂરો સંભવ રહે છે. આ પ્રકારનાં બૂટ-ચંપલ પહેરવાથી જે તે રીતે ચાલવાની, ઊભવાની ટેવ પડે છે તેની અસર સ્ત્રીઓના પ્રજનન અવયવો ઉપર પણ થાય છે. આવા બૂટ-ચંપલના ઉપયોગથી આર્તવજન્ય દોષો પેદા થવાની ફરિયાદ વધી છે એવું પણ જાણવા મળે છે. હરવા ફરવામાં શરીરના સ્નાયુઓને જે પ્રકારનું ખેંચાણ રહે છે તેનો પ્રભાવ સમગ્ર જીવનવ્યવહાર ઉપર પણ પડે જ.

(જન્મભૂમિ-પ્રવાસી) —અનામી વૈદરાજ

# માસમાસના આકાશમાં : ડિસેમ્બર-જાન્યુઆરી




આપણે જે તારાઓ જોઈએ છીએ એ બધા સ્થિર તેજવાળા છે. પણ એમનું તેજ પૃથ્વીના વાતાવરણમાં થઈને આપણી આંખ સુધી પહોંચે છે, અને આ વાતાવરણના સ્તર બધે એકસરખા ન હોઈ એમાંથી પસાર થઈને આવતું તેજ આપણને ટમટમતું લાગે છે. પણ કેટલાક તારાનું તેજ તો ખરેખર વધઘટ પામતું જણાયું છે. આવા તેજોવિકાર પામતા તારાને રૂપવિકારી (Variable) તારા કહે છે. એમના તેજની વધઘટના કારણ અનુસાર એના વર્ગ પાડેલા છે. એમાં એક પ્રકાર એવો છે કે જેમાં તારાનું દળ સંકોચ-વિકાસ પામતું રહે છે ને તદનુસાર એનું તેજ વધેઘટે છે. સૌપ્રથમ આવો રૂપવિકારી તારો 'વૃષપર્વા' (Cepheus) તારામંડળમાં શોધાયો હતો. એના પરથી એવા પ્રકારના તારાઓ વૃષપર્વા (Cepheid) પ્રકારના તારા કહેવાય છે. નકશામાં એ વૃષપર્વા તારામંડળમાં ત્રિકોણાકારે દર્શાવ્યો છે. આવા તારાના તેજની વધઘટના આધારે ખગોળશાસ્ત્રીઓ આપણાથી એ કેટલા દૂર છે એ જાણી શકે છે. આ રીતે દૂરદૂરના તારાગુચ્છોમાંના આવા તારાઓને લીધે એ ગુચ્છનાં અંતર માપી શકાયાં છે.

જ્યારે કોઈ નવો તારો જન્મે છે ત્યારે જે પ્રચંડ વિસ્ફોટ થાય છે તે સામાન્યરીતે તો આપણને તારા રૂપે જ દેખાય છે. ધીરે ધીરે એ વિસ્ફોટ શમી જતાં એની તેજસ્વિતા ઘટતી જઈ એ અદશ્ય બની જાય છે. આવી રીતે દેખાએલા તારાને પણ રૂપવિકારીની કક્ષામાં મૂકવામાં આવ્યા છે. પણ એ કંઈ છાશવારે દેખાતા નથી.

રૂપવિકારી તારાઓનો વધુ એક પ્રકાર છે 'યુગ્મતારા'. આકાશમાં લગભગ ૨૫ ટકા તારા યુગ્મ એટલે કે જોડિયા તારા છે. (કેટલાક તારા તો બેથી યે વધુ તારાના બનેલા છે, જેને 'સંબદ્ધ' તારા કહી શકાય.) નરી આંખે તો એ બધા એક જ તારા રૂપે દેખાય છે, પણ હકીકતે એકબીજાની બહુ નજીક રહીને બે (કે વધુ) તારા એકબીજાની આસપાસ ફરતા હોય છે. વળી, યુગ્મ તારાના બંને તારા એકસરખા તેજસ્વી ન પણ હોય. આજુબાજુ ફરતાં ફરતાં તેઓ ક્યારેક એકબીજાની આગળપાછળ આવી જાય—એકબીજાનું ગ્રહણ થાય ત્યારે આપણને એના તેજમાં વધઘટ દેખાય છે. આવા તારાને 'ગ્રહણકારી' (eclipsing) તારા કહે છે.

રૂપવિકારી તારાઓમાં કેટલાકના તેજની વધઘટ નિયમિત તો કેટલાકની અનિયમિત હોય છે.

હમણાંના આકાશમાં બે ભિન્ન પ્રકારના વિખ્યાત રૂપવિકારી તારા જોવા મળે છે. એમાંનો એક 'અલગૂલ' (Algol) 'યયાતિ' (Perseus) તારામંડળમાં છે. અલગૂલ ગ્રહણકારી રૂપવિકારી તારો છે. એના તેજની વધઘટ ઘણી નિયમિત છે. લગભગ ૨ દિવસ ૧૩$\frac{1}{2}$ કલાક સુધી એ વધુમાં વધુ—એટલે કે લગભગ બીજા વર્ગના તારા જેટલો-તેજસ્વી દેખાયા પછી એનું તેજ ઘટવું જઈને માત્ર સાડા ત્રણ કલાકમાં જ એ ચોથા વર્ગના તારા જેટલો ઝાંખો પડી જાય છે. પાએક કલાક આ જ સ્થિતિમાં રહી ફરી એનું તેજ વધવા લાગીને સાડાત્રણ કલાકે પૂર્વવત્ તેજસ્વિતા ધારણ કરે છે. આમ, અલગૂલના તેજની ક્ષય-વૃદ્ધિનું એક ચક્ર ૨ દિવસ ૨૦ કલાક ૪૯ મિનિટનું છે. નિયમિત એ ચાલવું જ રહે છે.

એ તો યાદ હશે કે 'યયાતિ' તારામંડળને પશ્ચિમમાં 'પર્સીઅસ'નું નામ અપાયું છે. આ પર્સીઅસે રાક્ષસી 'મેડુસા'નો વધ કરેલો. આ તારામંડળમાં એક હાથમાં મેડુસાનું મસ્તક પકડી રહેલા પર્સીઅસની આકૃતિની કલ્પના કરેલી છે. અલગૂલ એ આ 'રાક્ષસીની આંખ' ગણાય છે. નકશામાં એ યયાતિ તારામંડળમાં ત્રિકોણાકારે દર્શાવ્યો છે.

રૂપવિકારી પણ અલગૂલથી તદ્દન ભિન્ન એવો બીજો તારો છે 'મિરા' (Mira). મીન રાશિના અગ્નિકોણે 'તિમિંગલ' (કે 'તિમિ'–Cetus) નામે ઝાંખા તારાઓવાળું એક મંડળ છે. ઈ. ૧૫૯૬માં એમાં અદ્ભુત રૂપવિકારી 'મિરા'ની શોધ થઈ. એનો તેજવિકાર તદ્દન અનિયમિત ને બીજા કે ત્રીજા વર્ગના તારાથી માંડી છેક દસમા વર્ગના—નરી આંખે તો બિલકુલ નહિ કળાતા અતિ ઝાંખા તારા જેટલો વધતો ઘટતો રહે છે. સામાન્ય રીતે ૧૧માંથી ૬ માસ એ દેખાય છે, પણ એ યે નિયમિત તો નહિ જ. કોઈ વાર એ વર્ષભર દેખાતો નથી. આ વર્ષ (વિ. સં. ૨૦૩૩) માં ૧૫મી ડિસેમ્બરે એ એના વધુમાં વધુ તેજસ્વી રૂપે દેખાશે. ત્યાર પછી ધીરેધીરે એનું તેજ ઘટવું જઈ ૧૪મી માર્ચ સુધીમાં એ અદશ્ય થઈ જશે અને પછી ફરી ૧૪મી ઑગસ્ટે દેખાવા લાગશે.

આમ તો આકાશમાં સંખ્યાબંધ રૂપવિકારી તારાઓ છે, પણ એમાં ખાસ ઉલ્લેખનીય તો સત્તર જેટલા જ છે. એમાંના મુખ્ય અને મહત્ત્વના ત્રણને હાલમાં એકસાથે જોવાની સુંદર તક છે. □

## ગણિતગમ્મત

તમારા મિત્રને એક પુસ્તક આપી એમાંથી એને ગમે તે એક પાનાનો એને મન ફાવે તે શબ્દ પસંદ કરવા કહો. પછી એની પાસે જ હિસાબ ગણાવો: (૧) એણે પસંદ કરેલા પાનાના નંબરને ૧૦૦ વડે ગુણવા કહો. (૨) આવેલા ગુણાકારની સંખ્યામાં ૨૫ ઉમેરાવો. (૩) એ પાનાના મથાળેથી એ શબ્દ કેટલામી લીટીમાં છે તે ગણાવીને જેટલામી લીટી હોય એટલી સંખ્યા ઉમેરાવો. (૪) આવેલા સરવાળાને ૧૦૦ વડે ગુણવાનું કહીને પછી (૫) એમાં લીટીને જમણે છેડેથી ગણતાં એણે પસંદ કરેલો શબ્દ જેટલામો હોય એટલી સંખ્યા ઉમેરવા કહો.

હવે જે જવાબ આવ્યો તે સંખ્યા તથા પુસ્તક એની પાસેથી માગી લો, આવેલા જવાબ પરથી તમે એણે પસંદ કરેલો શબ્દ શોધી કાઢીને એને કહી શકશો. આ માટે—

આવેલા જવાબમાંથી ૨૫૦૦ બાદ કરો, અને જે સંખ્યા રહે તેના છેલ્લા બે આંકડા એ શબ્દનો ક્રમ, તે પછીના બીજા બે આંકડા તે લીટીનો ક્રમ અને બાકી રહ્યા તે પાનાનો ક્રમ બતાવે છે.

દા. ત. મિત્રએ ગણેલો સરવાળો ૨૭૧૪૨૦૯ આપ્યો હોય તો એમાંથી ૨,૫૦૦ બાદ કરતાં ૨૭,૧૧,૭૦૯ રહે. આમાં છેલ્લા બે આંકડા ૦૯ છે, એટલે ૯ એ નવમો શબ્દ, ૧૧મી લીટી અને ૨૭૧મું પાનું

# આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં

**તા. ૪/૧૮૨૯** લૉર્ડ વિલિયમ બેન્ટિકે કાયદો કરીને હિંદુસ્તાનમાં સતી થવા પર કડક પ્રતિબંધ મૂક્યો. મિથ્યાભિમાન અને કુળગૌરવના નામે સ્ત્રીઓને એમના મૃત પતિની સાથે જીવતી બાળી મૂકવાના આ અમાનુષી અનિષ્ટ સામે રાજા રામમોહન રાયે ઉગ્ર અવાજ ઉઠાવેલો. પણ સમાજમાં કે હિન્દુ સૈન્યમાં મોટો ઊહાપોહ જાગશે એવી ભીતિથી અંગ્રેજ સરકાર સતી થવા પર પ્રતિબંધ મૂકતાં ખચકાતી હતી, પરંતુ પછી ઉચ્ચ અમલદારો તથા અગ્રગણ્ય નાગરિકોનો ટેકો મળતાં એક રેગ્યુલેશન દ્વારા મૃત પુરુષની પાછળ એની વિધવાને જીવતી બાળવી કે તે માટે ફરજ પાડવી યા કોઈ ઓષધ દ્વારા એની મતિ ભ્રમાવવાને 'ખૂન' બરાબરનો ગુનો ગણી એ બદલ મોતની સજા કરવા સુધીની જોગવાઈ કરવામાં આવી. આ પછી છેલ્લો નોંધનીય બનાવ ઈ. ૧૮૭૭માં નેપાળ-નરેશ જંગબહાદુરની રાણીઓના સતી થવાનો છે.

રાજા રામમોહન રાયે હિંદુ મૂર્તિપૂજાની વિરુદ્ધમાં નિબંધ લખીને બંગાળી ગદ્યનો ઈ. ૧૭૯૦માં આરંભ કરેલો તે યે આ જ માસમાં ૧૭મી તારીખે.

**તા. ૧૦/૧૯૧૮** હિંદુસ્તાનમાં પહેલું વિમાન આવ્યું. કાઈરોથી ઊપડીને એ કરાચીમાં ઊતરેલું. અને યાંત્રિક વિમાનના ઉડ્ડયનનો સૌપ્રથમ સફળ પ્રયોગ પણ આ જ માસમાં ૧૭મી તારીખે ઈ. ૧૯૦૩માં થએલો. અમેરિકામાં નૉર્થ કૅરોલિનાના કિટી હૉક દરિયાકિનારે ૨૧ માઈલની ઝડપે સૂસવાતા ટાઢાબોળ પવનમાં સવારે સાડા દસના સુમારે ઑરવિલ રાઈટ અને વિલ્બર રાઈટ નામના બે ભાઈઓએ પોતે બનાવેલા યાંત્રિક વિમાન 'ફ્લાયર'ની અજમાએશ કરી. માત્ર ૧૨ જ સેંકડ ઊડીને એ વિમાન દસેક ફૂટ ઊંચે ચડી ૧૩૦ ફૂટ દૂર જઈ રેતી પર સલામત ઊતરી ગએલું. એ પછી બીજાં ત્રણ ઉડ્ડયનો એમણે કર્યાં જેમાં છેલ્લે ૫૯ સેંકડમાં તેઓ ૮૫૨ ફૂટ દૂર સુધી ઊડી શકેલા. પણ તે પછી વિમાનની શોધે જે ફલાંગો લેવા માંડી એના પરિણામે માત્ર દોઢ જ દાયકામાં તો એ છેક હિંદુસ્તાન સુધી પહોંચી ગયું. વિશ્વયુદ્ધોમાં એણે પોતાની આક્રમક શક્તિનો પરિચય અને યુદ્ધની રીતિમાં એક નવું ઉમેરણ કર્યું તથા આજે અવાજ કરતાં યે વધુ વેગ હાંસિલ કરી લેવા સાથે અનેક નવી દિશાનાં દ્વાર ખોલી નાખ્યાં છે.

**તા. ૨૫/૧૯૪૯** ડૉ. હરિસિંહ ગૌરનું અવસાન. ભારતીય નારીને વકાલત કરવા માટેનો માર્ગ મોકળો કરાવી આપનાર તેઓ પ્રખર ધારાશાસ્ત્રી હોવા ઉપરાંત સમાજસુધારક અને કેળવણીકાર પણ હતા. સાગર(ગામ)ની નજીક વસતા એક ગરીબ ખેડૂત પરિવારમાં ઈ. ૧૮૭૦ની ૨૬મી નવેમ્બરે એમનો જન્મ. શિષ્યવૃત્તિના બળે ભણીને, જબલપુરમાંથી ઇંટરમીડિયેટની પરીક્ષામાં પ્રાંતભરમાં પ્રથમ આવી ૧૮ વર્ષની વયે તેઓ કૅમ્બ્રિજ ગયા અને ત્યાંથી મૉરલ સાયન્સ તથા કાયદાની ઉપાધિ મેળવી. આ દરમિયાન ત્યાંના સાહિત્યિક વર્તુળમાં એમણે કવિ તરીકે પણ નામના મેળવી હતી. ભારત પાછા ફર્યા પછી વકાલતમાં પણ એમણે ઘણી સફળતા પ્રાપ્ત કરી. 'ધ લૉ ઑવ ટ્રાન્સફર ઈન ઇંડિયા', 'ધ પીનલ લૉ ઑવ ઇંડિયા' તથા 'હિન્દુ લૉ કોડ' નામનાં એમણે લખેલાં પુસ્તકોએ વિધિવેત્તા (જ્યુરીસ્ટ) તરીકેની એમની ખ્યાતિ ઓર વધારી. એમના પ્રયાસથી જ સ્ત્રીઓને વકાલતની સનદ મળવી શક્ય બની અને ૧૯૨૪માં એમણે રજૂ કરેલા 'સિવિલ મૅરેજ બિલ' વડે એમની સમાજ-સુધારક વૃત્તિ પ્રકટ થઈ.

પોતાના દૃઢ નિશ્ચય, પુરુષાર્થ ને પ્રભાવક વક્તૃતાથી એમણે રાજનૈતિક ક્ષેત્રે પણ ઉચ્ચ સ્થાન મેળવેલું. લેજિસ્લેટિવ ઍસેમ્બ્લીમાં તેઓ વિરોધ પક્ષ અને નૅશનાલિસ્ટ પાર્ટીના નેતા હતા. સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડનાર સંવિધાન સભાના પણ તેઓ સભ્ય હતા. પણ આથી યે વિશેષ તો તેઓ શિક્ષણશાસ્ત્રી હતા. દિલ્હી વિશ્વવિદ્યાલયના તેઓ પ્રથમ કુલપતિ હતા. નાગપુર વિશ્વવિદ્યાલયમાં પણ સતત બે સમયાવધિ સુધી તેઓ કુલપતિ રહેલા. 'સાગર વિશ્વવિદ્યાલય'ની સ્થાપનામાં એમનો ફાળો ઘણો મોટો હતો. આરંભથી જ એ વિશ્વવિદ્યાલયના કુલપતિ તરીકેની જવાબદારી એમણે મૃત્યુ પર્યંત નિભાવેલી. પોતાની જીવનભરની કમાણીમાંથી ઘણી મોટી રકમ એમણે આ વિશ્વવિદ્યાલયના વિકાસ માટે ભેટ આપી હતી જેમાંથી સાગરની 'પથરિયા' ટેકરી પર રચાએલું આ વિશ્વવિદ્યાલયનું નવું સુંદર પરિસર એમનું ઉપયુક્ત સ્મારક બની રહ્યું છે. ગયા મહિને એમના જન્મ દિવસે ભારતીય ડાક-તાર વિભાગે એમના માનમાં એક ખાસ ટપાલ-ટિકિટ બહાર પાડી એમની સેવાઓને બિરદાવી છે.

**તા. ૩૧/૧૭૫૦** લોકોએ ખંડણી ભરવાની ના પડતાં પોર્ટુગીઝોએ પ્રભાસપાટણને આગ લગાડી.




ચર્ચાસભામાં એક વિદ્વાને પોતાના વ્યાખ્યાન દરમિયાન કહ્યું: 'હું સ્વર્ગમાં જઈશ ત્યારે શેક્સપીઅરને પૂછીશ કે એનાં નાટક એણે પોતે જ લખેલાં કે નહિ.'

ત્યાં શ્રોતામાંથી કોઈ બોલ્યું : 'પણ સ્વર્ગમાં તમને શેક્સપીઅર ન મળ્યા તો?'

'તો નર્કમાં તમને મળે ત્યારે તમે પૂછી જોજો.' જવાબ મળ્યો.

ૐ

ટ્રેન ખૂબ લાંબી હતી. અમથાલાલને મહામુસીબતે છેલ્લા ડબ્બામાં જગ્યા મળી. પણ જ્યારે પણ કોઈ સ્ટેશને ગાડી ઊભી રહેતી તો એ ડબ્બો પ્લૅટફૉર્મની બહાર જ રહેતો અને અમથાલાલ અકળાઈ ઊઠતા.

મારમાર કરતાં ઊતરવાનું સ્ટેશન આવ્યું કે અમથાલાલ જઈને સ્ટેશન માસ્તર પર ઊકળી પડ્યા: 'તમે આટલી લાંબી ગાડી કેમ ચલાવો છો? અને ધારો કે ભીડને લીધે લાંબી રાખવી પડી, તો તમે એમાં છેલ્લો ડબ્બો કેમ રાખો છો? અને જો કદાચ છેલ્લો ડબ્બો રાખવો જ પડે તો એને ટ્રેનની વચ્ચે કેમ નથી જોડતા?'

ૐ

શિક્ષક: 'જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ'એ ઉક્તિની પુષ્ટિમાં એક ઉદાહરણ આપો.

એક વિદ્યાર્થી: કવિ-સંમેલન હંમેશાં રાત્રે હોય છે.

ૐ

એક મિત્ર કહે છે કે એણે ધૂમ્રપાનની વિરુદ્ધમાં એટલું બધું વાંચ્યું છે કે તેને પરિણામે તેણે હવે વાંચવાનું ત્યજી દેવાનો સંકલ્પ કર્યો છે




(જનસત્તામાં 'શિવ')

**મિટા દે અપની હસ્તી કો અગર તૂ મરતબા ચાહે**
**કિ દાના ખાકમેં મિલ કર ગુલોગુલઝાર હોતા હૈ.**

પ્રભાસ પાટણના સોમનાથ મંદિરની સ્થાપનાના દિવસોમાં સેવાદળનો એક સૈનિક સાઈકલ પર વેરાવળથી પોતાની ફરજ પર સોમનાથ જતો હતો. એવામાં ખાડીને કાંઠે, સામેથી ગાંડી દોટમાં ધસી આવતી એક ભેંસના માર્ગમાં એક મુગ્ધ ખારવા-કિશોરને જતો જોયો. તેને બીચારાને ખબર ન હતી કે પોતાની પાછળ સાક્ષાત્ મોત ધસી આવે છે. રાહદારીઓ બૂમાબૂમ કરતા પોતપોતાનું રક્ષણ શોધતા અહીંતહીં ભરાઈ ગયા. પણ સૈનિકે પલવારમાં સાઈકલ ફેંકી દઈ કિશોર તરફ દોટ મૂકી અને તેને નીચે પછાડી તેના પર પોતાના શરીરનું રક્ષણ છાઈ દઈને ઊંધો સૂઈ ગયો. ભેંસ નજીક આવીને ઉપરથી ઠેકી ચાલી ગઈ. બંને બચી ગયા. પછીથી તેમની ખબર પૂછતા ને ભેંસના માલિકને ભાંડતા રાહદારીઓ ટોળે વળી સૈનિકની પ્રશંસા કરવા લાગ્યા, પણ એ તો કિશોરને ઊભો કરી કપડાં ખંખેરી મૂગોમૂગો સાઈકલ પલાણી એ જ ભાવનાપૂર્વક પોતાની ફરજ બજાવવા ચાલી નીકળ્યો.

ગણિતગમ્મત: કોઈ પણ રકમ લખી તેને ઊલટાવો. પછી મૂળ રકમ અને ઉલટાવેલી રકમની બાદબાકી કરતાં જે રકમ આવે તેના આંકડાનો સરવાળો કરી જુઓ: તે ૯ અથવા ૯નો ગુણક જ આવશે.




**ટિકિટકથા:** ઈ. ૧૯૧૭માં રાજ કુટુંબીઓની હત્યા કરી રાજાશાહીને નાબૂદ કરીને રશિયામાં સ્થપાએલી બૉલ્શેવિક સરકારને એટલા બધા પ્રશ્નો ઉકેલવાના હતા કે પોતાની નવી ટપાલ-ટિકિટો ચાલુ કરવા તરફ તે લક્ષ આપી શકે તેમ નહોતી, અને એથી એમને ઝારના સમયની ટિકિટો જ ચાલુ રાખવી પડેલી. ઝાર અને એના કુટુંબને મારી નાખ્યા પછી યે છેક ઈ. ૧૯૨૨ સુધી ઝારની જ છબિવાળી આ ટિકિટ સામ્યવાદી રાજતંત્રમાં ચાલતી રહી.

बहवो यत्र नेतार
सर्वे पंडित - मानिनः ।
सर्वे महत्वं इच्छन्ति
तद् वृन्दं अवसीदति ॥
જે સમૂહમાં ઘણા નેતાઓ છે, જ્યાં બધા જ પોતાને પંડિત માને છે અને બધા જ મહત્ત્વાકાંક્ષા સેવે છે તે સમુદાય દુઃખ પામે છે.

**અનેકાર્થી શબ્દ: ડોળ** = બહારનો દેખાવ, ઢોંગ; આકાર કે ઘાટ; એક જાતની માછલી; કચરો, મેલ કે બગાડ; કઠોળ ભરડતાં આખો રહી ગએલો દાણો; ધાણીમાં ફૂટવા રહી ગએલા દાણા; મહુડાનું બી; રાયણનું કાચું ફળ; લાકડામાં સાર પડ્યા પછી વીંધ આગળ પડી રહેલો ભૂકો; હીંચકો; આંખની ઝાંખ.

**અંકસંદર્ભ:** પાંચ—અંતઃકરણ પંચક: મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, નિશ્ચય; પ્રાણપંચક: પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન; વિષયપંચક: શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ; જ્ઞાનેન્દ્રિય પંચક: આંખ, નાક, કાન, જીભ, ચામડી; કર્મેન્દ્રિય પંચક: હાથ, પગ, વાચા, ગુદ, શિશ્ન.

કહેવતો: 'ફળ ખાવું જોઈને, ને ઢગું લેવું દોહીને.' (ઢગું=ઢગલું ઢોર)—જે કામ કે સોદો કરવાં તે પૂરી ખાતરી કે કસોટી કરીને કરવાં એવો વ્યવહારબોધ આપતી કહેવત.



પતરાના ડબાનું ઢાંકણું સજ્જડ બંધ થઈ ગયું હોય તો ડબાની આસપાસ મજબૂત દોરી વીંટી તેમાં દાતણ કે પેન્સિલ ભરાવી વળ દો. એથી ડબો સંકોચાઈને ઢાંકણું ઢીલું થઈ જશે.

મા: મનુ તું શું કરે છે? મનુ: કાંઈ નહિ બા.
મા: અને કનુ તું? કનુ: મનુને મદદ કરું છું.

રૂપાના દાગીનાના દાબડામાં કપૂર રાખવાથી તે કાળા પડી જતા અટકશે.



બૂરું ન સાંભળવા, ન બોલવા ને ન જોવાનો બોધ આપતા પેલા ત્રણ વાંદરા અસલ તો નિક્કો (જાપાન)ના તોશીગુ મંદિરની ઘોડાર પર ૧૭મી સદીમાં લાકડામાં કોતરાએલા. એની નકલ પ્રથમ ચીનમાં ને પછી આખી દુનિયામાં પ્રસરી.



**કલાકણિકા:** ઈસ્લામી કળામાં સુલેખન (ખુશનવીસી)નું સ્થાન ઘણું મહત્ત્વનું છે. અક્ષરના વળાંકોનો બહુ ચાતુરીભર્યો સુંદર ઉપયોગ કરીને મુસ્લિમ લહિયાઓએ વિધવિધ આકારોમાં ધર્મસૂત્રો, ઈમામનાં નામો, કાવ્યની તૂકો વગેરેનું મનોહર લેખન કરેલું છે. આ પ્રકારના સુલેખનને 'તુગ્રા' કહે છે અને ઘરમાં એનું હોવું શુકનિયાળ મનાય છે. આવા તુગ્રાના આ નમૂનામાં હોડીના આકારે લખાણની સુંદર લેખનરચના કરી છે.

# કુમાર

## —૧૯૭૬—

જાન્યુઆરીથી ડિસેમ્બર · સળંગ અંક ૬૨૫થી ૬૩૬

સુધીના ૫૩ મા વર્ષનું

# વાર્ષિક સાંકળિયું

### પરિચય અને અવસાન-નોંધ



### ઇતિહાસ-ભૂગોળ-પુરાતત્ત્વ



### આહાર-આરોગ્ય-ઔષધ-વનસ્પતિ



### વિજ્ઞાન



### પ્રકીર્ણ



### પરચૂરણ